રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

ઝોડિયું

વર્ષ : ૭૫

અંક ૯-૧૦
એપ્રિલ - મે ૨૦૨૨

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

વિશેષાંક

સૌંદર્ય

સૌજન્ય
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

સંપાદક
મહેન્દ્ર ચોટલિયા

Mother and Child (1934) Stone

ઝાકળ

વર્ષ : ૭૫ | એપ્રિલ - મે : ૨૦૨૨ | અંક : ૯-૧૦

અનુક્રમણિકા

૦૧ સ્વાગતમ્ આનંદલોકમાં...
◎ રવીન્દ્રનાથ ટાગોર ☞ ૪૮૮

૦૨ આફરીન... ◎ ધ્રુવ ભટ્ટ ☞ ૪૯૧

૦૩ જગતે સૌંદર્યયજ્ઞે આમાર નિમંત્રણ
◎ સુભાષ ભટ્ટ ☞ ૪૯૭

૦૪ સૌંદર્ય ◎ ખલીલ જિબ્રાન ☞ ૪૯૯

૦૫ કવિતામાં સૌંદર્યબોધ: હજાર ઓરડા ભાવનના
◎ હરીશ મીનાશ્રુ ☞ ૫૦૦

૦૬ રાવજીની ગ્રામચેતનાની કવિતામાં સૌંદર્યનું આલેખન ◎ મણિલાલ હ. પટેલ ☞૫૦૬

૦૭ 'સોક્રેટિસ'નો સૌંદર્યલોક
◎ મહેન્દ્રસિંહ પરમાર ☞ ૫૧૧

૦૮ સંસ્કૃતનાં સ-રસ પધોમાં નિષ્પન્ન સૌંદર્યબોધનું અનુભાવન ◎ રાજેન્દ્ર ચોટલિયા ☞ ૫૧૭

૦૯ કાલિદાસના મેઘદૂતમાં સૌંદર્ય
◎ ડો. સ્વાતિ શાહ ☞ ૫૨૩

૧૦ ગૌરી સુંદરમ્ ◎ છાયા ઉપાધ્યાય ☞ ૫૨૯

૧૧ વા'લા મે'તર ◎ અશોકપુરી ગોસ્વામી ☞ ૫૩૩

૧૨ ઉત્કૃષ્ટ આર્ટ સોન્ગ ◎ અમર ભટ્ટ ☞ ૫૩૬

૧૩ નૃત્યમાં સૌંદર્ય ◎ નીતા ત્રિવેદી ☞ ૫૩૯

૧૪ ભારતીય ચિત્રકળામાં લોકજીવનના સૌંદર્યની અનુભૂતિ ◎ કનુ પટેલ ☞ ૫૪૧

૧૫ ઇન્સ્ટોલેશન કળા ◎ સુરેન્દ્ર ગોહિલ
• જુહિકાદેવી ભંજદેવ ☞ ૫૪૭

૧૬ સ્થાપત્યની જાદુઇ કિતાબ
◎ ક્રિસ્ટોફર બેનિંજર ☞ ૫૫૧

૧૭ ક્ષણોને થીજાવતી કળા : ફોટોગ્રાફી
◎ સુનીલ આડેસરા ☞ ૫૫૫

૧૮ દૃશ્યકલામાં સૌંદર્ય ◎ અભિજિત વ્યાસ ☞૫૫૮

૧૯ વિરાટનો હિંડોળો ઝાકમઝોળ...
◎ કમલનયન જોષીપુરા ☞ ૫૬૧

૨૦ ગણિતનું સૌંદર્ય ◎ ડૉ. રેખા મહેતા ☞ ૫૬૭

૨૧ #લિ. હું હમણાં અપલોડ કરું છું
◎ વિશાલ ભાદાણી ☞ ૫૭૧

૨૨ ન્યૂરો-એસ્થેટિક્સ: સૌંદર્યનું કાયમી સરનામું: માથું તમારું ◎ આર્ષ ચોટલિયા ☞ ૫૭૫

૨૩ યોગ થકી સૌંદર્યનું વર્ધન ◎ વિરલ રાવલ
• નિહારિકા રાવલ ☞ ૫૭૬

૨૪ આયુર્વેદમાં સૌંદર્ય ◎ ડૉ. મેહુલ સંઘાણી ☞ ૫૮૧

૨૫ 'મૈં સુંદર હું'થી 'મેરા સુંદર સપના બીત ગયા' સુધી ◎ કિરણ જોષી ☞ ૫૮૫

૨૬ ભારતીય સૌંદર્યદૃષ્ટિ ◎ ડૉ.નરેશ વેદ ☞ ૫૯૦

૨૭ કલા અને સૌંદર્ય વિશે ◎ ગાંધીજી ☞ ૫૯૩

૨૮ સૌંદર્યના અનુભવ માટે જાતને તૈયાર કરીએ
◎ જે. કૃષ્ણમૂર્તિ ☞ ૫૯૬

૨૯ આધ શક્તિઓ ◎ રવિશંકર રાવળ ☞ ૫૯૭

૩૦ સૌંદર્યની કેળવણીનો કીમિયો
◎ મહેન્દ્ર ચોટલિયા ☞ ૬૦૦

૩૧ ભળતા જ સ્વર્ગમાં ◎ રવીન્દ્રનાથ ઠાકુર ☞ ૬૦૫

આદ્યતંત્રીઓ

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ • સ્વ. શ્રી મનુભાઈ પંચોળી

સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ • સ્વ.શ્રી અનિલભાઈ ભટ્ટ

તંત્રી

ડૉ. અરુણ દવે • મો. ૯૪૨૬૪૬૧૨૭૭

સહતંત્રી

સોનલ પરીખ • મો. ૮૩૬૯૭૭૭૦૮૬

સંપાદક-મંડળ

વિશાલ ભાદાણી
મો. ૯૪૨૬૮૮૫૩૮૭

તારક ઓઝા
મો. ૯૮૭૯૨૧૩૬૯૬

પ્રશાંત મહેતા
મો. ૯૮૭૯૪૦૭૫૮૨

મુદ્રક-પ્રકાશક

શ્રી સુરસંગભાઈ ચૌહાણ • મો. ૯૯૨૫૬૩૨૩૦૪

માલિક

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

મુદ્રણ-સ્થાન

ગુરુ ડિઝાઇન શૉપ

બાકરોલ સ્ક્વેર, બાકરોલ-૩૮૮૩૧૫ • ૯૮૨૫૬ ૪૪૨૧૫

પ્રકાશન-સ્થળ

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

સૂચના

'કોડિયું' દરેક મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ., ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે. Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ Ac 56016001728 IFSC Code: SBIN0060016. Branch: SBI, Amargadh

લેખકોને...અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે. લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

લેખ મોકલવા માટે: 'કોડિયું' કાર્યાલય, લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર ૩૬૪૨૩૦

kodiyusanosara@gmail.com

લવાજમ અને અંક વિષેની ફરિયાદ : શ્રી રવિભાઈ પંડ્યા, ૯૮૨૪૮૧૨૫૬૫

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, મુ. આંબલા-૩૬૪૨૧૦ pandyavrp532@gmail.com

લવાજમ : વાર્ષિક રૂ. ૧૫૦/-

તંત્રી સ્થાનેથી...

આખરે એવું શું છે જે આપણને જીવન-આનંદ આપે છે? શું એ કોઈ વસ્તુ છે? ઘટના છે? વ્યક્તિ છે? અનુભવ છે? કે પછી આ બધામાં રહેલો સંતોષ?

ગાંધીજીની સત્યસાધનાથી પ્રેરાઈને ઘણા સત્ય-સાધકો એમની સાથે જોડાયેલા. એમાંના એકે એક દિવસ ધીરજ ગુમાવી અને પૂછ્યું, "બાપુ, તમે કહો છો કે સત્ય મળશે. પણ ક્યારે?" ત્યારે બાપુએ કહેલું, "સત્યની પ્રાપ્તિ ક્યારે થશે એ તો મને ખબર નથી પણ કેવી રીતે થશે એ હું જાણું છું." તો પેલા સજ્જને પૂછ્યું, "કેવી રીતે?" બાપુએ સસ્મિત જણાવ્યું, "કામ કરતાં કરતાં જ સત્ય જડશે." શું આ જ બાબત જીવન-સૌંદર્યને નથી લાગુ પડતી? આપણું જીવન સુંદર બનશે એ આશાથી જીવન સુંદર બનતું નથી પણ એના માટે સતત કામ કરવું પડે છે. પ્રકૃતિ અને નિયતિએ જે આપ્યું છે એ બધું જ કશાય ભેદભાવ વગર વધાવી લઈએ તો આ જીવન નામનો બરડ લાગતો સુક્કો વાંસ સુરીલી વાંસળી બની જાય.

લોકભારતી પણ છેલ્લાં ૬૮ વર્ષોથી સતત કામ કરતી કરતી ૬૯મા વર્ષે પહોંચે છે ત્યારે આ વર્ષ કંઈક વિશેષ સુંદર બન્યું છે. આમ જુઓને, આ 'કોડિયું'નો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, 'વિજ્ઞાન સર્વત્ર પૂજયતે' કાર્યક્રમ હેઠળ દેશમાં પસંદ થયેલ ૭૫ સંસ્થાઓમાં લોકભારતીને સ્થાન મળ્યું અને આ અંક તમે વાંચો છો ત્યારે લોકભારતીમાં જ **'લોકભારતી યુનિવર્સિટી ઓફ રૂરલ ઇનોવેશન'**નામની નવી પહેલ મંડાઈ છે. આ એક ખાનગી યુનિવર્સિટી બનશે. વળી, અહીંયા એક સ્પષ્ટતા જરૂરી બને છે કે "ખાનગી અથવા પ્રાઈવેટ"નો સામાન્ય અર્થ લોકો એવો કરે છે કે એમાં ખૂબ શોષણ થાય અને શિક્ષણ મોંઘું બને. એ હકીકત અત્યારે ખૂબ વ્યાપક રીતે સાચી પણ છે. પણ "ખાનગી અથવા પ્રાઈવેટ"નો બીજો અર્થ આપણે વધુ મજબૂત રીતે પકડવાનો છે. ખાનગીકરણ એટલે વધુ સ્વતંત્રતા, વધુ પ્રયોગશીલતા અને વધુ સર્જનશીલતા. આજે ગામડાંના ખેડૂતો અને શ્રમિકોનાં સંતાનોને દૂર દૂર શહેરોમાં મોંઘી-દાટ ફી ભરીને જે કોર્સ કરવા જવું પડે છે એ જ કોર્સ જો એમને અડધા કરતાં પણ ઓછા ખર્ચે લોકભારતીમાં કરવા મળે તો? તો આપણે ખાનગીકરણનું નવું સ્વરૂપ બનાવી શકીશું; જેમાં શોષણ નથી પણ ઉત્તમ ગુણવત્તાવાળું શિક્ષણ ગામડાંના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકીશું. આ જ વાતને આપણા પ્રિય (અ)ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબે PURA (પ્રોવઈડિંગ અર્બન એમેનિટીઝ ઇન રૂરલ એરિયાઝ)નું નામ આપેલું. આવા સ્વપ્ન સાથે સાધન તરફથી જરા પણ નજર હટાવ્યા વગર માત્ર સાધનમાં સમયાનુચિત ફેરફાર કરીને સ્થાપક દાદાઓ, મિત્રો, શુભેચ્છકો અને મિત્રોની મદદથી મથી રહ્યા છીએ.

હમણાં હમણાં લોકભારતી કેમ્પસ પર ખૂબ શિબિરો થાય છે, મુલાકાતીઓ પણ દેશભરમાંથી આવી રહ્યાં છે ત્યારે સૌને એક વાત ખૂબ જ સ્પર્શે છે: આપણી સાદગીભરી સુંદરતા. આ સુંદરતા પાછળ એક નાનકડી ઘટના અહીં અસ્થાને નહીં ગણાય. દર્શક દાદા અને હું ઈંગ્લેન્ડમાં શેક્સપિયરનું ગામ જોવા ગયા. ત્યાં જોયું તો દર ૧૦૦ મીટરે એક ગાર્ડન. અમે ત્યાના સ્થાનિક લોકોને પૂછ્યું કે આટલા બધા ગાર્ડન કેમ તો કહે, "ભાઈ, આ શેક્સપિયરનું ગામ છે, લાગવું તો જોઈએને!" એનો એ જવાબ અમારાં મનમાં વસી ગયો. ત્યારથી સંકલ્પ કરેલો કે આપણે લોકભારતીને એવી સુંદર બનાવવી છે કે કોઈ આવીને પૂછે કે તમારી સંસ્થા આટલી બધી રૂપાળી કેમ છે? તો આપણે કહી શકીએ કે, "ભાઈ, આ નાનાભાઈ અને મનુભાઈની સંસ્થા છે; લાગવી તો જોઈએને!

જીવન-આનંદના ત્રણ જ સ્રોત દેખાય છે: ૧) નિષ્કામ કર્મ, ૨) અધ્યાત્મ અને ૩) કળા. આ સૌંદર્ય વિશેષાંકનો વિચાર જ એમાંથી આવ્યો છે કે આપણે જીવનમાં જે પણ કરતા હોઈએ એમાં જો સૌંદર્ય-દૃષ્ટિ કેળવાય તો કંટાળો જન્મતો જ નથી અને ચારે બાજુ માત્ર સારપની જ ખેતી થવા લાગે છે.

ભાઈ મહેન્દ્ર ચોટલિયાએ જે રીતે આ વિશેષાંક તૈયાર કર્યો છે એ જોતાં એમ કહી શકાય કે એમની સૌંદર્યદૃષ્ટિ, સંપાદનદૃષ્ટિ અને જીવનદૃષ્ટિ આપણને સૌને ઘણું શીખવનારી છે.

-અરુણ દવે

ડૉ. મહેન્દ્ર ચોટલિયા: વિશેષ, સવિશેષ અને શેષ

વિશેષ:

ડૉ. મહેન્દ્ર ચોટલિયાએ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટના આમંત્રણથી અમેરિકાની ૧૦ યુનિ.માં વિશેષ કાર્યશાળામાં તજ્જ્ઞ સહભાગી તરીકે કાર્ય કર્યું છે. તેઓ નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન (NCTE), ગૂજરાત વિદ્યાપીઠ, બાબાસાહેબ આંબેડકર યુનિ., લકુલીશ યોગ યુનિ., IITE, જીસીઈઆરટી વગેરે સંસ્થાઓએ બોર્ડમાં સ્થાન આપીને અને તજ્જ્ઞ તરીકે એમની સેવાઓનો લાભ લીધો છે. ગુજરાત સરકારે જ્યારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી ત્યારે તેનું પાયાનું કામ કરવા માટે એમની નિમણૂક ડિરેક્ટર તરીકે કરવામાં આવી. એમણે ગુજરાત સરકાર માટે ૨૦ કરતાં વધુ પાઠ્યપુસ્તકોનું નિર્માણ કર્યું, ૧૫ જેટલાં પુસ્તકોનું લેખન અને અનુવાદનું કામ કર્યું, ૧૦૦થી વધુ સંશોધનપત્રો અને લેખો પ્રકાશિત કર્યાં છે અને ઇન્ટરનેશનલ જર્નલ ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજીના તંત્રી તરીકે જ્ઞાન-સર્જનનું કાર્ય કર્યું છે.

સવિશેષ:

ઉપરોક્ત વિગતો પરથી ડૉ. મહેન્દ્ર ચોટલિયાનો હોરિઝોન્ટલ પરિચય મળે છે પણ એમનો વર્ટિકલ પરિચય પણ મેળવવા જેવો છે. વિવિધ વિદ્યાશાખાનાં દુનિયાભરનાં પુસ્તકો વાંચતાં-વાંચતાં પણ પોતાનાં મૌલિક વિચારો અને પ્રજ્ઞાને કોઈ કંઠીમાં બંધાવા દીધાં નથી. કોઈએ વિચારવું કેમ એ શીખવું હોય તો એમની સાથે રાત્રીના મોડા પ્રહરની ગોઠડી માંડવી પડે. નિર્ભેળ અને સ્વયંભૂ સાદગી તો એવી કે જોઇને (face value) ભલભલા થાપ ખાય જાય કે આ એ જ વ્યક્તિ છે જે આવું બધું કરી શકે છે! જો તમને પૂછતાં આવડે તો એમની પાસે ભગવદ ગીતાથી માંડીને ક્વોન્ટમ ફિઝિક્સ આધારિત જીવન જીવવાનાં (અને અન્યને જીવવા દેવાનાં) યુઝર મેન્યુઅલ્સ મળ્યાં જ કરે. એક બાજુ સમાજના છેવાડાના આદિવાસી વિસ્તારમાં ગુણવત્તાસભર પાયાની કેળવણી કેવી રીતે થઇ શકે એની ચિંતા કરે અને એ માટે ધરમપુરના શિક્ષકોને સજ્જ કરે; અને બીજી બાજુ દિલ્લી જઈને સમગ્ર દેશમાં શિક્ષણનો સ્તર કેમ ઉપર લાવવો એના આયોજનમાં ઝીણું કાંતીને ઉપયોગી માર્ગદર્શન આપે. કળાના પારખુ – વિશ્લેષક અને જાગૃત ભાવક. જે કામ ઉપાડે તેને શક્ય તેટલું નાવીન્યસભર, ચોકસાઈવાળું અને ગહેરાઈવાળું કરે (જે આ અંકમાં પણ જોઈ શકાશે).

મસ્ત માણસ! ક્યારેય ગુસ્સે થયા હોય એવું મેં જોયું નથી. બાળક હોય કે વડીલ, સૌને એમની સાથે ફાવે એવા ઝિંદાદિલ મિત્ર. દરેક વડીલે ટેક્નોલોજીનો સ્માર્ટ ઉપયોગ કેમ કરાય એ એમની પાસેથી શીખવું રહ્યું! ડાર્ક ચોકલેટની મજા લે અને અધિકૃત કાઠિયાવાડી રસોઈ બનાવી જાણે. ખડખડાટ હસે અને હસાવે. ઔપચારિક રીતે એમની પાસે ભણવાનું થયું નથી પણ 'ઉપનિષદ'ની જેમ - નજીક જઈને - શીખવાનું આ ક્ષણ સુધી શરુ જ છે એ ઈશ્વરકૃપાથી જરાય ઓછું નથી.

શેષ:

ડૉ. મહેન્દ્ર ચોટલિયા: વલ્લભ વિદ્યાનગર. કામ: શિક્ષણ, પ્રશિક્ષણ અને જ્ઞાન-ક્ષેત્રે ખાંખાખોળી. અભ્યાસ: MA (English), M.Ed. (Guidance & Counselling), Ph.D. (Philosophy of Education), Diploma in Journalism. વ્યાવસાયિક કારકિર્દી: સરદાર પટેલ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન અને હેડ, શિક્ષકોની અનેક પેઢીને તૈયાર કરીને હાલ નિવૃત્ત (વિશેષ પ્રવૃત્ત) છે.

-વિશાલ ભાદાણી

સંપાદકીય

વાચકમિત્રો,

તમે ક્યારેય ન બોલ્યા હો કે બોલવાનો વિચાર સુદ્ધાં ન કર્યો હોય; ને તમે કોઈ પાસેથી ક્યારેય સાંભળ્યું પણ ન હોય એવું, રેરેસ્ટ ઓફ રેર, અત્યંત દુર્લભ વાક્ય આ છેઃ "મને સૌંદર્ય જરાય ગમતું નથી." પૈસો, પ્રતિષ્ઠા, સુખભોગ ન ગમતાં હોય તેવા માણસો મળી રહે પણ સૌંદર્ય સામે માથું ધુણાવનાર તો ન જ હોઈ શકે. હું પણ તમારા જેવો જ સૌંદર્યાભિલાષી છું.

'કોડિયું' પ્રજ્વલનના અમૃત મહોત્સવના ઊજમનો ગુલાલ કરવા માટે ચાર વિશેષાંકો કાઢવાની યોજના થઈ ને તેમાં મને સૌંદર્ય વિશેષાંક માટે આમંત્રણ મળ્યું. "ના" જેવો ઉત્તર તો મનમાં પ્રવેશી પણ ન શકે તેવો વિષય. આમંત્રકોને એવી જાણ હશે જ કે 'આ સંપાદક કંઈક આડુંટેઢું કે નવાજૂની કરશે, રૂડું-રૂપાળું કરશે. પ્રયોગ કરવા જેવો.'

આ અંકના સંપાદનકાર્ય દરમિયાન 'કોડિયું'ના તંત્રી વિભાગે મારી કંઈક કેટલીય ચિત્ર-વિચિત્ર માંગણીઓને જોખમ વહોરીને પણ લીલી બત્તીથી આવકારી છે ને મેં એનો ૧૨૫ ટકા લાભ લીધો છે. આટલી મજેદાર મોકળાશ આપવા બદલ વિશેષતઃ અરુણભાઈ અને પ્રકાશન મંડળના વિશાલ ભાદાણી, સોનલ પરીખ, તારક ઓઝા વગેરેનો ભાવપૂર્વક આભાર માનું છું.

આ અંક માટે અને ચૂનિંદા પ્રતિષ્ઠિત લેખકો, મિત્રો, અધ્યયનશીલ વિદ્યાર્થીઓ (જેઓ હવે અધ્યાપનશીલ થઈ ગયા છે.) વગેરેને સૌંદર્યને લગતાં વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રો વિશે લખવા માટે આમંત્રણ અને આવાહન આપેલું. એ સૌએ સાબિત કરી આપ્યું છે કે ગુજરાતમાં, ગુજરાતી ભાષામાં સૌંદર્ય જેવા ચિંતનશીલ વિષય પર રસિક, ગંભીર, સાહિત્યિક, કળાત્મક અને રમૂજી લેખો ઊંડી સમજ અને અભિનિવેશપૂર્વક કરી આપે તેવા અનેક લેખકો વિદ્યમાન છે અને સક્રિય પણ છે. એ સૌનો હું ઋણી છું. તેમની સાથેના સંવાદથી મારી સૌંદર્ય-ક્ષિતિજનો વિસ્તાર થયો છે.

આ અંકમાં જેમનાં કાવ્યો, ગદ્યખંડો, મંતવ્યો, ચિત્રો, ફોટો જેવી મહત્ત્વની સહાયક સામગ્રી સાંપડી છે તે સૌના મૂક સહકાર માટે પણ આભાર. આ અંકની મનોહર સંરચના અને સજ્જા માટે મારી સાથે અત્યંત ધીરજ અને રસપૂર્વક કામ કરનાર કમ્પ્યુટરજ્ઞ ડિઝાઇનર કેતનભાઇ રાજ્યગુરુનો મૈત્રીપૂર્ણ આભાર માનું છું.

આ અંકમાં લેખોને પાંચ વિભાગમાં ગોઠવવામાં આવ્યા છે. (ક) સૌંદર્યપ્રવેશ (૧-૪)નો હેતુ સૌંદર્ય શું છે તેનો પરિચય અને ઓળખ મેળવવાનો છે. (ખ) સાહિત્ય અને કળામાં સૌંદર્ય (૫-૧૮)નો ઉદ્દેશ આ ક્ષેત્રમાં સૌંદર્યને કઈ રીતે પ્રગટાવવામાં આવે છે તેની ઉદાહરણ સહિત સમજ રજૂ કરવાનો છે. (ગ) જ્ઞાનક્ષેત્રના વિષયો (૧૯-૨૫)માં સૌંદર્ય શામાં અને કેવી રીતે પ્રગટે તેની રજૂઆત થઈ છે. (ઘ) સૌંદર્યમીમાંસા વિભાગ (૨૬-૨૭)માં સૌંદર્યની વિભાવનાની તત્ત્વચર્ચાઓ અને ચિંતકોનાં દ્રષ્ટિબિંદુઓનો સમાવેશ કર્યો છે. (ચ) સૌંદર્યની કેળવણી માટેના વિભાગ(૨૮-૩૦)માં બાળકો અને મોટેરાઓમાં સૌંદર્યદૃષ્ટિ કઈ રીતે કેળવી શકાય તેનું માર્ગદર્શન રજૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રજૂ થયેલી સામગ્રી વાચકોના સૌંદર્યબોધ અને સૌંદર્યાનુભૂતિની પ્રેક્ટિસ કરવા માટે છે. આ બધા લેખોને અનુરૂપ અને ટેકારૂપ દૃશ્ય-શ્રાવ્ય અને વાંચન માટેની પૂરક સામગ્રી અહીં છાપેલા QR કોડને સ્કેન કરીને તમે મેળવી શકશો.

અનુસંધાન પાન ૪૯૦...

સ્વાગતમ્ આનંદલોકમાં...

રવીન્દ્રનાથ ટાગોર

મનુષ્યને જો પૂર્ણ કરવો હોય તો સૌંદર્યચર્ચાને ઉડાવી દીધે ન ચાલે. રસગ્રહણના અધિકારી થતાં પહેલાં કઠણ ખેતી જરૂરી છે. રસના માર્ગમાં ભોળવનારી ઘણી આડખીલી નડે છે. એ બધી અડચણોને દૂર કરીને જે પૂર્ણ થવા માંગે છે તેને માટે નિયમ-સંયમ ઘણા જરૂરી છે. રસને માટે આ નિરસતા સ્વીકારવી પડે છે.

સૌંદર્યનું સર્જન કરવામાં પણ અસંયત કલ્પના વૃદ્ધિ ન ચાલે. તે આપણને માત્ર પેટ ભરવાની દૃષ્ટિથી જ નહીં, પરંતુ સૌંદર્યના ઉપભોગની દૃષ્ટિથી પણ આનંદ આપે છે. આ લાભ આપણા પ્રયોજનથી અતિરિક્ત છે. આ સૌંદર્ય આપણી સુધાતૃપ્તિની સાથે સાથે જ એક પ્રકારનો ઉન્નત સૂર જગાવે છે. સૌંદર્ય આપણી પ્રવૃત્તિને સંયત કરતું આવ્યું છે. પ્રયોજનના સંબંધમાં આપણું દૈન્ય, આપણું દાસત્વ જણાય છે; પરંતુ આનંદના સંબંધમાં જ આપણી મુક્તિ રહેલી છે.

જ્યાં સુધી આપણે નિસ્તબ્ધ ભાવે એકાગ્રચિત્ત ન થઈ શકીએ, ત્યાં સુધી સૌંદર્યના મર્મમાંથી રસનો અનુભવ ન કરી શકીએ. યથાર્થ સૌંદર્ય એકાગ્રચિત્ત સાધકને જ વરે છે, લોલુપતાવાળા ભોગીને નહિ. જેઓ ખાઉધરા હોય છે, તેઓ કદાપિ ભોજનના રસજ્ઞ હોતા નથી. સૌંદર્યસર્જન દુર્બળતામાંથી, ચંચળતામાંથી કે અસંયમમાંથી જન્મે છે એ તદ્દન ખોટી વાત છે.

વાઘ અને ગાય એકસાથે પાણી પી શકે, પણ તે ક્યારે? જ્યારે વાઘ પણ પૂર્ણ થયો હોય, ગાય પણ પૂર્ણ થઈ હોય ત્યારે. આ રીતે જે વ્યક્તિ સ્થિર ભાવે મોટાની સાથે નાનાને, અને સમગ્રની સાથે પ્રત્યેકને મેળવીને જોવાનું ન જાણે ત્યાં સુધી તે ઉત્તેજનાને જ આનંદ અને વિકૃતિને જ સૌંદર્ય માનવાના ભ્રમમાં પડે છે. સૌંદર્યબોધનો પૂર્ણભાવે અનુભવ મેળવવા માટે ચિત્તની શાંતિ જોઈએ; તેમાં અસંયમને ક્યાંય સ્થાન નથી.

અનભિજ્ઞ વ્યક્તિ ચિત્રને વિશાળ ક્ષેત્રમાં જોઈ શકતી નથી. કોઈ ઉચ્ચતર વિવેકબુદ્ધિ તેનામાં જોવામાં નથી આવતી. જે વ્યક્તિ સમજદાર હોય છે, તે ચિત્રના રંગરોગાનથી અંજાઈ જતી નથી. માત્ર આંખની દૃષ્ટિ ઉપરાંત તેની પાછળ મનની દૃષ્ટિનો યોગ ન હોય, તો સૌંદર્યનો મહિમા કરી શકાતો નથી. આ માનસિક દૃષ્ટિ મેળવી એ વિશેષ પ્રકારની કેળવણીનું કાર્ય છે.

વિશ્વમાં વિસર્જન અને આકર્ષણની નિત્યલીલા દ્વારા જ સુંદર પોતાનો આવિષ્કાર કરે છે. જ્યારે જાદુગર ઘણા ગોળા લઈને રમત કરે છે ત્યારે ગોળાઓને એક જ સાથે ઉછાળવામાં અને પાછા ઝીલી લેવામાં તે પોતાનું ચાતુર્ય અને સૌંદર્ય દેખાડે છે. આમ કરતાં કદાચ જો કોઈ ગોળાની ક્ષણિક સ્થિતિ આપણી નજરે પડી જાય તો તેને ઊંચે જતો નહીં જોતાં નીચે પડતો જ જોઈએ છીએ; અને આ રીતે ત્યાં જોવાનો મેળ નહીં થવાથી આનંદની પૂર્ણતા પણ થતી નથી. જગતની આનંદલીલાને પણ આપણે જેટલે અંશે વધારે પૂર્ણરૂપે જોઈ શકીએ, એટલે અંશે સમજી શકીએ કે સારું-નરસું, સુખ-દુ:ખ, જીવન-મૃત્યુ એ બધાની ચડતી અને

પડતીથી વિશ્વ-સંગીતનો તાલ રચાય છે. સમગ્ર ભાવે જોઈશું તો જણાશે કે આ તાલનો ક્યાંય ભંગ થતો નથી. સૌંદર્યની ક્યાંય લાઘવતા નથી. આ પ્રમાણે સૌંદર્યને જોતાં શીખવું એ જ સૌંદર્યબોધનું અંતિમ લક્ષ્ય છે. માનવની આ દૃષ્ટિ જેટલી ખૂલતી જાય છે તેટલો જ તેનો આનંદ જગતમાં પ્રસરતો જાય છે. પહેલાં તેને જે નિરર્થક જણાતું તે ક્રમશઃ સાર્થક જણાવા લાગે છે. પહેલાં જેની તરફ તે ઉદાસીન રહેતો તેને તે પોતાની સાથે મેળવવા મથે છે. જેને પોતાની વિરુદ્ધનો ગણતો તેને બૃહદ ભાવે જોઈને તેનું યોગ્ય સ્થાન સમજી શકે છે, અને એ રીતે તૃપ્તિ મેળવે છે. વિશ્વમાં સમગ્ર ભાવે સૌંદર્યને જોવાનું આ વૃત્તાંત, જગતને તેના આનંદ દ્વારા અધિકૃત કરવાનો આ ઇતિહાસ, માનવ સાહિત્યમાં આપોઆપ રક્ષાય છે.

મનના પણ ઘણા થર છે. માત્ર બુદ્ધિ-વિચાર દ્વારા આપણે જે પ્રમાણમાં જોઈ શકીએ તેના કરતાં હૃદયભાવના યોગથી વધારે જોઈ શકીએ; અને ધર્મબુદ્ધિના સહકારથી એથી વળી વધારે દૂર જોઈ શકીએ. જ્યાં અધ્યાત્મની દૃષ્ટિ ખીલે ત્યાં દૃષ્ટિમર્યાદાની સીમા જ રહે નહિ. માટે જ જે જોવામાં આપણા મનનો મોટો અંશ રોકાય છે, તે જોવામાં આપણને વધારે તૃપ્તિ થાય છે. ફૂલના સૌંદર્ય કરતાં મનુષ્યનું મુખ આપણને વધારે આકર્ષે છે; કારણ કે મનુષ્યના મુખમાં કેવળ આકૃતિનું લાવણ્ય નથી પરંતુ તેમાં ચેતનાની દીપ્તિ, બુદ્ધિની સ્ફૂર્તિ અને હૃદયનું લાવણ્ય છે; તે આપણા ચૈતન્યને, બુદ્ધિને અને હૃદયને અધિકૃત કરે છે. તે આપણી પાસેથી જલદી પૂરું થવા માગતું નથી .

જે યથાર્થ મંગલ છે, તે આપણું પ્રયોજન સાધે છે, અને ઉપરાંત તે સુંદર છે; અર્થાત પ્રયોજન સાધવા ઉપરાંત પણ તેમાં એક પ્રકારનું અહેતુક આકર્ષણ છે. કવિઓ મંગલ ને તેની અનિર્વચનીય સૌંદર્યમૂર્તિ બધાની પાસે વ્યક્ત કરે છે.

જ્યારે એ બધુંય આપણામાં જાગ્રત થાય છે, ત્યારે આપણો પ્રાણ વર્ષાની નદીની જેમ છલોછલ ભરાઈ જાય છે. તે વેળા તેના કરતા વધારે રમણીય કાંઈ જ આપણને લાગતું નથી.

જ્યારે સૌંદર્ય વ્યક્તિગત સ્વાર્થ દ્વારા બદ્ધ, ઈર્ષા દ્વારા વિદ્ધ, કે ભોગ દ્વારા જીર્ણ થશે નહીં ત્યારે તે શાંતિમાં અને મંગલમાં નિર્મલ ભાવે સ્ફૂર્તિ પામશે. જ્યાં સુધી સૌંદર્યને આપણે આપણી વાસનાની કેદથી મુક્ત રીતે ના જોઈ શકીએ, ત્યાં સુધી તેને પૂર્ણ જોયું ન ગણી શકાય. આપણી અશિક્ષિત, અસંયત, અસંપૂર્ણ દૃષ્ટિથી જે કાંઇ જોઈએ છીએ તેમાં આપણને તૃપ્તિ મળતી નથી.

જ્યારે સૌન્દર્યબોધ માત્ર આપણી ઇન્દ્રિયોની જ સહાયતા લે છે, ત્યારે જેને આપણે સુંદર ગણી છીએ તે તદ્દન સ્પષ્ટ હોય છે; એટલે કે માત્ર દેખવાથી જ દૃષ્ટિગોચર થાય છે.. અહીંયા આપણી સમક્ષ એક બાજુ સુંદર અને બીજી બાજુ અસુંદર એવા બે દ્વંદ્વ ઊભા થાય છે. ત્યાર પછી જ્યારે બુદ્ધિ પણ સૌંદર્યબોધમાં સહાયતા આપે છે, ત્યારે આ સુંદર અને અસુંદરનો ભેદ ટળી જાય છે. તે વેળા જે વસ્તુ આપણા મનને આકર્ષે છે, તે કદાચ આંખ ખોલવાની સાથે જ દૃષ્ટિમાં પડવા યોગ્ય હોય એમ ન પણ બને. જ્યાં આપણે આરંભની સાથે અંતનું, પ્રધાનની સાથે ગૌણનું, એક અંશની સાથે બીજા અંશનું ગૂઢતર સામંજસ્ય જોઈને આનંદ મેળવીએ છીએ. ત્યાં આપણે દૃષ્ટિભ્રમ ઉત્પન્ન કરે તેવા સૌંદર્યના ગુલામીખતને માન આપતા નથી. જ્યાં ધૈર્ય, વીર્ય, ક્ષમા, પ્રેમ વગેરે પ્રકાશ પાડે છે ત્યાં રંગરોગાનના આડંબરની જરૂરિયાત આપણે બિલકુલ જોતાં નથી. કુમારસંભવમાં મહાદેવે જ્યારે છૂપા વેશે જઈને તાપસી ઉમાની પાસે શંકરના રૂપ-ગુણ-વય-વૈભવ

વગેરેની નિંદા કરી, ત્યારે ઉમાએ જણાવ્યું : મમાત્ર ભાવેકરસં મન:સ્થિતમ્ । (તેમના તરફ મારું મન માત્ર ભાવના રસમાં જ તરબોળ છે.) અર્થાત આનંદને માટે બીજાં ઉપકરણોની જરૂર રહેતી નથી. ભાવરસમાં અસુંદરનો કઠોર વિચ્છેદ ચાલ્યો જાય છે.

તેઓ જ રસ છે; તે રસ પામીને જ માનવ આનંદિત થાય છે. આપણો સૌંદર્યબોધ પણ ક્રમશઃ સમસ્ત જગતને આપણા આનંદનું જગત બનાવી રહ્યો છે અને તે તરફ જ તેની ગતિ છે. જ્ઞાન દ્વારા સમગ્ર જગતમાં પોતાના મનને વ્યાપ્ત કરવું, કર્મ દ્વારા સમસ્ત જગતમાં પોતાની શક્તિને વ્યાપ્ત કરવી અને સૌંદર્યબોધ દ્વારા સમસ્ત જગતમાં આપણા આનંદને વ્યાપ્ત કરવો એ જ મનુષ્યત્વનું લક્ષ્ય છે. અર્થાત જગતને જ્ઞાનરૂપે, શક્તિરૂપે અને આનંદરૂપે ઉપલબ્ધ કરવું તેનું નામ જ મનુષ્ય થવું કહેવાય.

અનુવાદ: જયંતિલાલ આચાર્ય

પાન ૪૮૭ થી **સંપાદકીય...**

અંતમાં એક વાત અંડરલાઇન કરીને કહેવા માગું છું: મને દેખાય છે કે માનવવ્યવહારનાં જગતભરનાં ક્ષેત્રોનું ભવિષ્ય સૌંદર્યલક્ષી વિકાસ અને આનંદદાયક સર્જનો તરફ જ ગતિ કરી રહ્યું છે. વધુ ને વધુ સંખ્યામાં લોકો સુંદરને મળવા-માણવા અને પોતાની આસપાસ રાખવા પૈસા, સમય અને સર્જનશીલતાનો ઉપયોગ કરી રહ્યા છે. (ઈન્ટરનેટ પર જઈ, સૌંદર્યના વેબ-સાગરમાં ઘુબકો મારીને જોઈ જુઓ.) આજના દિવસે સૌંદર્ય જેટલું પ્રાપ્ય છે અથવા જેટલી બાબતોને આપણે સુંદર તરીકે પ્રમાણીને તેમાંથી નિષ્પન્ન થતો આનંદ માણી રહ્યા છીએ, તેનું પ્રમાણ આજથી દસ વર્ષ પછી ૧૦x૧૦ જેટલું વધારે હશે. પચાસ હજાર વર્ષ પૂર્વે પોતાની ગુફાની બહાર ઘીસોટા-લિસોટાથી ચિતરડાં કાઢનાર સૌંદર્યપ્રિય આપણો આદિ પિતામહ ઉત્ક્રાંત થતો વધારે વૈવિધ્યપૂર્ણ અને સંકુલ કલારચનાઓથી મજા, લહેર ને આનંદ અનુભવવા માટે અપૂર્વ જોશથી મંડી પડ્યો છે ને મંડી રહેશે- શું એવી ખાતરી તમને નથી ? જો તમે પૈસા, પરિશ્રમ અને સમયને ખર્ચીને પણ પ્રસન્ન રહી શકતા ન હો અને તમે રોજિંદી ઘટમાળમાંથી નીકળી આનંદી ઉછાળ માટે તમારી જાતને તૈયાર કરવા ઈચ્છતા હો તો આ વાત સમજો: "દરિયાની મોજ માણવા માટે આપણે દરિયામાં ઊતરવું પડે" એ વાત સાચી નથી. સાચું એ છે કે "દરિયાનો આનંદ માણવા માટે આપણે દરિયાને આપણી અંદર ઉતારવો પડે!" જ્યારે આપણે કોઈપણ વસ્તુ-વ્યક્તિ-વિચાર-ઘટનાને આપણાં જ્ઞાન, માન્યતાઓ, ઈરાદાઓથી મરડ્યા વગર આપણી અંદર ઉતરવા દઈએ તો આપણને આનંદ સિવાય બીજું કંઈ પ્રાપ્ત નહીં થાય. આ કવિતા વાંચતા રહેજો :

દરિયાને જોતાં શીખો

તમે દરિયાને દરિયાની જેમ કદી જોયો?
દરિયાને પુસ્તકની જેમ તમે વાંચો
તો ક્યાંથી સમજાય એની વાતું !
એકાદી ડૂબકી જો મારો તો ભાન થાય,
અંદર આ ખળખળ શું થાતું !
કદી નજરુંથી દરિયો વલોવ્યો ?
તમે દરિયાને દરિયાની જેમ કદી જોયો ?

મોજાંની જેમ જરા ઊછળો તો જાણો
કે શું છે આ ફીણ ને કિનારો !
આંખેથી સાચુકલાં મોતી ટપકે નહીં
ને પૂછો છો,'દરિયો શેં ખારો?'
કદી શ્વાસોમાં દરિયો પરોવ્યો ?
તમે દરિયાને દરિયાની જેમ કદી જોયો?

-વિમલ અગ્રાવત

તમારા અંકમાં આ રૂપકડી જણસ મૂકતાં મોજ-એ-દરિયા થઈ જાઉં છું !

–મહેન્દ્ર ચોટલિયા • ૯૮૭૯૫૨૮૧૨૯
mahendra.chotalia@ gmail.com

આફરીન...

ધ્રુવ ભટ્ટ
dhruv561947@gmail.com

ज़ल्वा ब कद्र-ए-ज़र्क-ए नज़र देखते रहे
क्या देखते हम उनको मगर देखते रहे

દૃષ્ટિના સામર્થ્ય પ્રમાણે અભિભૂત થઈને ભવ્યતા જોતાં રહ્યા
અમે તો તેને શું જોવાના? પરંતુ જોતાં રહ્યા.
हर लहज़ा शान-ए-हुस्न बदलती रही जिगर
हर आन हम ज़हान-ए-दिगर देखते रहे

દરેક લહેકે સૌંદર્યની છટા બદલાતી રહી,
(તેની) દરેક ઇચ્છાએ અમે વિશ્વોનું નાવીન્ય જોતાં રહ્યા. - (જિગર મુરાદાબાદી)

આંખોથી જોઈ શકાતાં સૌંદર્યોથી અભિભૂત થવાની શરુઆત બહુ નાનપણથી, જ્યારે આને સુંદર કે અસુંદર કહેવાય એવી સમજ નહોતી ત્યારે, થઈ ગઈ હશે તેવું મને લાગે છે. નાનપણે વહેલી સવારે ધાતરવડીમાં પાણી ભરવા જતી બહેનનો છેડો પકડીને તેની સાથે જતો. નદીએ જવાનો રસ્તો મને ગમતો. નદીની રેતમાં ગળાતા વીરડા ગમતા અને વીરડાનું ડહોળું પાણી ઉલેચતાં વચ્ચે વહી આવતા મીઠા પાણીની સેર જોયા કરવી પણ મને ગમતી. ભાષા તો હજી કાલી-ઘેલી શીખતો હતો. દેખાવે સારી લાગે કે ગમે તે વસ્તુને માટે 'રૂપાળી-ળો' શબ્દ વપરાતો મેં સાંભળેલો એટલે આ બધું મારે મન રૂપાળું હતું.

પછી બાલમંદિર અને પહેલું ધોરણ ભણી રહું ત્યાં નદી, વીરડાની જગ્યાએ જાફરાબાદ ગામની નિશાળ આવી ગઈ. નિશાળમાં રૂપાળાં પુસ્તકો, શિક્ષકો અને ગીતો હતાં. રિસેસમાં પાણી પીવા માટે ધક્કામુક્કી હતી. અને 'ગંગાબા, બામણિયો પાલો (પ્યાલો), વાણિયાનો, ખારવાનો, સીદીબાદશાનો પાલો..' એવા અમારા શોરબકોરને સાંભળતા જઈને, દરેકને શાંતિથી સાચો પ્યાલો ભરી આપ્યે જતા ગંગાબા હતાં. ગંગાબા મને ગમતાં અને 'ગમે તેને સુંદર કહેવાય' એ સમજ હતી એટલે મને રૂપાળાં પણ લાગતાં હશે.

'દેખાવે સારું લાગે એટલે રૂપાળું' તેવી મારી સમજમાં એક નવીન વાત ઉમેરાઈ: ગંગાબા દેખાવે તો ગમતાં, પરંતુ તે ઉપરાંત વિવિધ પ્યાલા માગતા છોકરાઓ પર, અમારી ધક્કામમુક્કી તરફ કે અમારી બૂમાબૂમ તરફ ગુસ્સો કર્યા વગર પ્રેમથી પાણી પાયા કરવા પાછળ તેમનામાં એવું કંઈક હતું જે મને ગંગાબા કરતા વિશેષ ગમતું. કદાચ ગંગાબાનું અસલ સૌંદર્ય તો એ હતું જે અમને દેખાતું નહોતું.

જાફરાબાદને ત્રણ તરફથી દરિયો ભેટે. પૂર્વમાં ખાડી, પશ્ચિમ અને દક્ષિણમાં દરિયો. પશ્ચિમને દરિયે ઊતરાય તેવું નહીં. ઊંચા ઊંચા ભાઠોડામાં દરિયો ભટકાયા કરે. શાંત રાત્રે આખા ગામમાં આ ઘેરો રવ સંભળાય. ઓટમાં દરિયો ભાઠોડાળી ભોંય પર જરા આઘો જાય ત્યારે જોખમ લઈને ભાઠોડા ઊતરતા; મોટાભાઈ અને તેમના મિત્રો સાથે હું પણ તે સૌંદર્યલોકમાં ઉતરતો. એક તરફ દરિયો પાછો આવી જશે તે ડર અને બીજી તરફ જુગજૂના પથ્થરો પર દરિયાનાં મોજાંઓએ કોરેલી ગુફાઓ અને કોતરો. ખડકોનું આવું રૂપ મેં ફરી ક્યાંય જોયું નથી.

દરિયો તો સદા રૂપાળો. એમાં દર ગુરુવારે મુંબઈ જવાની સ્ટીમર આવે. ખાડીથી દૂર દરિયામાં ઊભી રહે. મુંબઈ જનારા લોકો અને મુંબઈ મોકલવાનાં મોટાં લાકડાં, બીજો સામાન વગેરે એક ફ્લેટ કન્ટેઈનર વેસલ(જેને અમે થાપડો કહેતાં)માં ઉતારાય અને એક ટગ-બોટ (લોન્ચ) થાપડાને સ્ટીમર સુધી લઈ જાય.

પિતા ત્યાં મહાલકારી હતા અને બંદર ઓફિસર સાથે કોઈ વાર સ્ટીમર સુધી જવું પણ પડતું. એવે વખતે કોઈ વાર અમને બાળકોને પણ ટગ-બોટમાં દરિયે જવા મળતું. લોન્ચ ખાડી બહાર નીકળે અને દરિયાનો ઉછાળ તેને રમકડાંની જેમ રમાડે. પાછળ બાંધેલો થાપડો તો જાણે કાબૂ બહાર જતો રહેતો લાગે.

ઈસ્માઈલ ખલાસી અને તેના સાથીદારો થાપડાને સ્ટીમર સાથે બાંધે. સ્ટીમરમાંથી તેનું 'ભદ્રાવતી' નામ ઢંકાઈ જાય એવી સીડી નીચે ઊતરે. રમણે ચડ્યો હોય તેવો ગાંડો દરિયો, મોજાંઓ વચ્ચે ધીરે ધીરે ડોલતી, મહાકાય 'ભદ્રાવતી' સાથે બંધાઈને મોજાંનો માર ખાતો થાપડો, ભદ્રાવતીમાંથી ઉતારેલો ફોલ્ડિંગ દાદર...કશું જ સ્થિર ન હોય અને થાપડામાંથી શિપની સીડી પર જતાં માણસોને સમાલી લેતો ઈસ્માઈલ.

મુંબઈ પરણાવેલી અને બાળકને જન્મ આપવા પિયર આવેલી નાની નાની માતાઓને તેના બાળક સહિત લગભગ ઊંચકી 'સમાલ...' કહીને સીડી પર મદદ માટે ઊભેલા સાથીઓને અંબાવતો ઈસ્માઈલ, એની તાકાત, બધું જ અસ્થિર હોય ત્યારે સ્થિરતા જાળવવાની તેની આવડત, દરિયાનું અપાર, વિશાળ સૌંદર્ય અને ઈસ્માઈલનું નાનકડું રૂપ, બન્ને મને ગમતાં. આજે પણ ગમે.

આજે પણ જાફરાબાદ જઈએ તો ગમે તેની બોટમાં પણ એ દરિયે જવાનું ટાળી શકાતું નથી. નવથી ચૌદ વરસનાં બાળકોનો કેમ્પ જો જાફરાબાદ હોય તો બાળકોને દરિયે લઈ જવાના જ. ખારવામંડળના પ્રમુખ કહે, 'બાપા ખાડી બા'રાં રે'વા ધો. ન્યાં નો લઈ જાતાં, સોકરાં રોઈ દેહે.'

પણ કોઈ કેમ્પમાં, કોઈ રડ્યું નથી. ખાડી બહાર નીકળતાં જ દરિયાનો ઉછાળ બધાંને પોતાની મોહિનીમાં લપેટી લેતો.

એકથી ચાર ધોરણ જાફરાબાદ ભણ્યો. અહીં મને ભાષાની નમણાશ જોવા, સમજવા મળી. ખારવા અને સીદી દરેકને તુંકારે જ બોલાવતા. માનવાચક શબ્દ તેની પાસે હતો જ નહીં. (નિશાળોવાળાએ આજ સુધીમાં મારી મારીને શીખવી ન દીધો હોય તો સારું). અમે ઘરમાં ભાઈબહેનો પણ એકબીજાને 'તમે/તું' કહેવાનો રિવાજ પાળતા અને ખારવણ મારી માને પણ તુંકારે બોલાવતી. પિતા વિશે પણ 'માલકારી કંયે આવવાનો?' એમ પુછાતું. નાનાજી દાક્તર એને પણ, 'જરાક નાડ જોઈ દેને', કહેવાતું.

ચોથા ધોરણમાં તો મારું મન શાળામાં શિક્ષકોની અને બીજા વડીલોની ભાષા નોંધતું થયું. તેઓ કેમ બોલે છે, કેમ ગાય છે, કેમ વઢે છે બધું હું બોલીને, ભજવી પણ શકતો.

ખારવા મિત્રો રમીને જુદા પડે ત્યારે 'ચલો, જાતે હેં, અલ્લા બેલી' કહેતાં. અમે 'આવજો' જ સાંભળેલું, મુસ્લિમ વડીલો-મિત્રોથી જુદા પડતા 'શબ્બા ખૈર' બોલતા પણ એક આ મછિયારા જ 'અલ્લાબેલી' બોલતા. તે સમયે મને નવાઈ લાગતી. ઘણે વખતે સમજાયું કે, ગુજરાતના સહુથી તોફાની, સહુથી વધારે કરંટ ધરાવતા દરિયે ઊંડે સુધી માછીમારી કરવા ગયો હોય તે જણ 'અલ્લાબેલી' જ બોલવાનો.

મેટ્રિક (અગિયારમું ધોરણ) સુધીમાં કેટલાંય ગામો ફર્યો, અનેક મનુજો સાથે ફર્યો, રમ્યો, વાતો કરી. એ વખતે બે વાત બની.. એક તો સામો માણસ

શું બોલે છે અને શું કહે છે તે બન્ને આયામોને સમજવાની મજા પડવા માંડી.

આજ સુધી મારું મન સરખામણી નહોતું કરતું તે હવે કહેવા માંડ્યું કે: મારી ભણવાની ભાષાને હું ભલે ખૂબ શણગારું તો પણ તે બોલાતી ભાષા જેટલી રૂપાળી ક્યારેય લાગવાની નથી. ભણવામાં બોલાતું, 'એ બન્ને જણી ઊભી હતી ત્યાં બે બીજી બહેનપણીઓ આવી.' બોલાતી જબાન બોલતી, 'ઈ બેય જણિયું ઊભીયું'ત્યું ન્યાં બીજી બે બેનપણિયું આવી.' – બધું જ બહુવચન અને લહેકો તો રૂપરૂપનો અંબાર!

બોલીઓના સૌંદર્યે મને હમેશાં મોહિત કર્યો છે. એના લહેકા, લટકા, રમતો અને સૌંદર્ય મને ભાષા પાસેથી નથી જડ્યું. બે ચાર શબ્દોમાં જબ્બર મોટી વાત કહી નાખીને શબ્દો, વાક્યોનાં પરમ સૌંદર્યો વિખેરનારા લોકની સાથે વાતો કરવામાં મને મજા આવતી. એમાં મને ભાષાના જ નહીં. જીવનના પણ ઘણા અર્થો જડતા.

પીંડવળ નિવાસી-શાળામાં બાળકો સાથે રહેતો ત્યારે ધરમપુર જવાનું થતું. ત્યાં એક આદિવાસીને આંબાવાડિયું હતું જેમાં આફૂસ સહિત ઘણી જાતની કેરીઓ પાકતી. એક વેકેશનમાં ઘર આવતી વખતે મેં તેને કહ્યું કે આ વખતે તારે ત્યાંથી મારે આફૂસ કેરી લઈ જવી છે. ભાવ નક્કી કરીને મેં મારા જવાની તારીખ કહી. વાત થયા પછી ચારેક દિવસ અસહ્ય ગરમી પડી. મારા જવાના આગલે દિવસે પેલો ખેડૂ કેસર લઈને આવ્યો.

'મેં તો આફૂસ મંગાવેલી' મેં કહ્યું. 'કેસર તો અમારી બાજુ સારી મળે.'

'એ જ લાવતે, પણ આ ચાર દા'ડા તાપ પડ્યો કે ની? હાફૂસ તો દેહઈની દીકરી, આવો તાપ નો ખમે. હવે નબળી પાકહે.'

'હાફૂસ તો દેસાઈની દીકરી.' કેટલું પીડાદાયક સૌંદર્ય! એક આખી પ્રજા પેઢી દર પેઢી જે જોતી આવી છે, અનુભવતી આવી છે, અને રહેતા રહેતા સહજતાથી સ્વીકારતી પણ થઈ ગઈ છે તે; દેસાઈની દીકરી શું અને પોતાની દીકરી ક્યાં?ની સમજ એક નાનકડા વાક્યમાં કહી દેવાની આવડતને ભાષાનું સૌંદર્ય ગણવું કે હૃદયમાંથી જીભે ઊતરી આવેલી પીડા ગણવી તે હું સમજી શક્યો નહોતો. કેટલાંક સૌંદર્ય તમને ગુનેગારના પીંજરામાં ઊભા કરી દેવા સક્ષમ હોય છે તે ભાન મને ત્યાં આવ્યું.

આંખે દેખાતી સુંદરતામાં મને કોઈ દર્શન સર્વાંગ સુંદર લાગ્યું હોય તો તે છે રાતના આકાશનું દર્શન. જોકે દિવસના આકાશની રંગ-છટાઓ ઓછી નથી, સંધ્યા-ઉષા, મેઘધનુ અને વાદળોનાં અવનવાં રૂપ. અરે, નજર સામે પડતી વીજળીનાં, થથરાવી નાખતાં દૃશ્યો પણ મેં એક કરતાં વધુ વખત જોયાં છે. ઝંઝાવાતની અને મેઘગર્જનાની ભયાવહ રમ્યતા જોઈ-સાંભળી છે. પણ એ તો બધું અહીંના, મારી નજીકના, પરિચિત આકાશની રૂપછટા.

રાતનું રૂપ મારાથી અમાપ અંતરે ઝગમગતું, સદા રહસ્યમય. કૃતિકા, દેવયાની, શર્મિષ્ઠા જેવી. રૂપગર્વિતાઓનાં તેજ આજે પણ એવાં જ તેજોમય. અઢળક ખજાનો સંઘરીને બેઠેલી પ્રકાશિની, ધનુની આકાશગંગા. ભાગતું હરણ, પાછળ દોડતો શિકારી, પગ લંબાવીને આકાશગંગાને પેલે પાર જવા છલાંગ મારતો અશ્વ. આદિકાળમાં કોઈએ કલ્પેલી અનેક આકૃતિઓ અને તેની પકડી રાખતી કથાઓથી મનોજગત પર છવાઈ જતું રાતનું આકાશ મને સર્વાધિક સુંદર લાગે છે.

આકાશના આખા ગુંબજનું દર્શન મને પહેલીવાર ભેંસાણની સીમમાં થયું. એ પહેલાં મેં અનેક વખત રાતે આકાશ જોયું તો હતું, મારી માએ અને કેટલાક વડીલોએ કેટલાક તારાઓ ઓળખાવ્યા પણ હતા.

પરંતુ એ બધું ગલી, છાપરાં કે ઝાડ-પાનની આડશથી ઘેરાયેલું દેખાતું. ભેંસાણમાં વહેલી પરોઢે ચારેક વાગે બળદગાડામાં સૂતાંસૂતાં કોઈ આડશ વગર આકાશ જોયાનું યાદ છે. હા, ડાબી તરફની ક્ષિતિજે, પાંખ પસારીને બેઠેલા ગરુડ જેવો ગિરનાર હતો. તે સિવાય ઉપરના ઝળહળ અંબાર અને અમારાં આંખ-મન વચ્ચે કશું નહોતું. ગાડામાં બેઠા થયા તો સામે જ, અમે જે દિશામાં જતા હતા તે દક્ષિણે, ડૂબતા જય-વિજય પણ દેખાયા.

નજરે દેખાતાં સૌંદર્યોમાં મને લય દેખાતો થયો તે પછી દૃશ્યો વધુ સુંદર લાગવા માંડ્યાં. મેટ્રિક (ભણવાનાં ધોરણોનાં પણ કેવાં કેવાં રૂપાળાં નામ છે!) પાસ કરીને શહેરોમાં ભણવાનું થયું. બહુમાળી મકાનો બનવાનું હજી શરૂ થયેલું. બાંધકામનાં યંત્રો ઝાઝાં બન્યાં નહોતાં. મજૂરો છેક ઉપર સુધી વાંસ-વળીની પાલખ બાંધીને કામ કરતા. પાલખ પર જમીનથી ટોચ સુધી હારબંધ ઊભા રહીને નીચેથી મોકલાતી ઈંટો કે તગારાં ભરીને મોકલાતી સિમેન્ટ-કોંક્રીટ, તાલબદ્ધ રીતે એક-બીજાને અંબાવતા જતા. ધાબું ભરવાનું હોય ત્યારે તો કામ પૂરું ન થાય ત્યાં સુધી આ ક્રિયા રોકી શકાતી નહીં.

આ આખી ક્રિયા મને સંમોહિત કરી દેતી. કામ કરતા મજૂરોનાં શરીર એક અદ્‌ભુત લય સરજતાં. એક પછી એક નમતાં અને ઊભા થતાં જતાં મેલાં-ઘેલાં સ્ત્રી-પુરુષોને હું કોઈ કઠિન શ્રમમય નૃત્ય જોતો હોઉં તેમ જોઈ રહેતો.

અમદાવાદ હજી શરુ થયું હતું, કેટલાંક મકાનો બની ગયાં હતાં, કેટલાંક બનતાં હતાં. તેના સ્ટાફે શરુ કરેલી ક્રેડિટ અને સપ્લાય સોસાયટીનો ગુમાસ્તો હું, નવરો હોઉં ત્યારે દુકાનને ઓટલે ઊભીને મારી આંખ સામે નિર્માણ પામતાં સ્થાપત્યના એક નવા આયામને અને તેને સ્થાપી રહેલા અજાણ્યા કારીગરોના શ્રમભર્યા લયને આભો બનીને જોયા કરતો. આ આખા પ્રકલ્પમાં જાતે આટલી મહેનત કરનારા સહુથી વધુ શ્રમ કરે છે અને કોઈ ફરિયાદ વગર સહુથી ઓછું રળશે એ જ્ઞાન મને અસુખનો અનુભવ કરાવતું.

પછી તો ખેતીથી માંડીને રસોઈનાં કામોમાં, શેરીમાં રમતાં કે શાળાએ જતાં બાળકોમાં, બધામાં એક હલક, એક લયનું સૌંદર્ય મને દેખાતું.

મંદિરોમાં વાગતી ઝાલરનો લય પણ કેવો મનોહર! પૂજાઓમાં એક સાથે લયબદ્ધ બોલાતાં પાઠનું રૂપ તો અનેરું. બ્રહ્માંડનું સર્જન થયું તે સમયે રચાયેલાં લયબદ્ધ આંદોલનો કશું જ લય વગરનું કેમ રહેવા દેવાનાં?

હું ભૂલી ન શકું તેવું એક દૃશ્ય એક સ્ત્રી પોતાને માથે ભરેલું બેડું હોય તોયે જમીન પર પડેલ બેડું લઈને અને બીજી સ્ત્રીને માથે ચડાવી આપે તે છે. ગીરની પરમ મોહક વનરાજિમાં, હિરણની રેતીમાં વીરડો ગાળીને પાણી ભરતી બે બહેનોને મેં આ રીતે બેડું ચડાવતાં જોઈ છે.

એટલું જ નહીં. બેડું ગોઠવાઈ ગયા પછી પોતાના નેસ તરફ એક સાથે જતી બેય બહેનોની ટટ્ટાર પીઠ અને દૃઢ પગલાંનો લય તો અનોખો!

પશુ-પક્ષી અને મનુષ્યનાં રૂપ-રંગનું દર્શન પણ અદ્‌ભુત છે. આવાં રૂપો માટે અનેક ઉપમા, અલંકારો રચાયાં છે. મનુષ્યના રૂપ માટે બોલાતાં એક વાક્ય પર મને ખૂબ હસવું આવે છે. 'કાળી છે પણ નમણી છે.' (એટલે શું તે કોઈ કહેશે?) અનેક વાર સાંભળેલું આ વાક્ય હું પણ ક્યારેક બોલ્યો હોઈશ.

ચામડીનો રંગ માણસના સૌંદર્યનો પર્યાય ગણાય? કાળી કે કાળો રૂપાળાં ન કહેવાય, એમને માટે નમણાં શબ્દ બન્યો છે. બોલો! આપણી સૌંદર્ય વિશેની સમજ આંખ સાથે જોડાઈ એટલે કદાય આવાં વાક્યો રચાયાં હશે? ખબર નહીં, પણ એવાં ઘણાં વાક્યો હશે જેનો અર્થ તે બોલનારને પણ ખબર ન હોય.

પીંડવળની શાળામાં એક ભામી, ત્રીજા-ચોથા

ધોરણમાં ભણતી હશે. એકદમ પાતળી, અને વર્ષાના ઘટાટોપ વાદળ જેવો વાન. પરાણે વહાલી લાગે એવી. બોલે નહીં. વધુ પૂછપૂછ કરો તો રડવા માંડે. મારા ઘરમાં ન આવે. બારીએથી અંદર જોયા કરે.

'ભામી, આ વેકેશનમાં હું તારે ઘરે આવું?' એકવાર મેં પૂછ્યું. ભામીએ મને જવાબ દેવાને બદલે પાસે ઊભેલી બહેનપણીને કહ્યું, 'દાદો પડી જવાનો. તીન ડોંગર વરીલ માઝા ઘર આહે, દાદો ત્રાણ ડુંગર વટાવાનો કેવી રીતે?' એટલે મારે તેના ઘરે જવાનું નહીં. કંઈ કામ હોય તો ભામીને કહેવાનું તે દોડતી જશે અને આવશે.

પણ અમે એકેય બાળકને એમ દોડતું જવા દઈ શકીએ તેમ નહોતું, વરસાદ તો હજી શરદપૂનમ સુધી આવતો હતો. ડુંગર-ગાળીમાં ઠેર ઠેર વહેતાં ઝરણાં, ભીના લપસણા પથ્થરો, ઊંચું ઊભેલું ઘાસ અને તેમાં વસતાં સજીવો. 'ના. તમારા ગામેથી કોઈ મોટું તેડવા આવશે તેની સાથે મોકલીશું'.

અમે નિશાળે બેસી રહીને અને બાળકોને કોઈ લેવા આવે તેની રાહમાં સમય પસાર કરતા હતા. એક સવારે થોડી બહેનપણીઓ મળીને ઘરમાં આવી. કહે, 'દાદા, ચલ રમીએ.'

અમે પાંચીકા રમવા બેઠાં. મારી પાસે બેઠેલી સેબી મારા પર એક પછી એક દાવ ચડાવતી જાય અને પેલી ભામી બારીમાંથી ડોકિયાં કરીને સેબીને વીનવતી જાય, 'તું દાદાને ના હરાવ.' તોયે મારા પર પંદરેક દાવ ચડી ગયા. એટલામાં જમવાનો સમય થયો અને રમત રોકાઈ. ચડેલા દાવ ઉતારી આપવાની માગણી મેં એમ કહીને ખાળી કે, 'દીવાળી વેકેશનમાં ઘરે જઈને આવું પછી ફરી રમીશું અને દાવ ઉતારી આપીશ.'

પછી તો બધાંને ગામેથી કોઈને કોઈ તેડવા આવ્યું અને ઘરે જવાના આનંદમાં બધું ભુલાઈ ગયું. મોટાભાગનાં બાળકો ઘરે જવા નીકળી ગયાં હતાં. થોડા મોટા છોકરાઓને શાળા બરાબર સાફ કરીને બંધ કરવા રોકેલા તે હતા. હું મારો સામાન પેક કરતો હતો ને બારીમાં મેં ભામીને જોઈ.

અરે! આ તો બે દિવસ પહેલાં ઘરે ગયેલી! પૂછ્યું, શું કામ પાછી આવી બેન? કોની સાથે આવી? કંઈ ભૂલી ગઈ છું, બીજું કંઈ કામ છે?' અનેક પ્રશ્નોનો જવાબ માત્ર ડૂસકાં.

અંતે મોટા વિદ્યાર્થીને બોલાવીને તેને ભામી સાથે વાત કરાવીને ઉત્તર મેળવ્યો તે આકાશને આંબે એવડો સંભળાયો, 'ગામ જઈને મેં સેબી સાથે રમીને દાદાના દાવ ઉતારી નાખ્યા છે તે કહેવા આવી છું.'

'તીન ડોંગર વરીલ...' નાનકડું, પાતળું, પાંચ-સાત વરસની ઉંમરનું, ઘનશ્યામ સૌંદર્ય મારાથી ત્રાણ જ ડુંગર દૂર વસતું હતું તેને હું આજ સુધી જોઈ નહોતો શક્યો. ભલા, આવું ઢગલો રૂપ ચહેરા પર થોડું દેખાય?

લોકોને હળતાં-મળતાં, તેમની વાતોને સમજવાની કોશિશ કરતાં મને ધીરે ધીરે સમજાતું ગયું કે નજરે પડતી સુંદરતા કરતાં અનુભવાય તેવાં સૌંદર્યોએ મને વધુ અભિભૂત કર્યો છે.

પોરબંદરથી માંગરોળ સુધીની ઘેડની આખી દરિયાપટ્ટી પર મેં ઠેર ઠેર નવા અનુભવો કર્યા છે. કોઈ પણ ગામે, વાડીએ કે બીજે જવાનું થાય ત્યારે એક કરતાં વધુ ઘરેથી 'જમવાનું અમાર ત્યાં'નું કહેણ આવતું.

ઘેડ-બગસરાના એક ખેડૂતને ત્યાં ઘર માલિક ગામની બહાર દરગાહે ફકીરને ટિફિન આપી આવ્યા પછી ઘરના અને અમે જમ્યા. પેઢી દર પેઢીથી દરગાહે રહેતા ફકીરને જમાડવાનું આ ઘર કરતું આવ્યું છે.

માધવપુરનો મોટર રિવાઇન્ડિંગની દુકાન ધરાવતો મિત્ર અરુણ. ઘેડમાં સાપથી માણસ કે માણસથી

સાપ મરવો ન જોઈએ એની મથામણમાં એણે જિંદગી આપી દીધી. ઘરના ખરચે કેટલાયે જણની સારવાર અને કેટલાયે સાપના રખવાળાં કર્યાં હશે તે ખબર નથી. જ્યારે જ્યારે અરુણને મળવાનું થાય ત્યારે કોઈની ને કોઈની સેવામાં રત હોય. કોણ જાણે મોટર રિપેરનું કામ ક્યારે કરતો હશે, કરતો હશે કે નહીં. એનું અચાનક અવસાન થયું અને અંતિમયાત્રા કબ્રસ્તાન તરફ ગઈ ત્યારે મિત્રોને ખબર પડી કે બંદો ક્યા ધર્મનો હતો. પોતે અઋણ રહ્યો, અમારા પર ઋણ ચડાવીને ગયો.

બીજા એક નાના દુકાનદાર બપોરે જમવા જાય ત્યારે તાપ ટાઢ કે વરસાદ જોયા વગર, મધુવનના પંખીઓને ખવરાવવા નીકળે, પાણીના કૂંડાં ભરે પછી ઘરે જમવા જાય. ઘર છોડીને આવીને દરિયાકાંઠે પોતે જાણે દરિયાને પરણી હોય તેમ આખી જિંદગી એકલાં રહીને વિતાવનારી બહેનનું ઠામ-ઠેકાણું એટલા માટે નથી લખતો કે લોકો તેના ગામ જઈને તેના ઘરનાને પૂછ-પરછ ન કરે. વીસ સાંતીની જમીન અને ત્રીસ ભેંસોની માલિકણ પહેરેલે કપડે દરિયે જઈને રહી.

મોચાના હનુમાન મંદિરે આવીને રહેલાં મા. આજથી ચાલીસ વરસ પહેલાં તો એ સ્થળ લગભગ નિર્જન જોયેલું.

આ બધાંમાં એવું તે શું હશે જે એમને જગતથી જુદી રીતે જીવવા પ્રેરે છે? તે સમજવાનો પ્રયત્ન મને કોઈ અલગ પ્રકારનું સૌંદર્યજગત બતાવે છે. ન સમજાય તેવી આ સુંદરતા વિશે એક ખુલાસો હજી થોડા સમય પહેલાં જ ઘેડની એક વાડીમાં રહેતી મેર નારીએ આપ્યો.

'બેન, તમે અમને આટલા પ્રેમથી શું કામે જમાડો છો.' મેં વાત માંડી.

'તે જમાડિયેં તો ખરા જ ને?'

'આ પ્રદેશમાં આ રિવાજ કેમ? અને માણસો પણ એવાં, બગસરાના મેર, આ અરુણ, પેલાં દરિયે રહેલાં તે દીકરી, પેલા પંખીને ચણ નાખ્યા કરે તે ભાઇ આ બધું આ તરફ વધારે જોવા મળે છે એવું કેમ?'

પાછળ દરિયા તરફ હાથ કરીને મેરાણી કહે, 'ઇ તો બાપા આંય અનંતના ઘરની હવા આવે છે પછી એમ જ હોયને?'

અનંતના ઘરની હવા... અફાટ સમુદ્ર પરથી વહી આવતા પવનો આ સ્ત્રીને અને બીજાં ઘણાને શું સૌંદર્યમય વાતો કહી જતા હશે?

અનંતના ઘરની હવા, કદાય નાનપણે જાફરાબાદના દરિયાએ જ મારા કાનમાં મને દરેક સ્થળે સૌંદર્ય શોધવાનું મન થાય તેવો મંત્ર ફૂંક્યો હશે.

કદાચ એટલે જ 'ન ઇતિ'ની ભૂઈ ગ્રહ પર વસતી નાયિકા 'પિરથી' (જેને સુંદર અસુંદરની સમજ હજી આવી નથી)ના મોઢે આવો જવાબ અપાવવો મને સૂઝ્યો હશે.

પૃથ્વી પરથી ભૂઈ પર ગયેલો નાયક પિરથીને કહે છે 'પિરથી, તું બહુ સુંદર છે.'

પિરથી સીધો સાદો પ્રશ્ન કરે છે, 'હા, છું. તો?'

બિચારો નાયક, 'તો, કંઈ નહીં પણ તું ખરેખર બહુ સુંદર છે.'

પિરથી કહે છે, 'કશું પણ અસુંદર શું કામ હોય?'

જગતે સૌંદર્યયજ્ઞે આમાર નિમંત્રણ

સુભાષ ભટ્ટ
aghor321@gmail.com

આનંદલોકે મંગલલોકે બિરાજ, સત્યસુંદર!

પળને સમગ્રતાથી સ્વીકારવામાં, આવકારવામાં અને આરાધવામાં જીવનનું સૌંદર્ય છે અને આનંદ પણ છે. હૃદયની આંખે નીરખીએ તો પામી જવાય છે કે રસ,કલા, સર્જન, પ્રેમ, સૌંદર્ય, આનંદ એ બધાં જ સગોત્રી છે.. સત્યને હૃદયથી જોવામાં સૌંદર્ય છે. ખલીલ જિબ્રાન તો કહે છે કે સૌંદર્ય ચહેરામાં નથી પણ હૃદયના ઉજાસમાં છે.. આપણી જીવનદૃષ્ટિના બે લેન્સ છે: મન અને બુદ્ધિ અર્થ શોધ્યા કરે છે જ્યારે હૃદય સૌંદર્ય અને આનંદ શોધ્યા કરે છે. અંતત: જીવનનું સૌંદર્ય આપણી પાસે શું છે તેના આધારે નહીં પણ આપણે શાના માટે ઝંખીએ છીએ તેના આધારે અનુભવાય છે.. સભ્યતાનાં આટલાં બધાં વર્ષો પછી પણ આપણે સ્પષ્ટ નથી થયા કે આપણે સૌંદર્યને ચાહીએ છીએ કે આપણી ચાહત સૌંદર્ય રચે છે. સૌંદર્ય આપણે પામીએ છીએ કે આપણા હોવાની અવસ્થા છે? ક્યારેક અસ્તિત્વ આખું એક જ ચેતનાનો વિસ્તાર લાગે છે- તે પળે આનંદ અને સૌંદર્ય એક જ હોય છે. અસ્તિત્વ તો અનંત આયામી છે. વસ્તુપક્ષે સૌંદર્ય હોય છે; જ્યારે તેને જોનાર વ્યક્તિપક્ષે આનંદ હોય છે. આમ તે અખંડ છે.

સૌંદર્યની કોઈ અંતિમ અને એકમાત્ર વ્યાખ્યા નથી. તે માનવ કે વ્યક્તિસાપેક્ષ છે. કોઈને નાઈલ નદી, તો કોઈને દેવદાર વૃક્ષ સુંદર લાગે છે. તે સર્વવ્યાપક માનવસહજ વૃત્તિ અને ઝંખના છે. સૌંદર્યની અનુભૂતિ અને અભિવ્યક્તિમાં માનવીય દર્શન છે અને જીવનશૈલી પણ છે. હા, તે સ્થૂળ કે સૂક્ષ્મ હોઈ શકે. કોઈને વાન ગોગનાં ચિત્રો ગમે છે તો કોઈને પંડિત રાશિદ ખાનની ગાયકી. સૌંદર્ય એકલું વસ્તુ કે વ્યક્તિ, સ્થૂળ કે સૂક્ષ્મ, સ્થળ કે અસીમમાં નથી પણ તે બંને જ્યાં મળે છે તે બિંદુમાં છે. જેમ કે, જ્યાં ગઈકાલ અને આવતીકાલ મળે છે તે વર્તમાન પળમાં છે. જ્યાં સીમ અને અસીમ એકમેકમાં ઓગળે છે ત્યાં મારું ઘર છે. સૌંદર્યમય જીવન એટલે પળ અને સ્થળમાં ઘટતી વિસ્મયની અનંત શૃંખલાને સહજ સજગતાથી નીરખવી; ને ત્યાં અને ત્યારે જ શાશ્વતી અને આનન્ત્ય પામવું.

જો સંવેદનશીલ બનીએ તો ધબકે છે તે બધું જ પાવક અને સુંદર જીવન બની જાય છે. જીવનના દ્રષ્ટા બનીને દૂર ઊભા રહેવાને બદલે પાર અને અપાર જીવનના ભાગીદાર અને સાથીદાર બનીએ તો સૌંદર્ય કે આનંદનું અધ્યાત્મ આરંભાશે. આ જીવન પ્રેમરૂપ અને ચૈતન્યરૂપ બને તો દિવ્ય પણ બનશે. તેમાં માનવજીવનનું કલ્યાણ છે, માંગલ્ય પણ છે. નિરંતર સૌંદર્ય પામવા માટે બાળક જેવા વિસ્મય સાથે જીવવાનું હોય છે. પ્રશ્ન એક જ છે કે આપણે જીવનનું વિસ્મય ક્યાં ખોઈ નાખીએ છીએ.

સૌંદર્યને પામવા માટે આપણે સૌએ પ્રથમ આ દુનિયાના મેનેજર પદેથી રાજીનામું આપી દેવાનું છે. આપણે અહીં જીવવા આવ્યા છીએ; તેનો અહેવાલ લખવા નથી આવ્યા. આપણી ઓળખ, અહમ્ ઓગાળી નાખવાના છે. જીવન અર્થપૂર્ણ, ઉપયોગી અને ઉત્પાદક હોવું જોઈએ તેવો આગ્રહ છૂટી જવો જોઈએ. આપણે શબ્દો, વિચારો, હેતુઓ અને માહિતીથી પીડાઈએ છીએ તેથી આપણને સૌંદર્યને નામ આપીને વસ્તુ બનાવી નાખવાની ટેવ છે. આપણે સુંદર નીરખવું નથી, પકડવું છે; પામવું નથી, વસાવવું છે.

આપણે ખરેખર ડેટા સિન્ડ્રોમથી પીડાઇએ છીએ. આપણે જીવનને સાધન સરંજામ કે વસ્તુથી ભરી નાખ્યું છે તેથી ચૈતન્યની મોકળાશ નથી. સૌંદર્ય ખંડો કે અંશોમાં નથી; તે તો સમગ્રતામાં છે. પણ હા, સૌંદર્યની સમગ્રતામાં સંપૂર્ણતાનો કોઇ આગ્રહ નથી. સંકુચિતતા એટલે જ કુરૂપતા.

સૌંદર્ય એક પળ છે-જ્યારે સ્વ સર્વસ્વમાં ઓગળી જાય છે, નર્તક અને નર્તન એક બની જાય છે, ચિત્રકાર અને ચિત્ર અલગ પરખાતાં નથી; જ્યારે ભાવક તન્મય, તલ્લીન, સહૃદય, રસ તરબોળ હોય છે ત્યારે સૌંદર્ય પમાય છે. તેનામાં સમાનુભૂતિ તથા અનાસક્ત પવિત્રતા હોય છે. આ પળ એકત્વ કે પૂર્ણત્વની હોય છે. જાણે સૂર્યાસ્ત નીરખનાર પણ તેમાં ડૂબે કે ઓગળી જાય છે. કેડી પર એકલયામી ચાલતો ચાલતો કેડી બની જાય છે. જાણે કે અદ્‌ભુત ચમત્કાર તેના રંગોના લસરકા સાથે તેના કેનવાસ પર વિસ્તરી જાય છે. સર્જક હોય કે સાધક, તેણે સ્વને ઓગાળી દેવાનો છે. સૌંદર્ય પ્રત્યેની આસક્તિ કે માલિકીભાવ તેને અપવિત્ર વસ્તુ બનાવી નાખે છે. સૌંદર્ય કોઇ સુખ, ભોગ કે વિલાસની દુન્યવી ચીજ નથી. તે સાધન નથી. તે તો સાધના છે-સાધ્યની લાલસા વિનાની. આને કોઇવાર ટાગોર આનંદયજ્ઞ કહે છે-જેમાં આહુતિ અનિવાર્ય છે. તે કહે છે:

તને શી રીતે અર્ઘ્ય આપું ?
મારા હૃદયમંદિરમાં આવો....
આ બધું હાથ પસારીને સ્વીકારો
ધૂળ અને ભસ્મ : તમારો સ્પર્શ આપો.
આ સર્વસ્વ તમારા કાજે તો છે.
તમને તો અર્પણ છે.

આ તો છે પળ સૌંદર્યની, જ્યારે 'તું' એટલો મોટો હોય છે કે 'હું' બચતો નથી. આ જુઓ પંક્તિ કવિવર ટાગોરની:

તારા લોકમાં મને લઈ જા અને
તારામાં સમર્પિત થઈ જવાનું પૂર્ણ
સ્વાતંત્ર્ય મને આપ.

કશાકમાં ખોવાઇ કે ભૂંસાઇ જવાની, ઓસરી કે ઓગળી જવાની પળ તો છે સૌંદર્યની પળ !

જુઓ ઝેન માસ્ટર ડોજેનનું આ હાઇકુ:

Coming, going, the waterfowl
leaves not a trace,
nor does it need a guide.

જીવન-સૌંદર્ય પામવા માટે જળકૂકડીને અનુસરવા જેવું છે, સસલાને નહીં.

આપણે દરરોજ સવારે સ્વયંને પૂછવા જેવો એક જ પ્રશ્ન છે: મારે સૌંદર્યનું અઢળક જ્ઞાન જોઇએ છે કે સૌંદર્યનો અદ્‌ભુત, અપૂર્વ, અનન્ય એવો એકાદ અનુભવ? કારણ કે જીવનમાં વર્ષો સુધી સૌંદર્યનું અપાર જ્ઞાન મેળવ્યા પછી પણ તેની તોલે સૌંદર્યનો એક અનુભવ વધુ મૂલ્યવાન લાગે છે. જુઓ:

વાસંતી સવારે પતંગિયાની એકાદ ઉડાન,
ફાગણી સંધ્યાએ પુરિયા ધનાશ્રીના સ્વર,
વાદળછાઇ અષાઢી રાતે ચંદ્રની અલપ
ઝલપ મુલાકાત,
બનારસના મણિકર્ણિકા ઘાટે પરોઢમાં
કબીરનું પદ,
દિલ્હીની ભીડ વચ્ચે એક નાનકડા બાળકનું
આપણી સામે કરેલ સ્મિત,
હિમાલયમાં દેવદારોથી ઘેરાયેલ પગદંડી પર
એક વોક,
એકાદ એરપોર્ટ પર વેઇટિંગ લાઉન્જમાં
સ્ટારબકની કોફી અને ગમતું પુસ્તક...

આવી સૌંદર્ય કે આનંદસભર પળોની દરેક વ્યક્તિ પાસે એક યાદી હોય છે-ભલે તે અલગ અલગ હોય...એવી પળો જેને સફળ કે સાર્થક એવા ખોખામાં ગોઠવવાની જરૂર નથી. જીવનથી સભર-સૌંદર્યથી છલોછલ-આનંદથી છલકાતી પળો...

સૌંદર્ય

ખલીલ જિબ્રાન

અને એક કવિએ કહ્યું, અમને સૌંદર્ય વિશે કહો. ત્યારે તે બોલ્યા :

સૌંદર્યને તમે કયાં શોધશો, અને શી રીતે મેળવશો, — સિવાય કે તે પોતે જ તમારો માર્ગ અને તમારો ભોમિયો બને . અને શી રીતે તમે તેને વર્ણવશો, — સિવાય તે પોતે જ તમારી વાણીને વણે.

દલિતો અને પીડિતો કહે છે, "સુંદરતા દયાળુ અને મૃદુ છે. પોતાના યશથી અર્ધ શરમાતી તરુણ માતાની જેમ તે આપણી વચ્ચે આવે છે."

અને કામી કહે છે, “ના, સુંદરતા એ કંઈક બળવાન અને ભયપ્રદ વસ્તુ છે. તોફાનની જેમ તે આપણી નીચે ધરણીને અને ઉપર આકાશને ધ્રુજાવે છે."

અને થાકેલા તથા કંટાળેલા કહે છે, "સુંદરતા ધીમેથી કાનમાં જ બોલે છે. તે આપણા આત્મા સાથે વાતો કરે છે. છાયાની ધાસ્તીથી ધ્રૂજનારી ઝાંખી જ્યોતની જેમ તે આપણા મૌનમાં જ પોતાનો અવાજ કાઢે છે."

પણ ચંચળ જનો કહે છે, “અમે તેને પર્વતોમાં ગર્જના કરતાં સૂણી છે, તેની ગર્જના પાછળ ખરીઓના અવાજ, પાંખોના ફફડાટ અને સિંહોની ગર્જના સંભળાતાં હતાં."

રાતે શહેરનો ચોકીદાર કહે છે, "સુંદરતા પૂર્વ દિશામાં અરુણની સાથે ઊગશે."

અને મધ્યાહ્ને મજૂરી કરનારા અને પ્રવાસીઓ કહે છે, "અમે તેને પશ્ચિમની બારીઓમાંથી પૃથ્વી પર ડોકિયાં કરતી ભાળી છે."

શિયાળામાં બરફમાં દબાયેલા કહે છે, "તે વસંતમાં ટેકરીઓ પર ઠેકડા મારતી આવશે."

અને વર્ષાન્તે લણનારાઓ કહે છે, "અમે તેને હેમંતનાં પાંદડાંમાં નાચતી જોઈ છે, અને ત્યારે અમે તેના વાળમાં બરફની છાંટ પણ જોઈ હતી. "

આવું આવું તમે સૌંદર્ય વિશે કહ્યું છે. પણ તોયે તમે તેને વિશે કશું કહ્યું નથી; પણ માત્ર અતૃપ્ત આશાઓ જ વર્ણવી છે.

પણ સુંદરતા એ આશા નથી, પણ આહ્લાદ છે. નથી એ તરસ્યું મોં કે નથી એ લંબાવેલો ખાલી હાથ; પણ એ તો ભરાઈ ગયેલું હૃદય છે અને મંત્રમુગ્ધ ચિત્ત છે. એ તમે જોવા ઇચ્છેલી મૂર્તિ કે સાંભળવા ઇચ્છેલું સંગીત નથી; પણ એ તો તે મૂર્તિ છે, જે તમારી આંખો બંધ કરો તોયે તમને દેખાય છે, અને તે ગાન છે, જે તમારા કાન બીડી દો તોયે તમને સંભળાય છે.

એ (થડની) ખરબચડી છાલ નીચે વહેતો રસ નથી, કે નથી એ પંજા સાથે વળગેલી પાંખ,પણ એ તો સદાયે ફાલતી વાડી છે, અને સદાયે ઊડતો દેવોનો ગણ છે.

ઑરફાલીઝના લોકો ! સૌંદર્ય એ જીવન છે, જ્યારે જીવન પોતાના પવિત્ર મુખ પરથી બુરખો ઉતારી લે. પણ જીવ તમે જ છો અને બુરખોયે તમે જ છો.

કવિતામાં સૌંદર્યબોધ: હજાર ઓરડા ભાવનના

હરીશ મીનાશ્રુ
sumiran1953@yahoo.com

વૃક્ષ ન રહ્યાં, વૃક્ષમય કશુંક લોકોત્તર સત્ત્વ, માત્ર ત્યાં ફેલાઈ રહ્યું- એ જ તો સૌંદર્ય!

*

ઉમાશંકર જોશીના યશસ્વી કાવ્યગુચ્છ 'સપ્તપદી' ના 'શોધ' કાવ્યની આ પંક્તિ છે. સંપ્રજ્ઞ કવિ જ્યારે સૌંદર્યની મીમાંસા કરે - અને તેય કાવ્યના એક અંશરૂપે - ત્યારે શાસ્ત્રીયતાની સાથે સાથે કાવ્યતત્ત્વને પણ અક્ષત રાખીને કેટલા સામર્થ્યથી સૌંદર્યને વ્યાખ્યાયિત કરી શકે, એનું માર્મિક દૃષ્ટાંત છે આ કાવ્યપંક્તિ. એ આપણી પર બે રીતે અસર કરે છે: એક તો અભિવ્યક્તિની કાવ્યાત્મકતા આપણને વિસ્મિત કરે છે અને બીજું, એ પંક્તિનું સૂક્ષ્મ ચિંતન-દ્રવ્ય આપણને પણ ચિંતવન કરવા પ્રેરે છે.

સકળ જીવસૃષ્ટિમાં એક મનુષ્યચેતના જ છે કે જે એને મળેલા વસ્તુજગતથી સતત અસંતુષ્ટિ અનુભવતી રહે છે, ને સાથે સાથે એ જ ઇહલૌકિક વસ્તુજગતના આલંબને કશાક લોકોત્તરને પામવા મથતી રહે છે. કલામાત્ર મનુષ્યની આવી ચિરકાલીન સૌંદર્યની તૃષાતુરતાની પરિણતિ છે. અહીં 'કલા' શબ્દને જરા વ્યાપક સંદર્ભે લેવાની જરૂર છે. નૃત્ય, નાટક, ચિત્ર, સંગીતાદિ ઇન્દ્રિયોનું આલંબન ધરાવતી દૃશ્યશ્રાવ્ય કળાઓ અને સાહિત્યની કે કવિતાની અંત:શ્રાવ્ય મનોદૃશ્ય કળાઓમાં અનુક્રમે દેહ અને અંત:કરણ માધ્યમ બને છે. એ સર્વ તો શાસ્ત્રસંમત કળાઓ છે. પણ મહેંદી, છૂંદણાં, કેશગુંફન, રંગોળી, અલંકારો, પરિધાન, ગૃહસજ્જા, ભરતગૂંથણ, સ્થાપત્ય, ઉત્સવોની ઊજવણી આદિ જીવનસમગ્રમાં ઠેરઠેર નજરે ચડતાં શોભનપરક વલણો પણ મનુષ્યની સૌંદર્યરાગિતાનાં જ, લોકોત્તર અનુભૂતિની ઝંખનાનાં જ દૃષ્ટાંતો છે.

કવિતાનું માધ્યમ અંત:કરણ છે એટલે અન્ય કળાઓની સરખામણીમાં એ વિશેષ અંતર્મુખી અને સૂક્ષ્મ કળાપ્રકાર બની રહે છે.

ઉજોએ વૃક્ષના નિમિત્તે સૌંદર્યની મીમાંસા કરી છે તો આપણે પણ કાવ્યસૌંદર્યની વાત કરવા બેએક વૃક્ષકાવ્યોનો આધાર લઈએ. હિન્દી કવિ મંગલેશ ડબરાલની આ 'વૃક્ષ' કવિતા વાંચીએ:

પૃથ્વી અને આકાશ એકસાથે મોજૂદ છે એમનામાં
જ્યારે આપણે નહોતા, ત્યારે હતાં એ વૃક્ષો.
એમનાથી વિશેષ એમની સ્મૃતિઓ છે
આપણી પાસે
એ બનેલાં છે કરોડો પક્ષીઓની નીંદર વડે
આપણે એમને ક્યારેય નારાજ કે
ઉશ્કેરાયેલાં નથી જોયાં
નથી જોયાં માથું ધૂણતાં
એ વિચારતાં રહે છે કશુંક
પૃથ્વી અને આકાશમાં બરાબર વહેંચાયેલાં.
(અનુવાદ: હ.મી.)

એવું નથી કે આપણે વૃક્ષોથી અજાણ છીએ, પણ અહીં કવિ જે રીતે આપણને વૃક્ષોનો પરિચય કરાવે છે તે અપૂર્વ છે.

બને છે એવું કે કવિતાના પ્રથમ શબ્દના ઉચ્ચારણ સાથે જ આપણે અર્થઘટનની ઝંઝટમાં પડી જઈએ છીએ. વૃક્ષનો શો અર્થ ઘટાવવાનો? ને અર્થઘટન કરતી વખતે શું શું લક્ષમાં લેવાનું?

વૃક્ષનાં નામરૂપ? એને પોષનારી માટીનો પ્રકાર? મૂળની ઊંડાઈ? થડિયાની ખરબચડાશ ને કૂંપળની કુમાશ? પાંદડે પાંદડે ચળકતું રંગવૈવિધ્ય? એનાં પુષ્પોની સુગંધ? એની પર ઝૂલતાં ફળોનો સ્વાદ? એનો લેન્ડસ્કેપ? પર્ણઘટાની ઘેઘૂરતા? એણે ઝીલેલી ઋતુઓ? ફરફરતાં પાંદડાં અને કલરવતાં પંખીઓની લિપિમાં લખાતી એની પ્રાકૃત ભાષા? એની પર નભતાં ઈયળ, કાચીંડા, ખિસકોલાં ને મર્કટો જેવાં પશુપંખીજીવજંતુઓના વ્યવહારો? આયુર્વેદે વર્ણવેલાં એનાં ફૂલપાંદમૂળનાં ઔષધીય ગુણધર્મો? બીજથી માંડીને વિરાટ વૃક્ષ થવા સુધીની એની સમગ્ર જીવનચર્યા? ... આ યાદી તો અનંત થાય!

ટૂંકમાં સર્વગ્રાહી અને સમ્યક અર્થઘટન સંભવ હોતું નથી, છતાં આપણી પહેલી કોશિશ હોય છે શબ્દને બરાબર નીચોવીને અર્થ કાઢવાની.

રાવજી પટેલની પેલી પંક્તિ ફરી ફરી યાદ આવે: *તમારે તો સાણસીનો કરવો છે અર્થ.*

અર્થની પડી ગયેલી આદત પ્રમાણે જોઈએ તો કેવળ છ પંક્તિઓના આ કાવ્યમાં મોટા ભાગની પંક્તિઓ સરળ ને સુગમ છે, એ પંક્તિઓ જે વૃક્ષનું વર્ણન કરે છે એને તો આપણે આછું પાતળું ઓળખીએ છીએ. પણ ત્રીજી ચોથી પંક્તિઓ આપણને જરા થોભવાની ફરજ પાડે છે, એ વર્ણવે છે તે વૃક્ષ આપણી પહોંચ બહારનું લાગે છે ને તેથી આપણને મૂંઝવી રહે છે, જરાક જુદી મધુરતાથી. વૃક્ષ અંગે આપણે ઊભી કરેલી વ્યવહારુ પ્રતીતિઓ ને ધારણાઓ અહીં કામ લાગતી નથી. અર્થાતીત એવી ઓજસ્વી સંદિગ્ધતામાં જાણે કવિ આપણને એકલા છોડી દે છે.

આકાશ, પૃથ્વી અને પક્ષીની સાથે વૃક્ષની સન્નિધિ રચાય તો એ જુગતે જોડી ગણાય. પણ અહીં તો અર્થબોધ સંદર્ભે એકમેકથી સાવ દૂર દૂરનાં બે કલ્પનો છે: વૃક્ષ અને કરોડો પક્ષીઓની નીંદર! એ બે-ને કવિ ચકમકની જેમ અથડાવે છે ને સંદિગ્ધતાનો જે તણખો ઝરે છે તે કવિતાના સૌંદર્યનું નિર્માણ કરે છે. યાદ રહે, સંદિગ્ધતા એ નકરી દુર્બોધતા નથી.

અંગ્રેજી શબ્દ far-fetched માટે ગુજરાતીમાં 'દૂરાકૃષ્ટ' પર્યાય પ્રયોજાય છે. (એક આડ વાત કરું તો-આ પર્યાયમાં fetched માટે મને આકૃષ્ટ એટલો ઉપયુક્ત જણાતો નથી. ખરેખર તો 'તાણીતુસીને આણેલું' એવો અર્થ અભિપ્રેત છે; જ્યારે 'આકૃષ્ટ' એટલે કે 'આકર્ષવામાં આવેલું' એમ કહેવામાં મૂળ અંગ્રેજી શબ્દને અભિપ્રેત એવો negative અર્થબોધ યોગ્ય રીતે પ્રગટ થતો નથી.) કમાલ એ વાતની છે કે આપણા કવિએ આવાં પરાંગમુખ કલ્પનો આ કાવ્યમાં આમ અડોઅડ ગોઠવી દીધાં છે ને એ બોધ-વિલંબનની સ્થિતિ ઊભી કરે છે તો પણ far-fetched તો જરાય લાગતાં નથી; બલ્કે વિસ્મયકારક રીતે સહજ જણાય છે. આમ અજબ રીતે કવિતાની ભાષાનું કોમળ સામર્થ્ય અને નવનવોન્મેષી ચરિત્ર પ્રગટી રહે છે.

અહીં વ્યવહાર-બોધ કે વિજ્ઞાન-બોધ કામ આવતો નથી. દેખીતી રીતે કવિની વાત સાથે સંમત થવું બિલકુલ અઘરું છે, છતાંય આપણે વિસ્મયવશ અસંમત થઈ જ નથી શકતા. સંદિગ્ધતાનું ઐશ્વર્ય જ કાવ્યને નખશિખ સુંદર કરી મૂકે છે.

કાવ્યના કેન્દ્રમાં એક યુગ્મક છે: પૃથ્વી અને આકાશ. એક જોતાં અહીં સહોપસ્થિતિ છે સ્થૂળ અને સૂક્ષ્મની, લોક અને લોકોત્તરની, પાર્થિવ અને અપાર્થિવની. ઉશ્કેરાટ-નારાજગી જેવા પાર્થિવ

'વિકાર'ની સામે 'વિચાર'નું બૃહદ્ આકાશ. કવિ વૃક્ષના નિમિત્તે આ પાર્થિવ અને અપાર્થિવ વચ્ચેના આવશ્યક સંતુલન તરફ ઇશારો કરી રહે છે.

કવિએ જ તો કહ્યું છે: 'એમનાથી (વૃક્ષોથી) વિશેષ એમની સ્મૃતિઓ છે આપણી પાસે.' એટલે કાવ્યરસિત સંદિગ્ધતાની સોંસરવા આપણે પણ નીકળી પડીએ છીએ કોઇ વૃક્ષસાદૃશ્યની શોધમાં. આપણે પણ આપણા સ્મૃતિલોકમાં ભમીએ છીએ, કવિતાના એ વૃક્ષની શોધમાં. એ તો દેખીતું જ છે કે ભાવકે ભાવકે સ્મૃતિલોક ભિન્ન ભિન્ન હોવાનો. ને એટલે એ સંદિગ્ધતાને decipher કરવાની રીતિઓ પણ ભિન્ન રહેવાની. બિલકુલ અંગત.

એટલે હું મારી રીતે ભાવનની એ ગૂઢ ક્ષણને ઉકેલવાની કોશિશ કરું.

અમારા વિધાનગરના શાસ્ત્રી બાગની આજુબાજુ ઘણાં બધાં પુરાણાં ઘટાદાર વૃક્ષો છે. એની પર હજારો પોપટોની વસાહત છે. દરરોજ સવારે એ પોપટો 'આજીવિકાની શોધ'માં નીકળી પડે છે ને સાંજે થાક્યાપાક્યાં પોતપોતાના નીડમાં પાછાં ફરે છે. સંધ્યાકાળે એ વૃક્ષો જાણે 'કરોડો પોપટોનાં અખંડ કલબલાટ'નાં બનેલાં હોય છે. પણ ધીરે ધીરે બધા અવાજો શમી જાય છે, અંધકાર ઘેરાતો જાય છે, દૃશ્યમાન વિશ્વ પણ કુદરતી રીતે સંદિગ્ધ બનતું જાય છે. બધાં વૃક્ષો અંધકારમાં લગભગ અદૃશ્ય બની જાય છે. પણ મારી સ્મૃતિમાં તો એ યથાતથ જળવાયેલાં છે. એ વૃક્ષઘટાઓમાં બધા પોપટો નિદ્રાધીન છે. ત્યારે હૃદયકોષમાં સંચિત થાય છે આ poetic experience, એક પ્રશાંત અનુભૂતિ: આ વૃક્ષો બનેલાં છે કરોડો શુકપક્ષીઓની નીંદર વડે,- કવિની poetic spaceમાં ઊગેલાં વૃક્ષોની જેમ જ.

આ બે પ્રકારનાં વૃક્ષો વચ્ચે જે વ્યવધાન હતું, જે અંતર હતું તે વિગલન પામ્યું છે. પાર્થિવ અને અપાર્થિવના આવા ગૂઢ સંયોજનથી કાવ્યમાં જે સંદિગ્ધતાનું નિર્માણ થયું છે એના થકી જ, ઉમાશંકર કહે છે એમ, વૃક્ષનું લોકોત્તર સત્ત્વ અને સ્વયંભૂ સૌંદર્યબોધ પ્રગટી રહે છે. આપણે પણ વિચારતા રહીએ છીએ કશુંક, પૃથ્વી અને આકાશમાં બરાબર વહેંચાયેલાં, વૃક્ષ-રચના-મય, નભોમય અને સ્વપ્નિલ.

આ 'વૃક્ષ-રચના-મય' શબ્દ ઉમાશંકર જોશીનો છે. એ ઇંગિત કરે છે કે સૌંદર્યાનુભૂતિની ક્ષણે આપણે જ એ વૃક્ષની રચના કરવામાં લીન છીએ. 'શોધ' કાવ્યમાં વૃક્ષના સૌંદર્ય વિષે એ સ્વગત પૂછે છેઃ

'આંખ, તેં એ જોયું? આજ સુધી કાં ન જોયું તેં એ?'

ભાવકે પણ આ કવિ દર્શાવે છે તે સૌંદર્યકોણથી તો કદી કોઇ વૃક્ષ જોયું જ નથી. સૌંદર્યની લોકોત્તર અનુભૂતિ આગળ અર્થઘટનનું હથિયાર સ્વાભાવિક રીતે જ સરી પડે છે હાથમાંથી.

હવે જોઈએ આ એક બીજું વૃક્ષ, મારા સમકાલીન રાજસ્થાની કવિ વિનોદ પદરજનું.

મૃત વૃક્ષ

ટેબલ ખુરશી પર બેસીને
પલંગ પર લંબાવીને
કે કમાડ ભીડતાં
કોણ યાદ કરે છે વૃક્ષને
પણ જ્યારે વરસાદ આવે છે
ધરતી મહમહી ઊઠે છે
સજળ બની જાય છે એ
એમનામાંથી સુગંધો નીકળવા લાગે છે
પૂર્વજોની યાદ અપાવતી

(અનુવાદઃ હ.મી.)

પહેલી પંક્તિમાં કવિ બહુ સંયત સ્વરે પરોક્ષપણે આપણને ઠપકો આપે છે. ઘરમાં કે કચેરીમાં ટેબલખુરશી પર બેસી કામ કરવું, રાતે ઘરનાં કમાડ ભીડવાં ને પલંગ પર પોઢીને નિરાંતે નિદ્રાવશ થવું: આ બધી દિવસ-રાતને આવરી લેતી દૈનંદિન ક્રિયાઓ છે. આપણી આ બધી અંગત-બિનંગત સુરક્ષિત અને આરામદાયક સ્થિતિઓ પાછળ એક વૃક્ષ રહેલું છે, આપણે એનો 'ઉપયોગ' કરીને, સ્વાર્થ સધાઇ જતાં

એને 'સાવ ભૂલી ગયા' છીએ. કવિને અસ્ફુટ સ્વરે કહેવું છે: તું કૃતઘ્ન છે. ને આપણેય સંમત થઈ જઈએ છીએ, મનોમન.

મંગલેશ ડબરાલના કાવ્યમાં જોયું એમ અહીં ટેબલખુરશીપલંગકમાડ, કહો કે કાષ્ઠ સાથે વૃક્ષનો સંબંધ તો સરળતાથી સમજી શકાય તેવો છે. પણ ત્યાર પછીની પંક્તિઓમાં કવિ આપણને એક આત્મીય અને સહજ સ્મૃતિ સુધી દોરી જાય છે: વરસાદમાં ભીંજાતી માટીની સુગંધ. આ એ જ માટી છે જેમાંથી જન્મે છે સુગંધો અને વૃક્ષો, બન્ને.

ટેબલ ખુરશી પલંગ કમાડ-તે મૃત વૃક્ષમાંથી સર્જાયેલો ઘરેલુ અસબાબ ને વર્ષા, ધરતી ને ભીની માટીની સુગંધ તે નૈસર્ગિક જીવંત અસબાબ-એમ બહિરંતરનું સાહચર્ય. અર્થબોધ સંદર્ભે એકમેકથી દૂર દૂરનાં આ કલ્પનોને કવિ સાવ જોડાજોડ ગોઠવી દે છે. વિરોધમૂલક સાદૃશ્યની યુક્તિ દ્વારા ઘરેબાહિરેની આવી એકાત્મતા રચીને આશ્ચર્યની ચરમસીમા રૂપે કવિ આ નૈસર્ગિક ઘટનાને ફેન્ટસીના આલંબને પૂર્વજોની સ્મૃતિ સાથે સાંકળી આપે છે. વર્ષા ઉદ્દીપક બની રહે છે પૂર્વજ વૃક્ષની સ્મૃતિ માટે. કહો કે વર્ષાજળથી પુલકિત માટીની સુગંધ સ્મૃતિની સુગંધ બની રહે છે. મૃત વૃક્ષના કાષ્ઠના ઘરેલુ અસબાબ અને માટીની સંજીવનીરૂપ સુગંધનો શ્લેષ રચાય છે. અહીં પૂર્વજ કહેતાં ટેબલખુરશીપલંગકમાડ અર્થાત્ કાષ્ઠના પૂર્વજ રૂપ વૃક્ષની સ્મૃતિ તો જાગૃત થાય છે જ, પણ સૌંદર્યાનુભૂતિની આર્દ્રતા સમાંતરે આપણા સૌના જીન્સમાં ધબકી રહેલા પૂર્વજને પણ સ્મૃતિરૂપે જીવંત કરી મૂકે છે. આમ સૌંદર્યાનુભૂતિ કૃતઘ્નતાની ક્ષણને ભૂંસીને કૃતજ્ઞતાની ક્ષણનું સર્જન કરે છે.

પ્રથમ કંડિકામાં વિસ્મરણ અને બીજી કંડિકામાં સ્મરણ ને તેય પૂર્વજનું, - આમ બન્ને ધ્રુવોને સાંકળતી કથનની આ કપોલકલ્પનમય ગતિ સૌંદર્ય સર્જી રહે છે. વરસાદનું વરસવું ને માટીનું ભીંજાઈને મહમહવું તે આર્દ્રતાની ક્ષણ, જીવંતતાની ક્ષણ બની રહે છે. એ ક્ષણ હોય છે લોકોત્તર સત્ત્વના પ્રાકટ્યની, કહો કે સૌંદર્યના સાક્ષાત્કારની. આરંભે શીર્ષકમાં જે મૃત કહેવાયું હતું તે વૃક્ષ કાવ્યના અંતે ચમત્કૃત સૌંદર્ય થકી સ્મૃતિરૂપે જીવંત બની જાય છે.

આ બન્ને કાવ્યોમાં કાવ્યસૌંદર્ય નિષ્પન્ન કરવા માટે, એક પ્રકારની રસવતી સંદિગ્ધતા રચવામાં આવી છે. એને માટે બન્ને કવિઓએ અર્થબોધ સંદર્ભે એકમેકથી દૂરતા ધરાવતાં કલ્પનોના સન્નિધિકરણની યુક્તિ અજમાવી છે. ભાષા તો હજાર હજાર ઓરડાવાળો મહેલ છે. કારયિત્રી પ્રતિભાના પણ હજાર હજાર ઓરડા છે. એટલે સૌંદર્ય નિપજાવવાની જુક્તિઓ પણ હજાર હજાર રહેવાની, કવિએ કવિએ ને કાવ્યે કાવ્યે ભિન્ને, વિલક્ષણ અને અરૂઢ. એટલે જ તો રસનિષ્ઠ ભાવકે પણ નિજની ભાવયિત્રી પ્રતિભાના હજાર હજાર ઓરડા ખોલવા પડવાના ને કાવ્યે કાવ્યે સૌંદર્યબોધની ઝંખનાથી અવનવીન કૃતિવિશિષ્ટ aesthetic રચવું પડવાનું.

હવે જ્યારે આપણે આ વાત કરી રહ્યા છીએ ત્યારે જોડે એ પણ સમજી લેવું રહ્યું કે એવું કૃતિનિષ્ઠ aesthetic રચી લીધા બાદ પણ જે તે કૃતિનું પરિપૂર્ણ કાવ્યસૌંદર્ય માણી-પ્રમાણી શકાશે એવું માનવું ભૂલભરેલું ગણાશે. કારણ કે સૌંદર્યની પ્રકૃતિ જ ચંચળ અને છટકણી છે ને તેથી જ નિરંતર અતૃપ્તિકર. વળી શબ્દ કે જે કવિને હૃદયવગું સૌંદર્ય-સર્જનાનું એકમાત્ર ઉપાદાન છે તે પણ અધૂરું છે, એ અનુભૂતિને પૂર્ણ આશ્લેષમાં લઈ શકતું નથી. (લાઠાએ પણ શબ્દને કાણી ડોલ સાથે સરખાવ્યો છે.) જરા વિગતે વાત કરવા આપણે આ લખનારનું જ, 'સુનો ભાઈ સાધો' કાવ્યસંગ્રહના કાવ્યગુચ્છ 'સ્તવનસ્થલિ'નું એક કાવ્ય જોઈએ. આ લેખમાં તો આપણે માત્ર એના સંદર્ભોચિત અંશો જ જોઈશું. (આ આખું કાવ્ય લેખના અંતે મૂક્યું છે.)

આ ત્રીજું કાવ્ય પણ એક વૃક્ષને ચીતરવા મથે છે. એના આરંભનો આ અંશ જુઓ:

સ્થિર.

કેવળ સ્થિર. અબોલ.
કોઈ મંદ સ્વરમાં સમાપન પામેલી
હતપ્રભ સળીઓનો વિદીર્ણ કલાપ
હવામાં ઊભરાયો છે. વચમાં વચમાં
પીત હરિત કથ્થાઈ ડાઘાઓ ફફડીને
પાંદડાંનો પંખો રચવાનો
મિથ્યા પ્રયત્ન કરે છે.
સૈકાઓના
રેણુ-ધૂસર
કાવ્યનો
કોઈ ન સમજાતી
ભાષામાં થયેલો તરજુમો
માટીના સ્થવિર મરુછંદમાં અસ્પષ્ટ ડૂબ્યો છે.

કઈ ખિન્ન ક્ષણના આલંબને આ બૃહદ્ લીલાવિશ્વમાં કોણ એને સાહી રહ્યું છે?

વૃક્ષનું વર્ણન કવિના ખિન્ને ચિત્તની ધૂસરતાથી રજોટાયેલું છે. કવિ 'હતપ્રભ' વૃક્ષના વર્ણન માટે આવું metaphor પ્રયોજે છે: 'સૈકાઓના/ રેણુધૂસર/ કાવ્યનો/ કોઈ ન સમજાતી/ ભાષામાં થયેલો તરજુમો/ માટીના સ્થવિર મરુછંદમાં અસ્પષ્ટ ડૂબ્યો છે.' અવસાદની તીવ્રતા એવી છે કે પોપટનું વૃંદ પણ જો એની શાખા પર આવી ચડે તો સ્થાવર બની જાય. આગળ જતાં કવિ કહે છે પણ ખરા કે એ વૃક્ષે તો મારા જ કોઈ નિસ્સમય વિષાદને વ્યક્ત કર્યો નીલશ્યામળી ને કઠોરકપિલ રેખાઓમાં. દેખીતી રીતે કવિએ વૃક્ષ પર પોતાની ચિત્તાવસ્થા superimpose કરી છે. પાર્થિવ પર અપાર્થિવનું superimposition. આ બૃહદ્ લીલાવિશ્વમાં આ પણ કવિની લીલા. આ બધુ લીલયા કરવા છતાંય કવિને 'શબ્દ'ની-અભિવ્યક્તિની એક પ્રકારની અધૂરપ સાલતી રહે છે ને તેથી કૃતિ અંગે divine discontent.

આ કૃતિને હું અંધાર કહીને ઓળખું તો તો
મારી વ્યથાનો અંશ જ પ્રકટ થશે.
એટલે હું હજી અન્યથા મથીશ
આ અશ્રુત ક્ષણનો શ્લોક રચવા
- નવતર લયાન્વયે, ઉચ્છંદે, શૈલીપ્રિય
આવેશથી
કે ઉન્મેષથી યતિભંગિમા રચીને
હું મારી ત્વચાનાં અબરખ વચ્ચેથી
કવિનું સૂક્ષ્મ રૂપ તારવી લઈશ
ને તડપતી કષાય ક્રીડાથી
એ વૃક્ષનું કાવ્ય કરવા મથીશ.

તો વાત અભિવ્યક્તિની મથામણની છે. - નવતર લયાન્વયે, ઉચ્છંદે, શૈલીપ્રિય આવેશથી કે ઉન્મેષથી યતિભંગિમા રચીને–આમ ભાતભાતની રીતે 'કાવ્યસૌંદર્ય' સર્જવાની મથામણની. કાવ્યરચના પૂર્વેની અનુભવસામગ્રી અને કાવ્યની અભિવ્યક્તિ વચ્ચેના બૃહદ પટને બને એટલો ક્ષીણ કરવાની વાત છે. છતાં કવિને દહેશત તો છે જ કે પુષ્કળ શબ્દોથી પણ એણે જોયેલા તે વૃક્ષનું યથાતથ રસચિત્ર કાવ્યમાં વ્યક્ત નહીં થઈ શકે.

હવે આ 'યથાતથ રસચિત્ર' શબ્દને લક્ષમાં રાખીને હું આ કાવ્યનો ઉપર મુકાયેલો પ્રારંભનો અંશ ફરી એકવાર જોવાનો (વાંચવાનો નહીં!) આગ્રહ કરું છું. ચોખવટ કરું કે અહીં હું વાત કરું છું સૌંદર્યબોધના સંદર્ભે કાગળ પર છપાયેલી cold printમાં રહેલી દૃશ્યાત્મક અભિવ્યક્તિની. અહીં જે કલ્પન રચાય છે તે Typographical image છે. કવિતા જેવી મહદંશે અંત:શ્રાવ્ય કળામાં દૃશ્યકળાના સૌંદર્યની બારીક સંભાવના ઉભેરવા મથતી સંકુલ સિસૃક્ષાની ચેષ્ટા. એ પંક્તિઓ અને શબ્દો એ રીતે ગોઠવાયાં છે કે વૃક્ષનું છાયાચિત્ર (silhouette) ઊભું થાય છે ને અહીં એ પણ વ્યંજક રીતે અપૂર્ણ રાખ્યું છે, વૃક્ષના કેવળ અર્ધાંગનું છાયાચિત્ર ઊભું કર્યું છે. આ Typographical imageની દૃશ્યાત્મક વ્યંજના એ કે

મેં જોયેલા તે વૃક્ષનું યથાતથ રસચિત્ર
કાવ્યમાં વ્યક્ત નહીં થઈ શકે.
એમ તો ક્યાં કશુંય વ્યક્ત થઈ શકયું છે
આ શબ્દોની પુષ્કળ ઘટામાં?

આમ 'શબ્દો' અધૂરાં રસચિત્રો દ્વારા સૌંદર્યનું નિર્માણ કરી, ઘણું બધુ અવ્યક્ત રાખી ભાવકને નિત્ય તૃષાતુર રાખે છે. આ પણ કાવ્યસૌંદર્યની છદ્મલીલા છે.

સ્તવનસ્થલિ : હરીશ મીનાશ્રુ

સ્થિર.
કેવળ સ્થિર. અબોલ.
કોઈ મંદ સ્વરમાં સમાપન પામેલી
હતપ્રભ સળીઓનો વિદીર્ણ કલાપ
હવામાં ઊભરાયો છે. વચમાં વચમાં
પીત હરિત કથ્થાઈ ડાઘાઓ ફફડીને
પાંદડાંનો પંખો રચવાનો
મિથ્યા પ્રયત્ન કરે છે.
સૈકાઓના
રેણુધૂસર
કાવ્યનો
કોઈ ન સમજાતી
ભાષામાં થયેલો તરજુમો
માટીના સ્થવિર મરુછંદમાં અસ્પષ્ટ ડૂબ્યો છે.

કઈ ખિન્ન ક્ષણના આલંબને
આ બૃહદ્ લીલાવિશ્વમાં કોણ એને સાહી રહ્યું છે?

મને તો શંકા છે કે
પડી ગયેલા પવનમાં અત્યારે
કોઈ વટેમારગુ પોપટનું વૃંદ
એની શાખા પર જઈ ચડે
તો કદાચ સ્થાવર બની જાય.

હેમંતની આ રજોટાયેલી સાંજ
એને ઢાંકે છે શ્લથ વાયુના ઝીણા પરદાથી
ત્યારે
દશ્યબોધની આ ક્ષણ ગુહ્યતર બને છે.

આ કૃતિને હું અંધાર કહીને ઓળખું તો તો
મારી વ્યથાનો અંશ જ પ્રકટ થશે.
એટલે હું હજી અન્યથા મથીશ
આ અશ્રુત ક્ષણનો શ્લોક રચવા

- નવતર લયાન્વયે, ઉચ્છંદે, શૈલીપ્રિય
આવેશથી
કે ઉન્મેષથી યતિભંગિમા રચીને
હું મારી ત્વચાનાં અબરખ વચ્ચેથી
કવિનું સૂક્ષ્મ રૂપ તારવી લઈશ
ને તડપતી કષાય ક્રીડાથી
એ વૃક્ષનું કાવ્ય કરવા મથીશ.

એ વૃક્ષે તો
મારા જ કોઈ નિસ્સમય વિષાદને
વ્યક્ત કર્યો નીલશ્યામળી ને કઠોરકપિલ
રેખાઓમાં.

પણ મિત્રો,
મને દહેશત છે કે
મેં જોયેલા તે વૃક્ષનું યથાતથ રસચિત્ર
કાવ્યમાં વ્યક્ત નહીં થઈ શકે.

એમ તો ક્યાં કશું ય વ્યક્ત થઈ શક્યું છે
આ શબ્દોની પુષ્કળ ઘટામાં ?
- મુકુંદશિશુના અંગૂઠાની દાડિમકળી,
કિશોરનો
પ્રથમ દોષ
વડના પાંદડે ઝીલાયેલો રજપૂસર સમય, વૃદ્ધ
ચહેરાની
કરચલીઓમાં ચળકતો કરુણ ઈશ્વર, કોઈ
તવાયફની
તાંબૂલવ્યથા, ક્લિઓપેટ્રાની સોનાની ટાંકણીની
ટોચે
બાઝેલાં રક્તબુંદ, ઘંટ તળે સૂતેલી ટિટોડીનો
કિલકાર
- ને એવું તો કે કેટલું ય.

અરે,મારી નિર્વસન વાસનાઓના
રુદ્રકઠોર તંતુઓ કેટકેટલીવાર ખેંચાયા
તરલ તૂટ્યા ને વળી ત્રુઠ્યા
ત્યારે શરીરનું આ તંતુવાદ્ય ઘડાયું ?
- એનું મહાકાવ્ય પણ ક્યાં રચી શકાયું?

બસ, -
એ સંધ્યાકાળે મેં એ શબ્દવૃદ્ધ મનુષ્યને જોયો.
એણે ઝાકળના બુંદમાં સમુદ્રને વ્યક્ત કર્યો
ને બીજમાં વૃક્ષ રજૂ કર્યું, -
હું - અવ્યક્ત - ત્યાં બેસી પડ્યો, સાહિબ!
તારી ઘાસની ગંધકુટિરે.

મહાન સૌન્દર્ય મને આકર્ષે છે, પોતાનો બનાવી દે છે, વશ કરી લે છે.
પણ જે સૌન્દર્ય આ મહાન કરતાં પણ મહાન છે,
એ તો મને પોતાનાથી પણ મુક્ત બનાવે છે!

રાવજીની ગ્રામચેતનાની કવિતામાં સૌંદર્યનું આલેખન

મણિલાલ હ. પટેલ
94268 61757

કલા માત્રનો પ્રથમ ઉદ્દેશ સૌંદર્યસર્જનનો હોય છે. કવિ શબ્દલોક વડે ભીતરની સંવેદનાઓને સૌંદર્યલોકમાં લાવી મૂકે છે. ભાવક એ સૌંદર્યથી પ્રસન્નતા પામે છે. સંવેદન વહાલનું હોય કે વ્યથાનું- શબ્દ એને માધુરી બક્ષે છે. આવો શબ્દ અને એને જોઇતી પ્રેમપીડાઓ ખમતીધર પ્રતિભાને જન્મજાત મળતી હોય છે. રાવજી એનું દૃષ્ટાંત છે. રાવજીનું વલ્લવપુરા ગામ પણ જાણે કે કવિતા કરવા સારુ ભેટમાં મળેલું ન હોય! બંને અછતમાં અને અભાવમાં હતાં પણ જીવનથી છલકાતાં. ભીતરમાં જીવી લેવાના ધમપછાડા કળાય નહિ, પણ 'સીમનું મન' ને રાવજીનું મન જુદાં ન હતાં. નજર પડે ત્યાં નકરી પ્રકૃતિ પ્રેમથી વળગી પડે ! ને આ કવિ તો નિતાંત પ્રકૃતિનો ચાહક ! એક ડાળીય કપાવા ન દે; ને સારસી શેઢેથી ઊડી જાય તો હળબળદ છોડીને સૂઇ જાય મહુડીની છાયા ઓઢીને- દુઃખી ઉદાસ ! જુઓ:

મારા ખેતરને શેઢેથી
'લ્યા ઊડી ગઈ સારસી!
મા
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે ભલે આખું આભ રેલી જાય
ગળા સમું ઘાસ ઊગી જાય
અલે એઈ
બળદને હવે જોતરીશ નઇ...
મારા ખેતરને શેઢેથી- !

વલ્લવપુરા ગામની સીમમાં બપોર થઇ છે હળબળદ છૂટવાની ને ખેડૂતને ભાત(રોટલાવેળા)ની વેળા થઇ છે. મા ભાત લઈને આવી છે ને જુવાન ખેડૂત- દીકરો હળ બળદ છોડીને જમવા બેસવાને બદલે જુદી વાત કરે છે.

જે ચોંકાવી દે છે. મા ઢોચકીમાં છાશ પાછી રેડી દે... રોટલાને બાંધી દે. હા, મા ! ખેતરના શેઢેથી સારસી ઊડી ગઈ છે. ભરી ભરી સીમ ખાલી થઈ ગઈ છે. સીમ સૂની છે, હવામાં સન્નાટો છે- યુવાનને સારસીમાં, એના ટહુકામાં- એની હાજરીમાં- જે જીવન, જે કૃષિજીવન છલકાતું- મલકાતું લાગતું હતું તે હવે રસકસ વિનાની તમાકુ જેવું લાગે છે. સાથીદારને કહે છે- 'ઠારી દે તાપણીમાં/ભારવેલો અગની!' આ આગ તે જીવનની આગ-ઉલ્લાસને પ્રગટાવતી ઊર્જા ને પેલી ભીતરની ચેતના જેવી સારસી પણ હવે તો ઊડી ગઇ છે!

એટલે ભલે આભ રેલી જાય ને માથા પાર નીકળી જાય ઘાસ. હવે હળે બળદ જોતરવા નથી. ચેતનાની ઓટ ફરી વળી છે. સીમમાં મન નથી લાગતું...'મૂડ'-નું આ કાવ્ય એકવાર વાંચી પછી તમને કૃષિજીવનનો બધો અસબાબ ઘેરી વળશે. આખા કાવ્યમાં એક પણ શબ્દ કૃષિજીવનની બહારનો નથી. સીમ-ખેતર-મા-સારસી-મહુડો-છાશ-રોટલો-ઢોચકી-તમાકુ-વરસાદ-ઘાસ-હળબળદ આપણને ઘેરી વળે છે. આપણે આપણાં સીમ-ખેતરનાં રૂપોમાં ખોવાઇ જઇએ છીએ. કવિતાનો આ જાદુ છે: જે સીમ ખેતર લોહીમાં લય બની ગયા હોય તે અનાયાસે કવિતામાં ઊતરી આવે છે- સૌંદર્યનું આ સૂક્ષ્મ સ્વરૂપ છે.

ખોબા જેવડું વલ્લવપુરા ગામ. એક નજરમાં સમાઇ જાય. ખુદ રાવજીએ જ એને 'ભૂખથી ટળવળતું મારું વલ્લવપુરા ગામ '- એમ વર્ણવ્યું છે. ગારમાટીનાં નાનકડાં ને દેશી નળિયાંવાળાં થોડાં ઘર ! ભૂખનો મુકામ પણ ખરો. ગામ સીમવગડે નીકળી જાય. ગામપાદરે હનુમાનની દેરી. બાજુમાં લીમડા, ચરામાં બાવળ પાસે તળાવની પાળ, ત્યાં બે વડ. રાતાં પોયણાંથી છલકાય શરદમાં તળાવ. સ્વપ્નવધૂઓ તળાવે કપડાં ધોવા આવે. નવી વહુવારુઓ... 'તળાવનું પોયણજળ/ સ્વપ્નવધૂના પેટ સરીખું હાલે'- આ ઉપમા કે કલ્પન સર્જક-પ્રતિભા હોય તો ઝટ સમજાય! નવવધૂઓ વાતો કરે- રાતની /વરની...! ને હસે ત્યારે પેટ વમળે ચઢે, તળાવનું જળ વમળાય એમ! આવું નિરીક્ષણ અક્ષર ગ્રામચેતના વિના કવિમાં પ્રગટી ન શકે. એક કવિતામાં રાવજી કહે છે કે:

મૂતરતાં મૂતરતાં જોયેલું છાપરું
બંગલો બની ગયું !'

સાતઆઠ વર્ષે શહેરમાંથી ગામવતન આવેલો કાવ્યનાયક જુવે છે તો છાપરું હતું ત્યાં પાકું ઘર-બંગલા જેવું થઈ ગયું છે ને એય મોટો થઈ ગયો છે. જશમા ઓડણના પાઠ કરતા-ભજવતા માધલાના ઘરે ત્રણ ચાર માધલા આવી ગયા છે ! નાનાંમોટાં છિદ્રોમાંથી ડુંગળીઓ દડી પડે એમ કાવ્યનાયકનું શૈશવ પાદરમાં વેરાઇ જાય છે. વીતેલાં વર્ષોને એની સમગ્રચેતના સાથે કાવ્યનાયક યાદ કરે છે. અહીં ગ્રામપરિવેશ વડે સંવેદનાને કાવ્યરૂપ આપવામાં રાવજીનો નોખો અવાજ સંભળાય છે. સંવેદના અને ચેતના એકાકાર થઈ જાય છે. બે કાવ્યો જોઈએ :



૧. સંચાર

શાંત સૂનું સ્થલ
અવાચક છે હજી તો ઘેનમાં,
સળવળે ના વૃક્ષની છાયા
કદાચિત સૂર્યનાં કિરણોય તે
ના જાય લેટી અહીં
ફૂલ ડૂબ્યાં નીંદમાં
એક આ સુગંધ ફરતી આમ
જાણે હવાની ઊંઘ ધીમે ઊડતી !
પતંગિયું આવ્યું ત્યહીં મુજને લગીર અડક્યું
અને
એ ફૂલ પર બેઠું.
રંગીન પાંખો હલમલે એથી હવે તો
પાંદડી પર
અર્ધસૂતાં આભ ઝોલાં ખાય !

કવિતા અનુભવનો વિષય છે. એને અનુભવવું પડે ત્યારે એની મોજમસ્તી પમાય. 'સંચાર' કાવ્ય એનું ઉદાહરણ છે. 'સંચાર' પણ નહીંવત્ છે... સૌંદર્યની એક પણ રેખા ઝાંખી નથી... કવિએ શાંત સ્થળનો ઊંડો અહેસાસ કરાવે એવાં પ્રકૃતિનાં કલ્પનો વડે શબ્દનો સહજ બંધ રચી દીધો છે.

૨. રમ્ય શાંતિ !

એક પંખીની પાંખ હલે ખેતર પર મંથર
પવન પણે જો પાળ ઉપર ગોવાળ સરીખો સ્તબ્ધ
ઘાસ અવલોકે !

વૃક્ષ છાંયમાં બળદ ભળી જઈ
લુપ્તકાય વાગોળે
જાગે સૂર્ય એક્લો
નજર પહોંચે ત્યાં લગી વિચારો જંપ્યા
તળાવનું પોયણજળ સ્વપ્નવધૂના પેટ સરીખું
હાલે !

પણે ચરાના શાંત ઘાસમાં સારસ જોડું
એકમેક પર ડોક પાથરી સૂતું
ઉદ્‌ગાર કાઢી ન શકું એટલી રમ્ય શાંતિ
ઘડીભર આવી'તી...

શાંતિને-જે અમૂર્ત અનુભવ છે-કવિ મૂર્ત, સ્પર્શ્ય બનાવે છે. એ માટે પ્રયોજેલાં કલ્પનો સૌંદર્યમંડિત છે છતાં સહજ-સરળ છે! પવન ગોવાળ જેવો ચૂપ-સ્તબ્ધ: દેખી શકાય ગોવાળના રૂપકમાં ! વૃક્ષની છાયામાં બળદ ભળી-મળી ઓગળી ગયા જેવો દેખાય-ન દેખાય! પોતાની જ લુમ કાયાને વાગોળતો! આવાં કલ્પનો અ-પૂર્વ છે. ગ્રામસૌંદર્ય રાવજીએ અનેક કલ્પનોમાં ઝીલી બતાવ્યું છે- અનાયાસ! દા. ત:

કમાડ પર ચોડેલી ચકલી
શમણું થઈ ઘરમાં ફડફડશે.

મેઘપથે નિરંતર ઉડ્ડયન સારસનું...
જૂઈ સુગંધની ઝરમર
તૃણદલમાંથી તિમિરનો આવિર્ભાવ...

પડે ટીપાં અવાજોનાં શ્રવણે મન -ભાવતાં
બારણે લીમડો ડોલે કૂંપળો તો લચી જતી...
સૂપડે અન્નને સોતી ગૃહલક્ષ્મી પુરાવતી
હસ્તની થાપની સાથે તાલ કંકણના ઝીણા...

સૂપડું લઇ ને રાંધવા માટેનું અનાજ સાફ કરવા બેઠેલી ગૃહિણી હાથની થાપ વડે કચરો ફોતરાં ઉરાડે છે એ હાથની થાપનો તાલ અને સાથે એનાં કંકણનો રણકતો લય: સુંદર અને વિરલ શબ્દચિત્ર! ગામડાનું સૌંદર્ય બધાંને નથી દેખાતું - એ માટે કવિદૃષ્ટિ જોઇએ. રાવજી પાસે એ જન્મથી સુલભ છે. 'ઢોલિયે' અને 'ઇશાની પવન' જેવાં કાવ્યોનાં કલ્પનો યાદગાર છે. એમાં સહજ નાદલયનું સૌંદર્ય બેમિસાલ છે. 'ઢોલિયે' તો આખું કલ્પનશ્રેણીમાં રચાયેલું ઉત્તમ કાવ્ય છે.

'વરસાદી રાતે'માં ઝિલાયેલા સમયનાં સ્તરો તદ્દન નૂતન પરિવેશ લઇને કવિતાને રૂપ-આકાર બક્ષે છે.

ઇશાની પવન મારા છાપરાના નળિયાને ઊંચું
નીચું કર્યા કરે
નળિયાંનીનીચે મારી ઊંઘ પણ પીંછાં જેવી,
આઘીપાછી થયા કરે
નાનોભાઈ બચબચ ધાવે,
બચકારે બચકારે અંધારાનો મોલ હવે
મારી કીકીઓમાં કણસલાં હળુંહળું હલ્યા કરે
એની પર પંખીઓનાં પીંછાં સ્હેજ ફરફરે
આખો દહાડો ઢેફાઈ કુટાઈ
મા
પંજેઠીની જેમ લુસ ખાટલામાં પડી રહી
મારાં બાવડાંમાં દિવસ, બળદ, હળ, બારે મેઘ
પોઢ્યાં
અને
નળિયાંની નીચે મારી ઊંઘ
પીંછાં જેવી આઘીપાછી થયા કરે...

કવિ ઊંઘને પંખીનાં પીંછાં જેવી કહે ત્યારે એમાં રહેલી અર્થસંકુલતા ભાવકને ચકિત કરે છે. મા માટે 'ઢેફાઇ-કુટાઈનેને પંજેઠીની જેમ ખાટલામાં લૂસ પડી' જેવા કૃષિજીવનમાં વ્યાપ્ત શબ્દો પ્રયોજીને નૂતન દૃશ્યાવલિને પ્રત્યક્ષ કરી આપે છે. રાવજીનું આ 'નિજત્વ' સ્પર્શે છે.

ગામમાં એક સ્ત્રી ઘર આંગણે બેઠી છે- દળવા સારુ ઘઉં સાફ કરે છે. એની ગતિવિધિ અને મનોસંચલનોને કવિ વર્ણવે છે. કાવ્યમાં આખી સીમ, બધાં ખેતરો અને દૂરના પહાડો અને ધણનાં ઢોર જીવંત થઈ ઊઠે છે :

હજી હું તો ટાઢા ઉનાળાના તડકામાં ઘઉં વીણું
હજીય તે, હું તો મારે આવુંતેવું કર્યા કરું
ખાલી ગમાણના ખીલા જેવી
હું તો મારે પડી રહું
કદી કદી આંગણામાં ખેતરને મૂકી દઉં
કદી કદી ઘઉં ઓરું
કદી કદી મહુડાનાં વન આખાં, વન આખાં વન
આખાં વેડી દઉં
કદી કદી છાપરીની છેક ઊંચી થાંભલીએ
ઓઢણીને
વીંટી દઉં પછી ગોફણમાં સીમ આખી ઊંચકીને;
એય ઓલ્યા ડુંગરાની પાર એની પાર એનીય
પાર
ફેંકી દઉં સ્હેજ ધણમાંના ઢોર બધાં આઘાંપાછાં
થાય ઊંધું ઘાલી સાંજ ખસી જાય. ટહુકાના કૂંણા

કૂંણા પ્હાણા
મારા કાળજાને વાગે;
તોય ઘઉં વીણું;
હજીય તે ?

'સીમને ગોફણ ઘાલી ડુંગરની પાર ફેંકી દઉં' - મુક્તિની ને મોજની ઝંખના નાયિકાને અજંપ-બ્હાવરી કરી મૂકે છે. એટલે સાંજ થતાં જતાં તો ટહુકાના કૂંણા કૂંણા પ્હાણા એના કાળજાને વાગે છે. કાવ્ય અછાંદસ- કહો કે ગદ્યકાવ્ય છે. પણ એમાંના શબ્દ-નાદલયને વિરામચિહ્નો મૂકીને ઉપસાવ્યો છે તે સંભળાય છે. 'પ્હાણા' આગળ 'કૂંણા કૂંણા' વિશેષણ તો રાવજીને જ સૂઝે. ને પ્હાણા પાછા ટહુકારૂપે છે. કાવ્યનાયિકાની એકલતા ભરવાની ચેષ્ટા અહીં વિવિધ દૃશ્યરૂપો-ક્રિયારૂપોથી અભિવ્યક્ત થઈ છે. બહુ ધ્યાનમાં નહીં લેવાયેલું આ કાવ્ય ગ્રામચેતના તથા તેમાં નિહિત સૌંદર્યલોકને સહજ રજૂ કરે છે.

ગામડામાં છૂપાઈને રહેલી અને નિરાંતે રહેનારને સ્પર્શતી અનોખી આબોહવા રાવજીની કવિતામાં છાનીમાની પ્રગટે છે. ચકલી-હાથ- જીભ-આંસુ ભીંત-પડછાયો-કાન મંદિરનો ઘંટ : રચે છે એક કાવ્ય, જે જીવનની વ્યર્થતાને સૂચવે છે.

મારું દુ:ખ ચકલીઓ મૂંગી છે તે છે
આગલી કવિતામાં મારા જીવનનાં
દશ વર્ષ રહી ગયાં, અને
હું આંસુમાં ઓગળી ગયેલી ચકલીઓ જેવો
ફરીવાર થઈ ગયો
મારા હાથ
બોબડાની જીભ જેવા-
ભીંત પર હલ્યા કરતા પડછાયા જેવો
ઘરમાં વસું
એના કરતાં
મંદિરનો ઘંટ હોત તોય સારું
કેટલાય કાન ને હું જગાડત...

આધુનિક પ્રયુક્તિઓના ભાર વિનાનું આ કાવ્ય નવ્યજીવન વચ્ચે સોરાતા ગ્રામલોકજીવનની અસલ ચેતના ઝંખતા કોઈ સંવેદનશીલ યુવકની વ્યથાવેદના વર્ણવે છે. સંકેતોમાં ઊર્જા છે. 'બોબડાની જીભ જેવા હાથ'- નિરર્થક! અને 'પડછાયા જેવું' હોવું પીડાદાયક છે! ચકલીઓની વાત તથા મંદિરનો ઘંટ સૂચક છે. ના આ 'નાગર' જીવન નથી, ગ્રામજીવન છે !

રાવજીનું 'ભાઈ' કાવ્ય ગામ-ખેતર-સીમનું જીવંત ચિત્ર આપે છે:

બપોરી વેળાનું હરિત વરણું ખેતર ચડ્યું
વિચારે એવું કે લસલસ થતો મોલ સઘળો
અને આ કોસે તો બસ હદ કરી આંખ મળતાં
ઉલેચ્યાં પાતાળો પુનરપિ હવે તે ટપકતો
રહ્યો ભીંતે ,
બેઠું વિહગ જઈ ત્યાં નીરખી
કરે છે ગીતોનું સ્મરણ
કરું હું કાન સરવા
ચડ્યો ઝોકે એવો બળદ પણ
બીજો મુજ સમો
રહ્યો આ વાગોળી
લચકાઈ પડ્યાં લોચન મહીં
પછી તો ડૂંડાંઓ,
હરખ નવ માયો હૃદયમાં
ફરી આવું થોડું ચલ મન જરી ખેતર વિશે
જતાં રોક્યું, વાગ્યું, ચરણ લથડ્યાં
આંખ ફરકી
અહીં આ ક્યારીમાં ખડખડ હસ્યો ભાઈ
મુજનો!

શિખરિણી છંદ અને અર્થાનુસાર યતિ પ્રયોજીને રાવજીએ બપોરની ગતિસ્થિતિનાં ઇન્દ્રિયગમ્ય દૃશ્યો રજૂ કર્યાં છે. કાવ્યાંતે 'નથી રહ્યો' એ ભાઈ પણ જીવંત થઈ ઊઠ્યો છે- સ્મરણમાં. 'સીમનું મન' કાવ્ય પણ નોંધવાનું મન થાય એવું મજેદાર છે.

આવ્યે હજી પળ નથી થઈ એક, ત્યાં તો
આ સીમનું કલકલ્યું મન વિસ્તરેલું;
ભેગું થતું અવ કશે... મુજને થતું કે
મારી જેમજ હમણાં કંઈ બોલશે એ!
મેં ડોલતાં કણસલાં પર કાન માંડ્યા
પંખી સમાં ત્યહીંય બેઉ રમે મજેથી!
લીલાશમાં સરકતી હવાને
ચૂમી લઈ કલબલાટ બધોય ચાખ્યો!

ને હું હવે નગરને પંથ સંચરું ત્યાં
આખીય સીમ મુજને વળગી રહી છે !

સીમને પામી જનાર-અંતરથી ચાહનાર કાવ્યનાયક લીલાશમાં સરકતી હવાને ચૂમે છે- બધો જ કલબલાટ એણે કાનથી ને જીભથી પણ ચાખ્યો છે. હવે આવો માણસ, પોતીકો જણ, સીમને છોડીને નગરમાં જવા નીકળે તો સીમ એને જવા નહિ જ દે ! સીમ એને વળગી પડી છે. રાવજીની શૈયાને મરણશૈયા પણ ગ્રામપરિવેશમાં રહેલી જ એણે અનુભવેલી! જે વેદનાનો છેડો જ નહોતો એની વેદનાને આ કવિએ કાવ્યરૂપ આપ્યું. અને ઘણે વર્ષે વતનમાં / બાર કાવ્યો / નવ ગીતોમાં આપણને ગ્રામપ્રકૃતિનાં નવકલ્પનો ચાખવા મળે છે.

રાવજી પૂર્વે કવિતામાં ગામડું 'આદર્શ રૂપે' આવેલું. જ્યારે રાવજીનું ગામડું નૂતન ચેતના સાથે ગ્રામચેતનાનાં અસલ રૂપો લઈ આવે છે. અહીં ગામ છાતીની આરપાર નીકળી જાય છે. રાવજીનું અનુકરણ અશક્ય જેવું રહ્યું છે. રાવજીનો પ્રભાવ તો દેખાય છે- આજે પણ એ પકડાઈ જાય છે. પણ રાવજીને વળોટી જતી ગ્રામચેતનાની કવિતા તો આવશે ત્યારે આવશે. આજે તો રાવજીની કવિતાના હણહણતા ઘોડા અને એમાં રહેલી-આપણને વાગતી / રડાવતી- 'સજીવી હળવાશ'ને મન ભરીને માણીએ-જાણીએ !!

મારા ગામની નદી

મારા ગામની નદીની વાત ન થાય.
છતાં જો કહેવી હોય તો
એમ કહેવાય કે-
મારા ગામની નદી
મારી નાની બહેન મુન્નીના
માથામાં નાખવાની બૉપટ્ટી જેવી છે.
અથવા
મારા ગામની નદી
મારા મામાને ઘેર મારી મા
લાપસીમાં વાઢીથી ચોખ્ખું ઘી રેડતી
તેના ચાલતા રેલા જેવી છે.
અથવા
મારા ગામની નદી
નાના બાળકને મોઢું આવ્યું હોય
ત્યારે તેના મોઢામાં પાડવામાં આવતી
બકરીના દૂધની શેડ્ય જેવી છે.
અથવા
મારા ગામની નદી
મારી માએ બનાવેલી કઢીમાં
નાંખેલા મીઠા લીમડાનાં પાંદની
આવતી ને વહેતી સોડમ જેવી છે.

–રમેશ આચાર્ય

ક્યાંક જતાં રંઈ

હાલને વાલમ ક્યાંક જતાં રંઈ
ક્યાંક જતા રંઈ ખુલ્લે મારગ

આંઈ તો અડાબીડ મકાનું ગલીએ ગલીએ પાંસળી ભાંગે
ગાડિયું દોડી જાય કે જાણે ભૂખ્યા દીપડા, વાઘ છલાંગે

જિંદગી ન્યાં તો આપણી વહેતી જાય આફૂડી સાવ સુવાંગે
મોટા શે'રની મોહની તે શી ?
ફેલથી આવા થઈ જા ફારગ

આભથી તારા રમતા આવે મોગરા જેવી સેજ વચાળે,
સીમ તો સામી સાદ પાડે કે, આવ દોડી આવ હરણફાળે.
ભીની રેતીમાં નાનકી નદી આપણાં ભોળાં પગલાં ભાળે
હડકાયાં આ હાડ ભાળીને
હું તો આવી ગઈ ગળા લગ.

મારા સામું જોઈ કહી દે, જોઇશ મા તું જમણેથી-ડાબે
નોરતાં આવતાં સાંભળી લે તું, આંઇ નહીં રહું કોઈ હિસાબે
પેટિયું આપણું ભરશું વાલમ, રોટલા ભેળી પાતળી રાબે
ગરકાંઠાના ગામડે મારું
મન રંગાયું હે...ય રગેરગ.

-મકરંદ દવે

'સોક્રેટિસ'નો સૌંદર્યલોક

મહેન્દ્રસિંહ પરમાર
mahendrasinhp21@gmail.com

'કોડિયું' માટે 'દર્શક'ની પ્રતિભાથી ઝળહળતા સૂર્ય વિશે કશુંક લખવાનું ઈજન નામેરી મુરબ્બી (મહેન્દ્ર ચોટલિયા)એ આપ્યું પછી ફરી બેસવાનું થયું 'સોક્રેટિસ' પાસે. કદાચ, ત્રીજીવાર. ત્રીસમી વાર હાથમાં લીધું હોત આ પુસ્તક તો પણ 'નવું' લાગત આ કૃતિવિશ્વ. 'ક્ષણે ક્ષણે જે નવતા ધારણ કરે' એ રમણીયતાની આસપાસ તો આ અંકની સામગ્રી વિલસતી રહી છે ! સૌંદર્યની મીમાંસા કરવાનો ઉપક્રમ અહીં નથી. પણ તમારા, 'આહ', 'વાહ', 'ઓહ્', 'અરે', 'ઓહો', 'હમ્' જેવાં સહજ નીકળી આવેલા ઉદ્‌ગારો, ક્ષણિક ઉદ્રેકના ભાગરૂપે નહીં પરંતુ સ્થિર પ્રતિભાવ તરીકે ઉભરી આવે, તમને ઊંચે લઈ જાય તેવી ક્ષણ, પરિસ્થિતિ, વ્યક્તિ, વાણી, એવાં વિચાર, વાતાવરણ, પ્રસંગ, ઉદ્‌ગાર, વર્ણન સ્થળ, યુગબોધ, મૂલ્યબોધ- આ બધાંનો યથોચિત સમાહાર એટલે કોઈ કૃતિનો સૌંદર્યબોધ -એમ લાક્ષણિક રીતે કહી શકાય.

'દર્શક' ઉપનામ સાથે 'दर्शनात् वर्णनात् :' વાળી પરિચિત ઉક્તિ બરાબર બંધ બેસે એવી દર્શન અને વર્ણનની સંપૃક્તિ એમની 'સોક્રેટિસ'માં ગૂંથાઈ-રસાઈને દાયકાઓથી સ્થિર થયેલી અનુભવાય. દર્શન અને વર્ણનનું તાદાત્મ્ય એમણે દાયકાઓ સુધી સેવેલા સત્સંગ થકી એ 'સોક્રેટિસ'માં રૂપાયિત થઈ છે. પ્રત્યેક નવા સમય માટે 'નવો' સમય રચવાની ગુંજાઇશ ધરાવતી આ નવલકથા હાથમાં લઈને બેઠો હતો ત્યારે દીકરીએ પૂછેલું ; 'શું વાંચો છો ?' કહ્યું ; 'સોક્રેટિસ'. એ કહે ; 'પહેલાં નહોતી વાંચી' ? મેં કહ્યું : 'વાંચી તો હતી' તો એણે જ તર્ક આપ્યો ; 'પહેલા નહીં સમજાઈ હોય. હવે સમજાતી હશે!' આમાં પણ સૌંદર્યની ઘરગથ્થુ મીમાંસા નથી? વાત પણ સાચી તો હતી. યુદ્ધ અને મહામારીનાં *'આ'* સમયમાં લોકશાહી મૂલ્યો અને સામૂહિક જ્ઞાનની કટોકટીવેળાએ, 'રાષ્ટ્ર'ની સાચી-ખોટી-અધૂરી-અધકચરી સમજના માહોલમાં 'સોક્રેટિસ' નવેસરથી ઉકેલવાનો રસ પડે એવી કૃતિ, નવેસરથી ઉકલતી-સમજાતી આવી, કદાચ. એણે કેટલોક નવો સૌંદર્યબોધ કરાવ્યો તો કેટલાક પ્રશ્નોના જવાબ પણ રચી આપ્યા. દર્શકે એમના સમયમાંથી પાછળ જઈને, ભૂતકાળના વાતાવરણને આત્મસાત કરીને મારા સમય સુધી અને મારા પછીનાં અનેક 'વાચન' સુધી ત્રણે કાળમાં ફરી વળી શકે એવો પ્રતિભાવંત પ્ર-યોગ આ કૃતિમાં કર્યો છે.

'સૌંદર્ય', 'રમણીયતા', 'રૂપ', 'સત્ય', 'સુંદરતા', 'શિવ' જેવાં પરિમાણોને જુદી - જુદી રીતે - ભાતે અહીં રસળતાં કર્યાં છે. સોક્રેટિસનો સૌંદર્યમંડપ જે જુદા-જુદા સ્તંભો પર એક શાશ્વત અનુભવબોધ કરાવવા સક્ષમ છે તેમાં યથાશક્તિ પ્રવાસ કરવાનો આનંદ લઈએ.

આપણા સમયમાં હરતા-ફરતા આ વિશ્વનાયકને દર્શકે ચાર દાયકાથી વધુ સમય સુધી સેવ્યો છે; ને એક ઉડાન ભરી છે. સ્થાનિક અને વૈશ્વિકનું પણ એક રસપ્રદ મિશ્રણ આમાં છે. સોક્રેટિસના પાત્રની ધરી આસપાસ એમની 'કથા'નો ગોફ રચાયો છે. ને કથા નગર, રાજ્ય, ધર્મ, સત્તા, જ્ઞાન, સમજણ, શાણપણ..., જેવાં અનેક જીવનકેન્દ્રોને સમાવતી ચાલી છે. એમાં જે સૌંદર્યબોધ છે તેનો આલેખ રચવાનો આ ઉપક્રમ છે.

સોક્રેટિસની ધરી આસપાસ તરતાં પેરિક્લીસ, એસ્પેશિયા, અનેટસ, ક્રીટો, ક્રિશ્યસ, દાયોમિદ, મીડિયા, ઝેન્થિપી, ક્લિયોન વગેરે અનેક પાત્રો દ્વારા કથા- ઉપકથા-આડકથાઓમાં જઈને એ બોધ કરાવે છે. પાત્રોનાં રૂપ-ગુણ, એમની પ્રતિક્રિયાઓ, એમનાં વલણો-વ્યવહારો, એમની હાજરી-ગેરહાજરીનાં આલેખનોમાંથી સૌંદર્યનો બોધ થતો રહે છે. સોક્રેટિસનું વ્યક્તિત્વ અને એની જગપ્રસિદ્ધ વિદાય તો આખી કથાનો મુખ્ય સૌંદર્યદોર છે જ પણ જુદે જુદે સ્થળે આ 'શાણો' માણસ અને એના સંપર્કમાં આવતાં બીજાં સ્ત્રી-પુરુષો દ્વારા આપણને પેલો જે 'બોધ' થાય છે. એનાં ઉદાહરણરૂપે આપણે પાત્રગત સૌંદર્યનાં કેટલાંક ઠેકાણાં જોઈએ :

૧. પ્લેગના સમયમાં હાથમાં લાકડી લઈને નગરસેવાર્થે નીકળેલો સોક્રેટિસ કવાયતમાં જતા એક યુવકને (એ એપોલોડોરસ છે.) ભોળા ભાવે પૂછે છે, 'અહીં શાક ક્યાં મળે છે, કહી શકશો? 'ડાબી બાજુ ચોથી ગલીમાં શાક બજાર છે.' વળી કહે, 'અને વાસણ ક્યાં મળશે?''ત્યાં મંદિરની પછવાડે કંસારા બજાર છે.' 'ગુસ્સે ન થતાં હો, તેલ ક્યાં મળશે ?' 'જુવાને લગભગ દોડતાં દોડતાં જ કહ્યું તેલી ને ત્યાં.' 'મારે બહાદુરી જોઈતી હોય તો ?'

'...અને સુંદરતા જોઈતી હોય તો ?' (જુવાન) હસીને કહે;'એસ્પેશિયા પાસે.'

'પણ, અનશ્વર સુંદરતા જોઈતી હોય તો ?'

જુવાન તેનો હાથ પકડીને કહે : 'તમે સોક્રેટિસ છો ને? હવે તમે જ બતાવો. કવાયતમાં કાલે જવાશે. અને સોક્રેટિસે તેને પહેલે જ દિવસે અનશ્વર સુંદરતાનું રૂપ દેખાડ્યું ! ગઢની રાંગે રવડતાં શબો તેણે ભેગાં કરીને નવરાવ્યાં -જાણે થાકીને ઊંઘી ગયેલાં બાળકને નવરાવતો હોય તેમ. ધીમા હાથે ધીમા સ્વરે પ્રાર્થના કરીને ધીરાં ધીરાં ડગલે તેમને ચિતા પર ચડાવી દાહ દીધો.

ત્યારે એપોલોડોરસને સમજાયું કે બહાદુરી કોઈક જુદી જ ચીજ છે. અને પોતે બહાદુર નહોતો ! ત્યારે આપણને એક અનશ્વર સુંદરતા વિશે એક નાનું ઉપનિષદ સાંપડ્યું. સૌંદર્યના આ નશ્વર અને અનશ્વર રૂપોનાં અનેક દ્રષ્ટાંતો પછી કૃતિમાં આવ્યાં છે. એસ્પેશિયાની સુંદરતાનું વહાણ પણ અનશ્વર, શાશ્વત, શુભના દ્વીપ તરફ સરકતું એ બતાવે છે. ને એક ઠેકાણે સોક્રેટિસ એસ્પેશિયા સાથે આવી વાતો કરે છે:

'....તમારામાં જે અનશ્વર લાવણ્ય છે તે તો તમે જતી વખતે પણ મારામાં મૂકી જવાનાં. જે અનશ્વર છે તેને અગ્નિ પણ કેવી રીતે નષ્ટ કરી શકે? સાયંકાળ પછી પણ પૃથ્વીની ગરમી રહે છે અને પ્રભાત કિરણો ફૂટ્યા પછી પણ રાત્રિની શીતળતા ટકી રહે છે. નશ્વર પણ તરત નાશ પામતું નથી. તો પછી અપાર્થિવ છે તે કેમ હોલવાઈ જાય?" પાર્થિવ પેરિક્લીસમાં વસેલાં એક અપાર્થિવ એસ્પેશિયા અને રમણીય પાર્થિનોન; પેરિક્લીસમાં વસતી અપાર્થિવ રમણીયતાનું સ્થૂળ રૂપ છે-એવું સમજાવતો સોક્રેટિસ દાર્શનિક રૂપમાં નશ્વર અને અનશ્વર સૌંદર્યની બે ધરીઓ આપણને દેખાડે છે.

પાત્રોનાં દેહસૌંદર્ય અને સુંદરતાનાં અનેક પરિમાણો પાત્રોનાં અરીસામાંથી ભાવક સુધી પહોંચે છે. એસ્પેશિયા - મીડિયાનું સૌન્દર્ય જુદી જુદી સ્થિતિમાં એમના સંપર્કમાં આવતાં પાત્રો દ્વારા અભિવ્યક્ત થતું રહ્યું છે. દેહબોધમાંથી આત્મબોધ સુધી લઈ જનારું એ સૌન્દર્યસ્થાનક બની જતું હોય છે. મીડિયા સાથેની એક ચર્ચામાં સોક્રેટિસ કહે છે કે, 'સુંદરતા વિશેનાં મારા ખ્યાલ વિચિત્ર છે.' પોતાનું આગળ ધસી આવેલ પેટ, ઘૂંટણથી નીચેનાં ટૂંકા પગ, ચપ્પટ તળિયા તરફ જોઈ પહોળા નાક પર હાથ ફેરવી કહે છે : 'હું મને સુંદર લાગું છું.' સ્વચ્છ અને નિર્ભય પ્રાણનો સંચાર જે મુખ પર થાય છે તે સુંદર છે. સપ્રમાણ આકૃતિને જ સૌંદર્ય કહેવું હોય તો

એસ્પેશિયાના પેરિક્લીસ માટેના રાગનો મેળ કેમ પડશે ? 'પેરિક્લીસનું માથું થોડું બેડોળ છે એટલા માટે તો તે માથે રાત દિવસ ટોપ ઓઢી રાખે છે. છતાં મને પેરિક્લીસ એસ્પેશિયા કરતાં ક્યાંય સુંદર લાગે છે.' (પૃ. ૮૭)

આ છે સોક્રેટિસની સૌંદર્ય વિભાવના. મીડિયા ક્રિટો સાથેના સહવાસથી એસ્પેશિયાને થયેલી દીકરી છે. પણ એસ્પેશિયા કહે છે કે તે સોક્રેટિસની પણ દીકરી છે. કેમકે સંવનન વેળાએ એસ્પેશિયાનાં મનમાં સોક્રેટિસની જ સ્મૃતિ રહી હતી !

પાત્રોનાં દેહ સૌંદર્ય પરથી જીવન સૌંદર્યમાં સંક્રાંત થતો આ બોધ તરત નજરે ચડે એવો છે.

સોક્રેટિસના સૌંદર્યબોધનો બીજો સ્તંભ કદાચ, સ્થળસૌંદર્યનો છે. પાત્રોનાં એ સ્થળો સાથેના અનુબંધ - સહવાસમાંથી એ બોધ આપણને પ્રાપ્ત થાય છે. સોક્રેટિસ અને પેરિક્લીસ, એપોલોડોરસ જેવા મનુષ્યોની એથેન્સપ્રીતિમાંથી એ નગર-રાજ્યનું પણ એક વિશિષ્ટ સૌંદર્ય અનુભવવા મળે છે. એ નગરસૌંદર્ય માટે સમર્પિત થઈ જતા, હોમાઈ જતા પેરિક્લીસ, સોક્રેટિસ, એપોલોડોરસ આપણાં આસ્વાદનો વિષય બની રહે છે. 'સોક્રેટિસ'નું કેન્દ્ર ભલે સોક્રેટિસ છે. પણ સોક્રેટિસનું અને બીજાં બધાંનું પોતપોતાનું એથેન્સ છે. પેરિક્લીસને અને એસ્પેશિયાને ઊઘડતી કૃતિએ દાયોમિદનો પત્ર પહોંચાડવા આવેલા ગુલામ મેનોની આંખે નગરનાં સ્થાપત્ય-સજાવટનું સ્વપ્ન સાકાર કરતાં પેરિક્લીસ યુગલ સાથે આપણે જોઈએ છીએ. આ રીતે : "...નમતા સૂર્યનાં કિરણો અને આરસની ઘડાતી વેદિકાઓની વચ્ચે હરીફાઇ ચાલતી હતી. સેંકડો શિલ્પીઓનાં ટાંકણાંના અવાજથી આખો વિસ્તાર ગાજતો હતો. આરસની શિલાઓ લાવતા અને ફેરવતા મજૂરોનો શોરબકોર પણ આ ટાંકણાના અવાજને ઢબૂરી શકતો ન હતો. કોઈ આકાશનો ટેકો થવા મથતા થંભોને મથાળે પાલખ પર બેસી રથોની હારમાળા કોતરતા હતા, તો કોઈ તોરણો પર ટ્રોયના ચિરસ્મરણીય પ્રસંગોને ટચકે-ટચકે ઉપસાવી રહ્યા હતા. ક્યાંક પૂરપાટ જતા અશ્વો, ક્યાંક યજ્ઞવેદી પાસે બલિભાગ લઈ જતી કન્યાઓ, ક્યાંક દેવપાર્ષદો, ક્યાંક તોફાની સમુદ્રમાંથી પ્રગટ થતો દેવ પોઝીડોન... એક્રોપોલીસ પર અબોલ છતાં બોલના પડછંદા પાડતી સૃષ્ટિનું નિર્માણ થઇ રહ્યું હતું."

પછી, મેનો ત્યાં જ મથાળે ઊભો રહીને દરિયા ભણી તાકી રહેતા પેરિક્લીસ અને નવવારુણી સરખી એસ્પેશિયાને જુએ છે ને બનનારી નાટ્યશાળામાં દસ હજાર પ્રેક્ષકો રસોત્સવ ઝીલશે-એવાં સ્વપ્નશીલ નાયકને એસ્પેશિયા લાડથી કહેતી સંભળાય છે : 'રમણીય અને ભવ્યનું ભાગ્યે જ મિલન થાય છે. અહીં તે છે.' પેરિક્લીસ સમર્થન કરે છે: 'એપોલોમાં તે બેનું અપૂર્વ મિલન થયું છે.'

આ 'રમણીય' અને 'ભવ્ય'નું મિલન પેરિક્લીસની આંખે જોયા પછી કથાના ઉત્તરાર્ધમાં એપોલોડોરસ લડાઈમાંથી બચીને પોતાની પ્રાણપ્રિય નગરીને ઉદ્ધ્વસ્ત થતી જોઈને 'ડૂસકે ડૂસકે રડતો' આપણે સાંભળવાનો છે. પેરિકલીસે નગર ફરતો બનાવેલો કોટ પડી ભાંગ્યો છે ને ભગ્નાવશેષની વચ્ચે પેલો નવો સેનાપતિ લાચાર ઊભો છે ! એ વર્ણન વિસ્તારભયે જતું કરીએ પણ સ્થળસૌંદર્યના વિકાસ અને રકાસનું વર્તુળ અહીં પણ પેલા નશ્વર - અનશ્વર સૌંદર્યબોધની ધરી સુધી આપણને ખેંચી જાય છે.

કથાના ઘટનાસ્થળ તરીકે ગરુડનીડનું કથાનક અને ગઢી તથા ઘાસનાં મેદાનોનાં ચિત્રો પણ અહીં યાદ આવશે. મીડિયા માટે આ સ્થળબોધ એના

રૂપાંતરનું નિમિત્ત બની જાય છે. ત્યાં 'પ્રભાતના પહોરે કે સંધ્યાકાળે બીડમાં ફરતાં, સુંવાળા, ક્યાંક છુંદાવાથી સુગંધ વેરતા ઘાસનો સ્પર્શ થતાં અનંત રોમાંચનો અનુભવ થાય છે. ઘૂંટણ સમા ચરિયાણમાં આડી પડી ઘાસની કોળી પર માથું મૂકી તેને ગાલે અડાડી તેની સુંવાળપને ફરી ફરી માણે છે. મનમાં ને મનમાં કહે છે, 'સુંવાળું છે એટલું જ થોડું છે? શી કરામત છે એમાં કે ગાયનાં પેટમાં જતાં તેનું દૂધ થઈ જાય છે? દેવતાની કરામત તો જુઓ, ઘાસમાંથી દૂધ!'

પાત્રોનાં આવાગમન-હરફર અને સ્થળો સાથેના એમના અનુબંધોની એકાકાર-તદાકારતા કૃતિના સ્થળ-સંદર્ભોની ખાસિયત છે. ઠેર-ઠેર એનાં ઉદાહરણો પડ્યાં છે.

'દર્શક'નાં પ્રસંગ-વર્ણનો આ કૃતિમાં વિરલ અને શાશ્વત સૌંદર્યબોધ કરાવનારાં છે. યુદ્ધનાં, સભાઓનાં, ન્યાયાલયોનાં, સમુદ્ર પર, કાંઠે, નગરમાં, ઠેકઠેકાણે રચાતાં આ પ્રસંગોની આભા ભાવકને મુગ્ધ કરી દેનારી છે. 'ભાષા'માં અને ભાષા 'દ્વારા' આવો સૌંદર્યબોધ પોતે ચમત્કાર બની જાય એવો હોય છે. એમાં વિશિષ્ટતમ છે સ્પાર્ટનોને મહાત કરતું ટેન્ટલસનું અને એનાં આખલાઓનું અપ્રતિમ સાહસ. થોડોક સમય લઈને પણ આ એક દ્રષ્ટાંત પાસે અટકવું પડે એવું છે. એજિસ અને એનાં સ્પાર્ટન સૈનિકો માટે પણ આ પરાક્રમ અણધાર્યું અને મૂંઝવી દેનારું બની રહ્યું છે.

"...પણ ઓચિંતાની કોઇની વાંભ સંભળાઈ, જાણે પડખેના સાગરના પેટાળમાંથી શંખ ગાજતો હતો ! કે વચમાં ત્રંબાળુ ગગડતાં હતાં; કે શું કોઇ ભૈરવ ભેરી બજાવતો હતો? ઘડીમાં તે આકાશમાંથી ઊઠતો હોય તેવું લાગતું હતું તો બીજી ઘડીએ જાણે પૃથ્વીના પેટાળમાંથી વાંભ ઊઠતી હતી. મા બચ્ચાંને સાદ કરે, ભક્ત ભગવાનને વહારે ચડવા પુકારે તેવી, મનની ગતિને સ્તબ્ધ કરી હૃદયને મથી નાખવાની ફરજ પાડતી વાંભ, તીર-તોમરની વર્ષા નીચે આવી રહી હતી.

હે...ઈ...ઈ...હે...હો...હે...હમમ...હે...ઈ ઈ ઈ ઈ...ઈ ઈ હુ હુ ઈ...હો હો હો હો હો...!

(પછી સાંઢના વેગીલા આક્રમણનું ચિત્ર તમારે જોવાનું રહે.)

સ્પાર્ટનોને થતું હતું કે આ તે વાંભ હતી કે કોઇ વાધની કરામત ! પછી વાંભનો બદલાતો સૂર અને બાણ-ભાલાથી વીંધાઈ જતા ખૂંટની સાથે એના પાલક ટેન્ટલસનું યાદગાર મિલન.

"ઝાડ પરથી કોઈકે કૂદકો માર્યો. મોરચાની દીવાલ પર ચડી ઊભા થવા મથતા ખૂંટને ગળે વળગી ધ્રુસકે ને ધ્રુસકે રોવા લાગ્યો. તેના રુદનથી આ પશુઓ પણ જાણે હલી ગયાં અને એકબીજાનાં લોહી ચાટવાનું મૂકી તેની આજુબાજુ ફરી વળી કોણ તેની પીઠ સાથે પહેલું માથું ઘસે તેવો પ્રયાસ કરવા લાગ્યાં...વાછરડાંઓ નીચે સરકી પેલા રડનારના કાનમાં કોઈએ કહ્યું, બહેનબા બોલાવે છે. (એ સૂરજમુખી,ટેન્ટલસની વહુ!) ટેન્ટલસ એકદમ ઊભો થયો. નીચે પડેલો ગાળિયો ખાંધ પર નાખ્યો. ક્ષણેક થોભી તરફડતા ખૂંટના વહેતા લોહીમાં હાથ બોળી પોતાના કપાળે લગાવ્યું ને કૂતરાની ઝડપે દીવાલ ટપી દોડવા લાગ્યો. પશુઓના ટોળાએ પણ ઊડતા ઘોડાની જેમ તેની પછવાડે દોટ દીધી."(પૃ. ૧૧૩)

ગઢી ઉપરથી આખું આ દૃશ્ય (ટોપ એંગલમાં) મીડિયાએ અને આપણે જોવા-સાંભળવાનું છે. 'આવાં દેવ સમાં પશુઓનું બલિદાન થોડા ગજ ભૂમિ માટે અપાય તે મીડિયાને અકળાવનારું લાગે છે. રક્તખચિત ભાલ સાથે ટેન્ટલસ ઉપર આવ્યો એટલે કહે, 'તેં અને તારાં પશુઓએ જે પરાક્રમ કર્યું છે તે તો હોમરની વાણીને પ્રેરે તેવું છે."

હોમરની વાણીને પ્રેરે તેવી જ વાક્ પ્રતિભાથી આ આખો પ્રસંગ દર્શકે આલેખ્યો છે. સોક્રેટિસમાં આવા પરિપક્વ અને કથાકળાથી સભર ભાષા પ્રયોગોનો પાર નથી. સ્વાદ, ગંધ, દૃશ્ય, અવાજ, અગ્નિ, આકાશ, સમુદ્ર, જંગલો, ઓલીવ અને દ્રાક્ષનાં નિર્દેશો સજીવ ઐંદ્રિય અભિવ્યક્તિનાં અઢળક ઉદાહરણો 'સોક્રેટિસ'માં મળશે. તો, સૂત્રાત્મક અને લક્ષ્યગામી અભિગમની ભાષા પણ અહીં છે. દા.ત. :

- ના, તમે સુધારવાના રસ્તે નથી, સર્વનાશના ઢાળે છો !
- બતકને ગમે તેટલી શણગારો હંસી નહીં થાય
- માર્ગ અને માણસ એક નથી.
- અણસમજના ઓરતા શા ?
- બધાં વાજિંત્રો સુધારવા મંડી પડ્યા છે, વાદકોને સુધારવાની વાત તેમને સમજાતી નથી.
- મીઠા, સહેજ તીખા અને પાછલી રાતના પવન જેવા ઠંડા દારૂના બે ઘૂંટ.

આવા અનેક ચોંટદુક ભાષાપ્રયોગોની સાથે 'તો' શબ્દના સ્વરભારથી બદલાતો અર્થસંભાર એક સંવાદમાં આવે છે તે સાંભળો :

મીડિયા કહે : 'તમને તો એવી ચિંતા શા સારુ થાય ?'

ઝેન્થિપી કહે : 'લખ્ખણ એવાં.'

સોક્રેટિસ કહે : 'તમે 'તો' શબ્દ શા સારુ વાપર્યો?

'એ અર્થમાં કે તમે ડેલ્ફીએ કહ્યા મુજબ ડાહ્યા હો તો.'

સોક્રેટિસ હસીને કહે : 'હોઉં તો ને ? એવાં ભાગ્ય ક્યાંથી ?'

વાણીના પ્રયોગનું આ વિલક્ષણ ઉદાહરણ. પ્લેટોની સાથે ચર્ચા કરતો સોક્રેટિસ, 'થઈ શકે એવું 'છે' અને 'છે', તેની વચ્ચે થોડું અંતર 'છે' તેવું નહીં ?' જેવાં વાક્યમાં 'છે'નાં સ્વરભારથી સૂચવી દે છે અર્થ. 'મારો ઘોડો ઝિયસનો અશ્વ તો બની શકે, પણ ક્યારે?' -માં સમાનાર્થી શબ્દોના બે જુદા પ્રયોગ તમને તરત ચમકાવશે. 'તેજ ઘોડા સ્પર્ધામાં સારા, પણ ઘમસાણમાં તો કેળવાયેલા સારા.' 'તેજ' અને કેળવાયેલા' વિશેષણો કામ કરે છે અહીં.

કૃતિનું અંતર્ગત વાતાવરણ જે સૌંદર્યબોધ કરાવે છે તેમાં લેખકનાં પ્રતીતિપૂર્ણ, અધિકૃત લાગે તેવાં ખાનપાન, રહેઠાણ, વર્તણૂકો, ઉદ્ગારો, વસ્ત્રાભૂષણો, આયુધો, વહાણ-કાફલાઓ, સૈન્યના નિર્દેશો, (આસવના જ જુદા જુદા અનેક સ્વાદ તમને અહીં મળશે! એક જગ્યાએ તો આસવની અસર વિષે બહુ જ માર્મિક વિધાન મળે છે: 'આ આસવથી એસ્કીલસને સ્વર્ગીય ગાન સ્ફુરે છે ને કોઈ નાવિક તે પીને ભૂંડી ગાળો કાઢે છે. આસવ તો અંદર છે તેને ઊભરાવી નાખે છે, બાકી કશું નથી ! -જેવાં વાક્યો પણ મળશે.) 'ગુજરાતી'માં રહીને નખશિખ 'ગ્રીક' અનુભવ કરાવનાર ગદ્ય, આ કૃતિનો નિરાળો સૌંદર્યલોક છે.

'સોક્રેટિસ'નું સૌંદર્ય એની પરિપક્વ અભિવ્યક્તિમાં લાગે છે. લોકશાહી અને નાગરિકમૂલ્યોનો મહિમા કરવાના અભિલાષ કરતાં સોક્રેટિસના કેન્દ્રથી એને ચારેબાજુ ફેલાતી અને ચારે બાજુથી કેન્દ્રમાં સમાઈ જતી કથાયોજનામાં પાર ઊતરવાનો પડકાર કથા માંડવા, વિકસાવવા અને ગૂંથી જાણવામાં માહેર કથાકારે બરાબર ઝીલી બતાવ્યો હોય એમ લાગે છે. વાતો...વાતો...વાતો. જ જેના વ્યક્તિત્વનું પ્રધાન લક્ષણ છે એવા સોક્રેટિસને કારણે 'કથા' અને 'વાતો'નું સાંધણ ક્યાંક કદાચ ન લાગે પણ તત્ત્વદર્શન અને કથાનો યોગ છેક સુધી અકબંધ રહ્યો છે. દાયોમિદ અને ક્રિશ્યસનું પ્રારંભિક કથાનક, બાળક ક્રિશ્યસ અને સોક્રેટિસના આરંભિક સંવાદોમાં જ કૃતિના પરિણામનો પાયો નખાઈ ગયેલો દેખાશે. સમાંતર, અવાંતર બળોને ગૂંથી, ગૂંચવી વળ ચડાવી કથાનાં સોપાનો બનાવતા

જવાની રીત પણ વંચાય. કથાનાં વળ-વળાંકો રચતાં ઉપાખ્યાનો, કથાસ્થળના-કથાની રંગભૂમિનાં ઉચિત પરિવર્તનો પાત્રોનાં આવાગમન સાથે તર્કબદ્ધ રીતે જોડાયેલાં મોટે ભાગે રહે છે. મીડિયા, એપોલોડોરસ, ક્રિશ્યસ વગેરેનું એથેન્સમાંથી નીકળવું અને એથેન્સમાં આવવું-કથાનાં સૂત્ર સંચારનું મહત્ત્વનું ઓજાર બને છે. હા, કબૂતર અને પત્રોની પ્રયુક્તિ બધે એકધારી ઊભી નથી રહી શકતી. 'બીજે' બનતી ઘટનાશ્રેણીઓ 'કેન્દ્ર'માં કેવી રીતે પહોંચાડવી એનો પડકાર બધા મોટા લેખકો પોતપોતાની રીતે ઝીલતા હોય છે. આ કથાનું એક મહત્ત્વપૂર્ણ સૌંદર્યસ્થાન 'વિચાર' અને 'કૃતિ'નું રસાયણ છે. કથાનું વિચારમાં અને વિચારનું કથામાં ગૂંથાવું અને અગ્રેસર થવું, સૂત્રાત્મક, જીવનબોધને અને સૌંદર્યબોધને અલગ ન પાડી શકાય એવા રૂપમાં ' સોક્રેટિસ'નું સૌંદર્ય વાંચી શકાય. સૂત્રાત્મકતા, અવતરણક્ષમતા કૃતિનાં પાને-પાને મળશે. કોઈ ઇચ્છે તો 'સોક્રેટીસ-દર્શક સૂત્રમાલા'નું નવું ચયન કરી શકે.

સોક્રેટિસમાંથી 'સોક્રેટિસ' બનનારી આ કૃતિ એનાં વારંવારના વાંચનથી હજુ નવા-નવા વિસ્મયલોક અને વિચારલોકનો સૌંદર્યબોધ કરાવવા સક્ષમ છે.

ચિંચવડના પથરાની ખૂબી તો ઓર જ છે. સહેજ અર્ધો-પોણો કલાક ફરવા જઈ એ કે પથરાનું અદ્‌ભુત કાવ્ય નજરે પડે છે. કવિઓ પોતે જે કાવ્ય લખે છે તે દુનિયા આગળ પ્રગટ થાય એને માટે એમનામાં કેટલી ઈંતેજારી હોય છે! પણ કુદરત તો પોતાનું ભારેમાં ભારે કાવ્ય પૃથ્વીના ઉદરમાં હજારો અને લાખો વરસ સંતાડી રાખતાં પણ સંકોચાતી નથી. એક ઊંડી ખાણમાંથી એક ખરબચડો ગોળ પથરો અમે લઈ આવ્યા. અમે એ ભાંગ્યો તો અંદર શું મળે ! જાંબુડા રંગનાં અને સાકર જેવાં પાસાંવાળાં નાનાંમોટાં રત્નોનો ભંડાર ! પૈસાદાર લોકો આ રત્નોની કિંમત ન કરે, અથવા એમને પોતાની વીંટી ઉપર ન બેસાડે, કે હાર કરીને પોતાના ગળામાં ન પહેરે, તેથી શું આનું રત્નપણું ઓછું થયું ? સૂક્ષ્મદર્શકયંત્રમાં એના પાસાં જોયા તો તેમાં અનેક પગથિયાં દેખાયાં; જાણે કાંકરિયા તળાવનાં પગથિયાં.

બીજા કેટલાક પથરાએ બરાબર એથી ઊલટા. એમના આખા શરીર પર નાનામોટા ખાડા અને એ બધા ખાડા પાસાદાર અને અણિયાળા. આમાં વળી રંગની મજા જુદી જ. કેટલાકની નાભિ લાલ રંગની જ્યારે કેટલાકની સાવ આસમાની રંગની; જ્યારે કેટલાક પથરા પર હીરાકણીની ભાત પડેલી; ગમે તે દિશાએ જુઓ, ચળકયા જ કરે. આ કણીઓમાં કેટલીક રાઈ કરતાંય ઝીણી, અને કેટલીક અમદાવાદી બોર કરતાંય મોટી. લીલા રંગના પથરાના તો, અહીં કોઈ ભાવ પણ ન પૂછે. કેટલાક પથરાઓમાં અંદર-બહાર બધે લીલાં લીલાં ટપકાં જ હોય છે, અને વચમાં વચમાં અબરખ જેવો ચળકાટ હોય છે.

વેરૂળની કે અજંટાની હજાર કે બે હજાર વરસ પહેલાંની કારીગરી જોઈને આપણને અચંબો થાય છે અને આપણે એમની પાસેથી મળતો ઇતિહાસ શોધીએ છીએ. પણ મારા હાથમાં રમતા આ નાનામોટા પથરા પાસે એટલા બધો જૂનો ઇતિહાસ છે કે વેદકાળને પણ આ પથરાઓ ગઈ કાલને નામે સંબોધે છે!

-કાકા સાહેબ કાલેલકર

સંસ્કૃતનાં સ-રસ પદ્યોમાં નિષ્પન્ન સૌંદર્યબોધનું અનુભાવન

રાજેન્દ્ર ચોટલિયા
rajendrachotalia@gmail.com

ભારતીય કાવ્યશાસ્ત્રમાં કાવ્ય-આત્મતત્ત્વ વિશે ઘણી ચર્ચા-વિચારણા થયેલી છે જેમાં આચાર્ય દંડી કહે છે કે काव्यशोभाकारान् धर्मान् अलङ्कारान् प्रचक्षते- અર્થાત્ કાવ્યની શોભા વધારનાર આ ધર્મોને એટલે કે ગુણોને અલંકાર કહે છે. અલંકાર એ કવિતાવનિતાની શોભા જ છે ને? તો આચાર્ય વામન કહે છે કે અલંકાર દ્વારા કાવ્યતત્ત્વ ગ્રહણ થાય છે, અને પછી આગળ કહે છે રીતિ એ કાવ્યનો આત્મા છે અને અલંકાર એ કાવ્યનું સૌંદર્ય છે.

મહિમ ભટ્ટ કહે છે કે किंच सौंदर्यातिरेक निष्पत्तये अर्थस्य काव्य क्रियारंभ: कवे: न तु अलंकारनिष्पत्तये - એટલે કે સૌંદર્યની અધિકતાની સિદ્ધિ માટે કવિ કાવ્ય રચના કરે છે, નહીં કે અલંકારોની સિદ્ધિ માટે. નિષ્કર્ષ રૂપે એમ કહેવાય કે કાવ્યના સૌંદર્ય માટે રસ અને અલંકાર એકબીજાને આધારે હોય જ છે. કાવ્યનું પ્રયોજન અલૌકિક આનંદનો અનુભવ કરવાનું છે. આ અનુભવ એ જ રસ છે.

રસની નિષ્પત્તિ આપણને કાવ્યના સૌંદર્યની લગોલગ પહોંચાડે છે. આ સૌંદર્યની પ્રતીતિ વિઘ્નરહિત થાય એટલે પરમાનંદ જન્મે છે. ((આને જ કવિનું ભાવકમાં ભાવસંક્રમણ થયું કહેવાય- જ્યાં આપણે પરમાનંદને અનુભવીએ છીએ. કાવ્યનું આ જ પ્રજીવક તત્ત્વ છે. આચાર્ય ભરત કહે છે કે न हि रसादृते कश्चिदर्थ: प्रवर्तते - એટલે કે રસ વિના કાવ્યનો અર્થ પ્રાપ્ત થતો નથી.)) આ વિચારના મૂળમાં તૈત્તિરીયોપનિષદ્ ૨-૭ની ઉક્તિ જણાય છે કે यद् वै सुकृतं (સૌંદર્ય) (ते) रसो वै स:।

આ થઈ રસમીમાંસા. એ મીમાંસામાં આનંદ નહીં આવે. ખરો આનંદ એને કાવ્ય દ્વારા અનુભવવામાં છે. તો ચાલો આપણે કવિની કવિતા દ્વારા એ આનંદ અનુભવીએ.

શૃંગાર રસ : અભિજ્ઞાનશાકુન્તલમ્ માં નાયક દુષ્યન્ત દ્વારા કવિ રસરાજ શૃંગારને કેવા સૌંદર્યના શૃંગ સુધી પહોંચાડે છે તે જોઈએ: જ્યારે શકુન્તલા તેની સખીઓ સાથે વૃક્ષોને પાણી પાવા માટે આશ્રમના ઉધાનમાં જાય છે ત્યારે દુષ્યન્ત તેને જોવા વૃક્ષની ઓથમાં બેસી જાય છે ત્યારે એક ભમરો શકુન્તલાની આજુબાજુ ઊડે છે. તે ભમરાને બહાને કવિ આ પ્રખ્યાત શ્લોક દ્વારા ભ્રમર પ્રત્યેના ઈર્ષ્યાભાવથી કહે (કહાવે?) છે-

चलपांगां दृष्टिम् स्पृशसि बहुशो वेपथूमतीं रहायाख्यायीव स्वनसि मृदु कर्णान्तिकचर:।
करौ व्याधुन्वत्या: पिबसि रतिसर्वस्वमधरं वयं तत्त्वान्वे वषान्मधुकर हतास्तवं खलु कृती।।

અર્થાત્ ચંચળ ખૂણાવાળી કાંપતી આંખોને તું વારંવાર સ્પર્શે છે, ગુપ્ત ગોષ્ઠિ કરતો હોય એમ એના કાન પાસે કોમળ રીતે ગણગણે છે. બંને હાથ હલાવતી એના પ્રેમસારરૂપ અધરોષ્ઠને તું પી લે છે, અમે તો સત્ય શોધવામાં મર્યા જ્યારે તું, હે મધુકર! ખરેખર કૃતાર્થ થયો છે.

ભ્રમરને શકુન્તલાના મુખની આસપાસ ફરતો જોઈને દુષ્યંત ઈર્ષા અનુભવે છે તે તેને પોતાનો હરીફ માનીને ભ્રમરના ત્રણ વિભાવને સ્થાને પોતાને મૂકે છે. અહીં રહસ્યારવાર્યીવ માં એકાંતમાં પ્રેમાલાપનું સૂચન

છે તો સપૃશ્સિમાં સ્પર્શનું સૂચન છે અને અધરં પિબસિમાં અધરોષ્ટપાનનું સૂચન છે. આ ત્રણ ક્રિયાપદ આ = સ્વનસિ -ગણગણવું સ્પૃશ્સિ માં સ્પર્શ અને પિબસિમાં ચુંબન, એમ શૃંગારના ત્રણેય ભાવોને એક શ્લોકમાં શિષ્ટતાથી મૂક્યા છે - એ કાલિદાસીય રસનિર્મિતિનું ભારતીય સૌંદર્યબોધન છે. આ એક જ શ્લોકમાં સ્વભાવોક્તિ, સમાસોક્તિ, વ્યતિરેક અને ઉત્પ્રેક્ષા અલંકાર એમ ચાર અલંકાર પ્રયોજીને શૃંગારરસસિદ્ધિ કરી છે.

હાસ્ય રસ: શૃङ्गाराद्धि भवेद्धास्यम् - એવા નાટ્યશાસ્ત્રના કથનાનુસાર હાસ્યરસને જોઈએ. શૃંગારમાંથી હાસ્ય ઉત્પન્ન થાય એ સ્થૂળ હાસ્ય છે. સંસ્કૃતમાં હાસ્ય નિર્દોષ અને નિર્દંશ - ડંખ વિનાનું હોવું જોઈએ એમ મનાય છે, એવું હાસ્ય શિષ્ટ હાસ્ય છે. સંસ્કૃત રૂપકોમાં મોટેભાગે વિદૂષકના પાત્રમાં આવું હાસ્ય મૂકવામાં આવે છે. વિકૃત આકાર, વિચિત્ર ચેષ્ટા, વિચિત્ર વેશ અને કટાક્ષપૂર્ણ કે મૂર્ખતાપૂર્ણ વાણી વગેરેના વર્ણનથી હાસ્ય ઉત્પન્ન થાય છે. નાટકમાં વિદૂષક દ્વારા પીરસાતું હાસ્ય પદ્ય નહીં, ગદ્યમાં હોય છે. મોટે ભાગે આ શરત બધા પ્રાચીનોએ સ્વીકારી છે. સાહિત્યદર્પણમાં એક શ્લોક છે, જેનો અર્થ છે:

વિદ્વાનોની વચ્ચે આવેલો મેલાંઘેલાં વસ્ત્રો ધારણ કરેલો કોઈ મૂર્ખ જોયો એટલે પંડિતો બોલ્યા કે આ કુક્કુટમિશ્રજી પધાર્યા છે, તો હટી જાઓ. તેમણે મીમાંસાદર્શન પાંચ જ દિવસમાં ભણી લીધું છે, વેદાંતદર્શન ત્રણ દિવસમાં સાફ કરી નાખ્યું છે ને ન્યાય દર્શનના બધા તર્કવાદોને તો સૂંઘી નાખ્યા છે!!!

હાસ નામનો સ્થાયીભાવ એ હાસ્યરસનો આત્મા છે. પાત્રની પરિસ્થિતિ, અનૌચિત્ય અને વિપરીતતા અથવા વિચિત્રતાનું તત્ત્વ હાસ્યનું કારણ બનતું હોય છે. ભાસ નામના નાટ્યકારના અવિમારકમ્ નાટકમાં વિદૂષક કહે છે : कस्मात् अहं अवैदिक:? अस्ति रामायणं नाम नाट्यशास्त्रम्। तस्मिन् पंचश्लोका असंपूर्णेन संवत्सरे मया पठिता। અર્થાત્ "આપ મને વેદ ન જાણનાર માનશો નહીં. કેમ કે રામાયણ નામનું જે નાટ્યશાસ્ત્ર છે તેના પાંચ શ્લોકો તો મેં વર્ષ પૂરું થાય તે પહેલાં વાંચી કાઢ્યા છે !" અહીં વિપરીતતા દ્વારા હાસ્ય રેલાયું છે. સુભાષિતરત્નભાંડાગારના છઠ્ઠા પ્રકરણમાં હાસ્ય રસ નિષ્પન્ન કરતા ઘણા શ્લોકો છે :

असारे खलु संसारे सारं श्वशुरमन्दिरम् ।
हर: हिमालये शेते हरिः शेते महोदधौ।।

અર્થાત, અસાર એવા સંસારમાં સસરાનું ઘર એ જ સાર છે. કારણ કે શિવ તેના સસરા હિમાલયને ત્યાં રહે છે જ્યારે હરિ (વિષ્ણુ) તેના સસરા સાગરમાં રહે છે. (લક્ષ્મીની ઉત્પત્તિ સાગરમાંથી થઈ છે તેથી)

बिलाद् बहि: बिलस्य अन्त: स्थितमार्जारसर्पयो:।
मध्ये च आखु इव आभाति पत्नीद्वययुतो नरः।।

- દરની બહાર બિલાડો છે, દરમાં સાપ છે ને વચ્ચે ઉંદર આવી ગયો છે. તેવા ઉંદર જેવી સ્થિતિ બે પત્ની વાળા માણસની થાય છે .

કરુણ રસ : કરુણ રસનાં ઉપાદાન તત્ત્વો ત્રણ છે: શાપ, મૃત્યુ અને વિયોગ.

મૃત્યુદ્વારા કારુણ્ય:

- प्रस्थानं वलयै: कृतं
प्रियसखैरस्रैरजस्रं गतं
धृत्या न क्षणमासितं व्यवसितं
चित्तेन गन्तुं पुरः।

यातुं निश्चितचेतसि प्रियतमे सर्वे समं प्रस्थिता:
गन्तव्ये सति जीवित प्रियसुहृत्सार्थ: किमु त्यज्यते।।

અર્થાત્ પ્રિય પતિનું મૃત્યુ થતાં પત્નીના હાથનાં બલોયાં જતાં રહ્યાં, તેણીનાં પ્રિય એવાં આંસુ પણ સુકાઇને ચાલ્યાં ગયાં, ધીરજ તો ક્ષણવાર પણ ન

ટકી, ચિત્તે તો સૌ પહેલાં જવાનું નક્કી કરી લીધું, પ્રિય પાત્રના ચૈતન્યએ જવાનું આરંભ્યું તો તેની સાથે આ બધાં પણ જ્યારે ચાલી નીકળ્યાં હોય, તો હે મારા જીવ! તું પ્રિયમિત્રનો સાથ કેમ છોડે છે? તેની સાથે કેમ જતો નથી રહેતો?

અહીં મૃત્યુની સંવેદનાનું સૌંદર્ય છે. કવિની કમનીય કાવ્યકલાના ધનુષ્ય ઉપર બેસીને છોડેલી આ સંવેદના જાણે ભાવકના ભીતરમાં ભોંકાય છે! અહીં સંવેદક પાત્ર સાથે સમસંવેદન અનુભવે છે. એની સંક્રાંતિ કે ભાવાનુભૂતિ થયા વગર રહેતી નથી. પરંતુ પરત્વભાવ સ્વત્વભાવમાં બદલાઈ જાય છે. મૃત પતિ સાથે જે ભાવૈક્ય હતું તે બધાં ભાવતત્ત્વો તેની સાથે ચાલી નીકળે છે; તો 'જીવ પણ કેમ નથી ચાલ્યો જતો' એ કથનમાં તીવ્ર વેદના- વિષાદ અને જીવનની નિરીહતા જણાય છે તે દર્શાવીને કવિએ અહીં કાવ્યમાં કારુણ્યનો નિખાર કર્યો છે. વિષાદગ્રસ્ત પાત્રનો તર્ક પણ કારુણ્ય જેટલો જ બળૂકો છે. પતિના મૃત્યુ પછી અનુભવાતો ખાલીપો અહીં ભાવકના હૃદયને ભરી દે છે.

વિરહ દ્વારા કારુણ્ય: સીતા વિનાની પંચવટીમાં રામ પ્રવેશ કરે છે ત્યારે તેને વનવાસ સમયના સીતા-સંયોગના પ્રસંગોની જગ્યાએ હવે સીતા નથી એટલે કે તીવ્ર શોક અનુભવે છે તે નાટકના બીજા અંકમાં નોંધપાત્ર છે.

चिराद् वेगारम्भो प्रसृत इव तीव्रो विषरस:
कुतश्चित् संवेगात्प्रचल इव शल्यस्य शकल:।
व्रणो रूढग्रन्थि: स्फुरित इव हृन्मर्मणि पुन:
घनीभूत: शोको विकलयति मां नूतन इव।।

લાંબા સમય પછી શરૂ થતા, બધે ફેલાયેલા તીવ્ર વિષરસ જેવો, ક્યાંકથી ભારે આઘાતથી હાલી ઉઠેલા શલ્યના (શૂળના) ટુકડા જેવો, હૃદયના મર્મભાગમાં ફરી ફૂટી નીકળેલા ગંઠાયેલા વ્રણ (ઘાવ) સમો ઘનીભૂત (ગાઢ) શોક જાણે નવો હોય એમ મને નિશ્ચેતન કરે છે.

રામના ઘનીભૂત શોકની ત્રણ ઉપમા છે : (૧) ફેલાયેલા તીવ્ર વિષરસ જેવો-કે એવું ઝેર જે બધે પ્રસરી જાય અને લાંબે ગાળે બમણા જોરથી અસર કરે. આમાં વેગની તીવ્રતા બતાવી છે. (૨) ક્યાંકથી ભારે આઘાતથી હાલી ઉઠેલા શૂળના ટુકડા જેવો. શૂળની અણી સમય જતાં ઊંડે ને ઊંડે જતી રહે અને આવા સ્મૃતિના પ્રસંગે ફરીથી એ હલી ઊઠે ત્યારે પારાવાર પીડા થાય છે. અહીં શૂળની ઊંડાઈ દ્વારા રામના શોકને માપ્યો છે. (૩) હૃદયના મર્મ ભાગમાં જે ઘા ગંઠાઈ ગયો હતો તે આજે ફરીથી ફૂટે છે એમ રામનો શોક ફરીથી ભભૂકી ઊઠ્યો છે.

ભવભૂતિની રસની નિષ્પત્તિની કળા કેવું સમસંવેદન જગવે છે ! તે ક્ષણવાર પણ શોકમુક્ત નથી રહેવા દેતું ! એવું તીવ્ર શોકોદ્ભૂત ભાવસંક્રમણ અનુભવતા રહે છે. ઝેરનું ફેલાવું, શૂળનું ભોંકાવું અને અંદરની ગાંઠ ફૂટી નીકળવી-આ ત્રણ ભાવદશાઓ પીડા, વ્યથા અને વેદનાની અભિવ્યક્તિ કરે છે. તેમાં વિયોગ- શૃંગારની નિર્મિતિ કારુણ્યના સૌંદર્યને નિપજાવે છે. કવિની આ સૌંદર્યાનુભૂતિ બ્રહ્માનંદ સહોદરાનંદ કરાવે છે.

વીરરસ: વીરરસનો સ્થાયી ભાવ ઉત્સાહ છે. ઉત્સાહની ઉત્પત્તિ અવિષાદ, શક્તિ, ધૈર્ય તથા શૌર્ય જેવા વિભાવો દ્વારા થાય છે.

मथ्नामि कौरवशतं समरे न कोपात्
दु:शासनस्य रुधिरं न पिबाम्युरस्त:।
सञ्चूर्णयामि गदया न सुयोधनोरुम्
सं संधिम् करोतु भवतां नृपति: पणेन।।

અર્થાત્ "શું ભયંકર ક્રોધને કારણે ધૃતરાષ્ટ્રના સો કૌરવપુત્રોને યુદ્ધમાં નહીં મારું? જરૂર મારીશ. દુ:શાસનની છાતીમાંથી તેનું રુધિર શું નહીં પીઉં? ચોક્કસ પીશ. શું ગદાથી દુર્યોધનની સાથળના

ચૂરેચૂરા નહીં કરું? અવશ્ય કરીશ. તમે ભલે યુધિષ્ઠિરની ઇચ્છા પ્રમાણે કૌરવ સાથે સંધિ કરો, હું સંધિ કરવા માંગતો નથી."

અહીં શ્લોકના પ્રત્યેક શબ્દોમાં વીરરસ છલકે છે. રસ તો કલાનુભૂતિ કરાવે છે અને એ જ ક્રમમાં સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. રસ એ મનની આનંદમય ચેતના છે. વીરરસમાં એ ઉત્સાહ પ્રેરિત આનંદ અપાવે છે. આ શ્લોકમાં મથ્નામિ-મથી નાખું, પિબામિ-(લોહી) પી જાઉં અને સંચૂર્ણયામિ- સારી રીતે ચૂરેચૂરા-કટકેકટકા કરી નાખું-એમ ત્રણ ક્રિયાઓ દ્વારા ભીમની ભયંકારિતા સ્પષ્ટ દેખાય છે. ક્રિયાપદો વાસ્તવમાં વાક્યના અર્થદાતા હોય છે. એટલે કે વાક્યાર્થ ક્રિયાપદના અર્થથી જ મળે. વળી, આ સાંભળીને દ્રૌપદી હરખાઇ જાય છે. તેને ભીમની વીરતામાં સૌંદર્ય ભાવ-ચારુતાનો ભાવ-ઉત્પન્ન થાય છે. વીરતાના મૂળમાં ઉત્સાહ છે અને ઉત્સાહના મૂળમાં આત્મવિશ્વાસ કે શ્રદ્ધા છે. આ બધા ભાવો ભાવકના ચિત્તમાં પડેલા જ હોય છે. પણ જ્યારે એ ભાવને અનુરૂપ ભાષાનો પ્રયોગ થાય ત્યારે ભાવકના ચિત્તમાં રહેલા તે તે ભાવોનો ઉદ્રેક થાય છે એટલે કે પ્રગટીકરણ-manifestation થાય છે. આ કામ કવિચિત્તમાં રહેલી સૌંદર્યબોધનની શક્તિ કરે છે. અહીં વીરરસ તેનું નિમિત્ત બને છે. તે ઉત્સાહ શક્તિને ઓજસ્ ગુણમાં ધારણ કરાવી શબ્દ અને અર્થના એવા જ સમન્વયથી કલાત્મક રીતે અર્થબોધ કરાવે છે ને પરિણામે વીરરસ નિષ્પન્ન થાય છે.

બીભત્સ રસ: બીભત્સ એટલે ચીતરી ચડે એવું. ઘૃણિત પદાર્થોને જોવાથી કે સાંભળવાથી આ રસ નિષ્પન્ન થાય છે. જેનો સ્થાયી ભાવ જુગુપ્સા છે. આ ભાવ અહૃદ એટલે કે ગમે નહીં તેવો, અપવિત્ર, અનિષ્ટકારક કે અપ્રિય હોય છે. બીભત્સ રસ બે પ્રકારના હોય છે: ક્ષોભથી જન્મે તે અને ઉદ્વેગ થાય/કરાવે તે.

नरवैर्विदारितान्त्राणां शवानां पूयशोणितम्।
आननेष्वनुलिप्यन्ति हृद्या वेतालयोषित:।।

અર્થાત્ સ્મશાનમાં પિશાચની સ્ત્રીઓ રાજી થતાં થતાં શબનાં આંતરડાં ચીરીને તેમાંથી લોહી અને માંસ કાઢીને પોતાનાં મુખ ઉપર લેપ કરી રહી છે.

આ દૃશ્ય ચીતરી ચડે એવું, ન ગમે એવું છે. અહીં જુદા જુદા વિભાવોથી અને ઉદ્દીપનભાવથી રસની નિષ્પત્તિ કરાઇ છે. रस्यते आस्वाद्यते इति रस:।- એ લક્ષણથી કહી શકાય કે જુગુપ્સા ભાવ જે ભાવના ચિત્તમાં પહેલેથી હતો જ તેનું રસન - અનુરસન થાય તેવું કાવ્ય હોવાથી તે તે રસ ઉત્પન્ન થાય છે. તેમાં કવિ સફળ થયા કહેવાય. કારણ કે તેને મનોગત જે હતું તે શબ્દાર્થના સહભાવથી પ્રગટાવ્યું છે એ કલા છે. કલા ભાવાભિવ્યક્તિ કરવામાં સફળ થાય ત્યારે સૌંદર્ય નિર્માણ થાય છે, નીપજે છે. કવિ પોતે ભાવકની જેમ ભાવોદ્રેકને પામતો નથી. જેમ જાદુગર પોતાના જાદુગરીના ખેલથી આશ્ચર્ય પામતો નથી, તેમ કવિ પોતાના કર્મથી લેપાતો પણ નથી તેનું પ્રયોજન તો ભાવકમાં ભાવપ્રતીતિ કરાવવી તે હોય છે. ભાવકમાં વિઘ્ન વિનાની પ્રતીતિ થાય એટલે પરમાનંદ, પરમાનંદ એ સૌંદર્યાનુભૂતિનું ફલન છે.

રૌદ્રરસ: સંગ્રામ, યુદ્ધ પ્રવૃત્તિ, શત્રુઓએ કરેલું અપકૃત્ય, માનભંગ, વડીલોથી થયેલી નિંદા, લડવા માટે કરાયેલી તૈયારી આ બધાથી રૌદ્રની ઉત્પત્તિ થાય છે. રૌદ્રરસનો સ્થાયી ભાવ ક્રોધ છે, એના અનુભાવરૂપે કોઇને મારવું, તોડવું, પાડવું, પીડા પહોંચાડવી, કાપવું, ભેદવું, હથિયાર ઉપાડવાં, પ્રહાર કરવો, જખમી કરવા વગેરે છે.

રૌદ્ર રસનું ઉદાહરણ:

नवोच्छलित यौवनस्फुरदखर्व गर्वज्वरे
मदीय गुरुकार्मुकं गलित्साध्वसं वृश्चति।
अयं पततु निर्दयं दलितदृप्त भूभृत्कुल:
स्खलत् रुधिरघस्मरो मम परश्वधो भैरव:।।

ઊછળતી યુવાનીને કારણે ખૂબ વધી ગયેલા ગર્વરૂપ જ્વરવાળા બનીને કોઇએ મારા ગુરુદેવ (શંકર)નું ધનુષ્ય તોડી નાખ્યું છે, હવે મારું આ પરશુ કે જેણે સંગ્રામમાં અભિમાની રાજાઓનાં ગળાં કાપી નાખ્યાં છે તથા એ રાજાઓનાં ગળામાંથી નીકળતા લોહીનું જેણે પાન કર્યું છે તે (પરશુ) તેના ઉપર નિર્દય બનીને પડે.

પરશુરામે બોલેલી આ ઉક્તિ છે, કેમ કે શિવનું ધનુષ્ય કોઇએ તોડી નાખ્યું છે તેથી તોડનાર ઉપર મારું આ પરશુ પડે.

ભયાનક રસ: ભય એ ભયાનક રસનો સ્થાયી ભાવ છે. કોઈ ભયાવહ દૃશ્ય જોવાથી કે બળુકા વ્યક્તિઓ દ્વારા થતા અપરાધકર્મથી આ રસની ઉત્પત્તિ થાય છે. કોઈ વિકૃત અવાજ, ભૂત-પ્રેતને જોઈ જવાં, શિયાળ કે ઘુવડની પ્રવૃત્તિ જોવાથી, વેરાન ઘર, વનગમન, પોતાના સ્વજનોનો વધ કે બંધન પામતા જોવાથી કે સાંભળવાથી આ ભયાનક રસ ઉત્પન્ન થાય છે. જેમકે:

श्येनम् अम्बरतलादुपागतं शुष्कदाननबिलोविलोकयन्
कम्पमानतनुराकुलेक्षण: स्पंदितुं न हि शशाक लावक:।।

અર્થાત્ લાવરી નામના પક્ષીએ જેવું ઝપટ મારતાં બાજને જોયું ત્યાં જ તેનું મુખ સુકાઈ ગયું, તેનું શરીર ધ્રૂજવા લાગ્યું અને આંખો ચકળવકળ બની ગઈ. તે જરા પણ હલીચલી શકતું નથી.

અહીં ભયાનક રસનું સુંદર વર્ણન છે. સુંદરતા તેના પ્રત્યક્ષીકરણથી ઉત્પન્ન થયેલી લાવરી નામના પક્ષીની દશામાં જણાય છે જ્યાં અર્થબોધન થાય છે ત્યાં ભાવાભિવ્યક્તિ સ્પષ્ટ રીતે થતી જણાય છે. એક ભયપ્રેરિત ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે. આમ કરવામાં કવિની સફળતા એ સૌંદર્યપ્રાપ્તિ છે.



અદ્‌ભુત રસ: અદ્‌ભુત રસનો સ્થાયી ભાવ વિસ્મય છે. વિસ્મય એટલે આશ્ચર્ય - જ્યારે ભાવક આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા પદાર્થનું, ઘટનાનું દર્શન કરે ત્યારે અદ્‌ભુત રસ ઉત્પન્ન થાય છે ભરતમુનિના મતે જ્યારે દિવ્યજનો કે દિવ્યલોકના કોઇ દેવતાઓને જોવાથી, અભીષ્ટ મનોરથ સિદ્ધ થવાથી, ઉપવન કે દેવ મંદિરમાં જવાથી, સભા, વિમાન, માયા કે જાદુઇ બાબતોને જોવાથી આ રસની ઉત્પત્તિ થાય છે. આમ થવાથી સ્તંભ-અચંબિત થઇ જવું, સ્તબ્ધ થઈ જવું, પસીનો વળવો, રોમાંચ થવો, અવાજ ગદ્ ગદ્ બની જવો અને થોડીવાર માટે ભ્રમિત થઇ જવું-આ બધા તેના અનુભવો છે. કવિ પોતાની કૃતિ દ્વારા એવી કાવ્યરચના કરે ત્યારે એ કલાની ફલશ્રુતિરૂપે અદ્‌ભુત રસ પ્રાપ્ત થાય છે. કૃષ્ણના મુખમાં બ્રહ્માંડના દર્શન થતાં માતા યશોદા આ પ્રમાણે બોલી ઊઠે છે :

चराचरजगज्जालसदनं वदनं तव।
गलद् गगनगांभीर्यम् वीक्ष्यास्मि हृतचेतना।।

અર્થાત્ , હે કૃષ્ણ! જે સંપૂર્ણ ચરાચર જગતનું નિવાસસ્થાન છે અને જેની સામે ગગનનું ઊંડાણ નષ્ટ પામે છે એવા તારા મુખને જોતાં ચૈતન્ય ચાલ્યું જાય છે અને આશ્ચર્યથી બુદ્ધિ પણ હણાઈ જાય છે !

પ્રસ્તુત શ્લોકમાં સ્વર્ગ આદિલોક સહિતનું વિશ્વ કેટલું અને કેવું ભવ્ય હોય છે, અકૂપાર હોય છે, તે એક નાના બાળકના મુખમાં દેખાઈ જાય, સમાઈ જાય છે. જે અત્યાર સુધી કવિનું સત્ય હતું તે હવે ભાવકનું તથ્ય બની જાય છે, એટલે જે આલંબન કવિબુદ્ધિમાં હતું તે કવિએ પોતાની કવિત્વશક્તિથી,

નિપુણતાથી ભાવકના મનમાં સંક્રાન્ત કર્યું અને ભાવકને એ અનુભવાયું પણ ખરું. અહીં કવિચિત્તમાં રહેલું બિંબરૂપ પરિદૃશ્ય ભાવકચિત્તમાં પ્રતિબિંબિત થાય છે. ચંદ્રનું પ્રતિબિંબ જળાશયમાં ઝિલાય એમ. આ ઇષ્ટ રસોત્પત્તિ આનંદનો અનુભવ કરાવે છે. તે જ સૌંદર્યાનુભૂતિમાં ભાવકને તરબોળ-રસબોળ કરી મૂકે છે. આ છે કાવ્યસૌંદર્યના હસ્તાક્ષરો!!

શાન્ત રસ: નાટ્યશાસ્ત્ર મૂળ આઠ રસને સ્વીકારે છે. પણ પછીના આચાર્યો નવમો શાંતરસ પણ માને છે. જેનો પણ એ જ નામનો સ્થાયી ભાવ છે અને મોક્ષપ્રવર્તક કહેવાય છે. તેની નિષ્પત્તિ પરમતત્ત્વના સાક્ષાત્કારથી, વૈરાગ્ય અને ચિત્તશુદ્ધિથી થાય છે. આ ચિત્તની એવી અવસ્થા છે જ્યાં ઇન્દ્રિયોનું શમન થાય છે. તેથી તેને શાંતરસ કહેવાય છે. ઘણા આચાર્યોના મતે આ રસની અભિવ્યક્તિ કરાવવી પાત્રો માટે અશક્ય છે. કેમ કે જો આ રસ ઇન્દ્રિયોના શમન માટે હોય તો ઇન્દ્રિયપ્રવર્તન જ ન થતું હોય; તો પછી પાત્ર તે રીતે માનસિકતા ન રચી શકે.

સહૃદય ભાવક એને કહેવાય જે કવિના હૃદયની સાથે તાદાત્મ્ય સાધી લે છે. જેમ કાવ્યરચના માટે ભાવયિત્રી જોઇએ તેમ કાવ્યરસાસ્વાદન માટે ભાવકમાં ભાવયિત્રી પ્રતિભાની જરૂર પડે છે. અભિનવગુપ્તે કહ્યું છે કે કવિના હૃદયમાં રહેલો રસ એ મૂળ છે. તેમાંથી પ્રગટેલું કાવ્ય તે વૃક્ષ છે, નટનો-અભિનેતાનો અભિનયાદિ વ્યાપાર એ પુષ્પો છે અને સામાજિકોને એટલે કે સહૃદયોને થતો રસાસ્વાદ એ ફળ છે.

કેટલાક આચાર્ય શાંતરસના ચાર પ્રકાર ગણે છે, તે રસની પૂર્ણતાને દર્શાવે છે: (૧) વૈરાગ્ય (૨) દોષનિગ્રહ (૩) સંતોષ (૪) તત્ત્વ સાક્ષાત્કાર.

શાંતરસનું ઉદાહરણ જોઇએ :

व्याघ्री इव तिष्ठति जरा परितर्जयन्ति
रोगाश्च शत्रव: इव प्रहरन्ति देहम्।
आयु: परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम्।।

વાઘણની જેમ વૃદ્ધાવસ્થા ઊભી છે, રોગો શત્રુની જેમ દેહને મારી રહ્યા છે, આયુષ્ય સરી રહ્યું છે, તૂટેલા ઘડામાંથી પાણી પડે એમ વહી રહ્યું છે, છતાં સમાજ અહિતનું આચરણ કરે એ દુ:ખની વાત છે.

વાઘણ, શત્રુ, તૂટેલો ઘડો અને પાણી જેવી વ્યંજના દ્વારા અહીં શાંત રસનું ઇંગિત થયું છે. આવી વૃદ્ધાવસ્થાનો સાક્ષીભાવે સ્વીકાર કરીને, ઉત્પાત રહિત બનીને શાંતત્વને પામવું એ જ હિતકર છે.

પ્રત્યેક રસના સૌન્દર્યબોધને રસાનંદમાં લીન થઈ પામવા માટે કથનમાં નિહિત વિચારતત્ત્વને ભાષા-અર્થ-ગ્રહણ થકી આત્મસાત કરવાનું સામર્થ્ય ભાવકમાં અપેક્ષિત છે.

પંડિતરાજ જગન્નાથના શબ્દોમાં, "સૌન્દર્ય કે રસનો અનુભવ અને તેનાથી ઉપજતો આનન્દ ભગ્ન આવરણ ચિત્ વિશિષ્ટ (જેનું આવરણ ભાંગી ગયું છે એવા ચિત્થી વિશિષ્ટ) છે." આમ રસાનુભવમાં માણસનો જીવ 'પરિમિત'પણું વિસરી જાય છે અને 'ભૂમા'માં પ્રવેશ કરે છે. ભૂમા વૈ સુખમ્ આ રીતે સિદ્ધ થાય છે. કલાઓનાં સર્જનમાં અને આસ્વાદમાં પણ ભૂમા અને તેનો આનંદ મૂળ પ્રેરણા લાગે છે.

કાવ્ય, નાટ્ય કે બીજી કોઈ કલા, રસસૂત્રની પરિભાષામાં, વિભાવ રૂપ છે જેનું કામ, અભિનવગુપ્તપાદ કહે છે, આ વિઘ્નોને દૂર કરવાનુ છે. અર્થાત્ કાવ્ય કે નાટ્ય કે કલાકૃતિ પ્રતીતિ(અર્થઘટન)ના વિઘ્ન દૂર કરે છે અને એના સૌન્દર્યબલથી સાધારણીકરણ કરે છે. એ રીતે બધાં વિઘ્નોને દૂર કરી ચિત્તને નિર્વિઘ્ન કરે છે. આવી 'નિર્વિઘ્ના સંવિત્' એ જ રસ છે અને એવી નિર્વિઘ્નસંવિત્તિ થતાં, થતો રસનો અનુભવ એ આનન્દ છે- એ જ રસનો, સૌંદર્યનો અને કલાનો આનન્દ છે.

—રસિકલાલ છો. પરીખ

કાલિદાસના મેઘદૂતમાં સૌંદર્ય

ડૉ. સ્વાતિ શાહ
swatidhaivat@gmail.com

'સૌંદર્ય' શબ્દ સુંદર નામ પરથી ભાવવાચક રૂપે બને છે, જે સુંદરતાનો સમાનાર્થી છે. વાચસ્પત્યમ્ અનુસાર સૌંદર્ય એટલે સુંદરતાનો ભાવ કે અંગ-પ્રત્યંગોની સપ્રમાણતા જે આપણા મનમાં સુંદરતાનો ભાવ જન્માવે છે. સુંદરતા આનંદ આપે છે.

સંસ્કૃત કવિ કાલિદાસનું નામ હમેશા 'મહાકવિ' ઉપાધિ સહિત જ પ્રયોજાતું જોવા મળે છે. પૂર્વે જ્યારે કવિઓની ગણતરી કરવામાં આવી ત્યારે પહેલાં કનિષ્ઠિકા પર કાલિદાસનું નામ લીધું, પછી તેની તુલનાનો કોઈ કવિ મળ્યો જ નહીં, તો કનિષ્ઠિકાની આગળની આંગળીનું 'અનામિકા' નામ સાર્થક થઈ ગયું. કાલિદાસને આ મહત્ત્વ મળવાનું કારણ તેમની કાલજયી કૃતિઓ છે. તેમણે ત્રણ નાટકો, બે મહાકાવ્યો અને બે ઊર્મિકાવ્યો આપ્યાં છે, જે વિશ્વવિખ્યાત બન્યાં છે. કવિનું મેઘદૂત બે ખંડોમાં વિભાજિત થયેલું છે; પૂર્વમેઘ અને ઉત્તરમેઘ. આ કાવ્યમાંથી સ્ફુરતા સૌંદર્ય વિશે આપણે વિચારણા કરીશું.

મેઘદૂતનો ઉઘાડ જ 'કશ્ચિત્' અર્થાત્ 'કોઈક' એવા શબ્દથી થાય છે. કોઈ એક યક્ષ, ફરજ ચૂકવાના કારણે માલિકના ગુસ્સાનો ભોગ બન્યો છે અને શાપ રૂપે પત્નીનો એક વર્ષનો બહુ મોટો (!) વિરહ આવી પડ્યો છે, તે રામગિરિ પર આવેલા આશ્રમોમાં ભટકી રહ્યો છે. અને એ રીતે, એ પર્વત પર તેણે કેટલાંક મહિનાઓ પસાર કર્યા છે, પ્રિયાવિરહમાં તે દુબળો પડી ગયો છે. આ દરમિયાન અષાઢ મહિનો આવી પહોંચ્યો અને પહેલા જ દિવસ તેને વપ્રક્રીડા કરતા હાથી જેવું વાદળ આકાશમાં દેખાયું. તે વિચારે છે કે, વાદળો જોઈને તો સુખી માણસનું મન પણ વિચલિત થઈ જાય તો જેનું પ્રિયજન દૂર હોય, મળી શકે એમ ન હોય, એની સ્થિતિની તો વાત જ શું?

પોતાને દુ:ખ થતાં પ્રિયતમા યાદ આવી. તેને થયું કે જો આ દુ:ખ મારાથી સહન નથી થતું તો ફૂલ જેવું કોમળ હૈયું ધરાવતી પોતાની પ્રિયાની હાલત શું થશે? તો તેને જીવતી રાખવા પુનર્મિલનની આશા બંધાવવી જોઈએ. અને એટલે તે વાદળ એટલે કે મેઘ સાથે સંદેશ મોકલવા ઇચ્છે છે. કાલિદાસ ચોખવટ કરે છે કે, 'ધૂળ, ધુમાડો, પાણી અને પ્રકાશથી બનેલું વાદળ ક્યાં અને કુશાગ્ર બુદ્ધિશાળી પ્રાણીઓ દ્વારા મોકલાતા સંદેશ ક્યાં! અતિ ઉત્સુક બનેલા એણે આવું કાંઈ ન વિચાર્યું. ખરેખર! કામાર્ત વ્યક્તિ ચેતન-અચેતન પ્રત્યે ભેદ કરી શકતા નથી!'

અને ખરેખર યક્ષ વાદળને દૂતકાર્ય સોંપવા તત્પર થયો છે. એ પહેલાં વાદળનાં વખાણ કરી લે છે, તેના ઉત્તમ કુળની યાદ અપાવે છે, તેની મહત્તાનો મહિમા કરે છે અને પછી સાર્વત્રિક સત્ય સમાન ઉક્તિ જોડી દે છે કે, 'અધમ પાસે માગીએ અને મળી જાય એના કરતાં ખાનદાન વ્યક્તિ પાસે યાચના કરીએ અને નિષ્ફળ જાય એ વધારે સારું છે!'

અને પછી પોતાની માગણી મૂકે છે કે, તું તો સંતપ્તોનું શરણ છે! તો ધનપતિના ક્રોધના કારણે પ્રિયાવિયોગી-સંતપ્ત બનેલા એવા મારું ય શરણ બન, મારો સંદેશો તું લઈ જા! આ સંદેશો આપવા તારે કુબેરની અલકાનગરીમાં જવાનું છે. અને પછી યક્ષ મેઘને અલકાનગરી જવા માટેનો માર્ગ જણાવે છે.

આ કાવ્યનું સૌન્દર્ય પળેપળ પત્નીના વિરહમાં ઝૂરતા યક્ષના વ્યવહારમાંથી અવિરત પણે સ્ફુરતું રહે છે અને કાલિદાસને જાણે એ જ અભિપ્રેત છે. ઉપરાંત, મંદાક્રાંતા જેવો છંદ વાચકોની ઊર્મિને વશ કરવામાં સહાયક બને છે.

મેઘને અલકાનગરીનો પથ દર્શાવતો યક્ષ જડ અને ચેતન પદાર્થોનો ભેદ કર્યા વિના જ, તેમના પર પ્રેમ અને વિરહ, મિલન અને વિયોગનું આરોપણ કરતો રહે છે. યક્ષનો સંદેશ લઈને નીકળતાં જ મેઘને પ્રિયતમ પાછો ફરવાની રાહ જોતી પ્રોષિતભર્તૃકાઓનાં દર્શન થવાનાં છે, એ યાદ કરીને યક્ષ એક નિસાસો નાખી લે છે કે, તું જ્યારે વરસવાની તૈયારીમાં હોય ત્યારે મારા જેવો પરાધીન કોણ હોય, જે વિરહવ્યાકુળ પત્નીની ઉપેક્ષા કરે?

કાલિદાસની આ કૃતિનો મુખ્ય વિષય જ પ્રણય અને વિરહ છે. ભરતમુનિ કહે છે કે, 'न हि रसदृते कश्चिदर्थ: प्रवर्तते ।' રસ જ કૃતિનો અર્થ આપનાર હોય છે. મેઘદૂતનો પ્રધાન રસ વિપ્રલમ્ભ શૃંગાર છે અને યક્ષ જે જે વસ્તુ, સ્થળ કે પદાર્થને જુએ છે, જેના વિશે વાત કરે છે એ દરેકમાં મોટાભાગે તેને કામક્રીડા કે વિરહવેદના જણાય છે. કાલિદાસ તેને પ્રારંભે જ કામી કે કામાર્ત કહીને તેની મનોસ્થિતિ સ્પષ્ટ કરે છે અને સમગ્ર કાવ્યમાં તે વિપ્રલમ્ભ શૃંગારરસ વહાવતી રહે છે, વાચક કે ભાવક વિપ્રલમ્ભ શૃંગારમાં રસ-તરબોળ થતા રહે છે.

યક્ષ કહે છે કે, 'તું જરા આગળ જશે કે તરત જ ગર્ભાધાનક્ષણથી પરિચિત તત્પર બલાકાઓ હારબંધ તારી નજીક ઊડશે અને માનસરોવર તરફ જતા, ચાંચમાં મૃણાલખંડનું પાથેય લઈ ઊડતા હંસ તારા સાથીદાર બનશે. તો આ પર્વતને ગળે મળી વિદાય લે.' અને પછી, સંદેશ આપતાં પહેલાં તે મેઘને અલકા જવાનો માર્ગ સમજાવે છે

મેઘને સંબોધીને યક્ષ કહે છે કે, 'મુગ્ધ સિદ્ધાંગનાઓ તને જોઈને આશ્ચર્યમાં પડી જવાની કે, પવન પર્વતનું શિખર લઈ ચાલ્યો કે શું? તું કૃષિફળનો આપનાર છે એમ ગ્રામીણ સ્ત્રીઓ તને પ્રેમથી જોશે. આમ્રકૂટ પર્વતનો દાવાનળ તેં ઠાર્યો છે, એટલે તારો એ કૃતજ્ઞ મિત્ર થાકી ગયેલા તને શિખર પર ધારણ કરશે. ત્યારે તે, 'मध्ये श्याम: स्तन इव भुव: शेष विस्तार पाण्डु:।' મધ્યમાં શ્યામ અને બાકીનો વિસ્તાર પાંડુ વર્ણનો થતાં પૃથ્વીનાં સ્તન સમાન શોભી ઊઠશે. આ પર્વતનાં વનોની કુંજોમાં વનચરોની પત્નીઓએ રમણ કર્યું છે.'

'આગળ વધતાં વિદિશા આવશે અને ત્યાં તને તારી રસિકતાનું ફળ શીઘ્ર પ્રાપ્ત થશે કેમકે ગડગડાટથી ઊછળતાં વેત્રવતીનાં જળનું પાન તું એવી રીતે કરીશ, જાણે કે, એ તેનું આંખો નચાવતું મુખ ન હોય! નીચૈ: પર્વત પર તું રોકાજે, તેનાં સુગંધ ફેલાવતાં ગુફાગૃહો નગરવાસીઓનાં ઉદ્દામ યૌવનને દર્શાવે છે.'

યક્ષ મેઘને માર્ગ જરા અવળો પડે તો પણ અવન્તીની રાજધાની ઉજ્જૈન જવા કહે છે. ત્યારે રસ્તામાં નિર્વિંધ્યા નદી આવશે જે, 'હંસોની માળા રૂપી મેખલા, મોજાં ઊછળવાથી રણકે છે અને પાણીમાં થતી ભમરીઓ દ્વારા જાણે પોતાની નાભિ પ્રગટ કરી રહી છે તેવી નિર્વિન્ધ્યાના પાણીથી રસાન્વિત થજે, કારણ સ્ત્રીઓના હાવભાવ જ પ્રથમ પ્રણયવચન હોય છે. તારા વિયોગે વિરહી નારીની જેમ ક્ષીણ થઈ ગયેલી, કિનારે રહેલાં વૃક્ષોનાં ખરતા પાનથી પીંગળી જણાતી તેને, તું યોગ્ય રીતે વરસીને તેની ક્ષીણતા દૂર કરજે.' ત્યાંથી આગળ વધતાં તું સ્વર્ગના તેજસ્વી ટુકડા જેવી અવન્તીને જોઈશ. ક્ષિપ્રાનો પવન દરરોજ સવારે, રતિપ્રાર્થનામાં મીઠું બોલતા પ્રિયતમની જેમ, સ્ત્રીઓનો રતિખેદ દૂર કરે છે.'

જરા અવળો પડે તો ય ઉજ્જૈન જવાનું કારણ ત્યાં રહેલા મહાકાળ છે. યક્ષ કહે છે કે વહેલો પહોંચી જાય તો પણ સંધ્યાકાળ સુધી રોકાજે. સંધ્યાઆરતીમાં મૃદંગના જેવો ધીર-ગંભીર અવાજ કરજે, તને એ પુણ્યનું ફળ જલદી મળશે. વળી, તે નગરની સ્ત્રીઓની આંખોના ચંચળ ખૂણા સાથે રમજે અને, 'સોયથી ભેદી શકાય એવા ગાઢ અંધકારમાં પિયુમિલન માટે નીકળેલી અભિસારિકાઓને નિકષ પર સોનાની રેખ જેવી આછી વીજળી વડે રસ્તો બતાવજે, બહુ મુખર ન થઈશ, સ્ત્રીઓ સ્વભાવે ભીરુ હોય છે.'

ઉજ્જૈનથી આગળ વધતાં ગંભીરા નદી આવશે. જેમ ચિત્તમાં, તેમ તે નદીના સ્વચ્છ જળમાં મેઘ પ્રવેશ મેળવીશે અને તેને તું ઝડપથી છોડી પણ નહીં શકે. કારણ કે, 'ज्ञातास्वादो विवृतजघनां को विहातुं समर्थः।' મહાપરાણે ત્યાંથી નીકળી આગળ જતાં મેઘના રસ્તે ચર્મણ્વતી નદી આવશે, જેમાં પાણી ભરવા નીચે નમેલા તેને ગગનવિહારીઓ અપલક જોયા કરશે.

મેઘનું સંદેશ આપવા જ્યાં જવાનું છે એ અલકા દૂરથી કેવી દેખાશે? યક્ષ કહે છે, 'મોતીની માળા વાળમાં ગૂંથેલી રમણી સમાન, જેનું ગંગા રૂપી રેશમી વસ્ત્ર સરી પડ્યું છે તેવી, પ્રિયતમના ખોળામાં હોય તેમ, પર્વતના ઢાળ પર રહેલી અલકાનગરી મેઘને દેખાશે.' આ નગરીમાં '..આંસુ માત્ર આનંદમાં આવે છે, કામવ્યથા સિવાય કોઈ સંતાપ નથી અને પ્રણયના રૂસણાં સિવાય કોઈ વિયોગ નથી. સર્વત્ર પ્રણયનું જાણે રાજ્ય છે. તેના મહેલોમાં રહેલા ચંદ્રકાંત મણિઓ સ્ત્રીઓને રતિક્રીડાથી ઉદ્ભવેલો થાક દૂર કરે છે અને કામીજનો ઉપવનોમાં વિહાર કરતા બેસે છે. વાળમાંથી સરી પડેલાં મંદારપુષ્પો, વિખરાયેલી પાંખડીઓવાળાં સુવર્ણકમલ રૂપી કર્ણપુષ્પો, તૂટેલી મોતીની સેરો અને હાર અભિસારિકાઓનો રાત્રિમાર્ગ સૂચવે છે. અહીં કામદેવનું કાર્ય સુંદર યુવતીઓનાં નેત્ર-કટાક્ષથી શોભતા વિલાસોથી થાય છે.'

યક્ષનો કેમેરા જાણે એક્સ્ટ્રીમ લોંગ શોટ પરથી લોંગ શોટ પર આવે છે. હવે તેને એ નગરીમાં આવેલો ક્રીડાપર્વત અને એ પર્વત પરનાં ગમતીલાં પદાર્થો દેખાય છે. એ પર્વત પત્નીને પ્રિય છે એમ સ્મરણમાં આવતાં ય તેનું હૈયું ધબકી ઊઠે છે. તે કહે છે કે, 'ત્યાં રહેલું અશોકનું વૃક્ષ મારી પત્નીના ડાબા પગની લાતની અભિલાષા રાખે છે અને બકુલ દોહદના બહાને મારી પત્નીના મુખની મદિરાની અપેક્ષા રાખે છે.' ચરક-સમ્હિતાના સૂત્રસ્થાનના એક શ્લોક 'सेन्द्रियं चेतनं द्रव्यं निरीन्द्रियमचेतनम्'ની ટીકામાં ચક્રપાણિ નોંધે છે કે, 'अशोकस्य च कामिनीपादतलाहतिसुखिनः।' સાહિત્ય-દર્પણકાર નોંધે છે કે, 'पादाघातादशोकं विकसति बकुलं योषितामास्यमद्यैः।' વૃક્ષોમાં ચેતન રહેલું છે-નો આ સંદર્ભ કાલિદાસ સુંદર રીતે ઉપયોગમાં લે છે અને બન્ને વૃક્ષોની વિરહાવસ્થા કહીને યક્ષ તેની એકદેશીય મનોસ્થિતિ પણ દર્શાવી દે છે.

આથમતી સાંજે આ પર્વતના સાન્નિધ્યે કરકંકણધ્વનિએ મયૂરને નચાવતી પોતાની પત્ની અને મણિ, સ્ફટિક અને સુવર્ણની, બે વૃક્ષોની વચ્ચે બનેલી ઓટલીય યક્ષને યાદ આવે છે.

યક્ષનો કેમેરા હવે જરા ફરે છે અને પોતાના ક્ષામચ્છાય અર્થાત્ ઝાંખી પડી ગયેલી આભાવાળા ભવનનું ઓળખચિહ્ન તે મેઘને આપે છે અને વીજળીના ઝબકારે ભવનમાં નજર નાખવા સૂચવે છે, જ્યાં તેની, સર્જનહારના શ્રેષ્ઠ સર્જનરૂપ, તન્વી શ્યામા શિખરીદશના' પત્ની દેખાશે. યક્ષ એની વધુ ઓળખ આપે છે કે, 'જીવિતં મે દ્વિતીયમ્।' તું એને મારું બીજું જીવન જ જાણજે. પોતાના વિરહમાં શિશિરથી ચીમળાઈ ગયેલી કમલિનીની માફક તેનું રૂપ પણ બદલાઈ ગયું હશે એમ યક્ષને લાગે છે અને યક્ષોને દેખાય છે કે ભારે રુદનના કારણે સૂઝી ગયેલી આંખોવાળું, ઊનાઊના નિ:સાસાના કારણે ઝાંખા થયેલા અધરોષ્ઠવાળું, હાથ પર ટેકવેલું, લાંબા છૂટા વાળને કારણે પૂરેપૂરું ન દેખાતું ક્ષીણ થયેલી પ્રભાના કારણે કૃષ્ણપક્ષના ચંદ્ર જેવું પત્નીનું કરમાયેલું મુખ.

'દેવપૂજામાં વ્યસ્ત અને વિરહના કારણે દુર્બળ બની ગયેલી તેની પત્ની કલ્પના કરીને પોતાની છબી ચીતરી, સારિકાને પૂછે છે કે, 'હે સારિકા! તું સ્વામીનું સ્મરણ કરે છે કે? તું તો એને બહુ વહાલી હતી!' અથવા મલિન વસ્ત્રો ધારણ કરેલી તે ખોળામાં વીણા રાખી, મારા નામથી યુક્ત પદનું ગાન કરવા ઇચ્છે છે, પણ આંસુઓથી ભીંજાઈ ગયેલી વીણાને ફરી ફરીને સજાવી, ગાવા જતાં ગીતનું સ્વરસંયોજન પણ ભૂલી જાય છે.'

યક્ષને લાગે છે કે, તેની પ્રિયતમા વિરહના દિવસથી શાપની નક્કી કરેલી અવધિના બાકી રહેલા મહિનાઓને ઉંબર પર મૂકેલાં પુષ્પો ગણીને દિવસો પસાર કરતી હશે કે પોતાની સાથે માણેલા રમણને યાદ કરી સમય પસાર કરતી હશે. તેને દિવસ એટલી પીડા નહીં આપતો હોય જેટલી રાત્રિ. જે રાત્રિઓ બન્ને સાથે હોય ત્યારે ક્ષણમાત્રમાં પૂરી થતી હતી એ રાત્રિઓ વિરહમાં લાંબી બની હશે અને પોતાની પત્ની વિરહશૈયા પર એક પડખે સૂઇને, ઊનાં આંસુઓ સારતાં વ્યતીત કરતી હશે કે પછી મધરાતે ઊડી ગયેલી ઊંઘવાળી તે જમીન પર સૂતેલી હશે.

યક્ષ મેઘને કહે છે કે, 'અશ્રુભારે ઢળી જતાં પોપચાંવાળી તેને તું વાદળછાયા વાતાવરણમાં ન ઊઘડેલી કે ન બિડાયેલી કમલિની જેવી, જ ઊંઘતી કે ન જાગતી એવી જોઈશ. નિરાભૂષણા, મહામહેનતે શરીર ધારણ કરતી તે અબળા તનેય નવજળરૂપ અશ્રુ સારતો કરી દેશે એ નક્કી છે. અલબત્ત, તેના મારા પ્રત્યેના ભાવને હું જાણું છું એટલે તને આ કહું છું, ખરેખર! મને મારા સૌન્દર્યનું અભિમાન વાચાળ નથી બનવતું.'

વિરહ ત્યારે જ એટલો સંતર્પક બને છે જ્યારે પ્રેમ એટલો ઉદ્દામ હોય. કાલિદાસ એ વસ્તુ બરાબર જાણે છે અને પોતાની કૃતિઓમાં તેનો પ્રભાવક વિનિયોગ કરે છે. રઘુવંશમાં સીતાત્યાગના વિચારે રઘુવીર 'દોલાચલચિત્તવૃત્તિ' બની જાય છે તો અભિજ્ઞાનશાકુન્તલમાં સામે આવેલા દુર્વાસાનું જ્ઞાન વિરહવ્યાકુળ શકુન્તલાને થતું જ નથી.

ત્યાર બાદ યક્ષ વદળને પોતાના મિત્ર તરીકેનો પરિચય આપી, આ મુજબનો સંદેશ આપવાનું કહે છે: 'હે અબલા! રામગિરિના આશ્રમમાં રહેતો તારો સહચર કુશળ છે. તારો વિયોગી તારું કુશળ પૂછે છે. .... દૂર રહેલો અને વૈરી વિધિના કારણે જેનો માર્ગ રુંધાયો છે, એવો તારો પ્રિયતમ ક્ષીણ, અતિસંતપ્ત, અશ્રુયુક્ત, સંશિત, નિ:સાસા નાખતા અંગ વડે, (તારા) અતિક્ષીણ, તપ્ત, આંસુભર્યા, અધીર ઉષ્ણ નિ:સાસા નાખતાં અંગો સાથે તે તે સંકલ્પો વડે એક થાય છે. જે તારી સખીઓની હાજરીમાં મોટેથી

બોલીને કહી શકાય એવી વાત પણ તારા મુખના સ્પર્શના લોભે કાનમાં કહેવા ઘેલો બનતો તે હવે તારી શ્રવણ-મર્યાદાની બહાર ગયો છે, નયનોથી પણ જોઈ શકાય એમ નથી, એટલે ઉત્કણ્ઠાપૂર્વક રચેલ પદ મારી સાથે કહેવડાવ્યું છે.'

અને એ વચન શું છે? 'બહુ જ વિચારીને હું મારી જાતે જ મારી જાતને ટકાવી રાખું છું. માટે હે કલ્યાણી! તું બહુ ગભરાટમાં ન આવીશ. એકલું સુખ કે એકલું દુ:ખ કોને મળ્યું છે? એ તો ચક્રના આરાની માફક ઉપર-નીચે બદલાયા કરે છે! વિષ્ણુ નાગશયન પરથી ઊઠશે ત્યારે મારો શાપ દૂર થશે, તો બાકી રહેલા ચાર મહિના આંખ મીંચીને કાઢી નાખ. પછી આપણે વિરહથી બમણા થયેલા કોડ પૂરા કરીશું.'

અને અંતે મેઘને વિદ્યુતથી ક્ષણભર માટે પણ વિયોગ ન થવાની શુભેચ્છા પાઠવે છે.

મેઘદૂત કાલિદાસની ઉત્તમ કૃતિ છે माघे मेघे गतं वय:। મેઘદૂત અને કવિ માઘને સમજતાં, પૂરું જીવન વ્યતીત કરી શકાય છે, એવું મલ્લીનાથે કહેલું છે. ત્યારે મેઘદૂતમાં આપણને એક જ રસ સતત અને અવિરત રીતે વહેતાં વહેતાં ગાઢ થયેલો અનુભવાય છે. પૂર્વમેઘમાં રામગિરિના આશ્રમોમાં ભટકતો યક્ષ મેઘને જોઈને દૂત બનવા માટે વિનંતી કરે છે અને ત્યાંથી જ તેના વિરહીપણાની આત્યંતિકતા આપણે સમજી શકીએ છીએ. તેને મન સજીવ-નિર્જીવ બધું જ સમાન છે. તેને પર્વત પૃથ્વીના સ્તન સમાન લાગે છે અને નદીઓનાં પાણીમાં તેને મુખ જણાય છે. તે મેઘને પણ સજીવ સમજીને માત્ર દૂત નથી બનાવતો, પરંતુ પર્વત સાથેની મૈત્રી યાદ અપાવવી, નદીઓ સાથે રમણ કરવા સૂચન કરવું અને વીજળીથી તેનો વિયોગ ન થાય તેવી શુભેચ્છા પણ આપવાનું ચૂકતો નથી. તેને મન વિરહથી વધીને કોઈ દુ:ખ નથી અને મિલનથી વધીને અન્ય કોઈ સુખ નથી. એ મિલન વાસ્તવિકતામાં ન પરિણમે તો તે પોતાની પત્નીની તસવીર ધાતુરંગે શિલા પર આલેખીને તેનાં ચરણમાં પડવા તત્પર બને છે અને પ્રિયતમની યાદ તેની આંખમાંથી ઊભરાતાં આંસુ બનીને તસવીરને જોતાં અટકાવે છે તો યક્ષને થાય છે કે, 'ક્રૂર કાળ ત્યાં પણ આપણો સંગમ સાંખી શકતો નથી.' તે સ્વપ્નમાં પણ પ્રિયતમાને આલિંગન કરવાના આશયથી હાથ લંબાવી બેસે છે. હિમાલયના પવનો પોતાની પ્રિયતમાને સ્પર્શીને આ બાજુ આવ્યા હશે તેમ વિચારીને તે પવનોને આલિંગે છે. તે પ્રિયાંગુલતામાં પ્રિયતમાનું અંગ, ચકિત હરિણીની દૃષ્ટિમાં પ્રિયતમાનો દૃષ્ટિપાત, ચંદ્રમાં પ્રિયતમાનું મુખ, મયૂરોનાં પીંછાંઓમાં પ્રિયતમાનો કેશકલાપ, નદીઓનાં નાના નાના તરંગોમાં પ્રિયતમાના નેત્રકટાક્ષને જોવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેને ક્યાંય સાદૃશ્ય જડતું નથી.

ભારતીય સૌન્દર્ય-વિચારણા અનુસાર આપણે અહીં રસથી પ્રાપ્ત આનંદજન્ય સૌન્દર્યનો અનુભવ કરીએ છીએ. એક જ વર્ષનો વિયોગ કાંઈ એવો અસહ્ય દીર્ઘકાળ નથી કે યક્ષે 'दायिताजीवितालम्बनार्थी' બની જવું પડે, કે પછી એ જડ અને ચેતન પદાર્થોના ભેદને સમજી ન શકે એવી હાલતમાં મુકાઇ જાય, એવું આપણને પ્રારંભે લાગે છે, પરંતુ આપણે જેમ જેમ યક્ષની સાથે દક્ષિણે રહેલા રામગિરિથી ઉત્તરમાં આવેલી અલકાના રસ્તે પ્રયાણ કરીએ છીએ તેમ તેમ આપણને યક્ષ સમજાતો જાય છે. એમાંય ઉત્તરમેઘમાં આવતાં સ્વર્ગના સુખ અને દુ:ખોને જાણતાં જ આપણને ખ્યાલ આવે છે કે, અહો! ક્ષણેક્ષણ આનંદને માણતા અલકાના રહેવાસી માટે આ વિયોગ, ખરે જ, અસહ્ય છે.

તેનામાં આવેલું પરિવર્તન, સૂક્ષ્મ પ્રેમની સમજ પણ કાલિદાસ આપણી સમક્ષ માત્ર બે જ વિધાનમાં મૂકી આપે છે: નિતાંત સુખ કે દુ:ખ કોઇને મળતાં નથી અને આપણો સ્નેહ ઓછો થયો નથી પણ, ઉપભોગના અભાવે તે પ્રેમપુંજ રૂપે એકઠો થયો છે.

મેઘદૂતમાં વિયોગ એક વર્ષ માટેનો જ છે, આ સંજોગોમાં અહીં વિરહ પીડા તો આપે જ છે, પરંતુ યક્ષના મનમાં રહેલી પુન:મિલનની આશા જાણે એને મુખર બનાવે છે. મહાકવિ આ વિયોગને સૌન્દર્ય-તરબોળ કરી આપણી સમક્ષ રજૂ કરે છે. આ સૌન્દર્ય પંચ જ્ઞાનેન્દ્રિય સહિત મનને આનંદ આપે છે. જેમ કે,

ચક્ષુ: કવિએ બહુ અદ્‌ભુત ચિત્રો અહીં આપ્યાં છે, જે આપણી આંખ સામે સુંદર દૃશ્યો ખડાં કરી દે છે. પર્વતની ટોચે રહેલું પર્વતને દંતશૂળથી તોડવાની રમત કરતા હાથી જેવું વાદળું, રાત્રે શિવમસ્તકે રહેલા ચન્દ્રની ચાંદનીમાં નહાતા રહેતા વિશ્વેશ્વર કુબેરની અલકાનગરીના મહેલોનું ચિત્ર, પવનમાં ફરફરતી વાળની લટોને ઊંચી લઇ પ્રિયતમ પાછો ફરવાની રાહ જોતી પ્રોષિતભર્તૃકાઓનું નયનાકર્ષક ચિત્ર, વાદળની બાજુમાં હારબંધ ઊડતી બગલીઓ અને ચાંચમાં મૃણાલખંડનું પાથેય લઇ ઊડતા રાજહંસો, પર્વતની ટોચ પરથી નીકળતાં મેઘધનુષ્યના કારણે મોરપિચ્છધારી કૃષ્ણ જેવું સુંદર દેખાતું વાદળ; આવાં અગણિત દૃશ્યો આપણે ય આશ્ચર્યચકિત થઇ મેઘની સાથે સાથે જોવા લાગીએ છીએ.

શ્રવણેન્દ્રિય: ચક્ષુને આનંદ આપનાર ચિત્રોની સાથે સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિય માટે પણ કાલિદાસ પાસે મધુરું સંગીત છે; વાદળની ડાબે બાજુએ મીઠાં ગીત ગાતાગાતા ઊડતો પપીહા, મેઘનું સાંભળવું ગમે એવું ગર્જન, જાણે આપણે પણ સાંભળી રહ્યા છીએ અને એનો આનંદ માણીએ છીએ. અલકાનગરીમાં મેઘને હરિફાઇ પૂરી પાડે એવો મૃદંગનો નાદ હોય છે અને યક્ષપત્ની વીણાના તાર મેળવવાનો પ્રયત્ન કરે છે, પણ આંસુઓનાં સ્પર્શે તે ભીંજાઇ જાય છે.

સ્પર્શેન્દ્રિય: યક્ષ મેઘને તેના મિત્ર એવા પર્વતને ગળે મળીને રજા લેવા સૂચવે છે, વેત્રવતીનાં તરંગિત જળનું પાન જાણે ભ્રુચંચલ મુખના સ્પર્શ જેવું છે. યક્ષ પોતાની પત્ની માટે વિશેષણ વાપરે છે; 'શ્યામા' અર્થાત્ ઠંડીમાં સર્વાંગે સુખદાયક ઉષ્ણતા અને ગ્રીષ્મકાળમાં સુખદાયક શીતળતા આપનાર સ્ત્રી (શબ્દકલ્પદ્રૂમ) અને 'તીક્ષ્ણ દાંત ધરાવતી' પણ સ્પર્શ જ સૂચવે છે ને!

સ્વાદેન્દ્રિય: વેત્રવતીનાં જળનું પાન મધુર છે, યક્ષની પત્નીનો અધરોષ્ઠ પાકેલ બિંબફળ સમાન (સહેજ ખારાશ પડતો મધુર સ્વાદ) છે.

ઘ્રાણેન્દ્રિય: જંગલી હાથીઓના મદથી સુગંધિત થયેલ નર્મદાનાં નીર, પાણી વરસાવતા અને જમીનમાંથી ઊઠતી ભીની ગંધ સૂંઘતા જંગલી હાથીઓ રસ્તો બતાવશે, કુટજ ફૂલોથી ભરેલાં પર્વતશિખરો રસ્તો રોકશે! આપણા મનમાં પણ ભીની માટીની સુગંધ મહોરી ઊઠે છે.

કાલિદાસ આપણા મનને આનંદાનુભૂતિથી સભર કરી દે છે, એ જ અનુભૂતિ આપણને પુન: પુન: મેઘદૂત પાસે લઇ જાય છે અને મલ્લિનાથની ઉક્તિ યથાર્થ ઠરે છે.

ચંડ ગર્જના ફરી ફરી મેઘે-
ઘન અંધારી ય રજનીમાં,
ચપળા કેરી ચમક જેમના-
પથ દર્શાવતી અવનીમાં,
કામિનીઓ અભિસારવતી,
એ પ્રેમે પિયુ પાસ જતી !



નીલકમલદલ સરખા શ્યામલ,
ઊંચો જળભારે નમતો,
મૃદુ પવનેથી વિચલિત ધીમે-
ઇંદ્રચાપ સહ ઘન સરતો
વિરહિણી પથિકપ્રિયાના એ
જાણે ચિત્ત હરી જાયે !

-- કવિ કાલિદાસ રચિત ઋતુસંહારનો સમશ્લોકી અનુવાદ: સુંદરમ્ --

ગૌરી સુંદરમ્

છાયા ઉપાધ્યાય
upchhaya@gmail.com

જુદાં જુદાં લાકડાંની રાખનો રાખોડી રંગ જુદો જુદો હોય છે, આછાં-ગાઢાં વાદળોમાં થાય તેમ. વાદળ ઘનઘોર ઘેરાય ત્યારે ભરબપોરે થયેલું ભૂખરું અંધારું પૂનમની રાતના અંધારા કરતાં ઊજળું હોય છે. ફિલ્મોમાં આવનારા રહસ્ય કે ગંભીર ઘટનાના દૃશ્ય માટે ગ્રે વાતાવરણનો ઉપયોગ થતો જોયો છે. ગ્રે એટલે જાણે અનિશ્ચિત, અપરિચિત અને હૂંફમાં પાંગરવા ટેવાયેલા જીવન માટે કાતિલ ઠંડી.

ગુલમર્ગમાંય ઘેરાયેલાં વાદળો રાખોડીની રંગછાયાઓના પટ્ટા જેવાં હોય છે – પોચાં લાકડાંની રાખ, વરસાદી બપોરના અંધાર કે રાખ ઘસીને ચમકાવેલા ઍલ્યુમિનિયમ જેવા ઊજળાં. વિઝિબિલિટી આઠ-દસ ફૂટ જેટલી હોય તો પણ તે ભૂખરો અંધકાર નહિ, ભૂખરી સફેદી જ લાગે છે, વ્હાઇટ આઉટ! ગુલમર્ગમાં 'ભૂખરો' એ કાળાનો નહીં, સફેદનો શેડ છે.

જમીન પર, મકાન પર, વૃક્ષ પર, આસ્ફાલ્ટના રોડ પર, ગાડીઓના કૅરિયર પર બધે જ બરફ. તે રંગને 'સફેદ' કહું તો કદાચ રંગની વ્યાખ્યામાં કોઈ અગત્યનો ગુણ છોડી દેવાયાની, ડાઘ છોડ્યાની ભીતિ લાગે એટલો ઊજળો સફેદ છે તે. સરસ્વતી અને તેમના હંસ જેવો શુભ્ર, ધવલ. સરખામણીમાં ચૂનો વધારે ઘન અને દૂધ વધારે તરલ પડે. પીંજારાની તાંત પર ફેંટાયેલો કપાસ થોડો નજીકનો રંગ લાગે - એવો જ અઘન, અતરલ ને હલકો. શીમળાના વૃક્ષ પરનું જીંડવું ફાટતાં તેનું રૂ જેમ તરતું તરતું નીચે આવે તેમ સ્નોફૉલ વખતે એક એક બરફ કણ નીચે આવે છે, અને હું ગણું છું – એક... બે... ત્રણ... 'તોય મારી છાબડીમાં માય' એ વિશ્વાસથી. પછી આદતવશ ઉપરની ઊંધી છાબ તરફ જોઉં છું, ઘેરાયેલાં વાદળોના સુરક્ષાપડ પાછળના દેવતા સામે આંખ માંડી શકાશે એમ આશ્વસ્ત થઈને. જોઉં છું કે આપણો સૌથી નજીકનો તારો કોઈ ઊંધા ફુવારાની ટોચની તાસક છે જેમાંથી બરફકણિકાઓ છલકાઈ રહી છે. મારા કૅલિડોસ્કૉપના બીજે છેડે બરફીલાં વાદળો પાછળથી અજવાળાનો આદિદેવ અર્ધપારદર્શક પડદો બન્યો છે, જેની ઉપર મૂક્યા છે માત્ર સફેદ રંગના કાચની પાતળી બંગડીના ટુકડા. એક...પુનરાવર્તિત થતી ભાતનો સુરેખ ષટ્કોણ, બે...કૅલિડોસ્કૉપ જરાક ફર્યું ને નવી ભાત, ત્રણ...

પીંછાની જેમ ઊતરી આવતી બરફની પ્રત્યેક કણિકામાંની અવનવી ઘણીબધી માઇક્રોસ્કોપિક, કૅલિડોસ્કૉપિક ભાત આંખમાં રમે છે. મકાનો, ગાડીઓનાં કૅરિયર, લૅમ્પપોસ્ટ, ઢોળાવો, લીલાં વૃક્ષોનાં પાંદડાં અને સૂકાં થડની ટોચ – એમ બધે તો એ જે તે

વસ્તુના માથાને અનુકૂળ આકારમાં જ ગોઠવાય છે પણ ટોપી કે તાજની જેમ નહીં. તાજ તો એ શિખરોનો બને, સૂર્યાસ્ત કે સૂર્યોદય વખતે! ગૌરીમાર્ગના ગૌર ગૌર વિસ્તારમાં તેની એ સોનેરી છટા જોવા નથી મળતી. અફર્વતની હાર શિખરથી તળેટી સુધી બરફાચ્છાદિત છે, કોઈ રશિયને ચઢાવેલા ઓવરકોટની જેમ. માથાથી શરૂ કરીને નીચે સુધી અને પછી આખા રસ્તા પર ડિઝાઇનરે ગૂંથેલી ભાતવાળી, લગ્ન માટે ચર્ચમાં આઇલ તરફ જઈ રહેલી કોઈ ધનિક સુંદરીની લાંબી ટ્રેનની જેમ બરફ પથરાયેલો છે. સૂર્યની હાજરીમાં એની ચમક એટલી પ્રખર છે કે આંખ અને ત્વચા ફક્ત અંજાતાં નથી, બળી જાય છે. તે બેવડા પ્રતાપથી આંખ અને ત્વચાને સનબ્લોક અને સનસ્ક્રીનનું સુરક્ષા કવચ ચઢાવવું પડે છે. દરેકેદરેક કણ તેના તારક સ્વરૂપની ઉદ્‌ઘોષણા કરવા રંગમંચ પર તૈયાર બેઠો છે. તે સાંભળવા-જોવા યોગ્ય બેઠક પર ગોઠવાવાનું છે. સૂર્ય અને બરફકણિકા સાથે ત્રિકોણ બનાવવા યોગ્ય બિંદુએ ઊભી રહું છું અને તે કણિકા સૂર્ય સરીખી ઝળાંહળાં દેખાય છે. શરીરને એકાદ દોરો આગળ કે પાછળ ખસેડી જોઉં છું, અક્ષનો અંશ બદલાતાં, નજરનું કેન્દ્ર વિસ્તરતાં બીજી કેટલીક કણિકાઓ સૂર્ય પડઘાવતી દેખાય છે. તેમના ખેલમાં હું હવે સહભાગી દર્શક છું, આગળપાછળ થતી જાઉં છું અને સૂર્યની કેટલાક સો જેટલી દીકરીઓ ઝગમગ ઝગમગ થતી રહે છે. તે જગ્યાએથી ખસીશ તો મારાં હીરામાણેક લૂંટાઈ જશે એવી બીક ફરકીને જતી રહે છે કેમ કે દિમાગને આ શૉની તકનીક ખબર છે. બરફછાયા રસ્તે ચાલવા જરૂરી લાગે તેથીય નાના અને ધીમા પગલે હું આગળ વધું છું. મારું 'ઝિલમિલ સિતારોં કા આંગન' મારી સાથે આગળ વધતું રહે છે. વળી અટકીને નીચેથી ઉપર જોઉં છું; હજારો વૉટની ફ્લડલાઇટ જેવા ભાસ્કરરાય વાદળમંડપની ઉપર અને અહીં નીચે, જમીન પર આંખ જ્યાં જ્યાં પહોંચે ત્યાં ત્યાં ટબૂકડા એલ.ઈ.ડી.ની ડાન્સિંગ સિરીઝ મારી સાથે કદમતાલ કરી રહી છે.

બરફકણિકાની આ બાળચેષ્ટા જોઈને એમ લાગે કે તેની અંદર સૂરજનો તાપ ઊતરતો જ નહિ હોય. પછી નજરે ચઢે છે ઝુમ્મરની જેમ લટકતાં પાણીદાર શિલ્પ. કોઇ છત કે કોઈ બારી કે પહેરેગીર જેવા કોઇ દેવદારની કોઈ એક ધારે ઓગળવાની તક મળતાં, સાગર તરફ ધસમસતી નદીના આ વંશજ વહેવા માટે ઇંચના દસમા ભાગ જેટલું સરકે એટલામાં કડક જમાદાર જેવી ઠંડક તેને ત્યાં જ રોકી પાડે છે. એમ સરકેલી, નહિ બરફ-નહિ પાણી એવી તરલ કણિકા પોતાની જીદ જાહેર કરતી હોય તેમ બરફનો શુભ્ર રંગ છોડીને મહાસાગરનો પાણિયાળ આકાશી રંગ અપનાવી લે છે. અહીંથી શરૂ થાય છે ઠંડક અને ઉષ્માની, જડત્વ અને પ્રવેગની, ઍન્ટ્રોપી અને ઊર્જાની ચડસાચડસી. પહેલી કણિકાએ ચાતરેલા રસ્તાની બધી કણિકાઓને ખબર પડી ગઇ છે. તે બધીઓ એક પછી એક જોડાતાં જઈને સંગઠન રચે છે અને આઇસક્રીમના કૉન જેવો શંકુ નીચેની તરફ ખસતો જાય છે, પણ તેમણે મૌસમ બદલાવાની રાહ જોવાની છે. હજી ફેબ્રુઆરી છે. સૂર્યે ભલે માણસો કરતાં વહેલી ઉત્તરાયણ ઊજવી લીધી હોય, તે અહીંયાં એટલો નજીક નથી કે માણસની આંખ, ત્વચા, ચિત્ત સિવાયની પ્રકૃતિને આંજી શકે. આઇસના પાણીદાર કૉન લંબાતા જાય છે અને ક્યારેક તેમનો ટાઢો, બરડ બરફીલો ગુણ તેમને વચ્ચેથી તોડી નાખે છે. નીચે પડેલો ટુકડો જો બરફ સમૂહમાં પડશે તો તેણે આખી યાત્રા નવેસરથી કરવાની થવાની છે, માનવીય અવરજવરના ભાગે પડશે તો તેનો મોક્ષ ઉતાવળિયો થવાનો છે. છત સાથે ચોંટી રહેલા ખરબચડા છેડાવાળા કટકાને ખબર નથી પડતી કે લટકી રહેવાનું છે કે તૂટી પડવાનું છે, તેની દશા ભૌતિકીનું પંચાંગ નક્કી કરવાનું છે.

અમુક કૉન લંબાતા જાય છે... લંબાતા જાય છે... જાણે દેવદારની ઊંધી છાપ. તેના પાણીભૂરા રંગમાં હમણાં ફૂટેલાં પાંદડાંની નાજુક લીલી છાપ છે. તેની લંબાઈ છે ઍન્જિનિયરિંગનો કમાલ અને તેનો ઘાટ કલાકારનો કસબ. ચાલતાં શીખેલા બાળકને ગોઠવવા અપાતી, ક્રમશઃ નાની કે મોટી થતી જતી ગોળાકાર રિંગની જેમ આ કૉનની ગોઠવણમાં રિંગો તો છે; પણ મૂળે તે પાણીની બનેલી એટલે એકવાર ગોઠવાયા પછી એકબીજામાં એવી ભળી ગઈ છે કે બે રિંગ વચ્ચેનો અવકાશભેદ રહ્યો જ નથી, ખાલી બહારની તરફ ઉપસેલો ઘાટ આગલા જન્મની સાબિતી તરીકે છે. કોઈ કોઈ કૉનમાં એક બાજુએ રિંગ ગઠ્ઠાની જેમ જામી છે, બાવળ પરના ગુંદરની જેમ. આ લાંબી બરફ લાકડીઓની લંબાઈથી ઇમ્પ્રેસ થઈ જવાયું છે અને કૂદીને તેને અડી લેવાનું મન થાય છે પણ તેમને પહોંચી શકાય તેમ નથી. ખાસી એવી લાંબી હોવા છતાં તે છે જમીનથી ઘણે ઊંચે. આવી લાંબી લાકડીઓ જે છતથી લટકે છે તે ત્રીજા કે ચોથા કે તેથી ઊંચા માળની છે. જો જમીનની કે બારીની નજીક હોત તો આટલા લાંબા થવાની તેને તક ના મળી હોત, માનવીય વ્યવહારની ઉષ્માએ તેના છેડાને ઓગાળી ટપકાવવા માંડ્યો હોત. એવી ટપકી રહેલી બરફ સળીને છેડે ચોંટેલું પાણીનું બુંદ તે આખી સળીનું પ્રતિનિધિ લાગે છે કેમ કે તેની બહારની સપાટી બાલટીમાં બોળીને બહાર કાઢેલી કાચની સળી જેવી ભીંજાયેલી છે, ઉષ્માએ તેને આલિંગનમાં ભીંસી છે.

આવી સળી, લાકડી, કૉન, દિવસ દરમિયાન સૂર્યના ન્યુટોનિક પ્રકાશના અને સાંજ પછી હેલોઝન રંગના ચાળા પાડે છે. પાણીની પારદર્શકતા અને બરફની અપારદર્શકતા વચ્ચે અટવાયેલી તે બધીઓ ક્યાંક ક્યાંક સાવ આરપાર અને ક્યાંક ક્યાંક અડધીપડધી પારદર્શક છે. તેમની આ મૂંઝવણ વચ્ચેથી પોતાનો માર્ગ આંકતા પ્રકાશથી રચાયેલી મનોહર રોશની કૅમેરા અને મારા ચિત્તની ફ્રેમમાં મઢાઈ જાય છે.

એક બરફકણિકાથી બીજી બરફકણિકા, એક તારકનૃત્યથી બીજા તારકનૃત્ય, એક લાકડીથી બીજી લાકડી સુધી જતાં કંઈ કેટલાય વિચાર ફરકીને હોલવાઈ જાય છે. 'અફર્વત' શું 'પર્વત'નું અપભ્રંશ છે? આ સ્થળને પ્રવાસન સ્થળ બનાવવાનો વિચાર કોને આવ્યો હશે? અહીં ગામ કેમ વસ્યું નહીં હોય? આવી જગ્યાએ રહીનેય હિંસ્રવૃત્તિ શમી કેમ નહિ જતી હોય? દિવસભર સ્કીઇંગ કર્યા છતાં થાક કેમ નથી લાગતો? ...પણ મન અહીં ઝાઝું ટકતું નથી. હું વિચાર પાસે ઊભી નથી રહી શકતી. સામેનું દૃશ્ય મને બોલાવે છે. દરેક ટેકરી, ઢોળાવ, વળાંક પાસે હું અટકી પડું છું, જોયા જ કરું છું. ધરાતી નથી એમ નથી કેમ કે કોઈ ભૂખ કે તૃષ્ણા નથી. પણ આ સનાતન સૌંદર્ય મને મુગ્ધ, ક્યારેક ચકિત અને મારામાં ઉમેરાઈને મને સતત છલકતી કરતું રહે છે. મને કશુંક અમૂલ્ય મળી રહ્યું છે, લેવડદેવડના વ્યવહાર તરીકે નહિ, જૂની ઓળખાણ તરીકે – એમ ખબર હોવાથી આભાર નથી ઊઠતો, અભિનંદન રહે છે. હું નથી દિગ્મૂઢ કે હતપ્રભ, કે નથી મને કોઈ નશો ચડ્યો. હાથમોજું ઉતારીને નવજાતને અડતી હોઉં તેમ સ્પર્શું છું અને એક ઉદ્‌ગાર ખારું બુંદ બનીને વળી વળીને પાંપણે ધસી આવે છે, 'કેટલું, બધું સુંદર!' કંઠમાં સતત કશુંક ભરાયેલું રહે છે. તેમાં કશુંક સતત ઉમેરાતું, ત્યાંથી પ્રાણરંધ્રોમાં ઊતરતું જાય છે – અમૃત જેવું.

'ગુલમર્ગ' એ 'ગૌરી માર્ગ'નો સાંસ્કૃતિક, ભાષિક-ભ્રંશ ઉચ્ચાર છે; અને મન કહે છે આ જ પાંડવોનો સ્વર્ગારોહણ માર્ગ છે. તનમર્ગની ચેકપોસ્ટ વટાવતાં જ ડાબી બાજુ તીખો વળાંક આવે છે અને પાંચેક મિનિટનું અંતર કાપતાં જ બધું શુભ્ર, ધવલ, ગૌર થઈ જાય છે. આ રસ્તે ક્યાંય એક તરફ ઊભી કરાડ ને બીજી તરફ ઊંડી ખીણ નથી, ઢાળ છે અને તેના પર ઢોળાયેલો બરફ છે. વહી રહેલાં વાહનોની બે બાજુએ બરફની કમ્પાઉન્ડ વોલ છે, જે વંડી ઠેકતાં મન હિમાલયપુત્રીના ઉપવનમાં પહોંચી ગયું છે. જમીન પર ચમકતી, કરચલી વગરની, ખાદીની કરકરી-સફેદ ઓછાડ, બોટલ ગ્રીન વૃક્ષો પર ફળની જેમ ઝલાઈ રહેલા બરફ વચ્ચેની-કેડી પર રુદ્રને રીઝવનારી કન્યાનાં પગલાં સંભળાય છે. જેના નામનું વ્રત કરીને અમે જૈવિક આવેગની પાર જવાનું છેક નાસમજ વયે શરૂ કરેલું તેની બધી કથાઓ, હિમાલય જેવા પિતા સામે જીદે ચડનારી, શિવપુરાણના શૃંગાર શ્લોકોની પહેલી શ્રોતા, જેના લગ્નજીવનની લક્ષ્મીને ઈર્ષ્યા થાય તેવી ગૌરી મને તે સફેદ પડદા પર દેખાય છે.

પાર્વતી અને એ દાણાદાર સફેદી પળવાર માટે નાના રણના અગર અને મીઠાના ઢગલાની સ્મૃતિ લઈ આવે છે પણ આ વિસ્તારની ઠંડકમાં તે દૃશ્ય ઝાઝું ટકતું નથી.

ગુલમર્ગમાં લીલોતરી છે, કાગડા અને કાબર છે. તેની નાનીમોટી ટેકરીઓ અને ઢોળાવ વચ્ચે દિશાભાન વગરના દિમાગમાં ડર નહિ; રોમાંચ, ઉત્સુકતા અને કુતુહલ ઝમ્યાં કરે છે. ઘરેલું અનુકૂળતા છોડી અહીં આવેલા પ્રવાસીઓને માટે ટેકરીએ ટેકરીએ હોટેલ, રેસ્ટોરાં, કપડાંની દુકાન છે. સુરક્ષિત સાહસ શીખવાના ઇચ્છુકો માટે બેબીસ્લોપ પર સ્કીઇંગના હૉબી ક્લાસ છે અને 'પ્રો' સાહસિકો માટે ફેઝ વન, ફેઝ ટુની તીખી ઊંચાઈ છે.

ગુલમર્ગ, ફેઝ વન અને ફેઝ ટુ તો દ્રૌપદીએ પણ વટાવ્યાં હશે.

ગંડોલા (એક પ્રકારનો રોપ-વે)માં બેસીને ગુલમર્ગથી ફેઝ વનની ઊંચાઈ તરફ સરકતી વખતે નીચે દેખાય છે સફેદીનો અફાટ પટ, તેમાં ટટ્ટાર ઊભેલાં શંકદ્રુમ વૃક્ષો અને પાછળ છૂટી રહેલા ગુલમર્ગના ભૌતિક ધબકારને બાળકના રમકડાના ગાડા જેવી લાકડાની સ્લેજમાં નાખીને ઉપર તરફ તાણી રહેલા સ્થાનિકો. ટ્રી લાઇન ફેઝ વન પહોંચવાના અડધે રસ્તે અટકી ગઈ છે. ગઈ રાતે થયેલા સ્નોફૉલને લીધે પથરાયેલી કરચલી વગરની પાવડરી ચાદર પર સાપની જેમ સરકી પોતાની લીટી આંકી આગળ વધી રહેલ એકલવીર દેખાય છે. થોડે ઉપર કોઈ જૂથના સામૂહિક સ્કીઇંગની લીટીઓની સુરેખ ભાત છે. તેથી ઉપર એક સમતલ ટુકડો આવે છે જ્યાં સ્કી અને સ્નો બૉર્ડ લઈ અનુભવીઓની ટોળી સરકવાની તૈયારી કરી રહી છે. ફેઝ વન ૮૫૦૦ ફૂટ ઊંચે આવેલો ઠીક ઠીક સમતલ ભાગ છે જ્યાં પ્રવાસન સગવડો ઊભી કરાઈ છે. ૧૨૦૦૦ ફૂટ ઊંચે ફેઝ ટુ સૈન્ય ચોકી છે અને પ્રવાસીઓને, સ્કીઅર્સને ત્યાં જવા મળે છે. ફેઝ ટુ પર એક કેડી પીર પંજાલ રેન્જ તરફ જાય છે અને વ્હાઇટ આઉટ થયેલા વાતાવરણમાં એક કૂતરાને તે તરફ ગેલ કરતો જોઈ થાય છે કે પાંડવ આ જ રસ્તે આગળ ગયા હશે.

આ બેઉ ફેઝ, પડાવ પર ઉપરનીચે, આજુબાજુ બસ ધોળાફક્ક, કરકરા, પોચા, સૂર્ય સાથે પ્રકાશની ભાષામાં ગોઠડી કરી રહેલા દરિયાઈ ફીણના નાતીલા કણનો વિસ્તાર છે. અહીં આખી સૃષ્ટિ શુભ્ર જ્યોત્સ્નાની દીમિ છે. અહીં ઉપમાઓ ખૂટી પડી છે, સંદર્ભો ખોવાઈ રહ્યા છે, ભાષા થોથવાઈને બેસી ગઈ છે અને વિચારનો વીંટો વળી રહ્યો છે. દૃષ્ટિ જ નહિ, જીવનો કોષેકોષ અહીંના ચમકીલા રૂપની ભભકથી અભિભૂત થઈ ઓગળી ગયો છે અને આંખોથી વહીને એની સ્તુતિ કરે છે.

વા'લા મે'તર

અશોકપુરી ગોસ્વામી
ashokpuri47@gmail.com

'ભૈ, વા'લા મેતરનું ઘરેય કાલ લખઈ ગયું.' કૂવે રહેતા મારા નોકરે મને સમાચાર આપી ઉમેર્યું : 'અવે વાત વહલઈ જ ગઈ.'

વા'લા ચૂંથા મહેતર બાબત્યે એની નજરમાં હું કાયમ ભોટ અને ઠોઠ ઠરતો હતો. એને થાય; મેં તડી કરી હોત તો નકી પતી જાત. પણ મેં જ ઢીલું નોંગર્યું, નહીંતર...

આ સાંભળી મનેય થયું; વા'લો ડોહો મારા કૂવાના પિયાવાના દેવા સાથે મર્યો એ ઠીક ના થયું.

વા'લો મે'તર અમારા આશી ગામનો, અવસ્થાએ પહોંચેલો મહેતર. એને પોતાનું ઘરનું તો ખેતર હતું જ નહીં. ગામના મોભાદાર પાટીદારનું છેક છેવાડાનું, ગામથી આઘેનું ખેતર, એણે એક વાર ઉનાળામાં બાજરી વાવવા દાણે રાખેલું. ખેતર એના વડવાના જીવતર જેવું. દમ વિનાનું. વાવેલું પરાણે ઊગે, મારા કૂવાનું પાણી ત્યાં ફરે. ખેતર દાણે રાખીને ડોહો મારી પાસે પાણીની માગણી કરવા આવેલો. તે વરસોમાં ઇલેક્ટ્રિક કરંટની ખૂબ જ કટોકટી. અને બધા કૂવે ઉનાળુ વાવેતર બહુ. પોતીકાં ખેતરવાળા, જૂના ખાતેદારો તો કૂવાવાળા પાસે પાણી હક કરીને, અરે ! હઠ કરીને પણ માગે. વાવેતર કરે. પણ આ મહેતર ને કોણ આપે ? ના ના કહીનેય મારે આપવું પડ્યું પાણી. ઉનાળુ બાજરીનું વાવેતર કરાવ્યું મેં. સાથોસાથ પિયાવો બાજરી પાક્યે ભરી દેવો પડશેની તાકીદ કરી.

અડધી સીઝને પાણી આંતરી મેં પૈસાની ઉઘરાણી કરી ત્યારે, કશો જગ નહીં થવાથી તોલા સવા તોલાનો દોરો એ પેટે વાલો ડોહો આપવા આવેલો. ત્યારે–

'ડોહા; દોરો મને દેખાડોચ્છો પણ, તમારી આલવાની દોંનત હોત તો ધીરવાવાળાને ત્યાં મેલી પૈસા અલાત મને. તમને ખબર કે હું આ લઈશ નહીં અને તેથી જ તમે...' ફળિયા મધ્યે બેચાર જણની વચ્ચે હું આવું બોલ્યો એથી ડોહો આકળવિકળ થાય. મને હાથોહાથ દોરો દેતાં એ આભડછેટથી ડરે. અચકાય. કશી સૂઝ ન પડતાં એ મારા પગમાં દોરો મેલવા નમ્યા. અને મેં એમના હાથ અધવચથી સાહી લેતાં કહ્યું : 'જાવ ડોહા; બાજરી પાકે તાર આલજો. વારો પોણી તમ તમાર.' આ બધું જોતા સાંભળતા લોક અને મારા નોકરને મન હું દોઢડાહ્યો અને મૂરખ લાગ્યો.

બાકી, એ બાજરીના વાવેતર માટે પાણી માગવા આવેલા ત્યારે મેં આ જ ડોહાને બાજરીના ઓરવણ માટેનું પાણી આપવાની ઘરાર ના પાડેલી. એ ખૂબ કરગર્યા ત્યારેય : 'ડોહા બાજરી વાવી રેવા દો. ખરચ ખૂંટણ જેટલું મલતર રે' એટલી બાજરી મારી કનેથી...'

વાલો ડોહો મારી વાતથી દાઝ્યો હોય એમ અધવચથી જ : 'ભૈ, માજ્યું-ભીખ્યું ખાવાના દાડા મારા પરભુ ના દેખાડે. અજુ તો આથ-પોગોઠાં હાજાં નરવાં સે. અનં પિયાવાની તમં ફકર ના કરતા. ઊં દૂધે ધોઈને

આલીસ બાપા.' હજુ વધુ કરગરતા ડોહાને રોકી, મારા ખેતરમાં જતાં પાણીને તે જ ઘડીએ કાપી એમના હાથમાં પાવડો પકડાવી એમના દીંણે લીધેલા ખેતરમાં પાણી ચાલુ કરી આપ્યું.

ડોહો તો અવાચક, પૂતળું. ખેતરમાં દાણા વાવતી વખતે તરફણના ભૂંગળામાં (વાવણીના સાધનના ભૂંગળામાં) કશો ડૂચો વાગી જાય અને વાવણિયું છલકાઈ જાય એવી ડોહાની આંખો થઈ. હું શાહજોગ પૈસા લેવાનો છતાંય જાણે મફ્તમાં તેમને પાણી આલતો હોઉં એવા ભાવ મને એ આંખોમાં વંચાય. એ મારી આંખોમાં ભરોસાનાં ભીનાં મૂળિયાં જુએ.

પછી તો – વા'લા ડોહાની બાજરી વવાઈ. પણ, વાવેતર મોડું, કરંટના કઢાપા, બે દૂના ચાર ઘ્યડા થાક્યા હાથની મજૂરી, ખાતરની તંગાશ અને ફૂસલેટ ખેતર. બાજરી પાદી પાદીને કેટલું પાદે ? અધૂરામાં પૂરું, બૈય ઘણી-ધણિયાણી ખેતરમાં રાતે એકલાં એમની બાજરીનો પગર ઉપણે ત્યારે કોક બે નાગોડ એમને ડફણાટીને ઊંચકાય તેટલી બાજરી લઈ ગયા. બાકી રહ્યું તે વેલેરા વરસાદે એમના પૂળા પલાડ્યા. મે'નત જેટલુંય એ મેતરને મલતર નહીં મળ્યું હોય.

મને ડોહાની ખોટની ફિકર થાય અને ડોહાને મારા પિયાવાની ચિંતા થાય. હું મનોમન મને જ ભાંડવા લાગ્યો - ડોહો તે દાડે સામેથી હેંડી ચાલી દોતો આલવા આયો ત્યારે મેં જ...એની ખોટ બાબત્યે હું મારા મનને સમજાવું : આપડે તો ભૈ, તે દાડેય ડોહાને ન'તું કયું ? ડોહા, બાજરી વાવ્યા રે'વા દો. અરે ખાધા જોગી મણ દોઢમણ બાજરી તો એમનમ આલવાની વાત એમને કરી'તી, તોય હઠીલો ડોહો ના માન્યો તે ભોગ એના.

વાલા ડોહાની પિયાવો આલવાની સાચી દાનત. એ તો મને ઘેર આવીને પાણીના પૈસા દૂધે ધોઈને આલવાની ધરપત આલી ગ્યા, ખોટ ગઈ હતી તોય. છતાં– બાકી રહી ગયો પિયાવો. એક વારની ઉઘરાણીમાં ડોહાને આગળ પાછળનું ખાસ્સું બધું સંભળાવી તેમની પર ઘખ્યો. આ જોઈ તેમના મહોલ્લાનો એક અછકલો મહેતર : પાંચ્છે છતે હાતર નબર પોચા પર આટલું ગાતર કરોચ્છો પણ લૈ આવોન માથાભારે પાટીદારો પોંહેથી. એમનાય બાચી તો અસેને ? તાં આવું પૂંછડું પછાડતા હો તો ? આ તો ઊઠ્યા બેઠ્યા ને અમારી વૈણ પર જ તડી. અમારે તાં જ ઉઘરાણી.'

લાચારીથી લોચો વળી ગયેલા ડોહાને શું થયું તે; એ તો ઊભો થતોક પેલા બોલનારનું મોઢું દાબી કહે : માંણહ વરત માંણહ. મોંલ્લામાં જઈને પૂછ; કોઈ પંપવારાએ પદરનું (પોતાનું) પોંણી કાપી 'લ્યા પદરનું વાવેતર કરાયું સે? મારી બાજરી બરી સે તો એમનીય ચ્યોં નથ્ય બરી? કરંટના કઢાપામાં કોનું બાજરું બચ્યું સે? આપડને રોટલા ભેગા કર્યાં એ એમનો ગનો? એ વઢે, વરગે તોય આપડને નભાવે. બીજા તો દબાવે, અઘાવે. માગતાવારાના પગ પકડીએ ભૈ, હોંમા ના થઈએ. આપડો તો દાડો રુઠ્યો છ?' એમ કહી : 'આ નાદોંનનો ગનો...' કહી ડોહો મને હાથ જોડી ઊભો રહ્યો.

મને થયું : ગમે એમ તોય ઈંટ પથ્થરના કરતાં કૂરી તો ખરી. પછી તો મેંય ઢીલું નોંગર્યું. વા'લો ડોહો પંદર વીહ દાડે ધરપત આલવા આવે કે, 'દૂધે ધોઈને પાણીનો પિયાવો આલીસ, વશવા રાખજો.' પણ, જાય ત્યારે નવા કશા બોજથી એ વધારે ઝૂકીને જાય. રાહુલની બા એમના મોંથે બાંધેલા વેહરામાં તપેલી ઘઉં કે બાજરી કે પછી કશા વાસણમાં દાળ, શાક, કઢી કે અથાણું-છૂંદો તાંણ કરી ઝલાવે. આપવા આવેલો ડોહો કશું ને કશું લઈને જાય.

આખું ગામ આ વરણના લોકને ઉંમરનો ઝાઝો ફેર હોય તોય તુંકારેથી અને તોછડાઈથી બોલાવે. જ્યારે મારા ઘરનાં એમને વા'લા કાકા કહે. એ આવે ત્યારે એમના હાટું ચા-પાણી મુકાય. એથી એ ગળગળા થૈ જાય, એમની વાચા હરાઈ જાય. મૂળે ઓછા બોલા ડોહા.

પછી તો ગરીબીને ગમી ગયેલા મંદવાડે એ બેમાંથી સૌથી પે'લાં ડોસીને ઉઠાયાં. અડધા ફાડિયા વિના સોરાતા ડોહાએ મોંચો પકડ્યો. વા'લા ડોહા મને કોક ને કોક જોડે કહેવડાવે : 'ભૈ, એક વાર આઈ જાવ. મારું મોત સુધરે.'

એક વાર હું ગયો ત્યારે મોંચીમાં બીમાર ડોહા મને જોઈ બેઠા થવા ગયા પણ... મેં એમને રોક્યા ત્યારે સૂતે સૂતે એ મને હાથ જોડી કશું કહેવા કથવા મથે.

ડબડબ આંખે હાથ ઊંચો કરી કશા સંકેત કરે.

હું એમની મોંચીમાં એમની પડખે બેસી, એમના બેય હાથ પંપાળતો વિના બોલ્યે એમનમ ક્યાંય સુધી બેઠો રહ્યો. થોડા દિવસ પછી વા'લો મેતર ગુજરી ગયા. એમનું ઘરેય એમની દીકરી જમાઈ વેચી ગયાં. મારા નોકરે મને કહ્યુંય ખરું : 'મોટ ભૈ, તમે ઊંઘ ના ઉરાડી. નૈ તો ડોહે મરતાં મરતાં તે દાડે હાથ ઊંચો કરી તમને ઘરનાં પતરાં ન'તાં બતાયાં ?' 'એણે પતરાં નહીં પણ...' બોલતાં બોલતાં હું મૌન થઈ જાઉં છું.

આજે પંપના પિયાવાના ચોપડા ઉથલાવું છું ત્યારે બાકી રકમની યાદીમાં તેમનું નામ જોઈ થંભી જાઉં છું.

Charcoals: Richa Agarwal

सपना रे सपना
है कोई अपना
अंखियों में आ भर जा..
अँखियूं की डिबिया
भर दे रे निदिया
जादू से जादू कर जा..
भूरे-भूरे बादलों के भालु
लोरियां सुनायें ला ला रा रू
भूरे-भूरे बादलों के भालु
लोरियां सुनायें ला ला रा रू
तारूं के खांचों से रात भर खेलेंगे
सपनो में चंदा और तू..
पीले-पीले केसरी हैं गाँव
गीली-गीली चाँदनी की छाओं..
पीले-पीले केसरी हैं गाँव
गीली-गीली चाँदनी की छाओं..
बगुलों के जैसे रे
डूबे हुए हैं रे..
पानी में सपनों के पाऊँ

-गुलज़ार

ઉત્કૃષ્ટ આર્ટ સોન્ગ

અમર ભટ્ટ
amarbhatt@yahoo.com

કોઈકે ઉત્તમ ફિલ્મી ગીત અંગે મારું મંતવ્ય પૂછ્યું. મારો જવાબ હતો : પ્રવર્તમાન ફિલ્મ સંગીત માણવા મારો કાનનો રિયાઝ ઓછો પડે છે, પણ આર. ડી. બર્મનના ગીત " રૈના બીતી જાય" (ફિલ્મ : અમર પ્રેમ)નું મારા હૃદયમાં ખાસ સ્થાન છે.

ફિલ્મના ગીત સાથે એનું ફિલ્માંકન જોડાયેલું હોય છે. એટલે પ્રેક્ષક જ્યારે ગીત યાદ કરે ત્યારે એ ગીતનું દૃશ્ય પણ એની આંખ સામે આવે છે. આ ગીતનું ફિલ્માંકન તો સરસ છે જ પરંતુ એને ધ્યાનમાં ન લઈએ તો પણ એની melodiousness - રાગીયતા કે સંગીતમયતા- એટલી મોહક છે કે આ ગીત અવારનવાર સાંભળવાનું મને મન થાય છે. એટલું જ નહીં, જેટલી વાર ગીત સાંભળું તેટલી વાર આખું જ સાંભળું છું. વચ્ચેથી stop કે pause કરવાનું ક્યારેય મન થતું નથી.

આ ગીતનાં સૌંદર્યસ્થાનો વિષે અહીં વાત કરવી છે. શરૂઆતમાં સારંગી પર તોડી રાગના સ્વર છેડાય છે. પછી આલાપ ગવાય છે ને આપણાં હૈયાં છેદાય છે. શબ્દવિહીન ' આ ' કાર ભાવનું પ્રત્યાયન કેવું કરે છે તે સાંભળ્યું-અનુભવ્યું? પછી સંતૂરનો મુલાયમ રવ ને પછી ગિટારના લયબદ્ધ થડ. બાંસુરીનો મીઠો નાદ પણ એમાં ભળે છે. સમગ્ર પ્રારંભ શાંત રસની અનુભૂતિ આપે છે. એ શાંત રસ આખું ઓરકેસ્ટ્રા સાથે વાગે છે ત્યારે પણ લુપ્ત થતો નથી. 45 સેકન્ડના આ નંદીસ્વરૂપ પ્રાસ્તાવિક સંગીતનો અનુભવ લીધા પછી આપણા કાનને આ ગીતના દર્શનનો લાભ મળે છે.

મુખડામાં ગીતનો સ્થાયી ભાવ વિરહનો- છે. પ્રથમ પંક્તિમાં તોડી રાગના સ્વરો છે. મધ્યકાળમાં ચિત્રકારોએ રાગો ઉપર દોરેલાં ચિત્રોમાં તોડી રાગ નિરૂપતાં ચિત્રો છે. આ ચિત્રોમાં દર્શાવાયા પ્રમાણે તોડી વિરહનો ઉત્કટ ભાવ વ્યક્ત કરતો રાગ છે.

તોડી સવારનો રાગ ને રાતે? એવો પ્રશ્ન થાય પણ નાયકની રાહ જોવામાં સવાર પડવામાં છે એ બતાવવા એનો ઉપયોગ સ્વરકારની સૂઝ દર્શાવે છે. અમદાવાદમાં સમક શાસ્ત્રીય સમારંભ દરમિયાન જ્યારે કોઈ કલાકારનો વારો મધ્ય રાતે આવે ત્યારે ઘણી વાર સવારના રાગો રજૂ થતા હોય છે તેની સૌ સંગીતપ્રેમીઓને જાણ છે જ. 'રૈના બીતી જાયે'માં 'જા' અક્ષર પર તોડી રાગનો નિષાદ-સ્વર 'ની' વિરહથી સાલતા ખાલીપાનો અનુભવ કરાવે છે. 'જાયે'માં 'જા' અને ' યે ' વચ્ચે લંબાયેલા સ્વરો રાત વીતી જવાનો ને ઘણુંય વીત્યું હોવાનો સંકેત કરે છે. 'શ્યામ ન આયે'માં 'શ્યામ ન' માં સ્વરકાર તોડીના સ્વરો એસ્ટાબ્લિશ કરે છે : સા (કોમળ), રે (કોમળ), ગ. 'આયે'માં (કોમળ) ગ, (કોમળ) રે, (કોમળ) ગ, (કોમળ) રે, સા. હવે આફરીન થઇ જવાય એવો સ્વરસંગતિ છે. શબ્દો છે: 'નીંદિયા ન આયે'. આ શબ્દો ગવાય તે પહેલાં અડધી સેકન્ડ માટે, આપણને વ્યાકુળ કરવા પૂરતી, બાંસુરી- જે 'સા'થી 'પ' જાય ને પછી શબ્દો ગવાય. અહીં સ્હેજ આડવાત કરવી છે. તોડીનો એક પ્રકાર ગુર્જરી તોડી છે, જે ગુર્જર પ્રદેશની (હાલનું ગુજરાત) પ્રજાના લોકસંગીતનો રાગ છે. (કેટલાક સંગીતશાસ્ત્રીઓ એમ માને છે કે ગુર્જરી તોડી મૂળ રાગ છે ને એમાં પંચમ સ્વર લેવાય ત્યારે મિયાં

કી તોડી થાય છે.) મિયાં કી તોડીમાં સ્વરો 'રે' (રિષભ), 'ગ' (ગંધાર), 'ધ' (ધૈવત) કોમળ છે ને 'મ'(મધ્યમ) તીવ્ર. આ સ્વરોની વચ્ચે ગાયક સ્વર 'પ' (પંચમ) ક્યારે ને કેવી ભાવપૂર્ણ રીતે લેશે એની ભાવકોને ઉત્સુકતા હોય છે. માટે જ રાજેન્દ્ર શાહના 'તોડી' સૉનેટમાં આ પંક્તિઓ છે :

ને ત્હારું જયાં દ્રવતું પંચમસૂર ગાન,
એકાન્ત શૂન્યરવ તે કશું લોલ બોલે !

આ ગીતમાં બાંસુરી 'પ' પર પહોંચે છે. 'નીંદિયા' શબ્દનો પ્રથમ અક્ષર 'પ' સૂર પર છે. પણ પછી (શુદ્ધ)ધ, (શુદ્ધ) મ, (શુદ્ધ) ગ, (શુદ્ધ) રે, સા અને શુદ્ધ ની. તોડીમાં રે,ગ,ધ કોમળ; ની શુદ્ધ અને મ તીવ્ર હોય છે એટલે કે તોડીમાં ન આવી શકે એવા સ્વરો આ પંક્તિના સ્વરાંકનમાં છે, છતાં કઠતા નથી. કદાચ એનું કારણ પંક્તિને અંતે (શુદ્ધ) ની પર આવતો ઠહેરાવ છે. 'આયે'માં 'આ'માં (શુદ્ધ) મ, (શુદ્ધ) ગ, (શુદ્ધ) રે અને 'યે'માં 'સા'થી (શુદ્ધ) 'રે' જઈને (શુદ્ધ) 'ની' પર અટકવાનું. 'નીંદિયા ન આયે' અને ફરીથી ગવાતા મુખડાની પંક્તિઓ 'રૈના બીતી જાયે' વચ્ચે (શુદ્ધ) 'ની' પર એક માત્રા જેટલો ઠહેરાવ-અવકાશ, મિશ્ર ખમાજમાંથી તોડી રાગમાં જવા માટેનો સેતુ રચી આપે છે. હા, ક્યારેક અવકાશ પણ સેતુ રચે અને સંગીતમાં તો ખાસ. અંતરામાં કેમ નીંદ નથી આવતી એનાં કારણો એક પછી એક આવે છે. એ કારણો ગવાય ત્યારે સંગીતમાં પણ અનુભવાય ને ફરિયાદરૂપે કહેવાય છે એવો ભાવ વ્યક્ત કરે તેવું સ્વરનિયોજન છે. અંતરાની પ્રથમ પંક્તિની શરૂઆત (શુદ્ધ) ગ થી થાય છે. પછી (શુદ્ધ) મ પર સહેજ અટકવાનું. પછી 'ગ મ રે પ ધ મ ગ '. બીજી પંક્તિમાં (શુદ્ધ) ગ થી શરૂ કરીને (શુદ્ધ) ધ પર જઈ (કોમળ) નિ અને (તીવ્ર) મ નો સ્પર્શ કરી (શુદ્ધ) ગ પર અટકી 'નીંદિયા'નો સ્વર પંચમ (પ) પકડીને એ પંક્તિ ગાઈને 'રૈના બીતી જાયે' ગવાય ત્યારે આપણાં હૃદય આર્દ્ર બનવાની શરૂઆત થાય છે. અને છેલ્લો અંતરો પૂર્ણ થાય ત્યારે હૃદયની સાથે આપણી આંખો પણ ભીની થાય છે. તોડીથી શરૂ કરી ખમાજના સ્વરો લઇ પાછું તોડી પર આવવું...! પંચમદાની સર્જનાત્મકતાને આપોઆપ વંદન થઇ જાય છે.

આ ગીત લતાજીએ ગાયું છે. એમના કંઠમાં શ્રુતિઓ – notes within notes- કેવી સ્પષ્ટ સંભળાય છે? બીજી વાર 'શામ ન આયે' ગવાય ત્યારે કોમળ ગ થી શરુ કરીને મંદ્રમાં કોમળ ધ ને સ્પર્શતી તાન પર વારી જવાય છે. દરેક અંતરાની પ્રથમ પંક્તિ બીજી વાર ગવાય ત્યારે એ પંક્તિના બીજા શબ્દ ઉપર નવી જગ્યા; ગાયકે ગીત કેટલું આત્મસાત કર્યું હશે તેનો એ પુરાવો છે. દાખલા તરીકે પ્રથમ અંતરામાં 'શામ કો ભૂલા' ગવાય ત્યારે 'ભૂલા' શબ્દ 'શામ કો' ગવાયા પછી એક માત્રા ચૂકીને ગવાય; જે નાયક કૈંક 'ભૂલી ગયા' છે એવો ભાવ વ્યક્ત કરે. આમ જ દરેક અંતરામાં તમે સાંભળી શકશો.

કેરવા તાલ છે. તબલાંની ઝીણી ઝીણી કરામતો સાંભળીએ ત્યારે પણ કાનમાં લયનું મોરપીંછ ફરતું હોય એમ લાગે છે. સારંગી દર્દ બહાર લાવવામાં સહાય કરે છે. તો 'શ્યામ' હોય ને બાંસુરી ન હોય? ક્યાંક ગિટારના કડક-મિજાજી કૉર્ડ્સ, નાયક કેટલો નિષ્ઠુર છે કે નાયિકા કેટલી વિરહાકુલ છે એનો આભાસ કરાવે છે.

ગીત સાંભળતાં જ હૃદયસોંસરું ઊતરી જાય છે. આ ગીતની અસરમાંથી બહાર નીકળવું મારે માટે મુશ્કેલ છે. કહે છે કે સુખ્યાત સંગીતકાર મદનમોહન માનવા તૈયાર નહોતા કે આ સ્વરાંકન આર.ડી.બર્મનનું છે. સૌને એમ હતું કે એ એસ.ડી.બર્મનનું રચેલું છે. આર.ડી બર્મને એક

મુલાકાતમાં એમ કહેલું કે આ સ્વરનિયોજન થયું તે પહેલાં એમણે પિતા એસ.ડી.બર્મનને બંગાળી ગીત 'બેલા બોયે જાયે' (વેળા વહી જાય) ગણગણતા સાંભળેલા.(અહીં શબ્દો ' રૈના બીતી જાયે' છે.) કેટલાકને આ ગુલઝારજીએ લખેલું ગીત લાગેલું; કારણ કે એમાં 'રૈના' શબ્દ આવે છે. (ગુલઝારજી અને આર. ડી. બર્મનની જોડીએ આપેલું અમર ગીત 'બીતી ના બિતાઇ રૈના' જરૂર યાદ આવશે જ.) ક્યાંક વાંચેલું કે ગાયિકા આરતી મુખરજી ધારવાડમાં જયપુર અંતરૌલી ઘરાનાના મૂર્ધન્ય શાસ્ત્રીય ગાયક પંડિત મલ્લિકાર્જુન મન્સુરને મળ્યા ત્યારે એમણે વાતચીત દરમિયાન પંડિતજીને આ ગીતનો સ્થાયી ગણગણતાં સાંભળ્યા હતા. પંડિતજીએ કહ્યું હતું કે 'એસ. ડી.ના પુત્ર આ ગીતમાં ગજબ કરામત કરી છે. બારેબાર સ્વરો આવે છતાં ક્લિષ્ટ ન લાગે એવું આ સ્વરનિયોજન છે.' આ ગીતના અઢળક પ્રેમીઓ છે. કોઇકે તો એમ કહ્યું હતું કે પોતાનું મૃત્યુ થાય તો પણ એના કાન આ ગીત સાંભળવા જીવતા રહેશે.

સંગીતશાસ્ત્રી મૅરી ઍન મેલોયનો યુરોપમાં પ્રચલિત 'Art Song' વિષેનો રસપ્રદ લેખ ઇન્ટરનેટ પર વાંચ્યો.

An art song might be defined as "a poem set to music, usually for trained voice and piano accompaniment with a duration of about three minutes. The German word for such classical song is Lied (singular) and Lieder (plural), so that you will hear the terms "art song" "lied" and "lieder" used interchangeably. In France the term is Melodie, and in Italy, Romanza. Art Song strives to be the perfect combination of music and literature, based on four elements: poet, composer, singer and accompanist. The composer uses the full resources of the art form to embellish the poet's text, sometimes even realizing potential interpretations that were not explicit in the poet's words. In a well-realized Art Song, the composer creates a duet between the accompanist and the vocalist. That is, the Art Song paints for us a picture of what the poet might have envisioned. The performance of an Art Song literally breathes life into this picture through a complementary, coordinated partnership among the four significant elements.

આ ગીતને આપણે સુગમ સંગીત કહીશું? કાવ્ય-સંગીત કહીશું? ફિલ્મી ગીત કહીશું? ના. આ ગીતને આપણે Art Song કહેવું જોઇએ. ગીતકાર આનંદ બક્ષી, સ્વરકાર આર.ડી.બર્મન, ગાયક લતા મંગેશકર અને વાદ્યકારો (સારંગી પર ઉસ્તાદ સુલતાન ખાન, સંતૂર પર પંડિત શિવકુમાર શર્મા, બાંસુરી પર પંડિત હરિપ્રસાદ ચૌરસિયા ને તાલવાદ્ય પર શ્રી મારુતિરાવ કિર અને એમની પૂરી ટીમ)નો અનોખો સંગમ અહીં સૂર અને ભાવનો એવો ચંદરવો બાંધી આપે છે કે એની રસસમાધિ આગળ આપમેળે હાથ જોડાઇ જાય છે.

દરેક રાગ કે રાગિણી એ જુદાં જુદાં શ્રાવ્યચિત્રો જ છે. દરેક રાગ અને રાગિણીમાં તેનું પુરુષત્વ છે, સ્ત્રીત્વ છે, કઠોર અને કોમલત્વ છે. પ્રત્યેકને પોતાની ભિન્ન ભિન્ન ભાવના છે, ઉંમર છે, સુખ-દુ:ખાદિ સંવેદનાઓ છે, જુદાં જુદાં સમય, ઋતુ અને રસ છે. કોઈ શાંત છે, કોઈ ઉદાત્ત છે, કોઈ ધીર છે, વીર છે, ગંભીર છે; કોઈ કરુણ કોમલ છે; કોઈ અધીર ઉદ્દામ છે; કોઈ શૃંગારપ્રિય છે; કોઈ વીતરાગી છે; કોઈ નવોઢા છે, પ્રૌઢા છે, ખંડિતા છે, પ્રોષિતભર્તૃકા છે, સુરતદુ:ખિતા છે. દરેક રાગ કે રાગિણી અનેક માનવોચિત ભાવોર્મિઓથી ભરેલાં સ્વરકાવ્યો જ છે.

- પંડિત ઓમકારનાથ ઠાકુર

નૃત્યમાં સૌંદર્ય

નીતા ત્રિવેદી
neetaptrivedi@hotmail.com

મનુષ્યમાત્ર સૌંદર્યનો અભિભાવક છે. કોઈપણ વ્યક્તિને સૌન્દર્યસભર, કર્ણપ્રિય, નયનરમ્ય ગીત, વાદન કે નૃત્ય અથવા અન્ય કોઈપણ લલિતકળા આકર્ષિત કરે છે.

આપણે જ્યારે નૃત્યમાં સૌંદર્ય વિશે વાત કરીએ ત્યારે એ ન ભૂલવું જોઈએ કે નૃત્ય અન્ય લલિતકલા જેવી કે: વાદન, સાહિત્ય, શિલ્પ, ચિત્રકલા, ગાયન ઇત્યાદિના સાયુજ્યથી જ પ્રસ્તુત કરવામાં આવે છે. આ બધી જ વિભિન્ન લલિતકળાઓથી નૃત્યપ્રસ્તુતિ પ્રેરિત છે, અને તે નૃત્યને એક વિશિષ્ટ મુકામ પર લઇ જાય છે.

કોઈ નૃત્યકાર શિવસ્તુતિ રજૂ કરે ત્યારે તેને શિવનાં વિવિધ રૂપ : નટરાજ, ગંગાધર, ઉમાપતિ, ત્રિનેત્ર વગેરેનાં શિલ્પ, ચિત્રો મનમાં જ સ્ફુરે છે અને તે તેને તાદૃશ કરવાના પ્રયત્ન સાથે જ શિવસ્તુતિ પ્રસ્તુત કરે છે. એ જ રીતે ગણેશ, શ્રીકૃષ્ણ, દુર્ગા, સરસ્વતી ઇત્યાદિ દેવોનાં ચિત્રો અથવા શિલ્પ નર્તકને તેની નૃત્ય પ્રસ્તુતિમાં સૌંદર્ય બક્ષે છે.

'લૂણ બિન ખાના, કૃષ્ણ બિન ગાના ફીકા.' શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ, તેમની જિંદગીના વિવિધ ઘટનાક્રમમાં રજૂ કરવામાં આવે છે. જેમ કે : મુખમાં બ્રહ્માંડ દર્શન, મટકીફોડ, ગોપીઓની છેડછાડ, ગિરિપર્વત ઉંચકવો, કંસવધ, દ્રૌપદી વસ્ત્રાહરણ વગેરે. આ બધા સાથે સામાન્ય જન આસાનીથી ભાવાત્મક અને વૈચારિક રીતે જોડાઇ શકે છે. નટવર, નટમાં સુંદર, શ્રેષ્ઠ, એવા શ્રીકૃષ્ણ નર્તકના સર્વથા પ્રિય પાત્ર રહ્યા છે.

' કથા કહે સો કથક કહાવે', એ મુજબ નૃત્યના પરિપ્રેક્ષ્યમાંથી આપણે કથક નૃત્યની વાત કરીએ. કથા દરમિયાન તેની પ્રસ્તુતિને વધુ સૌંદર્યમય બનાવવા પદાઘાત, મુદ્રાઓ, મુખભાવ, ચક્કર ઇત્યાદિ નર્તક દ્વારા ઉમેરાતાં કથક નૃત્ય વધુ સૌન્દર્યસભર બન્યું છે. સાથોસાથ તે પ્રેક્ષકો માટે વધુ ગ્રાહ્ય, આકર્ષક અને રસરંજક પણ બન્યું. ભંગિમાઓ (આંગિક) ઉપરાંત ઘુંઘરુ સાથે તાલયુક્ત પદાઘાત,ચક્કર, ભાવપ્રસ્તુતિ સમયે ઉપયુક્ત સંગીત, વાધો, વગેરેને કારણે તેની લોકપ્રિયતા ખૂબ જ વધી છે. આ રીતે તેનું વર્તમાન સમયનું સ્વરૂપ વિકસ્યું છે. વિવિધ લલિતકલાઓમાં અનેકવિધ રીતે સૌંદર્ય દૃશ્યમાન હોય છે. જ્યારે આપણે નૃત્યની વાત કરીએ, અને તેમાંય જ્યારે કથકના સંદર્ભમાં, ત્યારે કહેવું જોઈએ કે તેમાં રહેલી સહજ ભાવ- પ્રવાણતા અને સહજ સૌંદર્ય દર્શકોને સંમોહિત કરનારાં હોય છે.

માત્ર અભિનય દ્વારા જ સૌંદર્ય કે રસની નિષ્પત્તિ થાય છે તે માનવું ભૂલભરેલું છે. ' નૃત્ય' એ ' નૃત' અને ' 'નાટ્ય' ના સાયુજ્યથી બને છે. ' નૃત' એટલે આંગિક હલનચલન અને 'નાટ્ય' એટલે ભાવપ્રસ્તુતિ. કથકના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ તો નૃતમાં આમદ, તોડા, તત્કાર,

ગતનિકાસ, પરન ઇત્યાદિનો સમાવેશ થાય છે. જેમાં આંગિક ભંગિમા, શરીરનો થરકાટ, દૃષ્ટિ સાથે પ્રયોજાતી અંગ, પ્રત્યંગ અને ઉપાંગની વિવિધ સ્થિતિ પ્રયોજવાથી સૌંદર્યનિષ્પત્તિ થાય છે.

કોઈપણ નર્તક રંગમંચ પર પ્રવેશતાં જ જે રીતે પોતાને એક સ્થિતિ (pose) માં ગોઠવે છે તે જ ક્ષણથી નૃત્ય તથા નર્તકનું સૌંદર્ય દર્શક (અભિભાવક) ના માનસપટ પર આકાર લે છે.

'નૃત' એ નૃત્યની જનની છે. કથક નૃત્ય શિક્ષાના પ્રારંભે સૌપ્રથમ તત્કાર સાથે હસ્તક, ચક્કરનો અભ્યાસ કરાવવામાં આવે છે. આંગળીઓ, કાંડુ (કલાઇ), કોણી, હાથ, પગ વગેરેની દૃષ્ટિ સાથેની નૃત્ય પ્રસ્તુતિ તેને સુંદર બનાવે છે.

'યતો હસ્તા સ્તતો દૃષ્ટિ: યતો દૃષ્ટિ: તતો મન: ।
યતો મનસ્તતો ભાવ, યતો ભાવોસ્તતો રસ: ॥

આમ, સુંદર આંગિક હલનચલન જ રસનિષ્પત્તિ સુધી દોરી જાય છે. લય, તાલ પર નર્તકની પકડ સાધનાના પરિપાકરૂપે નૃત્યને વધુ આકર્ષક બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. નર્તકની સાજિંદાઓ સાથેની જુગલબંધી પણ નૃત્યને આકર્ષક બનાવે છે. નૃત્યનું જ્ઞાન ન ધરાવતા લોકો પણ તેનો આનંદ માણે છે. આજ રીતે 'નૃત' પક્ષનું તરાના તેમજ દ્રુત લયમાં થતી અંગભંગિમા અને પદલાલિત્ય જનસામાન્યને ખૂબ આકર્ષે છે.

'નૃત' 'નૃત્ય'નું વાહક છે. નૃત્ય પ્રસ્તુતિમાં રજૂ થતી વિવિધ કૃતિઓ: શ્લોક, સ્તુતિ વગેરે ઇશ્વર સાથેનું તાદાત્મ્ય દર્શાવે છે, અને એ જ રીતે ઠુમરી, પદ, ગઝલ ઇત્યાદિ ઉપર થતી લાવણ્યમય નૃત્યપ્રસ્તુતિ દર્શકોને મંત્રમુગ્ધ કરે છે, અને રસની નિષ્પત્તિને શક્ય બનાવે છે. સાથે રજૂ થતી કૃતિઓ તો નૃત્યને સૌંદર્ય બક્ષે જ છે, પરંતુ માત્ર તાલ અને લયસભર 'ગત ભાવ', જેમાં વિવિધ કથાનકને નર્તક એકલ (solo) કે ગ્રુપ(સમૂહ)માં પ્રસ્તુત કરે છે, એ પણ દર્શકોને ખૂબ આનંદિત કરે છે.

શિલ્પ,સાહિત્ય,સંગીત, ચિત્રકલા ઇત્યાદિ બધી જ લલિતકલાઓ કરતાં નૃત્યનું ફલક વધુ વિશાળ હોવાને કારણે એમાં આ બધી જ કળાનું સૌંદર્ય વણાઈ જાય છે. નૃત્યના અન્ય લલિત કલાઓ સાથેના સમજણપૂર્વકના ઉપયોગ અને સુંદર સુમેળથી નર્તક તેના નર્તનને પરિપૂર્ણતા સુધી લઈ જઈ લય અને લાવણ્યથી નૃત્યને સૌંદર્યમય બનાવી દે છે.

જેમ આપણે નૃત, નૃત્ય, નાટ્યની વાત કરી, એ જ રીતે અભિનયના પ્રકારો આંગિક અભિનય, વાચિક અભિનય,આહાર્ય અભિનય, સાત્ત્વિક અભિનય, આંગિક અભિનય (નૃત) સાથે અભિનયના અન્ય પ્રકારો : વાચિક અને આહાર્યની સહાયથી સાત્ત્વિક અભિનયની ચરમસીમા (રસનિષ્પત્તિ) પર પહોંચવું શક્ય બને છે.

જો પ્રસ્તુતિ લાઇવ હોય તો વાચિકમ, ગાયન, વાદન, અને પઢન્ત અથવા તો ધ્વનિમુદ્રણ (recorded track)ની સુયોગ્ય પસંદગી નૃત્યને એક સુંદર આયામ આપે છે.

એ જ રીતે આહાર્ય ભાવ, આકર્ષક યોગ્ય વેશભૂષા, રંગભૂષા, અને નેપથ્ય સજાવટ (costume, make-up, background (properties) નૃત્ય પ્રસ્તુતિને પૂર્ણતા પ્રદાન કરે છે. નર્તકનું નૃત્ય સાથેનું તાદાત્મ્ય, અને જો પાત્રાભિનય કરવાનો હોય તો તે પાત્ર સાથેની એકરૂપતા, અભિનયને પરમની કક્ષા લગ પહોંચાડે છે. એક વધુ પરિમાણ જે નૃત્યને સૌંદર્ય બક્ષે છે તે છે, સમૂહ નૃત્યને સુંદર આયામ આપતી કોરીઓગ્રાફી. ચિત્તાકર્ષક કોરીઓગ્રાફી દર્શકને સંમોહિત કરે છે અને એક અમીટ છાપ મૂકી જાય છે.

આ બધી સજ્જતા થકી સૌન્દર્યનો આનંદ પ્રસરાવતી નૃત્ય-સંરચના શક્ય બને છે.

॥ કળાનું ધ્યેય છે: વિચારોમાંની લાગણીઓને ઘનીભૂત કરવી અને પછી એને કોઈ સુંદર આકારમાં ગોઠવવી. ॥

ભારતીય ચિત્રકળામાં લોકજીવનના સૌંદર્યની અનુભૂતિ

કનુ પટેલ
lajjak@gmail.com

ચિત્રકળામાં કામ કરતા કળાકારો જ્યારે જીવનના મૂળ તત્ત્વને પકડવાનો પ્રયાસ કરે છે ત્યારે જીવનનો લય જેટલો લોકજીવનનાં પાત્રોમાં જેવા મળે તેટલો અન્ય જોવા મળતો નથી. હા, સૌંદર્યબોધ તરીકે ઐતિહાસિક, પૌરાણિક કે આધુનિક ચિત્રકળાના વિષયોમાં વૈવિધ્ય હોય છે. પરંતુ જ્યારે સામાન્ય જનજીવનને ચિત્રાંકિત કરવાનું હોય ત્યારે ખૂબજ સુંદર રીતે ચિત્રકારોએ પોતાની કળાકૃતિઓમાં કંડાર્યાં છે. દૃશ્યચિત્રો એ પણ જાણે નૈસર્ગિક સમૃદ્ધિ અને સૌંદર્યનો પર્યાય ગણાય છે. ચિત્રકળામાં ખાસ કરીને કળાગુરુ રવિશંકર રાવળની પ્રેરણાથી તેમના શિષ્યો દ્વારા ગુજરાતમાં જે રીતે કળાનું સિંચન અને સંવર્ધન થયું તે સમય ગાળાને ધ્યાને રાખી તેમાંથી થોડીક ચુનિંદી કૃતિઓનું અહીં વિવરણ અને રસદર્શન કર્યું છે.

ગુજરાતમાં વીસમી સદીના ઉત્તરાર્ધમાં રવિશંકર રાવળ(1892-1977)ના પ્રભાવ હેઠળ જે ચિત્રકારો એ ચિત્રકળા કરી તેનો ચિતાર મેળવીએ તો આપણને ખ્યાલ આવશે કે સામાજિક જીવન અને લોકજીવનના વિષયોને પોતાનાં સર્જનોમાં ખાસ કરીને ચિત્રકલાના સર્જનમાં કેવી રીતે ગૂંથ્યા હતા. કલાગુરુ રવિશંકર રાવળનું એક ચિત્ર વલ્લભ વિધાનગરની ફાઇનઆર્ટસ કોલેજની આચાર્યની ઓફિસમાં શોભાયમાન છે. તે ચિત્રનું નામ છે: 'ભારત સૌભાગ્ય' (જુઓ ટાઇટલ 2/1). આ મૂળ ચિત્ર બનાવતાં પહેલાં જે વૉટર કલરમાં સ્કેચ બનાવ્યો તે સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમમાં છે. આ ચિત્રના સંયોજનમાં જે પાત્રોનો ઉપયોગ કર્યો છે તેમાં કેન્દ્ર સ્થાને ભારતમાતા છે, તેને વસ્ત્ર પહેરાવતું પાત્ર છે તે વણકર છે, ચિત્રની ડાબી બાજુએ એક સ્ત્રી રેટિંયો કાંતે છે, તેની પાસે ટોપલી લઇને ખેડૂતકન્યા ઊભી છે, તેની પાસે ખોળે બાળક સુવડાવીને કાપડામાં ભરત ભરતી સ્ત્રી છે, ભારતમાતાના ચરણોમાં ધનધાન્ય અને ફળો મૂકતો ખેડૂત છે, ચરણોમાં શસ્ત્રો ધરતો ક્ષત્રિય છે, સાધુ છે, વણિક એક થાળમાં ઝવેરાતની થાળી લઇને ઊભો છે, ગાય સાથે એક ગોવાલણી પણ છે, હાથી અને મોર છે. કેન્દ્રમાં વટવૃક્ષ છે તેની નીચે આ બધાં જ પાત્રો ગોઠવાએલાં છે. આ ચિત્રથી આપણે વાતની શરૂઆત એટલે કરીએ કે ભારતીય લોકજીવનનું સૌભાગ્ય કેવું હશે તે અહીં કલાગુરુએ સાકાર કર્યું છે. પ્રકૃતિની સાથે ભર્યુંભર્યું સુખ અને આનંદપૂર્વકનું જીવન !

કનુ દેસાઈ (૧૯૦૭-૧૯૮૦)નું નામ ગુજરાત માટે જરાય અજાણ્યું નથી. કલાક્ષેત્રે એમણે ગુજરાતને અનેરું સ્થાન અપાવ્યું છે. કનુ દેસાઈએ કરેલાં ચિત્રોની વાત કરીએ તો એમનું એક ચિત્ર 'ખરે બપોરે' છે. જેમાં માંએ પોતાના વસ્ત્રહીન બાળકને તેડ્યું છે. માથે ટોપલામાં જે સામાન દેખાય છે તે પરથી આપણે જાણી શકીએ કે એ ખેડૂતની પત્ની છે. સાથે માથે ઢોચકી ઉપાડીને આગળ એની દીકરી ચાલે છે. પીળા રંગની પૃષ્ઠભૂમિ પર શોભતું આ ચિત્ર (અહીં ન આપેલા ચિત્ર માટે જુઓ QR કોડ પાન ૪૮૭) ખરેખર બપોરના તડકાનો અનુભવ કરાવે છે. અને ખાસ તો એ ખેડૂત સ્ત્રીના પગ બળતા હોવાથી એ સહેજ ઊંચી ચાલે ચાલે છે તે દૃશ્ય ચિત્રકારે બખૂબીથી પકડ્યું છે. બીજું ચિત્ર 'રાત્રીના ઓળા' (જુઓ:2/2) જ્યારે જગતની રાત્રી પડે છે ત્યારે જેમના નિર્વાહનો દિન શરૂ થાય છે એવા, આપણા સમાજના કલંકરૂપ, અજીઠું ઉઘરાવનારાંના જીવનમાં પણ કલાકારે કવિતા જોઇ છે અને ચિત્રમાં આલેખી છે. રાત્રીની સાથે જ જેમનું જીવનતત્ત્વ

જોડાએલું છે તેમના જીવનના ઓળા (પડછાયા) ઊગી રહેલા ચંદ્રવાળી રાત્રિના ઓળાઓ જેવા અર્ધપ્રકાશિત અર્ધ-અંધારા, અને મધુરંગી ચંદ્રના પ્રકાશ જેવા ઘેરા વિષાદભર્યા, ગહન અને મધુર લાગે છે. શહેરની બહારનાં તેમનાં રહેઠાણો તરફ જવાના ઊંચીનીચી ટેકરીઓવાળા આ માર્ગ જેવો આશા નિરાશાઓથી ભરેલો એમનો જીવનમાર્ગ હોય છે.

છગનલાલ જાદવ (૧૯૦૩-૧૯૮૭)નાં ચિત્રોમાં સમાજના સાવ નીચલા થરના લોકમાં પણ જાગૃતિની સંજીવની પ્રસરતાં જે નવચેતન આવ્યું તેનાં અનેક સારાં પરિણામોમાં છગનલાલ જાદવ જેવા કલાકાર ગુજરાતને મળ્યા તે ગણાવી શકાય. ગુજરાત વિદ્યાપીઠમાં છગનભાઈની ચિત્રકળા દીક્ષાંત પામી. તેમણે જે સાધકની શ્રદ્ધા અને ધીરજ વડે ચિત્રકળાની આરાધના કરી તેના પરિણામે તેઓ ગુજરાતના અગ્રગણ્ય કળાકાર ગણાયા. 'રંકની કલા' નામનું ચિત્ર ૧૯૩૭માં બોમ્બે આર્ટ સોસાયટીના ચિત્ર પ્રદર્શનમાં શ્રેષ્ઠ જલરંગી ચિત્ર તરીકે ઈનામ પામેલું ખૂબ જ અદ્‌ભુત ચિત્ર છે. આ ચિત્રમાં ખોળામાં રમતા બાળક પર નજર રાખી હાથની આંગળીઓ પર તેના લાડ પૂરનારી આભલાભરી રંગીન ટોપીનો વિચાર કરીએ તો આપણે અનુભવી શકીએ કે, મહેનત મજૂરી બાદ ગરીબજનો જે સ્વસ્થતાથી પોતાના ઝૂંપડાને આંગણે રાબની મીઠાશ માણીને રંક ઘરમાં પણ કલાની ગંગાનું વાતાવરણ રેલાવે છે. તંબૂ જેવા બાંધેલા ઝૂંપડાને આંગણે એક જ પાત્ર મૂકીને આખી જનતાનો ચિતાર એમાં રજૂ કર્યો છે.

'રંગ પરિધાન'ના શીર્ષકવાળું આ ચિત્ર છીપા કોમની કપડાં પર છાપ પાડતી સ્ત્રીનું છે. આ કળા પણ લુપ્ત થવાને આરે છે. કારીગરીની કુશળતા આ ચિત્રમાં વરતાય છે. સ્ત્રીની પાસે ઉભેલું બાળક પણ ધ્યાનમગ્ન થઈ પોતાની માતાના ક્રિયાકલાપનું કૌશલ જોઈ રહ્યો છે. તે ભાવસૌન્દર્ય ચિત્રકારે નજાકતથી પકડ્યું છે.

રસિકલાલ પરીખ (૧૯૧૦-૧૯૮૨) રાજપીપળા સ્ટેટના વાલિયા ગામે મોસાળમાં તેમનો જન્મ થયો હતો. અમદાવાદના સી.એન. કલા મહાવિદ્યાલયના આચાર્યપદે ઉત્તમ સેવાઓ આપી. તેમના શ્રમિકો વિષયક ચિત્રોમાં 'નવધાન્ય' નામના ચિત્રમાં ખેડૂત સ્ત્રી પોતાની કાંખમાં ઢોરને નીરવાનો ચારો લઈને જતી હોય છે.વાતાવરણ ચોમાસા પછીના દિવસોનું છે તે આકાશની લાલિમા પરથી દેખાય છે. હરિયાળો ભૂભાગ પણ તેનો સૂચક છે. સ્ત્રીની અદાયગી, કેડમાં ખોસેલો સાડીનો છેડો અને હાથમાં દાતરડું રાખીને ઊભી છે તે નિરૂપવામાં કલાકારની કુશળતા દેખાય છે. 'શ્રમની શોભા' નામના ચિત્રમાં માટી ખોદીને બીજા સ્થળે લઈ જતાં મજૂરો છે જેને આપણે તે સમયે ઓડ કહેતા. આપણી ભવાઈના વેશની નાયિકા 'જસમા' આ ઓડ જ્ઞાતિની છે અને સહસ્સ્રલિંગ તળાવ ખોદવા પાટણ આવેલી તે કથા જાણીતી છે. પુરુષ પાત્ર માટી ખોદીને ટોપલામાં ભરી આપે છે અને સ્ત્રીઓ યોગ્ય જગ્યાએ એ ટોપલાઓ ઠાલવે છે. ચિત્રકારે શ્રમની પરિસ્થિતિની શોભાને દર્શાવવાનો કસબ દાખવ્યો છે. ચિત્રના સંયોજમાં લયનું માધુર્ય આપણે માણતા જ રહીએ. પાત્રોની સાદગી અને પ્રવૃત્તિ દ્વારા આપણને શ્રમની સંવાદિતાની સહજ અનુભૂતિ થાય છે.

સોમાલાલ શાહ (૧૯૦૫-૧૯૯૪) : કલા એટલે શું? એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે, "કલાની સંપૂર્ણ વ્યાખ્યા આપવી અઘરી છે. પણ એક ખયાલ એવો ખરો, કે જે કલા જીવનને સૌંદર્યદૃષ્ટિ આપીને સરસતાને ઊર્ધ્વ માર્ગ બતાવે તે આદર્શ કલા."

ચિત્રકાર સોમાલાલ શાહે તો ઘણાં ચિત્રો સજર્યાં છે. ધ્યાન ખેંચ તેવું તેમનું ચિત્ર એટલે 'સૌરાષ્ટ્રનું માલધારી કુટુંબ'.સૌરાષ્ટ્ર તરફથી માલધારીઓ જ્યારે ઉનાળામાં ગુજરાત તરફ આવતાં હોય તેવાં દૃશ્યો આજેય આપણને જોવા મળે છે. તેમના ચિત્રમાં બે ઊંટ, ઘેટાં, બકરાં, ગધેડાં અને માલધારી કુટુંબનાં સ્ત્રી-પુરુષો સરસ રીતે ચિત્રમાં સંયોજિત થયાં છે. ઊંટ પર બેઠેલા વૃદ્ધ પુરુષની સાથે નાનો પૌત્ર, બીજા ઊંટ પર નાનાભાઈને ખોળામાં લઈને બેઠેલી બહેન અને ઘરનો સામાન ગાદલાં-ગોદડાં, ખાટલી વગેરેને આબેહૂબ ચીતર્યાં છે. આખય ચિત્રનો પરિવેશ અત્યંત આકર્ષક થયો છે. દરેક પાત્રોના ભાવ અને શરીર રચના ઉપરાંત વસ્ત્રવિન્યાસ પણ આબેહૂબ છે. તેમનું બીજું સુખ્યાત ચિત્ર તે 'છૈયો'. સૌરાષ્ટ્રના લોકજીવન અને કૌટુંબિક જીવનનું તો એમણે પોતાનાં આવાં અનેક ચિત્રો દ્વારા

દર્શન કરાવ્યું છે. એ જ રીતે તાદૃશ કર્યાં છે ગ્રામજીવનની સુંદરતા, માધુર્ય અને પ્રાકૃતિક સૌંદર્યને. એમનાં સર્જનોમાં સૌરાષ્ટ્રની ભોમકા,ત્યાંના માલધારીઓ, વણઝારા અને આહિરો, પશુપક્ષીઓ અને સરળ, સંતોષમય લોકજીવનને એમણે પ્રકટ કર્યાં છે. અહીં માતા પોતાના વહાલસોયાને ખોળામાં લઈને બેઠી છે. અને તેનો પતિ તેની બાજુમાં બેઠો છે તેના પતિની માત્ર એક જ આંખ ચિત્રમાં દેખાય છે. પરંતુ તેના ભાવમાંથી ટપકતાં સ્નેહની સરવાણી આપણે જોઈ શકીએ છીએ. રંગોના સ્વામી સોમાલાલ આ ચિત્રમાં રંગોની પણ કમાલ સર્જે છે.

ચિત્રકાર પ્રધુમ્ન તન્નાએ પોતાના ગોપસંગીત નામના ચિત્રમાં અદ્‌ભુત સર્જન કર્યું છે. ચિત્રકારોની આંગળીઓને ઘણીવાર પોતાના માનીતા વિષયોની

સુભગ ફાવટ આવી ગઈ હોય છે. પ્રધુમ્ન તન્નાની આંગળીઓની એવી ફાવટ ભેંસો પરત્વે છે. જડ જણાવાની હદ સુધી પ્રશાંત એ પ્રાણીની વિવિધ સ્થિતિગતિ અને નાનામોટા ઢેકાઓથી આંદોલિત અંગ-ઉપાંગોની લાક્ષણિકતાઓના અસંખ્ય સ્કેચોથી તેમની સ્કેચબૂકો ભરેલી છે. એ ફાવટની સાથે ગોપજીવન માટેનો તેમનો અનુરાગ ભળે છે ત્યારે મનોહારી ચિત્રો સર્જાઈ આવે છે. મર્યાદિત ચિત્રપટ પર ગણતરીનાં આવશ્યક પાત્રો મૂકીને નાના ફલક મોટો વિસ્તાર બતાવવાની તેમની આગવી શક્તિનો પણ આ કૃતિ એક સુંદર નમૂનો છે. ચિત્રની ઉપલી કિનારે દૂર ગ્રામ વિસ્તારનાં બે સૂચન મૂકીને એમણે આ સાંકડી પટ્ટીમાં પણ કેવડો મોટો પટ વિસ્તારી બતાવ્યો છે. પ્રત્યેક સાચો સર્જક પોતાની એક નિજી નિરાળી પરિપાટી નિપજાવી લે છે.

કલાકાર શ્રી ખોડીદાસ પરમાર, ચાકળા, ચંદરવા, ભીંતચિત્રો અને અન્ય કળાઓની કાઠિયાવાડની તળપદી શૈલીના અંશો અપનાવીને તેમણે એક આગવી શૈલી ઉપજાવી છે. ચોકઠાં પાડીને યોજેલા નંદના ઘરના આંગણા ઓરડાની અટારીઓ ફૂલપાનથી પ્રફુલ્લિત વૃક્ષો, ગૃહસાધન અને ઉપસ્કરો, ઉત્સવિયા ગોપગોપીઓ અને ગાયો, તેમજ ઘર પર બેઠેલાં મોર, પંખી ને વાંદરા સુદ્ધાંમાં એક વિશિષ્ટ શોભનશૈલી યોજીને આખા ચિત્રને એક ભાતીગળ ચંદરવા જેવું બનાવ્યું છે. લોકભોગ્ય વિષયો અને લોકશૈલીની પરંપરા પર યોજાયેલા ખોડીદાસ પરમારનાં ચિત્રો સૌરાષ્ટ્રની એક ભવ્ય પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. આવી જ કૃતિઓ આપીને તેમણે પોતાની કલાનો પરિચય કરાવ્યો છે.

'ગોપ-ગોપી અને ગોધન'(જુઓ:2/3) નામના ખોડીદાસ પરમારના ચિત્ર વિશે વાત કરીએ તો તેમાં એમના સૌરાષ્ટ્રી કુટુંબમાં ભરાતાં પ્રાચીન ઢબના ભરતની માંડણી, સંયોજન અને રંગવટની સચોટ પડેલી જે છાપે નાનપણથી ખોડીદાસના મનમાં કલાના સંસ્કાર સીંચ્યા તે જ શૈલી એમનાં ચિત્ર સર્જનોમાં જતે દહાડે આગવો આકાર ધરીને મહોરી રહી. એમની ગૂઢી રંગાવટ અને ભરતગૂંથણની ધાટી પર થતી ભાતીગળ(પેટર્નવાળી) માંડણી-સંયોજના પોતાની લાક્ષણિકતાથી સર્વજન પ્રિય થઈ છે. સૌરાષ્ટ્રની લોકકલાનાં આલેખનો સુતરરેશમનાં ભરત તથા મોતીભરતની માંડણીમાંથી પ્રેરણા લઇ એ પોતાની ચિત્રશૈલી નિર્માણ કરે છે. એને કારણે તેમનાં સંયોજનોમાં પેટર્ન અને ડિઝાઇન (ભાત અને રૂપરચના) નું તત્ત્વ તથા ભરચ્ચકપણું પ્રાધાન્ય ભોગવે છે. લોકકળાની વિશિષ્ટતા વિશે તેઓ કહે છે કે, "પરંપરાથી મંડાતું આવતું એ દેશજ જનતાનું પેઢી ઉતાર કલા સ્વરુપ છે. સીધી,સાદી, સરળ અને સૌ કોઈ આછુંપાતળું માંડણ માંડી શકે તેવી, પ્રાપ્ય માધ્યમથી રજૂઆત પામતી તળપદ માનવસમૂહની એ કળા છે." જીવનસાફલ્ય શામાં છે? તેવું પૂછતાં તેઓ જણાવે છે કે, "શબ્દ, સ્વર અને વર્ણ બ્રહ્મસ્વરૂપ છે; તેથી વર્ણરચિત ચિત્રકળાની સતત સાધના અને દર્શનમાં બ્રહ્મદર્શનનો જ આનંદ ગણી તેમાં હું જીવનસાફલ્ય માનું છું"

ભારતીય કલાના અનન્ય અભ્યાસી અને ચિત્રકાર વાસુદેવ સ્માર્ત ભારતીય કલાના સર્વાંગી અભ્યાસ અને ચિંતનમાં પ્રવૃત્ત બનેલા વિરલ અભ્યાસીઓમાં તેમણે સ્થાન મેળવ્યું છે. તેમનું એક ચિત્ર જેનું શીર્ષક છે 'ગુજરીનું બજાર'. કલાકાર વાસુદેવ સ્માર્તે આ ચિત્રમાં નાની રાવટીઓ, પાત્રો તથા તેમની પ્રવૃત્તિઓનો ગુજરીના બજારની ભીડ અને હિલચાલનો અનુભવ કરાવતી પાર્શ્વભૂમિ પર શોભન શૈલીથી કરેલું આયોજન છે. અહીં અનેક પાત્રો પોતાની હાટડીઓ માંડીને બેઠાં છે અને વસ્તુઓ ખરીદતા ગ્રાહકો દેખાય છે. આ સમગ્ર ચિત્રમાંથી ગુજરી બજારનો કોલાહલ આપણને સંભળાય. વાતાવરણ આખાયમાં તરવરાટ અને ધમધમાટ પ્રસરી રહે છે. આપણી લોકકળા શૈલીને આત્મસાત કરી ચિત્ર સર્જનો કરવામાં પ્રશસ્ય હથોટી ધરાવતા કલાકારે આવી જ કોઇ અસરમાં આલેખેલા આ ચિત્રમાં લોકહૈયાના આવેગને ઉતાર્યો છે .

રવિશંકર રાવળની પાઠશાળામાં પાઠ લઇ તૈયાર થયેલા અનન્ય કલાકારોમાં બાલકૃષ્ણ પટેલ પણ એક છે. 1927માં અમદાવાદમાં જન્મ બચપણથી જ ચિત્રકળા પ્રત્યે અભિરુચિ હોઈ મેટ્રિક સુધી અભ્યાસ કરી રાત્રે મિલમાં નોકરી કરતા કરતા એમણે દિવસે કલાની સાધના કરવા માંડીને તસવીરની ચિત્રણા પર સારો હાથ અજમાવ્યો.

'કૃષિકારની ચર્યા' નામના ચિત્રમાં બાલકૃષ્ણ પટેલ ખૂબ જ સુંદર રીતે અમદાવાદમાં કૃષિ મેળા વખતે ગુજરાત રાજ્યના મંડપ માટે બનાવેલા 60 ફૂટ લાંબા આ વિશાળ શોભનચિત્રના આરંભમાં ખેડૂતના હર્યાભર્યા ઘરનું અંતરંગ બતાવીને ચિત્રકારે કૃષિકારના જીવનની કામગીરીના કેટલાક પાસાંને ઉત્તરોત્તર આલેખ્યાં છે. સવારમાં કૂકડો બોલે ત્યારે ખભે હળ નાખી સીમમાં જતા ખેડૂતને પછી ખેતર ખેડતો, જમીન ખોદતો, ગોફણ લઈ માંચડે ચડી પંખી ઉડાડતો, ખળામાં હાલરૂ હાંકતો, ને અનાજ વાવલતો દર્શાવ્યો છે. નાના મોટા કામોમાં સહાય કરતી એની પત્નીને પણ સાથોસાથ આલેખી છે. છેલ્લે વર્ષ આખાની મહેનતનું મીઠું ફળ પામી આનંદથી પાવો વગાડતો આલેખ્યો છે.

સાદડી અને સાત પૂંછડિયો ઉંદર (જુઓ:2/4)

રાષ્ટ્રીય લલિતકલા અકાદમી દ્વારા યોજાયેલ આર્ટ ફેસ્ટિવલમાં જવાનું નિમંત્રણ મળ્યું, ત્યારે મનમાં આનંદની સાથે સાથે મૂંઝવણ પણ હતી. આનંદ એ વાતનો કે પૂર્વાંચલના મેઘાલયની રાજધાની શિલોંગમાં આ મહોત્સવ યોજાયો હતો.

રસ્તામાં સતત વિચારણા ચાલતી કે કેનવાસ પર કેવું કામ કરીશ, માસ્ક બનાવવું કે કંઈક બીજું, આવી મથામણમાં વિમાનમાંથી હિમાલયના કંચનજંઘા

શિખર પર પડતો કેસરવરણો તડકો જોયો. કેટલું સુંદર એ દૃશ્ય!

ત્રાંસા ઢાળવાળાં મકાનો પહાડી ટેકરીઓમાં સુંદર લાગતાં હતાં. વળી દરેક મકાન આગળ સાદડીની છાંય કરેલી હતી. અહીંના રહેવાસીઓ નાળિયેરી, તાડ, ખજૂરીનાં પાંદડાં, વાંસ અને નેતરની પટ્ટીઓને ગૂંથીને બનાવેલાં ટોપલા-ટોપલીઓ, સૂપડાં, અનાજ ભરવાના કોઠલા જેવાં સાધનો અને સાદડી જેવી વિવિધ વસ્તુઓ બનાવીને ઉપયોગમાં લે છે. ક્યારેક પૂજા માટેની મૂર્તિઓ પણ ગૂંથીને સરસ બનાવે. પ્રાચીન ભારતીય સાહિત્યમાં સ્વર્ગના કલ્પવૃક્ષની કલ્પનાનો પૃથ્વી પર આદિવાસી સ્તરે તેના પર્યાય જેવાં વૃક્ષ નાળિયેરી તથા વાંસ છે. આ સાદડીની ગૂંથણીની જુદી જુદી ભાત. જુદી જુદી સાઈઝનાં ચોકઠાં ક્યારેક સક્કરપારાના આકારે તો ક્યારેક લંબચોરસ કે ચોરસ ભાત બનાવતાં ત્યારે મનમાં એમ થયું કે આ સાદડીનો કોઈ પ્રકારે ચિત્રમાં વિનિયોગ કરીશ. કારણ એટલું જ કે આ પ્રદેશની છાપ મારે ચિત્રમાં લેવી હોય તો એ પ્રદેશના સાંસ્કૃતિક વારસા જેવી સાદડીને મારે ચિત્રમાં મૂકવી. આમ સાદડીના કલ્પનને મનમાં ઘૂંટતાં ઘૂંટતાં કળા મહોત્સવની શરૂઆત થઈ.

સૌ પ્રથમ તો ખાસું ચાર બાય પાંચ ફૂટનું કેનવાસ સાદડીના તાણાવાણાથી ભરી દીધું. પછી તેના દરેક ખાનામાં ચિત્રની જુદી જુદી પરંપરાનાં રેખાંકનો લીધાં, માસ્ટર પેઇન્ટર્સની ચિત્રકૃતિઓનાં પ્રતીકો લીધાં અને એકબાજુથી ઉંદર કોતરી ખાતો હોય તેવી સાદડી બનાવી. આ ઉંદર એટલે નાનપણમાં સાંભળેલી સાત પૂંછડીવાળા ઉંદરની વાત. પછી એવું નક્કી કર્યું કે સાત પૂંછડીવાળો ઉંદર બનાવું અને ઉંદર પ્રયોજાયો. બજારવાદ અને ગ્લોબલ માર્કેટનું એ પ્રતીક બને છે.

અહીં મારી કૃતિમાં મેં મારા ઘડતરમાં પડેલાં કળાનાં પ્રતીકો, ચિત્રકારો અને પરંપરાઓને કૃતિમાં

વણી લેવાના પ્રયાસરૂપે સાદડીના દરેક ખાનામાં જુદી જુદી ચિત્ર પરંપરાના પ્રતીકો યોજ્યાં છે. અજંટાના પદ્મપાણિના ચિત્રની હાથમુદ્રા પણ અહીં અંકાઈ છે. અજંટાના ચિત્રો બહુધા જીવાતા જીવનને મૂર્ત કરવા પ્રયોજાયાં છે. વાસ્તવવાદી આલેખનમાં ભારતીય ચિત્રકળામાં દૂર-નજીકની આકૃતિના પ્રરિપ્રેક્ષ્યવાદી પ્રમાણભેદનો મહિમા નથી. જ્યાં કથાનકો એક સાથે અવનવી ગતિએ અને ઉપરાઉપરી એક દીવાલ વહેતાં હોય ત્યાં હાથ અને ચિત્રનું સામંજસ્ય જોવાનું જ શ્રેયસ્કર ગણાય. એને છૂટાં પાડતાં એનું ઋત પણ હણાય. આવું જ કથાનક અને સ્વતંત્ર પાત્રોના સાયુજ્યનું છે. વાચા ક્યાંક કવિતામાં સરી પડે તેમ મહાજાતક પૂરું થતાં મહારૂપે બોધિસત્ત્વ પદ્મપાણિ પ્રગટે છે. અહીં મેં માત્ર પદ્મપાણિના હાથનું રેખાંકન કર્યું છે અને ક્યાંક ક્યાંક અજંટાની ભાત ચિતરી છે. તે દ્વારા ભારતીય કળાવિશ્વની સૂક્ષ્મતાઓને આમેજ કરવાનો પ્રયાસ કર્યો છે. ઈજિપ્તના પિરામિડ ઉપરાંત તેનાં ભીંતચિત્રોમાંથી થોથ અને હોરસ અહીં આલેખાયાં છે. થોથ (ચન્દ્ર, ન્યાય અને વિધાનો દેવ)ને કુંજને મળતા પંખીનું મુખ છે અને હોરસને બાજનું મોં છે. એના હાથમાં રહેલા સંજીવની દંડનો મેં કળાના રૂપક તરીકે ઉપયોગ કર્યો છે. ગુજરાતના ભીંતચિત્રોમાંનો વાઘ, વારલીનાં ચિત્રોમાંની ઉત્સવની ઊજવણીનું દૃશ્ય, રાજસ્થાની મિનીએચરનો હાથી, જૈનશૈલીનું કલ્પસૂત્ર, મધુબની ચિત્રમાંની વાઘની આકૃતિ, વાનગોગનું વૃક્ષનું રેખાંકન, દેગાસની નર્તકી, રઝાના 'માઁ' ચિત્રની ઇમેજ, હુસેનનો ઘોડો, રામકિંકર બૈજની ભેંસો, પિકાસોની સુંદરી ઉપરાંત કળા મહોત્સવમાં આવેલ ચિત્રકારોની શૈલીઓનાં પણ પ્રતીકો મૂક્યાં અને સમગ્ર ચિત્ર યલોથી ડાર્ક શેડમાં સજ્યું. આ પ્રકારનું એક સંકુલ ચિત્રવિધાન રચવાની મારી કોશિશ હતી, - સફળતા કેટલી મળી તે તો સુજ્ઞ ભાવકો જ કહી શકે.

એક ખૂણેથી ચિત્રસંસારની સાદડીને કોતરી ખાતો સાત પૂંછડીવાળો ઉંદર જોઇને એક ચિત્રકારે પૂછ્યું કે 'યે સાત પૂંછવાલા ચૂહા ક્યું બનાયા?' અને પછી મેં તેને સાત પૂંછડીવાળા ઉંદરની આખી બાળવાર્તા કહી કે એ ઉંદરને સાંત પૂંછડીઓ હોય છે તો તેને બધા ખીજવે છે. મા પાસે જઈ ફરિયાદ કરે છે. આમ એક પછી એક પૂંછડી કપાતી જાય છે અને અંતે ઉંદર બાંડો થઇ જાય છે અને પોતાની ઓળખ ગુમાવી બેસે છે.

આ ચિત્રમાં આ બધાં પ્રતીકોનો સમાવેશ કરીને એ બેકગ્રાઉન્ડમાં બુદ્ધની આછી ઉપસતી પ્રતિમા મૂકી છે. જાણે સાધના અને સાધ્ય એકમેકમાં જોડાઈને રચાતા કળાના સામ્રાજ્યમાં કળાકારને શાતા આપે છે. અહીં કલાકારની ખેવના, સમયની સંકીર્ણતા, સાધનોનો અભાવ, ગળાકાપ સ્પર્ધા, રૂપનિર્મિતની ઊણપ, અણઘડ રંગમાવજત, વિચારોની મલિનતા જેવી પૂંછડીઓનો ધારક ઉંદર એ રહસ્યને પોતાનો ખોરાક બનાવી રહ્યો છે. સાત પૂંછડીવાળા ઉંદરને ધ્યાનથી જોતાં એમાં ઓક્ટોપસનો પણ ભાસ થાય તે રીતે પૂંછડીઓનું સંયોજન કર્યું છે. સંપૂર્ણ ચિત્ર સંયોજનની દૃષ્ટિએ સરળ અને કથ્યની રીતે માર્મિક બનાવવાનો મારો પ્રયાસ રહ્યો છે.

આ ચિત્રસર્જનની આખીય પ્રક્રિયા દરમિયાન હું માનવોત્પત્તિથી આજ સુધીના જ્ઞાત-અજ્ઞાત કળાવિશ્વ અને તેના ઇતિહાસને મારા લોહીના તાણાવાણે અનુભવતો રહ્યો એટલું જ નહિ આખા ય કળાવિશ્વને અકરાંતિયા બજારવાદનો ઉંદર કેવી ચૂપકીદીથી અને ચાલાકીથી ફૂંકી ફૂંકીને ભક્ષી રહ્યો છે તેની પારાવાર પીડાને પણ અનુભવતો રહ્યો. મને આ અનુભવ વડે જે રીતે પીડીને ભારતીય કળાવિશ્વના અસ્તિત્વ માટે જાગૃત કર્યો છે તેમ, મિત્રો, તમને ય સાદડીની પીડા પીડે એ માટે અનુભવ્યું તે લખ્યું. બાકી સાદડી વ્યક્તિની મરણોત્તર ઓળખ છે તે રીતે આપણું કળાવિશ્વ નિદ્રામૃત્યુ પામે પછી ઓળખીને શું કરીશું? સાદડી ભરીશું?

ઇન્સ્ટોલેશન કળા

સુરેન્દ્ર ગોહિલ • જુહિકાદેવી ભંજદેવ
surendragohil@gmail.com

કળાના ઘણા પ્રકાર છે પરંતુ કોઈ એક પ્રકાર શાશ્વત નથી. તે સમયાંતરે બદલાયા કરે છે. લલિતકળાના બહુચર્ચિત પ્રકારો જેવા કે ચિત્રકલા, આલેખન, શિલ્પ, છાપકામ વગેરેથી આપણે પરિચિત છીએ. લલિતકળાના આ પ્રકારોમાં પણ સમયાંતરે ફેરફારો થતા રહ્યા છે. આ ફેરફારો થવાનાં ઘણાં કારણો હોઈ શકે. જેવાં કે તેમાં વપરાતાં માધ્યમ કે તકનિકી વિકાસથી સર્જન વખતે ઉપયોગમાં લેવાતાં સાધનની ઉપલબ્ધતામાં આવતા બદલાવ. આ ઉપરાંત કળાકારની વિવિધ અખતરા કરવાની ઇચ્છા પણ તેમાં કારણભૂત હોય છે. કારણ જે કોઈ પણ હોય; પરંતુ જે બદલાવ આવે છે તેનાથી કળાની ગતિશીલતા ટકી રહે છે અને કળામાં આપણા બધાનો રસ જળવાઇ રહે છે. વસ્તુ, ઘટના કે ઘટનાક્રમ એક જ હોય શકે પરંતુ કળાકાર તેને સામાન્ય માણસ કરતાં સાવ જુદી નજરથી જુએ અને એક નવા સ્વરૂપે આપણી સમક્ષ પ્રસ્તુત કરે ત્યારે તે સર્જન બને છે.

જુહિકાદેવી ભંજદેવે આમ તો મહારાજા સયાજીરાવ ગાયકવાડ, વડોદરા વિશ્વવિધાલયના ફાઇન આર્ટસ ફેકલ્ટીના ચિત્રકળા વિભાગમાંથી સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવી છે. તેમની વિશેષતા એ છે કે તેઓ સર્જન કરતી વખતે કાગળ, કૅન્વાસ કે રંગોનો ઉપયોગ કરતાં નથી! તેમનામાં વિધાર્થીકાળથી જ અલગ અલગ માધ્યમનો ઉપયોગ કરી પ્રયોગો કરવાની વૃત્તિ હતી. વડોદરાની ફાઇન આર્ટસ ફેકલ્ટીના ચિત્રકળા વિભાગના ખુલ્લા અભિગમના લીધે ખૂબ પ્રોત્સાહન પણ મળ્યું અને એક નવા પ્રકારના કલાસર્જનની શરૂઆત થઈ. જુહિકાદેવીના કામને લલિતકળાના કોઈ એક ચોક્કસ પ્રકારમાં મૂકવો મુશ્કેલ છે; પરંતુ તે સ્થાપનકળાની નજીક છે.

સ્થાપનકળા (Installation Art) લલિતકળાના એક પ્રકાર તરીકે વીસમી સદીના સાઠના દશકામાં પરિભાષિત થઇ. વીસમી સદીના મધ્યમાં એલન કાપ્રોવે આ કળાને વાતાવરણ (Environment) તરીકે ઓળખાવેલ. સામાન્ય રીતે સ્થાપનકળામાં રોજબરોજના જીવનમાં વપરાતી કે કુદરતી રીતે ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી, કોઇ એક જગ્યા કે સ્થાનને જોવાનો તદ્દન જુદો અભિગમ રાખવામાં આવે છે. આ સ્થાપન કાયમી કે હંગામી હોઇ શકે. ત્રિપરિમાણીય કળાકૃતિનું સ્થાપન કળાભવનની અંદર કે બહાર પણ થઇ શકે. કળા સર્જનના માધ્યમ તરીકે લલિતકળાનાં વિવિધ માધ્યમો ઉપરાંત સંગીત, નૃત્ય તેમજ દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી એક અભિનય કે પ્રસ્તુતિ પણ થઇ શકે. અમેરિકન કળાકાર જુડી શિકાગો (Judy Chicago) અને

જાપાનના યાયોઇ કસામાં (Yayoi Kusama) દ્વારા આ ક્ષેત્રમાં શરૂઆતના પ્રયોગો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભારતમાં વિવાન સુન્દરમ, અનીશ કપૂર, શીલા ગોવડે, સુબોધ ગુપ્તા, શિલ્પા ગુપ્તા અને બીજા ઘણા કળાકારોએ સ્થાપનકળામાં બેનમૂન કામ કરેલું છે.

કળાનું એક મહત્ત્વનું કામ સૌંદર્યના સાક્ષાત્કાર દ્વારા આનંદની અનુભૂતિ થકી આપણા રોજિંદા જીવનમાંથી થાક કે કંટાળો દૂર કરવાનું છે. તેના દ્વારા આપણે એવા કોઈ સ્થાને પહોંચી જઈએ છીએ કે બોલી ઊઠીએ, "આ જ તો છે મારું જગત !" કળાકાર તેની કળા દ્વારા આવા કોઈ જગતમાં જીવતા હોય છે અને આપણને પણ પોતાની સાથે સફર કરાવે છે.

જુહિકાદેવીનાં સર્જનોમાં આપણી આસપાસનું અને ક્યારેક થોડું દૂરનું જગત દૃષ્ટિગોચર થાય છે. તેઓ મૂળ છત્તીસગઢ રાજ્યના બસ્તર જિલ્લામાંથી આવે છે. બસ્તર જિલ્લો તેના નૈસર્ગિક સંસાધનો, આદિવાસી લોકો અને સંસ્કૃતિ માટે જાણીતો છે. લગભગ અઢાર વર્ષની ઉંમરે અભ્યાસ માટે ગુજરાત આવ્યા પછી અહીં જ રહી પોતાનું સર્જન કાર્ય કરે છે. વતનથી દૂર રહેવા છતાં પોતાના સર્જન દ્વારા માતૃભૂમિ અને તેના લોકો સાથે જોડાયેલા રહેવાનો પ્રયત્ન કરે છે.

પ્રસ્તુત લેખમાં જુહિકાદેવી સાથે સંવાદ સાધી તેમના સર્જનની પ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

• • •

તમે પેઇન્ટિંગ સ્પેશ્યલાઈઝેશન સાથે અભ્યાસ કર્યો તેમ છતાં કેન્વાસ અને કલરના બદલે ત્રિ-પરિમાણીય સર્જનો કરવાનું કેમ પસંદ કર્યું ?

જુહિકાદેવી: હકીકત એવી છે કે મેં ક્યારેય ત્રિ-પરિમાણીય કલાકૃતિ બનાવવાનું નક્કી નહોતું કર્યું; એ એક પ્રક્રિયાના ભાગરૂપે થયું. એક સિરીઝની માફક એક પછી એક ઘટના ઘટતી ગઈ. એ અચાનક પણ ન હતું. એ સતત બે અલગ અલગ પ્રકારના માધ્યમોમાં કામ કરવાનું પરિણામ હતું. જેમાં હું કૅન્વાસ ઉપર રંગોથી પેઇન્ટિંગ પણ કરતી હતી અને સાથેસાથે પોટરી વિષયમાં માટી સાથે કામ પણ કરતી હતી. સ્નાતક કક્ષાના અભ્યાસ દરમ્યાન ત્રીજા વર્ષમાં પસંદગીના વિષય તરીકે મેં પોટરી લીધું હતું. માટી (Clay) સાથે કામ કરવાનું મને ખૂબ ગમતું કારણ કે એ એક એવું માધ્યમ છે જેને મરજી મુજબ વિવિધ આકારમાં વારંવાર ઢાળી શકાય : તેમાં કોતરી શકાય, એન્ગ્રેવિંગ પણ થાય, તેને ચીરી પણ શકાય અને એક ઉપર બીજો થર પણ ચઢાવી શકાય. માટી એક એવું માધ્યમ છે જેમાં સર્જન પ્રક્રિયા દરમ્યાન ઉમેરો પણ થઇ શકે અને સાથે સાથે જરૂર મુજબ ઘટાડો પણ. આ બધું મને એટલું આકર્ષિત કરતું કે એક સમયે હું મુખ્ય વિષય ન હોવા છતાં પેઇન્ટિંગ કરતાં પોટરીમાં વધારે સમય આપતી. આમ, બંને માધ્યમમાં કામ કરવામાં સારો એવો સમય પસાર કર્યા પછી આપોઆપ જ હું બંને માધ્યમોમાં અદલાબદલી કરવા લાગી. હું માટીને એક સપાટ કૅન્વાસ તરીકે અને કૅન્વાસને ત્રિ-પરિમાણીય સપાટી કે જે ખરેખર સપાટ નથી- એ રીતે જોવા લાગી. હું મારું પોતાનું એવું કૅન્વાસ બનાવવા માંડી કે જે સપાટ નહીં પણ એક જુદા જ આકારનું હતું; અને પછી તેના ઉપર પેઇન્ટિંગ કરવા લાગી.

તમારાં શરૂઆતનાં ઘણાં સર્જનોમાં સામાન્ય દેખાતી વસ્તુઓ જેવી કે વાયર, પાઈપ, નળ, સ્વિચ વગેરેનો ઉપયોગ થતો દેખાય છે. તો તેના વિષે જરા વાત કરશો ?

જુહિકાદેવી: શરૂઆતમાં હું મારા જુદી રીતે બનાવેલા કૅન્વાસ ઉપર સાપેક્ષ સ્થિતિ અને કદની યથાર્થ કલ્પના આવે તેવા Perspective drawing: મકાન, થોડી ચીજવસ્તુઓ જેવી કે નળ, પાણીના પાઇપ, મકાનમાંથી બહાર આવતા ગટરના પાઇપ કે જે મકાનની બહારની બાજુ લગાવેલા હોય છે, વીજળીના થાંભલાથી જોડાયેલા તાર, ટીવી કેબલ વગેરે દોરતી. આ બધું મને ખૂબ આશ્ચર્ય પમાડતું.

મકાનનો એક ભાગ બીજા મકાન સાથે આવા તારથી જોડાયેલો હોય છે. મને હંમેશા કુતૂહલ રહેતું કે આ તાર એક મકાનથી બીજા મકાન સુધી કેવા સંદેશ કે માહિતી પહોંચાડતા હશે !? એક રીતે હું આ જોડાણો થકી લોકોની વાતો કરતી હતી. મને હંમેશા એક પ્રશ્ન થતો કે આ બધી વસ્તુઓ આપણા જીવનમાં કેટલી અગત્યની છે તેમ છતાં તેની ઉપેક્ષા થાય છે. જેમ કે ગટરના પાઈપ મકાનમાં એવી જગા એ ફીટ કરવામાં આવે જ્યાંથી એ દેખાય નહીં. તે આપણા જીવનને ઘણું આસાન બનાવે તો પણ તેને ક્યારેય અંદરના ભાગમાં, જ્યાંથી બધા સારી રીતે જોઇ શકે તેમ, બેસાડવામાં નથી આવતા. શા માટે આપણે ક્યારેય તેની સરાહના નથી કરી શકતા? કેમ આપણે તેને સૌંદર્યમાં ઉમેરો કરી શકે એ રીતે નથી જોતાં?

પછીથી મેં એવું કરવા માંડ્યું કે આવી સમાન્ય દેખાતી ચીજ-વસ્તુને દોરવાના બદલે તેમને જ સર્જનનું એક માધ્યમ બનાવ્યું. હું મારી આજુબાજુના લોકો પાસેથી તેમના રોજિંદા વપરાશની વસ્તુઓ માંગવા લાગી અને તેમને મારા સર્જનમાં ગૂંથવાનું શરુ કર્યું.

આવા સાવ જુદા પ્રકારનું સર્જન કરવાની પ્રેરણા ક્યાંથી મળી ?

જુહિકાદેવી: મુખ્યત્વે એ એક પ્રયોગ કરવાની ઈચ્છામાંથી જ આવી. મનમાં સતત એક પ્રશ્ન ચાલતો કે કૅન્વાસને હંમેશા એક સપાટ સપાટી તરીકે કેમ જોવામાં આવે છે અને માટીને હંમેશા ત્રિપરિમાણીય સર્જન માટે જ કેમ ઉપયોગમાં લેવામાં આવે છે? વસ્તુત: જો કૅન્વાસ ઉપરથી પ્રાયમરનું આવરણ કાઢી નાખવામાં આવે તો એ એક કાપડ જ છે; તો પછી સીધું કાપડ ઉપર કેમ ન દોરાય? આવા થોડા વિચારોના પગલે હું અલગ અલગ પ્રકારના કાપડ સાથે પ્રયોગો કરવા લાગી. એક રીતે હું સર્જનના માધ્યમ સાથે જ પ્રયોગો કરતી હતી. મને હંમેશા પ્રશ્ન થતો કે શું થાય જો હું કૅન્વાસ કે: જે એક કાપડ છે તેના ઉપર દોરવાના બદલે એ કાપડના વણાટની અંદર જ કોઈ બીજી ચીજ વસ્તુને એવી રીતે વણી દઉં કે ક્યારેક એ કાપડને પણ ઢાંકી દે ? જયારે આપણે કાપડ કે કૅન્વાસ ઉપર કશું દોરીએ છીએ ત્યારે તે એ કાપડ કે કૅન્વાસના ટેક્સચરને ઢાંકી દે છે. અને તેની સાથે સાથે એ શાનું બનેલું છે એ પણ કોઈ ને ખબર પડતી નથી. એક રીતે જેનો માધ્યમ તરીકે ઉપયોગ કર્યો તેની ઓળખ જતી રહે છે. બીજી એક બાબત એ છે કે આપણે હંમેશા કોઈ કળાને સામેથી જ જોઈએ છીએ પરંતુ તેની પાછળના ભાગે શું છે તેના તરફ આપણું ધ્યાન જતું નથી. મને એ પણ પ્રશ્ન થતો કે પાછળની બાજુએથી જોતાં એ કલાકૃતિ કેવી લાગે? એમાં કયું રહસ્ય છુપાયેલું છે? હું ઘણીવાર કૅન્વાસ કે કાપડને જુદા આકારમાં વાળીને પણ જોતી. આમ, મારાં આ સર્જન કોઈ એક ચોક્કસ પ્રેરણાને બદલે મારી અંદર ઊઠતા સવાલોના જવાબ શોધવાના પ્રયોગોમાંથી આવે છે.

શરૂઆતનાં તમારાં સર્જનો અને હમણાંનાં કેટલાંક સર્જનોમાં તમે શર્ટના ખિસ્સાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રયોગ કર્યો છે. તો આ ખિસ્સાના આકારોનો ઉપયોગ કઈ રીતે શરૂ થયો ?

જુહિકાદેવી: મારાં સર્જનોમાં ખિસ્સાનો ઉમેરો લગભગ ૨૦૦૯થી થયો. ત્યારે હજુ હું સ્નાતક કક્ષાનો અભ્યાસ કરતી હતી. શરૂઆત ખૂબ સીધી અને સરળ હતી. તે સમયે મારી આર્થિક સંકડામણના લીધે તેની શરૂઆત થઈ અને પછી ખ્યાલ આવ્યો કે ખિસ્સું આપણા વિષે ઘણું કહી જાય છે. એક રીતે જોઈએ તો ખિસ્સાના લીધે આપણે એકબીજા વિષે ક્યારેક માન્યતા પણ બાંધીએ છીએ. લોકોનો સામાજિક મોભો પણ તેમના ખિસ્સાથી નક્કી થાય છે. થોડું વધારે વિચાર્યું તો સમજાયું કે ખિસ્સું એક પાત્ર છે. તે માત્ર રૂપિયા કે પૈસા રાખવા માટે નથી હોતું. જુદા જુદા લોકો પોતાના ખિસ્સામાં જુદી જુદી વસ્તુઓ પણ રાખે છે. કોઈ ખિસ્સાં ભારે હોય છે

જયારે કોઈ હલકાં. પરંતુ એક વાત સામાન્ય છે કે માણસ પોતાના તેમજ બીજાના ખિસ્સામાં સતત નજર કરતો રહે છે. આમ, શરૂઆતના ખિસ્સાના ભૌતિક આકાર ધીમે ધીમે ઓગળી વધારે નિરપેક્ષ બન્યા. પછી તો એવી સ્થિતિ આવી ગઈ કે હું દરેક એવી વસ્તુ કે જે લોકોનો દરજ્જો, સામાજિક મોભો કે વ્યવસાય દર્શાવે તેને એક ખિસ્સા તરીકે જોવા લાગી. જેમ કે સાડીની અંદર રહેલી સ્ત્રી કે ફ્રોક પાછળ રહેલું બાળક. હું ખાલી ખિસ્સાઓમાં જીવનનો અંત અને ઘરોમાં સચવાતું જીવન તથા આશા જોતી થઇ. લોકોની સારી અને નરસી યાદો ને બીજું ઘણું; ...ખિસ્સામાં ઘણું બધું સચવાય છે! જે કોઈ વસ્તુ કશું સાચવે છે તે એક ખિસ્સું છે. વિશ્વ પોતે પણ એક ખિસ્સું છે અને તેમાં વસતો દરેક માણસ પણ, ખરું ને!

તમારી આ વાતોના આધારે તમારાં કેટલાંક સર્જન હવે વધારે સમજાય છે. 76 Inverted Pockets ૨૦૧૦માં છત્તીસગઢના દંતેવાડામાં નક્સલી હુમલામાં માર્યા ગયેલા ૭૬ જવાનોના જીવન સાથે ઘણી બધી આશાઓના અંતની વાત કરતા હોય એવું લાગે છે. તો કદાચ પાટા સાડીને પણ તમે એક ખિસ્સા તરીકે જોતા હો એવું જણાય છે. આ બંને સર્જનો છત્તીસગઢ – બસ્તર સાથે જોડાયેલા છે. કોઈ ચોક્કસ કારણ ?

જુહિકાદેવી: પોતાની જમીન સાથે કોને જોડાઈ રહેવું ન ગમે ! ઘણાં વર્ષોથી બસ્તરથી દૂર રહેવાના કારણે મનમાં માતૃભૂમિને કશું પાછું આપવાની વાત મનમાં ચાલ્યા કરતી. ત્યાં જે કંઈ ઘટે તેની સાથે હું સ્વાભાવિક રીતે જોડાયેલી છું. 76 Inverted Pockets માત્ર કોઇ એક ઘટના આધારિત નથી; પરંતુ આવું બનવાના કારણની પણ વાત છે. ઉપભોક્તા અને બજારવાદે વિશ્વના કેટલાંય જંગલ ઉપર નિર્ભર લોકોની શાંતિને ડહોળી છે. જે કંઇ ઘટે છે તેમાં પરેશાન તો આખરે માનવ જ થાય છે. આ કલાકૃતિ જે તે સમયે બનેલી ઘટનાની મારા ઉપર થયેલી અસરનાં સર્જનો છે.

હવે પાટા-સાડીની વાત કરું તો બસ્તર, જિલ્લાના આદિવાસીઓમાં સદીઓથી એક પ્રથા ચાલતી આવે છે. દીકરીને જયારે પરણાવે ત્યારે તેના માતાપિતા તરફથી હસ્તવણાટથી તૈયાર થયેલી એક સાડી ભેટ આપવામાં આવે છે, જે જીવનપર્યંત દીકરીની સાથે રહે છે. પાટા-સાડી ખાસ પ્રસંગોમાં તેમ જ તહેવારોમાં પહેરવામાં આવે છે. પાટા-સાડીની ખાસિયત એ છે કે તેને હસ્તવણાટથી બનાવતી વખતે તેમાં આદિવાસી જીવનના રોજબરોજનાં પ્રતીકોને પણ એક ડિઝાઇનના સ્વરૂપે વણવામાં આવે છે. પ્રતીકોમાં માછલી, પતંગિયાં, જીવડાં, મંદિર, ફૂલ, જુવારના ડોડા વગેરેનો સમાવેશ થાય છે. પાટા-સાડીના તાંતણાઓને છત્તીસગઢ અને ઓડિશા રાજ્યની સીમા પરનાં જંગલોમાં મળતા આલ નામના વૃક્ષની છાલ અને મૂળમાંથી બનાવેલા રંગમાંથી રંગવામાં આવે છે.

અનાયાસે હું મારાં સર્જનોમાં જે ચીજ-વસ્તુઓ મૂકું છું એ પણ પાટા-સાડીના પ્રતીકોની જેમ મારી આજુબાજુના જીવનમાંથી આવે છે. મેં આગળ કહ્યું તેમ મને મટિરિયલ (માધ્યમ-સામગ્રી) સાથે પ્રયોગો કરવા ગમે છે. મારા આ સર્જનનું નામ પણ મેં 'પાટા' એવા આશયથી રાખ્યું કે જયારે આ પ્રથા લુપ્ત થઇ જશે ત્યારે કદાચ મારું આ કામ તેના ઇતિહાસને સાચવશે.

સ્થાપત્યની જાદુઈ કિતાબ

ક્રિસ્ટોફર બેનિંજર

એક ક્રિસમસની સવારે હું મારા માતાપિતાની અંગત જગ્યાઓમાં ખાંખાખોળા કરતો હતો અને મને એક ભેટ હાથ લાગી ગઈ. બધાં જ બાળકોની જેમ તે સદનસીબ સવારે મને મઝાની, સમજાય નહીં તેવી ભેટ અજાણતાં જ મળી ગઈ. આ કંઈ અન્ય ભેટ જેવી સામાન્ય નહોતી. એ તો મારા ભવિષ્ય માટે તાવીજ (talisman) પુરવાર થવાની હતી. મારું જીવન હરહંમેશ માટે બદલી નાંખે તેવી તે જાદુઈ કિતાબ હતી.

ફ્રેન્ક લોઈડ રાઈટના The Natural House (ધ નેચરલ હાઉસ)ના શબ્દો, વાક્યો, પેરેગ્રાફ અને પાનાં હું જેમ વાંચતો ગયો તેમ મને સમજાતું ગયું કે હું કોણ છું અને શું બનવા માંગું છું. મારી જિંદગીનો અર્થ કે મતલબ શું છે તે બાબતે મને પહેલવહેલી વાર દૃષ્ટિ સાંપડી. જેમ જેમ એનાં પાનાં હું વાંચતો ગયો, મને હું નવા અવતારે જોવા લાગ્યો. અને પહેલાં હું કોણ હતો અને ભવિષ્યમાં હું કેવો હોઈશ એનો અંદાજ પણ મને થવા લાગ્યો.

એવું નહોતું કે મને એની ડિઝાઇન, ચિત્રો અને ફોટોગ્રાફ ગમ્યાં કે મને એના શબ્દોના અર્થ સાંપડ્યા. પરંતુ એણે તો મારામાં પડેલા એ સત્યને ખોલી આપવાની ખાતરી આપી જે સત્ય અત્યાર સુધી મારામાં ખૂબ ઊંડે ધરબાયેલું હતું. એવું કંઈક જે ત્યાં હતું જ - નિશ્ચેષ્ટ પડેલું, મારી ચેતનાથી છુપાયેલું જે હવે ઊઘડી રહ્યું હતું. મારું માનવું છે કે આને જ પ્રેરણા અથવા આત્મખોજ કહેવાય. જે ક્ષણથી મેં The Natural House પુસ્તક ઉપાડયું પછી છેલ્લા પાને પહોંચતાં સુધી હું એને હેઠું ન મૂકી શક્યો. મેં એને નીચે મૂક્યું જ નહિ, એમ કહોને. આજે પણ મારો આત્મા અને વાંચી રહ્યો છે અને શોધી રહ્યો છે કે પચાસ વર્ષ પૂર્વે પેલી નાતાલની સવારે મને કેવી પ્રેરણા પ્રાપ્ત થયેલી ! જ્યારે મધરાત પછી મેં કિતાબ પૂરી કરી ત્યારે હું જાણે કોઈ બીજી જ દુનિયામાં પહોંચી ન ગયો હોઉં એવું લાગ્યું. તારાખચિત આકાશ નીચે, ઠંડી રાત્રિની હવામાં હું બહાર નીકળી પડ્યો અને વિશાળ રાત્રિના સ્વર્ગમાં પહોંચી ગયો. આવી તાજી હવા અગાઉ મેં ક્યારેય અનુભવી નહોતી અને આવું અદ્‌ભુત પારદર્શક આકાશ મેં પૂર્વે ક્યાં નિહાળ્યું હતું ! મારી નજર જ્યાં ક્યાંય પડી બધું નવતર, તાજું અને અનન્ય ભાસવા લાગ્યું. માત્ર કુદરતે તેનું ગાન મારા હૃદયમાં ગાવાનું શરૂ નહોતું કર્યું પણ મારા આત્માએ મારા મગજની સ્વીચ ઑન કરી હતી અને તેણે વિચારવાનું ચાલુ કરી દીધું હતું.

પછીના દિવસોમાં મેં એવી ચીજો જોઈ જે પૂર્વે મને કદી સમજાઈ નહોતી. સરસ કોતરેલા કઠેરા મારી નજરમાં આવ્યા. સુંદર પથ્થરમાંથી ઘડેલા ગોમુખ જોઈને મને આનંદ થયો. હવે મને ખ્યાલ આવ્યો કે રંગ, પોત, ઘનતા અને ઉપયોગને કારણે જ એક લાકડું બીજા લાકડાથી જુદું હતું. હું લાકડાની અનુભૂતિ કરી શકતો હતો અને જાણે મારાં આંગળાં એમાં નાંખી શકતો હતો અને તેના અંતઃસત્ત્વને પ્રમાણી શકતો હતો. મને ખ્યાલ આવ્યો કે લાકડાની ફર્શ શિયાળામાં હૂંફાળી રહે છે અને તેને જોવાની મઝા આવે છે; જ્યારે આરસની ફર્શ ઉનાળામાં ઠંડક આપે છે અને તેના પર બેસવાની મઝા આવતી હોય છે. રંગેલા કાચવાળી બારીઓ, સુંદર પિત્તળનાં હેન્ડલ અને વિચારપૂર્ણ રીતે તૈયાર કરેલી ફર્શની ભાત મારાં સાથીદારો બન્યાં. વસ્તુઓને હાથમાં પકડીને હું તેના આંતરિક અવાજને સાંભળી શકતો અને તેમની સાથે બોલતો. ખરાબ કામ

મને ગમતું નહીં અને નાની વીગતોમાં હું ઊંડો ઊતરતો. અકુદરતી, સિન્થેટિક અને બનાવટી ચીજો મારામાં ગુસ્સો પેદા કરતાં. હું કહું તે જ સાચું અને હું કહું તે જ માલસામાન વાપરવાનો, શું સારું અને શું ખરાબ તથા અતિશય ખર્ચાળ જેવી બાબતો અંગે હું દુરાગ્રહી બન્યો. મસમોટી ડિઝાઇનો મને નારાજ કરતી. આરસની કોતરણીના સ્થાને પ્લાસ્ટર ઑફ પેરીસની કોતરણી મારામાં તિરસ્કાર કે અણગમો પેદા કરતાં. હસ્તકલાની દુનિયામાં 'પ્રામાણિક અભિવ્યક્તિ' અને 'બનાવટી ચીજો' એવો હું ભેદ કરતો થયો.

કેટલાક તેજસ્વી સ્થપતિઓ હતા તો કેટલાક પૈસાને ખાતર કુરૂપતા સર્જનારા પ્રતિભાશૂન્ય પણ હતા. 'તમારા કરતાં હું સારો' એવું જે વલણ મારામાં વિકસી રહ્યું હતું તે મને મૂળભૂત તત્ત્વો તરફ લઈ ગયું. તે સાથે ચોકસાઈ, ખંત અને તટસ્થતા પણ આ જ વિચારોને કારણે મારામાં આવ્યાં. એક નવી ચાનક મારામાં પ્રવેશી ચૂકી હતી જેણે મારા આત્માને આંદોલિત કરી મૂક્યો હતો.

રાઈટે મને શિખવાડયું કે માનવમન બધી સૌંદર્યવાન ચીજો અને કુરૂપ ચીજોને જબરી સરખી રીતે જોઈ શકે છે. તેમણે મને જણાવ્યું કે માણસમાં સંત અને શયતાન બંને એકસાથે વસેલા હોય છે. જે માન્યામાં ન આવે એવા સૌંદર્યનું નિર્માણ પણ કરે છે અને ઘૃણાસ્પદ વિનાશ અને કુરૂપતા પણ સર્જી શકે છે. માનવમાં રહેલું મન તેને પ્રાણીજગતથી જુદો પાડે છે : તે આતંકવાદી રાક્ષસો બનાવે છે અને કવિતા, કલા તથા વાસ્તુશિલ્પના સર્જકો પણ. આપણે એક જ એવા જીવ છીએ કે જે પરમાનંદની અનુભૂતિ કરી શકે છે. માનવો જ એવી પ્રજાતિ છે જે મૂલ્યોનું સર્જન કરે છે ને તે આપણાં વર્તનને ઘડે છે. આ જ બાબત ડિઝાઇનનાં મૂલ્યો ઊભાં કરે છે અને પોતાની વસાહતોનું સર્જન કરે છે.

મેં The Natural House વાંચ્યું તે પછી Yin અને Yang મારામાં એકરૂપ બન્યાં અને એકબીજા સાથે લડી-આખડીને મને થકવતાં બંધ થયાં. અશ્વેત બળમાંથી શ્વેત સૌંદર્ય શક્તિમાન બન્યું. હું જે કંઈ કરતો તેમાં મને અનુરાગ પેદા થયો. મેં શિક્ષણકાર્ય છોડી દીધું અને આંતરિક ખોજમાં લાગી ગયો. કોઈ જાદુએ મને જકડ્યો હતો. મેં ગિરિજાઘરમાં જવાનું બંધ કર્યું અને મને સર્જનાત્મક શોધમાં જ આધ્યાત્મિક ક્ષણોનો અનુભવ થવા લાગ્યો.

આત્મખોજની આ ક્ષણને જ હું તો પ્રેરણા કહું છું. આ એવા ડહાપણનો ઝબકાર છે જે આપણને શું બનવું તે કહે છે અને આપણને તે બનવા મજબૂર પણ કરે છે. જીવનની ખોજને સ્પષ્ટ કરે છે, એને માટેની ઝંખના ઊભી કરે છે, આપણામાં જે નથી તે પામવાની અનિવાર્ય ઝંખના જન્માવે છે. તે આપણને આપણા અંતરમનને જાણવા લલકારે છે અને એવા માર્ગે લાવીને મૂકી દે છે જ્યાંથી આપણે ચલિત થઈ શકતા જ નથી.

આ સાદા-સરળ પુસ્તક મારફત રાઈટે મને ચીજવસ્તુમાં રહેલી જન્મજાત સંવાદિતાની ખોજમાં લગાડ્યો અને સત્યમાં સૌંદર્ય જોતો કર્યો. હવે મને સમજાયું કે ઘર કે મકાન એ તો તેમાં વસતા લોકોનાં જ દર્પણ સમાન હોય છે. લોકો કેમ વર્તે છે, કેવું વિચારે છે, તેમની મહત્ત્વાકાંક્ષાઓ કેવી છે અને ભૌતિક ચીજો સાથે તેઓ કેવી રીતે કામ પાડે છે તેનું તે પ્રતિબિંબ માત્ર જ છે. વિકસિત પ્રજા અને સમાજે કેવી આધ્યાત્મિક અનુભૂતિ કરી હશે તે આ મકાનો દર્શાવે છે. તેઓ

ભૌતિક સુખસંપત્તિ માટે જીવે છે કે પરમાનંદ પામવા માટે આ ચીજોનો માત્ર ઉપયોગ કરે છે તે વરતાઈ રહે છે. પ્રાણીઓ પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમતા હોય અને સંતો પરમાનંદની પ્રતીતિ ધરાવતા હોય એ બંનેને આ મકાનો ત્રાજવે તોલે છે. આસપાસના પર્યાવરણ સાથેનો લોકોનો કેવો નાતો છે તે મકાનો પ્રગટ કરી આપે છે.

- કલાકૃતિ બનવાથી મકાન એ સારું ઘર બને છે.
- કમિટિ-મિટિંગના સભ્ય બની રહેવા કરતાં માત્ર વ્યક્તિ બની રહેવાથી માણસ વધુ નરવો બને છે.

રાઈટ હરહંમેશ સત્ય, લોકશાહી અને પ્રામાણિક વ્યક્તિના પક્ષે હતા. તેઓ બનાવટી, કોમર્શિયલ અને નબળાં કાચમંડિત મકાનો, જે આજે ભરપૂર માત્રામાં જોવા મળે છે, તેની વિરુદ્ધમાં હતા. નબળા વાસ્તુશિલ્પ બાબતે તેમણે કહેલું કે 'આપણી પાસે હવે સ્થાપત્યશાસ્ત્ર છે જ નહીં, એવાં સુગ્રથિત મકાનો તો નથી જ. આપણી પાસે તો એ નામે થયેલા આર્થિક ગુનાઓ છે. આજે, આપણાં મસમોટાં મકાનો પણ કલાની નજરે ઊણાં ઊતરે તેવાં છે.'

દશાબ્દીઓના ઘુમ્મટોને વીંધતો રાઈટનો અવાજ આપણને આજે બોલાવે છે. ત્યારની સ્થિતિ વિરુદ્ધ રાઈટના અવાજે પાંચ મોટી પ્રામાણિકતાઓની જિકર કરી છે. અઢારમી સદીના ચીની તત્ત્વવેત્તા Ong Giao ki ની તેના પર અસર છે, જેણે આગ્રહપૂર્વક કહેલું કે 'કવિતા એ હૃદયનો અવાજ છે.' બીજા શબ્દોમાં કહીએ તો સાચી લાગણીઓના તત્ત્વમાં જ સુંદરતા રહેલી હોય છે.

રાઈટની પાંચ પ્રામાણિકતાઓ :

૧. મકાનના જે ખંડને આપણે વાસ્તુશિલ્પ તરીકે જ ન જોઈ શકીએ તો એમ કહેવું કે આપણી પાસે વાસ્તુશિલ્પ છે જ નહીં.

રાઈટ એમ કહેવા માંગે છે કે વાસ્તુશિલ્પ કંઈ શણગાર પેટી નથી. પરંતુ તે તો સ્પેસનો આંતરસંબંધ અને આંતરસમૂહ છે જે એકબીજા સાથે અભિન્નપણે ગૂંથાઈને એક સંબંધિત સુગ્રથિત સ્વરૂપનું સર્જન કરે છે. પોતાના ગુરુ લૂઈ સલિવાનના સૂત્રનો પ્રતિઘોષ પાડતાં તેમણે કહેલું : 'સ્વરૂપ તો ઉપયોગિતાને અનુસરતું હોય.'

૨. 'અંદરનું અને બહારનું એમ બે બાબતો ભિન્ન છે જ નહીં. એ તો એકબીજાની પૂરક છે, અભિન્ન છે.'

જો બધી ચીજવસ્તુઓ એકબીજાની પૂરક હોય તો ડિઝાઈન અને તેના અમલમાં પણ સ્વરૂપ અને કાર્ય (ઉપયોગિતા) એક જ બની રહેવાં ઘટે.

૩. ડિઝાઈન તો સ્થળકાળનું ફરજંદ છે. સ્પેસ, ઈન્ટીરિયર અને સ્વરૂપ ત્રણે વાસ્તવમાંથી જ પ્રગટ થાય છે.

સમકાલીન સંસ્કૃતિ તો ટુકડાઓમાં વેરવિખેર છે; તે સંયોજિત, સુગ્રથિત અને સહજ નથી. આજનાં શહેરો જે સ્થિતિમાં છે તે તો કુદરતથી વિરુદ્ધ વિકસી રહ્યાં છે. રાઈટ માનતા કે પ્રકાશ-વાસ્તુશિલ્પ-સંસ્કૃતિ-સુખ-કામ-શ્રદ્ધા બધેબધું સહજતામાં જ સિદ્ધ છે. દેખીતો બગાડ અને બનાવટ એ તો આપણી બુદ્ધિનું અપમાન છે અને તે આપણી બુદ્ધિશક્તિને કુંઠિત કરે છે.

૪. સેન્દ્રિય અથવા સુગ્રથિત વાસ્તુશિલ્પનો ખ્યાલ દર્શાવતાં રાઈટે કહેલું કે મકાનની વાસ્તવિકતા તેમાં રહેલી સ્પેસનો તમે શો ઉપયોગ કરો છો અને કેમ રહો છો તેમાં રહેલી છે. આજે આપણી પાસે જે લોકપ્રિય ખ્યાલ છે કે : મકાન એ એક પરબીડિયું છે અથવા સુશોભિત પેકેજ છે; તે સ્વીકારવાનો તેમણે ઇન્કાર કરેલો.

૫. રાઈટ માનતા કે સુગ્રથિતતાનો વિચાર એ લોકશાહીનો પણ પ્રાણ છે. લોકશાહી સમાજ વ્યક્તિને વિકાસ કરવાની મોકળાશ બક્ષે છે અને તેથી વ્યક્તિ પ્રામાણિકપણે તેમાં વિકસી શકે છે. તેઓ

એમ પણ માનતા કે આપણા બધામાં રહેલી વ્યક્તિત્વની નિષ્ઠા એ જ સુગ્રથિત વાસ્તવિકતા છે. પ્રામાણિકતા આખરે તો અંદરની ચીજ છે. તે તમે કેવા દેખાવ છો અને શું પહેરો છો એમાં વરતાતી હોતી નથી. નિષ્ઠા એ કંઈ વસ્તુ નથી કે જેને તમે ઇચ્છો ત્યારે પહેરી શકો અને ઉતારી શકો. નિષ્ઠા એ આંતરિક સદ્‌ગુણ છે અને એ વ્યક્તિનો પોતીકો હોય છે. આ આંતરિક પ્રામાણિકતા બાહ્ય પરિબળો કે દબાણને વશ હોતી નથી. એ માત્ર અંદરથી જ પરિવર્તન પામી શકે. એ તો વ્યક્તિથી અભિન્ન હોય છે તથા એના વડે જ તમે તમારું જીવન સારી રીતે જીવી શકો છો.

રાઇટ બાહ્ય દેખાવ આધારિત વાસ્તુશિલ્પના વિચાર અને ભ્રામક લોકો પ્રત્યે વિરોધ અને કકળાટ કરવા લાગેલા. બહારથી સુશોભિત એવા ભ્રામક વાસ્તુશિલ્પના બદલે એમણે નવી વિચારણા (paradigm) રજૂ કરેલી જેને emergent design (ભીતરથી ઉદીયમાન સ્વરૂપ)નો સિદ્ધાંત કહે છે. આ માટેની પ્રેરણા તેમને જાપાની તત્ત્વવેત્તા ઓકાકુરા કાકુઝોના પુસ્તક Book of Teaમાંથી સાંપડેલી જેમાં તેમણે કહેલું કે : છાપરાં અને દીવાલોને કારણે જે સ્પેસ ઊભી થાય છે તે જ ઓરડાની ખરી વાસ્તવિકતા છે. મકાનને કંઈ છાપરાં અને દીવાલોમાં ન પમાય !

રાઇટ પોર્વાત્ય કલાના સંગ્રાહક હતા અને લાઓત્સે તથા તાઓવાદી વિચારોના પ્રશંસક હતા. ટોકિયોની ઇમ્પેરિયલ હોટલના કામે તેઓ જાપાની સંસ્કૃતિની સમીપ પહોંચેલા. " ઉપરછલ્લા અને છેતરામણા દેખાવો નહીં પરંતુ વસ્તુની અંદરનું તત્ત્વ મહત્ત્વનું હોય છે. " એવા પ્રાચીન ખ્યાલોમાંથી તેમણે સુગ્રથિત સ્થાપત્યશાસ્ત્રનો ખ્યાલ સર્જેલો. તેઓ ભારપૂર્વક કહેતા કે આજે સ્થાપત્યશાસ્ત્રમાં સુગ્રથતિતા ખૂબ જરૂરી છે ને જીવનમાં પણ તે અત્યંત આવશ્યક હોય છે.

પ્રામાણિકતાની વાત જેટલી લોકો માટે સાચી છે તેટલી જ મકાનની ઊંચી ગુણવત્તા માટે પણ છે. રાઇટને લાગેલું કે પ્રામાણિકતા કે નિષ્ઠા એ માનવનો સહજ ગુણ છે પરંતુ ઉપભોક્તાવાદના આગમને ચીજવસ્તુઓની ઝંખના ઊભી કરી દીધી છે. આ કીમતી ગુણને 'સફળતા'નો ખ્યાલ ખાઈ ગયો છે; કારણ કે સફળતાની પડછે લોભ અને ભૌતિકતા છુપાયેલાં છે.

કોઈપણ માણસને કે કોઈપણ મકાનને અંદરથી બાંધવાનું ખરે જ મુશ્કેલ હોય છે. કેમ કે ઊંડાણ અને છીછરાપણું એ બેની સરખામણી શક્ય જ નથી. એ સાવ સ્વાભાવિક બાબત છે કે માણસ એવી રીતે અને એવી જગ્યામાં જ રહેવા ઇચ્છતો હોય છે જે એને અંદરથી ગમતી હોય અને જેનો એ આદર કરતો હોય. તમે જે સ્થળે રહો છો તે બધી દૃષ્ટિએ પૂર્ણ હોવું જોઈએ. જગ્યાની રીતે, હેતુની રીતે અને તમારી પોતાની રીતે. પણ આ વાત જ સદંતર વિસરાઈ ગઈ. ઘરો એ તો જાણે નામ વિનાની પેટીઓ ન હોય તેમ હારબંધ ગોઠવાયેલાં હોય છે !! જેમ માણસનું વ્યક્તિત્વ તેના પ્રામાણિક ચારિત્ર્યને કારણે જીવંત બને છે તેમ ઘર પણ અંદરથી સુગ્રથિત હોય તો સ્થાપત્ય જીવંત લાગે.

આપણાં રેખાંકનો અને ડિઝાઇનો આપણી આત્મખોજના માર્ગો છે. મકાનો એ પણ દર્શાવે છે કે આપણે કેવાં છીએ, કેવું વિચારીએ છીએ, આપણાં આશા- અરમાન શાં છે અને ભૌતિકતાની સાથે આપણે કેવી રીતે પનારો પાડીએ છીએ.

હે યુવા સ્થપતિઓ ! હું આપને આજીજી કરું છું કે આ મહાન ફિલસૂફીને જરાક સમજો અને તમારામાં ઉતારો. તે તમને એવી અદ્‌ભુત સફર કરાવશે જેમાં ભરપૂર આનંદ અને અન્વેષણ હશે.

અનુવાદ: ડંકેશ ઓઝા

ક્ષણોને થીજાવતી કળા : ફોટોગ્રાફી

સુનીલ આડેસરા
suniladesara98250@gmail.com

જગતની ઉત્પત્તિથી આજ સુધી વિવિધ કળાઓનો વિકાસ વિવિધ સ્વરૂપે થયા કરે છે. પ્રારંભે ભાષાલિપિ કરતા પણ ચિત્રલિપિ વધુ પ્રચલિત થઇ હતી. ચિત્રલિપિથી આગળ વધીને શબ્દોના આકાર આવ્યા અને સમયાંતરે આ આકારોમાંથી વિવિધ ભાષાઓ બનતી ગઇ.

કળા વિવિધ સ્વરૂપે ઉદ્‌ભવી અને વિકસિત થઇ. આજે સંગીત, નૃત્ય, ચિત્રકામ, શિલ્પકામ જેવાં અનેક નામ આપીને સીમાઓ બાંધ્યા પછી તેનું ફ્યુઝન થતું ગયું. આ માનવીય બળો અને આંતરસૂઝથી વિકસિત પામેલી કળાઓને વિજ્ઞાનનો સાથ મળ્યો. સંગીતનાં વિવિધ વાધો બન્યાં, નૃત્યને વધુ અસરકારક બનાવતાં સ્ટેજ, લાઇટિંગ્સ અને સુશોભન, ચિત્રકામ, અવનવા રંગો અને સાધનો વગેરે વગેરે આવતાં રહ્યાં.

ચિત્રને સ્થાને કેમેરો ગોઠવાયો ૧૮૦ વર્ષ પહેલાં. ત્યારથી અત્યારના સમય સુધીમાં આ કળામાં જેટલો વિકાસ થયો એટલો બીજા કોઇ કળાક્ષેત્રમાં થયો નથી. અત્યારે આ કળા કદાચ તેના શિખર ઉપર છે. પરંતુ સમયાંતરે લાગતું રહે છે કે બસ હવે કશું નાવીન્ય આવવાની શક્યતા નથી. ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી માનવની હાંસી કરીને વળી કૈક નવું ગતકડું રજૂ કરે છે.

પ્રારંભે દૃશ્યકળા તરીકે પ્રસ્થાપિત થયેલી આ કળાને લલિતકળા તરીકે સ્વીકારવા ચિત્રકારો અસહમત હતા. પરંતુ વિજ્ઞાનના વાવાઝોડામાં ક્યારે ચિત્રને સ્થાને ફોટોગ્રાફ ગોઠવાતા ગયા તેની જાણ કોઇને ન રહી. એક સમયે રાજ-રજવાડામાં મહારાજના એક પોટ્રેઇટ માટે કરવામાં આવતી જહેમત સામે આજે તેના કરોડમાં ભાગમાં સેંકડો સેલ્ફી યુવા જગત લઇ રહ્યું છે. દરેક ક્ષણને કચકચાવીને જીવી લેવા કરતાં તેને મોબાઇલમાં કેદ કરી લેવાની ઉત્કંઠા કદાચ આજના સમયની માંગ હશે. પરંતુ આ તો થઇ આ કળાની માત્ર એક બાજુની વાત.

આપણે વાત માંડીએ આ તસ્વીરકળામાં કેટલી તાકાત છે, કેટલી સહાયશક્તિ છે સમાજને માટે, અને કેટલો નિઃસહાય છે કેમેરા પાછળ ઉભેલો આજનો ફોટોગ્રાફર !

દૃશ્ય જોવું, માણવું, અનુભવવું અને તેને યોગ્ય સમયે કેદ કરી લેવું તે એક સાચા તસ્વીરકારની ઓળખ છે. સામાન્ય માનવી દૃશ્ય જોઇ શકે; તે પૈસા ખર્ચીને ગયો હોય તો માણવાનો પણ પ્રયત્ન કરશે, સંવેદનશીલ હશે તો અનુભવશે... આટલું થયા પછી જે ક્લિકનો અવાજ આવે તે છે ઉત્તમ ફોટોગ્રાફી.

કહેવત છે કે સો શબ્દોની ગરજ એક ચિત્ર સારે છે. એક ફોટો વાસ્તવિકતાની જે ઓળખ કરાવે છે તે માટે કદાચ એક ભારેખમ ગ્રંથના લાખો શબ્દો પણ અધૂરા લાગે. આ થઇ તસ્વીરની તાકાત. સમાજની વરવી વાસ્તવિકતાને તસવીરકાર ઉજાગર જ કરી શકે. નગ્ન વાસ્તવિકતા રજૂ કરવા માટે શબ્દો હંમેશા ખૂટી પડે છે તે પણ એક વાસ્તવિકતા જ છે ને ! સમાજને દર્પણ ધરતી તસ્વીરોથી સમાજમાં પ્રચંડ બદલાવ આવ્યાના દાખલા ઓછા નથી.

અપેક્ષાભાવ બહુ કનિષ્ઠ ગણાય છે. પરંતુ નજર સમક્ષ બનતી ઘટનાઓને નિરપેક્ષભાવે નીરખતાં

નીરખતાં થતી ક્લિક્સ ઘણીવાર તસ્વીરકારના હૈયાંમાં શૂળની જેમ ભોંકાતી હોય છે. પરંતુ તેની પાસે બીજો કોઇ વિકલ્પ નથી. નથી તો તે મંગલ પ્રસંગોમાં નાચી શકતો કે નથી કોઇ દુર્ઘટનમાં કોઇને બચાવી શકતો. યુદ્ધને સ્વાર્થભાવે નિહાળવું, કોઇનો પથ્થર ઝૂંટવી લેવો કે કોઇને પથ્થર આપવો તે તેની ફરજમાં નથી આવતું. પરંતુ બંને બાજુથી આવતા પથ્થરોથી પોતાને અને પોતાના જીવ જેવા કેમેરાના સાચવવો તે તેનો ધર્મ છે. તે વૃદ્ધત્વને કેદ કરી શકે છે પણ નિવારી નથી શકતો, નિ:સાસાને બીજા સુધી પહોંચાડી શકે છે પણ નિરાકરણ નથી લાવી શકતો...!

હવે વાત કરીએ શોખ અને કળાની. તો મારા મંતવ્ય પ્રમાણે ફોટોગ્રાફ્સ બે પ્રકારના હોય છે. પ્રથમ કે તમે જે જુઓ છો અને ક્લિક કરો છો. જેમ કે સૂર્યોદય, સૂર્યાસ્ત, પ્રકૃતિનાં પાસાંઓ, લેન્ડસ્કેપ કે રોજ-બરોજની સમાચાર બનતી ઘટનાઓ. બીજો પ્રકાર છે રૂપકો દ્વારા તમારી વાતને સમાજ સુધી પહોંચાડવાનો... છબી એ તસ્વીરકારની ભીતરમાં થતી સંવેદનાઓનો ફોટોગ્રાફિક ઓટોગ્રાફ છે. જે સ્થૂળ સ્વરૂપે એક સામાન્ય ફોટો જ છે પરંતુ કૃતિની દૃષ્ટિથી જુઓ છો ત્યારે તેમાંથી વેદના કે સંવેદનાનાં ધણ ઉમટે છે.

વસંતનાં જંગલો, પહાડોનું સૌંદર્ય, ફૂલોની વેલી, બરફથી આચ્છદિત ગિરિમાળાઓ, રણમાં સર્જાતાં અને વીંખાતાં ઢૂવાઓ; સમુદ્રના કિનારે પછડાતાં મોજાંઓ, સુનામીનાં તોફાનો, ધરતીકંપનાં પરિણામો, ભયાનક વાવાઝોડાં, આકાશને આંબતી આગની લપેટો, થનગનાટ કરતાં ઝરણાંઓ કે સમુદ્રમાં સમાવા ઉતાવળે દોડતી નદીઓને નાનકડા કેમેરા પોતાનામાં થીજવીને આહલાદક તો ક્યારેક ભયાનક સમયને તમારી નજર સમક્ષ ખડો કરી શકે છે.

તેવી જ રીતે જગત- સંસારમાં સર્જાતી વૈવિધ્યસભર ઘટનાઓ, તહેવારો, લોકજીવન, સહજીવન, પરિવર્તન, ભવ્ય ઇમારતો, સ્થાપત્યો, મેગા પ્રોજેક્ટસ, પ્રાણીઓ સાથેનું સહજીવન, કાર્ય, ઉપાસનાઓ, પ્રાર્થનાઓ.... કેટકેટલું !!!

વાણિજ્યનો પ્રવાહ બદલતી, સુંદર જીવનનો ભ્રમ ફેલાવતી જાહેરાતો, જીવનની કડવી વાસ્તવિકતા સમજાવતાં યુદ્ધ અને તોફાનો. વર્તમાનમાંથી કનિષ્ઠ ભૂતકાળમાં લઇ જતી યાદો,આજે સળ પડેલા ચહેરાઓ પર ફરી ગુલાબી ઝાંય લાવતી મધુરી, ધૂંધળી યાદોને સ્પષ્ટ કરતો કેમેરા આજે આપણા પર છવાયેલો છે.

ફોટોગ્રાફી વિશેષરૂપે અનુભૂતિને અભિવ્યક્ત કરવાની કળા અને પ્રકાશની ભાષા છે. જે સ્થૂળ જગતની અમૂર્ત ક્ષણોને કૃતિ સ્વરૂપે અનુભૂત કરાવે છે. આ કારણે ફોટોગ્રાફીમાં વિષયોની કોઇ ઘટ પડતી નથી. જ્યાં જ્યાં ઘટનાઓ સર્જાય છે ત્યાં ત્યાં તસ્વીર બનતી હોય છે. આ ઘટનાઓ કુદરતની પણ હોઇ શકે અને માનવસર્જિત પણ.

રવીન્દ્રનાથ ટાગોરે કોઇક જગ્યાએ લખ્યું હતું કે નવું જન્મતું બાળક ઈશ્વરનો એવો સંદેશો લઇને આવે છે કે હજુ માનવજાત ઉપરનો પ્રભુનો વિશ્વાસ અકબંધ છે. આ ઈશ્વરના સંદેશ જેવા બાળકોની આંખમાં વિસ્મયની એક નદી વહેતી હોય છે, આ નદીને પૂર્ણ રીતે ઝીલવી તે એક ઉત્તમ ફોટોગ્રાફર તરીકે અઘરું નહિ રહે; પરંતુ તે માટે તમારી કેમેરા પાછળની આંખોમાં પણ આટલું જ વિસ્મય હોવું જરૂરી છે. પ્રકાશના શ્વેત શ્યામ રંગોથી આ વિસ્મયના લાખો રંગોને અકબંધ રાખી શકો તો તમારા ફોટોનું સૌંદર્યમૂલ્ય અનુપમ બની રહેશે.

ચાલો હવે સૂર્યાસ્ત નિહાળીએ. જયારે તેને જીવન સાથે જોડીએ ત્યારે કુદરતના અનુપમ સૌંદર્યમાં કશુંક વધુ ઉમરાઈને આંખને ગમે તેવું દૃશ્ય સર્જાય છે. નિરાંતની પળો વાગોળતા ઊંટને માટે સૂરજનું આથમવું કે ઊગવું તેના માલિકની ઈચ્છા પ્રમાણે થતી ઘટનાઓ છે. (અહીં ન આપેલા ફોટો માટે જુઓ QR કોડ પાન ૪૮૭)મનુષ્યને આજના દિવસ કરતાં વધુ ચિંતા તો આવનારા સૂર્યોદયની થાય છે. તસ્વીરમાં દેખાતા ઊંટથી બનતા ચિત્રમાં ન દેખાવા છતાં તમારા મનોમસ્તિષ્કમાં અફાટ રણ ઊભરાઇ રહ્યું છે!

અત્યારે તો ઘડિયાળના કાંટે સવાર અને સાંજ પડે છે; પરંતુ એક જીવન એવું પણ છે કે જે ગૌચરમાંથી તૃપ્ત થઈને પાછી ફરતી ગાયોના દૃશ્યથી સાંજને આવકારે છે. (જુઓ ટાઇટલ-2/5) ગોધૂલિનો સમય એટલે દિવસના અંતે ઘરે પાછા ફરવાનો સમય. સાધારણ ઘટનામાં સર્જાતી પ્રકાશ સાથેની રમતથી ઊભરી આવેલું આ દૃશ્ય તસવીરકાર બનવા માંગતા પિપાસુ માટે લર્નિંગ પ્રોસેસનો ઉત્તમ નિર્દેશ કરે છે.

અફાટ પ્રકૃતિ અને અનંત આકાશના કેન્વાસમાં ફેલાયેલા પ્રાકૃતિક રંગોને તમે કેટલા સમેટી શકો છો તે શક્તિ ફોટોગ્રાફર માટે ખૂબ જ અગત્યની છે. ફોટોગ્રાફીના બહુ મહત્ત્વના વન થર્ડ અને ટુ થર્ડના નિયમને (જુઓ:2/6) અનુસરીને લેવાયેલી ઉત્તમ કમ્પોઝિશનવાળી આવી તસ્વીર હંમેશા નયનરમ્ય અને સંપૂર્ણ બને છે.

વિશ્વની દરેક સંસ્કૃતિ નદીને કિનારે ઉદ્ભવી, વિકસી અને વિસ્તરણ પામી છે. કદાચ એટલે જ કોઈ પણ ઉંમરની વ્યક્તિને નદી જોઈને એક અનોખો ઉમળકો આવી જાય છે. બાળક હશે તો છલાંગ મારવાની વૃત્તિ પ્રબળ બનશે અને યુવાન હશે તો પોતાના પ્રિય પાત્ર સાથે તેનો કિનારો ઝંખશે. અને સ્ત્રીઓ તો પવિત્ર અહોભાવથી નમી પડશે. નદી અને સ્ત્રી એકમેકના પર્યાય છે તે વાત અહીં તાદૃશ્ય થાય છે. પોતાના પતિ અને બાળકોનું શુભ ઝંખતી આ સ્ત્રીઓ પ્રબળ શ્રદ્ધા સાથે નદી કિનારે પૂજા કરવા ઊભી છે. તસ્વીરકારે આ ઘટનાને કંડારી હશે ત્યારે કદાચ તેણે પણ અકળ શ્રદ્ધાનો એક પ્રવાહ પોતાનામાં અનુભવ્યો હશે.

માયા-બંધન ન હોવા છતાં પણ બંધનનો અનુભવ કરાવતી પ્રબળ શક્તિ. ગઈ કાલે અડીખમ ઊભેલા આ જીર્ણશીર્ણ પથ્થરોની બીજી બાજુ ડોકાતું અનંત આકાશ; (જુઓ:2/7) સતત ઊભરાતી ઝંખનાના અતીતરાગને ઉકેલવા કદાચ શબ્દોનો સહારો લઈએ તો કહી શકાય કે ખંડહર બતા રહા હૈ કિ ઇમારત કિતની બુલંદ થી... પરંતુ ફોટો આપણને એનાથી વધુ આગળ લઇ જાય છે. તે બતાવે છે જીવનની એક એવી કડવી વાસ્તવિકતા જે વાસ્તવિકતા અને ભ્રમ વચ્ચે દીવાલ બનીને ઊભી છે. (જુઓ:2/8) ઊગેલું ઘાસ જીવનની અનંતતાનો લીલો રાગ ગાતું હોય એવા આ રૂપક સાથેનો ફોટોગ્રાફ માણવા અનંત સાથે સંધાન જરૂરી છે.

આજે ટેક્નોલોજીના ઉચ્ચતમ પરિમાણ જેવા મોબાઇલમાં H D કેમરાઓથી જગતનાં સર્વરો ફાટફાટ થાય છે ત્યારે આશા રાખું કે આપ પણ આપના જીવનની યાદોને ડિજિટલ પોટલામાં બાંધવા માટે કટિબદ્ધ હશો જ. પરંતુ પ્રયત્ન કરજો કે તેમાં થોડી સંવેદના ઉમેરવાનું ભૂલી ન જવાય તથા ક્લિક કરવામાં તલ્લીન થઈને વાસ્તવિક જગતથી વિખૂટા ન પડી જવાય !

દૃશ્યકલામાં સૌંદર્ય

અભિજિત વ્યાસ
abhijitvyas@gmail.com

દૃશ્યકલામાં સૌંદર્ય જોવું એ કલાના માધ્યમ પર આધારિત છે. જો કલાનું માધ્યમ ચિત્ર, ફોટોગ્રાફ કે શિલ્પ છે તો સૌંદર્ય વસ્તુગત છે. પણ એ સૌંદર્ય ફિલ્મમાં જોવા મળે તો એ વસ્તુગત હોવા છતાં વધુ તો અનુભાવનની વાત છે. એવું જ કંઈક સાહિત્યમાં પણ ખરું. કારણ કે સાહિત્યના વાંચનને પરિણામે જે ચિત્ર આપણે સર્જીએ છીએ તે વ્યક્તિગત રીતે નિર્માણ કરેલું છે એટલે તે પણ એક પ્રકારનું અનુભાવન છે. એટલે કયા માધ્યમમાં રજૂઆત થઈ છે એ અત્યંત વિચારણીય છે. તે ઉપરાંત તેનો અનુભવ અત્યંત વ્યક્તિગત છે. એક દૃશ્ય એક વ્યક્તિને સ્પર્શે, અન્યને ન પણ સ્પર્શે. એટલે એના કોઈ સામાન્ય નિયમો ન ઘડી શકાય. ફક્ત અને ફક્ત વ્યક્તિગત અનુભવની બાબત હોય છે.

પણ અહીં પ્રશ્ન એ છે કે સૌંદર્ય કોને કહેવું?

આપણે સામાન્ય રીતે જે વસ્તુગત બાબત આપણને સ્પર્શી જાય છે તેને સુંદર ગણીએ છીએ. આ માટે કોઈ ચોક્કસ વસ્તુની આવશ્યકતા નથી. એ કોઈ પણ હોઈ શકે. કોઈ પણ સ્વરૂપમાં હોઈ શકે છે. અહીં મને એક પ્રસંગ યાદ આવે છે. હું નાનો હતો ત્યારે મારા દાદાને મેં એમ કહેતા સાંભળ્યા હતા કે 'જો આ ભેંસ કેવી રૂપાળી છે'. અને આ વાત સાંભળી હું હસી પડયો હતો. આવી ગંધારી ભેંસ કંઇ રૂપાળી હોય! પણ પછી આ વાત મને અમુક વર્ષો બાદ સમજાઈ. ત્યારે મારાથી પણ એવું બોલાઈ ગયું હતું કે આ ભેંસ કેવી રૂપાળી છે. કવિ, ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્નાનાં ભેંસનાં ચિત્રો અહીં ખાસ યાદ કરવા રહ્યાં.

મને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનો એક પ્રસંગ નોંધવો પણ ગમે. રવીન્દ્રનાથ ટાગોર સર્વકલાઓના સર્જક હતા તેમ કહીએ તો તે પણ ઉચિત છે. તેઓ અવારનવાર શાંતિનિકેતનમાં નૃત્યનાટિકાના કાર્યક્રમોનું આયોજન કરતા. એમાં વ્યક્તિની સુંદરતા જોઈને નહીં પણ તેની કલાને જોઈને પસંદ કરતા. એના કારણે એવું પણ બનતું કે સુંદર ન હોય તેવી વ્યક્તિઓ પણ પ્રસ્તુતિ માટે પસંદ થતી. આ સંદર્ભમાં મૈત્રેયીદેવીએ એક બે વાર કવિને પૂછ્યું કે તેઓ પ્રમાણમાં સુંદર ચહેરાવાળાં પાત્રોને રંગમંચ ઉપર કેમ લાવતા નથી ? કવિ હસતા, કહેતા: " પહેલું કારણ એ છે કે શાંતિનિકેતનમાં દાખલ કરતી વખતે જે જે ગુણો જોવામાં આવે છે, તેમાં ચહેરાનો સમાવેશ થતો નથી. એમ જો કરત તો તો શાંતિનિકેતન જનશૂન્ય થઈ જાત. બીજું એ કે ચહેરો ગમે તેવો હોય, નૃત્ય તેનું પોતાનું સર્જન છે અને તે સુંદર છે કે નહિ તે જુઓ. માણસ જયારે સુંદરનું સર્જન કરતો હોય છે ત્યારે જ કલાકાર કહેવાય છે; તે કળા કેવી થઈ છે તેનો વિચાર કરવાનો હોય. નૃત્યના મૂલ્યાંકનમાં ચહેરાને સ્થાન નથી. બેશક, આ વાત ચિત્રને પણ લાગુ પડે છે. સુંદર સ્ત્રીનું ચિત્ર ચીતરે એટલે તે ચિત્રના ગુણ વધુ આવે છે એવું નથી."(સ્વર્ગની લગોલગ: મૈત્રિયી દેવી, અનુવાદ : નગીનદાસ પારેખ, પૃષ્ઠ ૧૮૬) આમ સુંદરતા એ મનનો ભાવ છે.

કલામાં પણ મનભાવન બધું સુંદર લાગે છે. એ માટે અંદરની રજૂઆતને સાથે સાથે કલામાં વ્યકત થયેલ ભાવને જાણવો રહ્યો. કલાના કૌશલ્ય કરતાં પણ મનનો આ ભાવ કઈ રીતે વ્યક્ત થયો છે એ વધારે મહત્ત્વનું છે. આ ભાવ જ સૌંદર્ય છે.

આપણી આંખ બધું જોતી નથી.આંખો વડે બધું જોઇ શકાય છે એમ કહેવું બિલકુલ ખોટું છે. આપણી આંખો જાતે કશું જોતી જ નથી. ખરું દૃષ્ટિકેન્દ્ર તો આપણા મગજમાં રહેલું છે, જયાં બધાં દૃશ્યની પ્રતિમૂર્તિઓ ઘડાઇ તેનું વર્ગીકરણ થાય છે. આંખે પંહોચાડેલા સંવેદનની પ્રતિમૂર્તિઓ આપણા મગજમાં જ્યારે નથી ઘડાતી ત્યારે આપણે બધું જોવા છતાં દૃષ્ટિવાન નથી હોતા. ઘણી વખતે આપણે કેટલું બધું જોતાં ચાલ્યા જઇએ છીએ, પણ આપણું મગજ બીજા કશા પર કેન્દ્રિત થયેલું હોય છે એટલે પ્રતિમૂર્તિ મગજમાં નથી ઘડાતી. એ બતાવે છે કે દૃગસંવેદનોનો અર્થ ઘટાવતું કેન્દ્ર આંખોમાં નહિ પણ મગજમાં આવેલું છે. એટલે જ હું એક વાક્ય અવારનવાર નોંધું છું: "Sight is a faculty, but seeing is an art."

એટલે સમજી શકાય છે કે સૌંદર્યનો ખ્યાલ માણસના મગજમાં રહેલો છે. અને એ પ્રત્યેક વ્યક્તિએ અલગ અલગ હોય છે. આપણે ત્યાં સૌરાષ્ટ્રમાં તો એક કહેવત પણ છે, 'સીદી ભાઇને સીદકાં વહાલાં'. આ જે વહાલ ઊભરાય છે તે જ સૌંદર્ય છે. અને એટલે જ અહીં કેટલાક એવા ફોટોગ્રાફસને ઉદાહરણરૂપ લઈને સૌંદર્ય વિષેની મારી વિભાવનાની વાત કરું.

સામાન્ય રીતે સ્ત્રીઓ સુંદર દેખાતી હોય છે. એમ કહીએ તો પણ ચાલે કે સૌંદર્ય એ સ્ત્રીઓની વિશેષતા છે. પણ એવું જરૂરી જ નથી કે બધાને બધી સ્ત્રીઓ સુંદર જ દેખાય. દેશ-પ્રદેશની સ્ત્રીઓ અલગ અલગ હોય છે. અને એ બધી જ એજ દેશ-પ્રદેશમાં એમના લોકોને માટે સૌંદર્યવતી હોય છે. એટલે એને કોઇ સામાન્ય નિયમ ન લગાવી શકાય. અને તો પણ તેમાં સૌંદર્ય દર્શાવવું એ કલાકારનું કાર્ય છે. જેમ સ્ત્રીઓ સુંદર દેખાય છે તેમ પુરુષના વ્યક્તિત્વને પણ જોવાનો એક અલગ જ અંદાઝ છે અને તેમાં પણ સૌંદર્ય જોવા મળે છે. એટલે કલામાં જયારે કોઇ વ્યક્તિની રજૂઆત એક વિષય તરીકે થાય છે ત્યારે તેનું સુંદર હોવું આવશ્યક નથી જ. આ સૌંદર્યની યોગ્ય રજૂઆત કરવી એ જ કલાકારનો ઉપક્રમ છે.

અહીં મને પ્રસિદ્ધ ફોટોગ્રાફર યુસુફ કાર્સની એક વાત યાદ આવે છે, કાર્સે કહ્યું છે, "Within every man and woman a secret is hidden, and as a photographer it is my task to reveal it if I can."

આ યુસુફ કાર્સના જ કેટલાક ફોટાઓથી મારી વાત સ્પષ્ટ કરીશ. અહીં ત્રણ ફોટાઓ પ્રસિદ્ધ અભિનેત્રીઓના છે. જેમાં પહેલો ફોટો વ્યક્તિગત રીતે સૌંદર્યને વ્યક્ત કરે છે, તો બીજામાં ચહેરો સોફ્ટ(કોમળ) અને અન્યનો થોડો કઠોર છે. તે છતાં બન્ને ફોટોમાંનું સૌંદર્ય દર્શકને સ્પર્શ્યા વગર રહેતું નથી. આ કલાનું સૌંદર્ય તો છે પણ અને રજૂ કરનાર કલાકારનું કૌશલ્ય પણ છે.

સ્ત્રીઓના ફોટાઓ સામાન્ય રીતે લોકોને આકર્ષક લાગતા હોય છે. પણ ફોટામાંની સ્ત્રીનું વ્યક્તિગત સૌંદર્ય પણ સંકળાયેલું હોય છે તે પણ ધ્યાનમાં રાખવું રહ્યું. એટલે કુદરતી દૃશ્ય જે સ્વયં સુંદર જ છે અને તેને ફોટોગ્રાફમાં કે ચિત્રમાં જયારે જોઇએ છીએ ત્યારે તો તે સારા લાગવાનાં જ છે. પણ કંઇક એવું ઝડપીને દર્શાવવું કે જેમાંથી પણ સૌંદર્ય જોવા મળે. ઉપર આપણે જેમ સ્ત્રીના ફોટોઓ જોઇને ઉદાહારણ જોયું તેમ પુરુષના ફોટાઓ પણ જોવા રહ્યા. હવે પુરુષના સૌંદર્યનું ઉદાહરણ પણ યુસુફ કાર્સે પાડેલા ફોટાઓ દ્વારા જોઇએ.

•

આ ત્રણેય ફોટાઓ અલગ અલગ વ્યક્તિના છે. અને ત્રણેય જેને આપણે 'હેન્ડસમ' કે પર્સનાલીટીવાળી વ્યક્તિ કહીએ તેવા નથી જ. પહેલો ફોટો છે તે અભિનેતા સર લોરેન્સ ઓલિવિયરનો છે. બીજો જાણીતા લેખક સમરસેટ મોમનો છે અને ત્રીજો આલ્બર્ટ સ્વાઈત્ઝરનો છે. આમાં પહેલને બાદ કરતાં અન્ય બન્ને કડક ચહેરાવાળા હોવા છતાં આ ફોટાઓ અત્યંત સુંદર છે એમ ચોક્કસપણે આપણે કહી શકીએ છીએ.

કુદરતમાં અનેક રંગો છે અને એ રંગોના પાછા અનેક ભાવવર્ણો છે. એટલે કુદરતી સૌંદર્ય તો આપણને સ્પર્શવાનું જ. કોઈ પણ કુદરતી દૃશ્ય સામાન્ય રીતે પ્રભાવક લાગતું હોય છે તેના કારણોમાં તેના રંગો પણ છે. એટલે વાસ્તવનું કુદરતી દૃશ્ય જયારે કલાના માધ્યમમાં જોઈએ છીએ ત્યારે પણ તે પ્રભાવક લાગે છે. અને એટલે જ વાસ્તવવાદી કૃતિઓ દર્શકોને વધુ આકર્ષિત કરતી હોય છે. પણ આવી કૃતિઓ જયારે શ્વેત શ્યામ(બ્લેક એન્ડ વ્હાઇટ)માં રજૂ થાય છે ત્યારે તેની પ્રભાવકતા બદલાઈ જાય છે. અહીં પણ શ્વેત અને શ્યામના અનેકવિધ ભાવવર્ણો(ટોન) હોય જ છે. પણ તેને જોવા રહ્યા. ફરી આપણે ફોટોગ્રાફનું એક વધુ ઉદાહરણ જોઈએ.

•

અહીં રજૂ કરેલા ફોટાઓ જાણીતા ફોટોગ્રાફર એન્સેલ એડમ્સે પાડેલા છે. અને આ ફોટાઓ વાસ્તવવાદી છે પણ તે શ્વેત-શ્યામમાં રજૂ થયેલા હોવા છતાં તેનું સૌંદર્ય નિરાળું છે. અંતમાં એક વાતની નોંધ લઈને મારી વાત પૂર્ણ કરું.

'કુમાર' સામયિકને બચુભાઈ રાવત બહુ સમજપૂર્વક સંપાદિત કરતા હતા. એક અંકમાં એમણે સંતોષકુમાર નામના દિલ્હીના જાણીતા એક ફોટોગ્રાફરનો ફોટો પ્રગટ કરેલો. આ ફોટામાં ચહેરા વિહોણી એક અનાવૃત્ત સ્ત્રી જોવા મળતી હતી. બચુભાઈએ આ ફોટાને એક ઉત્તમ કવિતા સાથે સરખવ્યો હતો ! એ પછીના અંકમાં કોઈ વાચકે આ ફોટા સામે અણગમો વ્યક્ત કરેલો ત્યારે બચુભાઈએ આવા ફોટાઓ પણ જોવાની દૃષ્ટિ જોઈએ તેવું જવાબમાં લખેલું. આ ફોટો અને બચુભાઈ રાવતનો જવાબ કલકત્તાથી પ્રગટ થતા વાર્ષિકી 'કેસૂડાં'માં તેના તંત્રી મધુ રાયે પુનઃપ્રગટ કરેલો. આમ કોઈ પણ વસ્તુમાં સૌંદર્ય જોવા-અનુભવવા માટે વિશિષ્ટ કલાદૃષ્ટિ જોઈએ.

વિરાટનો હિંડોળો ઝાકમઝોળ ...

(બ્રહ્માંડનું સૌંદર્ય)

કમલનયન જોષીપુરા
knjoshipura22@gmail.com

" અરે વાહ... કેટલું સરસ..?! ...અતિ સુંદર...!!"

ક્યારેક કશુંક જોતાં જ આવા શબ્દો તત્ક્ષણ સરી પડતા હોય એ તો સૌનો અનુભવ છે. આપણી આંખ (કે કાન કે નાક)ના ચેતાકોષો કઇંક ગ્રહણ કરે, અને ફટાફટ મગજને સંદેશો પહોંચાડે; મગજ એ વિચારવા ન રોકાય કે 'સુંદર છે' એટલે ખરેખર શું છે..?!' દિમાગનું કમ્પ્યુટર, અંદર સચવાયેલ ડેટા યાને કે પહેલાંના અનુભવો સાથે આ નવા મળેલા સંદેશાને સરખાવી જુએ અને વળતો જ આદેશ વાચાને આપે ... અને કાચી સેકંડમાં તો આપણાં મોંમાંથી ઉપરોક્ત શબ્દો સરી પડે....!!

ફુરસદની પળોમાં, મગજનો એક ભાગ કે જે વિશ્લેષણ કરવાને ટેવાયેલ હોય છે એ બીજા ભાગને કઇંક આવો પડકાર ફેંકે, "બોલ, સૌંદર્ય શું છે? વ્યાખ્યા આપ....!!" તો જવાબમાં એ ગુલઝારના લહેકામાં કહેશે: .... સિર્ફ એહસાસ હૈ યે, રૂહ સે મહેસૂસ કરો.....!!!

હા, સૌંદર્ય એ મૂળભૂતપણે તો પ્રસન્નતાની એક અનુભૂતિ છે. એમાંયે બ્રહ્માંડનું સૌંદર્ય તો અનન્ય છે..!!

આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ દાર્શનિકોએ એક બહુ જ અર્થપૂર્ણ નિરીક્ષણ કર્યું અને કહ્યું કે ચોપાસની સ્થૂળ કે ભૌતિક સૃષ્ટિનાં પાંચ મુખ્ય તત્ત્વો કે મૂળ ઘટકો છે: પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. અહીં 'આકાશ'માં સામેલ છે ગગનમાં ઊંચે નજર માંડતાં દેખાતા તમામ આકાશી પદાર્થો. રાત્રિના નિરભ્ર નભમાં ટમટમતા તારલિયા નીરખતાં મન પ્રસન્ન થઇ જાય, અને અહોભાવ જાગે-એ તો છે બ્રહ્માંડના સૌંદર્યનો ભાગ-૧. તેની સાથે 'નાની મારી આંખ એ જુએ કાંક કાંક ...' માં વ્યક્ત થયેલ કુતૂહલ તેમ જ જિજ્ઞાસા ભળે, ઝીણવટભર્યાં અવલોકનના આધારે ખગોળનું જ્ઞાનવિજ્ઞાન વિકસે, અને એ સૌંદર્યનું અનોખું સ્વરુપ પ્રગટ થાય.

સંસ્કૃતિનાં પ્રાગડ ફૂટ્યાં ત્યારથી માનવી જેને સાનન્દાશ્ચર્ય નીરખતો આવ્યો છે તે ખગોળની સૃષ્ટિનું સૌંદર્ય બહુ-આયામી છે. અહર્નિશ થતી રહેતી સૂર્ય અને ચંદ્રની ગતિ એ તો આપણા સર્વસામાન્ય અનુભવની વાત ગણાય. નિયમિતપણે ઘૂમતાં તારાઓનાં ઝૂમખાં મોહક લાગતાં હોય છે, પરંતુ તેમની વચ્ચે થઇને જુદા જુદા ગ્રહોની કઇંક અંશે આડીઅવળી-રખડુ જેવી જણાતી–આવનજાવનને ચકોર નજર પારખી લે છે. હકીકતે અંગ્રેજી શબ્દ planet એ મૂળમાં એક ગ્રીક શબ્દ planetes પરથી આવેલો છે, જેનો અર્થ જ થાય છે: ભ્રમણ કરનારો, રખડુ...! નરી આંખે જોઇ શકાતા પાંચ ગ્રહો, સૂર્યથી વધતાં અંતરમાં, આ મુજબ છે: બુધ (Mercury), શુક્ર (Venus), મંગળ (Mars), ગુરુ (Jupiter) અને શનિ (Saturn).

બુધ અને શુક્ર એ સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી થોડો થોડો સમય દેખા દેતા રહે છે. દોસ્તો, શુક્રનું સૌંદર્ય તો ન્યારું છે... એ જુઓ તો જાણો. વહેલી સવારે કે મોડી સાંજે (પૂર્વ કે પશ્ચિમનાં) આકાશમાં ભૂરાશ પડતા સફેદ રંગનો સ્થિર તેજે પ્રકાશતો આ ગ્રહ તુરંત આપણું ધ્યાન ખેંચે, કેમ કે સૂર્ય અને ચંદ્ર પછી તેજસ્વિતામાં એનો નંબર ત્રીજો છે. શુક્રનું અંગ્રેજી નામ Venus એ રોમન સંસ્કૃતિની કથાઓમાં આવતી સુંદરતાની દેવીનું નામ છે. શુક્ર આટલો બધો ચમકે છે તે શા માટે હશે?! વળી, શુક્ર એક 'કળાકાર'

છે...ચંદ્રની માફક તેની પણ કળાઓ થતી રહે છે. એ શી રીતે બનતું હશે? તેમ જ ખુદ ચંદ્રની કળાઓ થવાનું કારણ શું હશે?! જિજ્ઞાસુઓને આ સવાલોના જવાબ શોધવાનું ગમશે.

બ્રહ્માંડનું સૌન્દર્ય, ખગોળનો વૈભવ કેવાં કેવાં વૈવિધ્યમાં પ્રગટ થાય છે તે જુઓ. અંધારી રાતના શ્યામલ કેન્વાસ પર ચમકતા તારાઓની વચમાં ક્યાંક અચાનક એક નાનકડું પ્રકાશિત ટપકું ઊભરી આવે, અને જોતજોતાંમાં તો એ એક તેજલિસોટો બનીને ધરતી તરફ ધસી આવે...અને જાણકારો બોલી ઊઠે, "એ ... ઉલ્કા ખરી...!" (અહીં ન આપેલા ચિત્ર માટે જુઓ QR કોડ પાન ૪૮૭) (ચિત્ર-1) ઉલ્કા (meteor) ખરવાનો ખેલ સામાન્યત: પાંચ દસ સેકંડથી વધુ ચાલતો નથી. મોટેભાગે તો ઉલ્કાઓ વાતાવરણમાં જ બળીને ખાક થઇ જતી હોય છે. વળી આમ તો તેનું કોઇ નિયત સમયપત્રક હોતું નથી; હા, એટલું તો ખરું કે વર્ષના અમુક દિવસોએ (રાત્રે) તેનું પ્રમાણ વધુ જોવા મળે છે. આપમાંના ભાગ્યશાળીઓ કદાચ ઉલ્કા પડવાની ઘટનાના સાક્ષી બન્યા હશે. એક મોટી એવી ઉલ્કા મને જાન્યુઆરી ૨૮, ૧૯૭૬ની સાંજે ખરતી જોવા મળી હતી. તેના દોરદમામ અને તેજ પરથી લાગેલું કે તેના અવશેષો જરૂર ધરતી પર ક્યાંક પડ્યા હોવા જોઇએ. પછીના ઘટનાક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં ધજાળા ગામના શિક્ષકો-વિધાર્થીઓએ મળીને તેના નાના મોટા અવશેષો (ઉલ્કા-શિલાઓ meteorites) શોધી કાઢ્યા, અને તે અમદાવાદની Physical Research Laboratoryમાં અભ્યાસાર્થે લઇ જવામાં આવ્યા. વર્ષો બાદ PRLમાં કાચની પેટીમાં સચવાયેલા એ 'ધજાળા ઉલ્કા'ના નમૂનાઓ જોતાં જ હું ભાવવિભોર થઇ ગયો હતો...! દૂરસુદૂર અવકાશમાંથી ધસી આવીને ધરતી પર ક્યાંક ને ક્યાંક સચવાઇ રહેલી ઉલ્કાઓ ગ્રહમાળાનાં તેમજ બ્રહ્માંડનાં રહસ્યો તાણી લાવે છે, તેથી તેનો ઝીણવટભર્યો વૈજ્ઞાનિક અભ્યાસ કરવાનું રસપ્રદ બને છે.

પાંચેક વરસ પહેલાં અમેરિકામાં આકાશ-દર્શન (જેને શોખીનો star party કહે છે)ના એક કાર્યક્રમ દરમ્યાન તારાઓ, ગ્રહોની મજાની મહેફિલ જામી હતી, ત્યાં અચાનક એક ઉલ્કા ખરી આવતી જોતાં અમે સૌ શોખીનો આનંદની કિકિયારી પાડી ઊઠ્યાં હતાં.

તે ઉપરાંત, એ star partyમાં મને બ્રહ્માંડનું સૌન્દર્ય એક અનોખાં પરિમાણમાં જોવા મળ્યું - આકાશગંગા (milky way) સ્વરૂપે. ચાંદની વિનાની રાતે આકાશ સ્વચ્છ હોય અને પ્રકાશનું જરા પણ પ્રદૂષણ ન હોય ત્યારે આભની અટારીએ વટભેર છવાઇ જતી આકાશગંગા દેખાય....ને આપણે નિ:શબ્દ બનીને એ જોયા કરીએ... અનન્ત ઓચ્છવમાં પંથ ભૂલી..!! ઝાંખા ઉજાસનો એ દૂધિયો પટ્ટો, 'આપણું તારાવિશ્વ' અથવા આપણી ગૅલેક્સી (our galaxy) તરીકે પણ ઓળખાય છે (ચિત્ર-2). આપને થશે કે એમાં વળી 'આપણું' શું છે...?! શોધી કાઢજો...!

એક મોંઘેરા મહેમાન સમો અવકાશી પિંડ કે જે ક્યારેક આકાશમાં લટાર મારવા આવી ચડે છે એ છે ધૂમકેતુ (comet). ધૂમકેતુઓ આમ તો આપણા સૂર્યમંડળના નાના એવા લાડકા સભ્યો જ છે, અને એ અત્યંત લંબગોળ ભ્રમણકક્ષામાં સૂરજની આસપાસ ફરે છે. એ જ્યારે દૂર જતા રહે ત્યારે ઠંડીથી થીજી ગયેલ ગોળા બની જાય છે, અને સૂર્યની જેમ જેમ નજીક આવે તેમ તેમ ગરમીને કારણે તેનું દ્રવ્ય પીગળીને બાષ્પ બનવા લાગે છે. સૂર્યને અભિમુખ બનીને આંતર્-ગ્રહીય અવકાશમાં દોડી આવતો ધૂમકેતુ તેનાથી વિરુદ્ધ દિશામાં પૂંછડી ધારણ કરે છે, જે તેનાં રજકણોનો પ્રવાહ છે. લાંબી પૂંછડીવાળો ધૂમકેતુ સૂર્યના પ્રકાશમાં ચમકે છે ત્યારે એક મનોહર દૃશ્ય ખડું કરે છે. ધૂમકેતુ આપણને થોડા દિવસો કે મહિનાઓ સુધી દેખાઇ શકે છે, પણ બધા ધૂમકેતુઓ એક સરખા પ્રકાશિત હોતા નથી. તેમનો સૂર્યની ફરતે

એક પરિક્રમાનો સમય પણ થોડાં વર્ષોથી માંડીને લાખ્ખો વર્ષો સુધીનો હોઇ શકે. દુનિયાભરમાં સૌથી પ્રસિદ્ધ તેમ જ નરી આંખે સહેલાઇથી દેખાતો એવો હેલી (Halley) ધૂમકેતુ વર્ષ ૧૯૮૫-'૮૬ દરમ્યાન દેખાયો હતો (ચિત્ર-3), અને તે જોવા-બતાવવાનો એક અનેરો યાદગાર અવસર મને પ્રાપ્ત થયો હતો. તે હવે ૨૦૬૧માં ફરી દેખાશે...આપ સૌ જોજો...!

મિત્રો, આપણને સૌને જે ધારણ કરી રહેલ છે તે ધરતીમાતા એટલે કે પૃથ્વી એ સૂર્યથી અંતરમાં ત્રીજા ક્રમે આવેલ એક ખડકાળ ગ્રહ (rocky planet) છે. આમ તો સૂર્યમંડળના પહેલા ચારેય ગ્રહો ખડકાળ યાને કે નક્કર અથવા ઘન પદાર્થના બનેલ છે. ધરતીનું સૂરજથી અંતર જો કિલોમીટરના એકમમાં વ્યક્ત કરીએ તો તો બહુ મોટો આંકડો થાય, એટલે ખગોળશાસ્ત્રીઓએ એક ખાસ એકમ નક્કી કરેલ છે. સૂર્યથી પૃથ્વી સુધીના સરેરાશ અંતરને એક ખગોળીય એકમ (Astronomical Unit, AU) કહેવાય છે. આપણા પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી-ખગોળવિદ્ પ્રો. પી.સી. વૈદ્ય સાહેબે એ એકમનું સુંદર નામ આપ્યું હતું, 'ઇલામીટર'... ઇલા એટલે પૃથ્વી...!

ચિત્ર-4માં જુદા જુદા ગ્રહોનાં સૂર્યથી (સરેરાશ) અંતરોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. (મંગળ અને ગુરુની વચ્ચે આવેલ લઘુગ્રહોનો પટ્ટો asteroid belt આ ચિત્રમાં દર્શાવેલ નથી.) ખ્યાલ રહે, ગ્રહોનો સૂર્યની ફરતે પરકમ્માનો માર્ગ ઓછેવધતે અંશે લંબગોળાકાર (દીર્ઘવૃત્તીય elliptical) હોય છે.

આપણો ગ્રહ પૃથ્વી એ જાણે કે જાત જાતની અદ્યતન સુવિધાઓ ધરાવતું એક વિશાળ અવકાશયાન છે. એ પોતાની (કલ્પિત) ધરી પર ઘૂમે છે અને દિવસ રાત થાય છે; સાથોસાથ એ સૂર્યની ફરતે એક ચક્કર પૂરું કરે છે અને આપણું એક વર્ષ પૂરું થાય છે. અત્રે એક વિશેષતા તો નોંધવી જ જોઇએ કે તેના ધરીભ્રમણ (rotation)ની અક્ષ એ તેની સૂર્યને પરિભ્રમણ (revolution)ની કક્ષાના સમતલને બરાબર લંબ રીતે હોતી નથી, એ સહેજ (લંબની સાથે 23^0 અંશના ખૂણે) વાંકી વળેલ છે. શાળામાં કે અન્યત્ર પૃથ્વીના ગોળાનો જે નમૂનો બતાવવામાં આવે છે તેમાં પણ આ બાબત સૌનું ધ્યાન ખેંચે છે. આ અક્ષીય નમન (axial tilt)ને કારણે ધરતી પર વર્ષ દરમ્યાન ઋતુઓ (એટલે કે ઉનાળો અને શિયાળો) થવા પામે છે. આપણા તહેવારો, આપણી પરીક્ષાઓ, રજાઓ/વેકેશન, ઉત્સવો, લગ્ન-પ્રસંગો વગેરે બધું ...એમ સમજો ને કે, આ 23^0 અંશના ખૂણા પર અવલંબે છે...!!

ઊંચે આકાશમાં નજર કરીએ અને જે સુંદરતા અને વિવિધતા દેખાય છે તેનો એક આછો ચિતાર તો આપણે મેળવ્યો; તે ઉપરાંત એકાદ બે વિશેષ ખગોળીય ઘટનાઓની વાત પણ કરીએ. આપે ગ્રહણ થતું નિહાળ્યું છે?! પહેલાંના જમાનામાં સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ થાય ત્યારે માણસો કશુંક વિચિત્ર બનતું જોઇને ભય પામતાં, આજે તો એ ઘટનાઓ નિહાળવા માટે વિજ્ઞાનકેંદ્રોમાં ખાસ કાર્યક્રમો યોજાય છે. ગ્રહણ એ આકાશી પિંડોના પડછાયાની ઘટના છે. ચંદ્રગ્રહણ પૂનમે થાય છે, દર પૂનમે નહિં. સૂર્યગ્રહણ અમાસે થાય છે, પણ દર અમાસે નહિં. તેમાંયે એક અદ્‌ભુત નજારો જોવા મળે છે, પૂર્ણ કે ખગ્રાસ ગ્રહણમાં. આ રોમાંચકારી ઘટનામાં થોડી વાર માટે પણ પળે પળે પલટાતું સૌંદર્ય પ્રગટ થાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણમાં, ચંદ્રનું બિંબ સૂર્યને એકાદ મિનિટ માટે પૂરેપૂરું ઢાંકી દે છે. અને પછી સૂરજનું ઝગારા મારતું જે પહેલું તેજકિરણ વછૂટે છે... એ તો બસ, માણો તો જાણો...! સૂર્યગ્રહણ નિહાળવા આંખની સુરક્ષા માટે ખાસ પ્રકારનાં ચશ્મા જરુરી હોય છે. હવે પછીનું ગ્રહણ ક્યારે જોવા મળશે તેનું સમયપત્રક 'ગૂગલ'બાબાને કે કોઇને પૂછી ને જાણી લેજો...! ગ્રહણના સંદર્ભમાં વપરાતા બે શબ્દો 'રાહુ' અને 'કેતુ' ખરેખર શું છે એ જાણવું પણ સૌને ગમશે.

દોસ્તો, ભૂગોળના અભ્યાસમાં પૃથ્વીના ગોળાનો જે નમૂનો બતાવવામાં આવે છે તે ભૂરાશ પડતા રંગનો હોય છે તે તમે નોંધ્યું હશે. હવે તમારું જિજ્ઞાસુ મન કલ્પનાની ઉડાન ભરશે ..અને પૂછશે; ઉપર અવકાશમાંથી જોતાં પૃથ્વી ખરેખર કેવી લાગતી હશે?! આ સવાલનો જવાબ માનવસર્જિત ઉપગ્રહો, જે પૃથ્વીની આસપાસ ઘૂમતા રહે છે, તે દ્વારા મળતી તસવીરોમાંથી મળે છે. ઊંચે અવકાશમાંથી આપણી ધરતીનો ગોળો મુખ્યત્વે ભૂરા રંગનો દીસે છે. અલબત્ત તેના પરનાં વાદળો, જમીન અને હિમાચ્છાદિત પ્રદેશો પણ જુદા તરી આવે છે. આપણી કલ્પનાની ઉડાનમાં જેમ જેમ આપણે દૂર જતા જઇએ તેમ તેમ પૃથ્વી વધુ ને વધુ નાનકડી લાગવા માંડે. ૧૯૭૭ના અરસામાં USAની NASA સંસ્થા તરફથી બે ધ્યેયલક્ષી અવકાશયાનો (Space missions) છોડવામાં આવ્યાં હતાં, Voyager 1 અને Voyager 2. એનું નામ જ વૉયેજર -અલખના પ્રવાસી - જે બન્ને અત્યારે તો આપણી સૂર્યમાળાને પેલે પાર ક્યાંય પહોંચી ગયેલ છે. પરંતુ, શરુઆતમાં વૉયેજર-1 યાન દૂર જતાં જતાં પૃથ્વીની છબિઓ મોકલતું ગયું. લગભગ શનિ ગ્રહની નજીક પહોંચતાં તો એના કેમેરાને પૃથ્વી એક ઝાંખા ભૂરા ટપકા જેવી દેખાવા લાગી. પ્રસિદ્ધ અમેરિકન ખગોળશાસ્ત્રી કાર્લ સૅગન (Carl Sagan) એ તસવીરો જોઇને અત્યંત અભિભૂત થઇ ગયા. એ વિજ્ઞાની એક દાર્શનિક બની ગયા, અને એમણે એ તસવીરોને અનુલક્ષીને માનવજાત માટે એક હૃદયંગમ સંદેશો આપ્યો, જે હવે એક સ્પર્શિલા વિડિયોરૂપે ઉપલબ્ધ છે. કાર્લ સૅગને તેનું નામ આપ્યું હતું, pale blue dot….!! અંતરીક્ષમાંથી સાવ બિંદુવત્ દેખાતી પૃથ્વીનો નિર્દેશ કરતાં કાર્લ સૅગન માનવજાતને ઉદ્દેશીને કહે છે, " જુઓ… આ ઝાંખું ભૂરું ટપકું, જેના પર છીએ આપણે સૌ…નગણ્ય સરખાં..! આપણી ધરતી તો એક નાનકડું રજકણ, કે જે ન્હાય છે સૂરજનાં કિરણોની અવિરત ધારામાં…!!"

એ ખગોળવિદ્ એક વેધક નજરે પૃથ્વી અને તેનાં રહેવાસીઓનું વિશિષ્ટ આકલન કરે છે, અને કહે છે કે ખગોળનો વૈભવ… વિરાટની ઝાંખી .....એ એક વિનમ્ર બનાવે તેવી અનુભૂતિ (humbling experience) છે. .....બ્રહ્માંડનાં બહુઆયામી સૌન્દર્યનું આ થયું એક અનોખું દર્શન..!! Pale blue dot એ ત્રણેક મિનિટનો હૃદયસ્પર્શી વિડીયો છે, જે youtube પર મળશે.

મિત્રો, ઉનાળાની અંધારી મધરાતે આકાશગંગા નજરે ચડે એ એક રોમાંચક અનુભવ છે તો શિયાળામાં ડિસેમ્બર જાન્યુઆરી માસ દરમ્યાન અતિ સુંદર મૃગ નક્ષત્ર અને તેમાં રહેલી (ઝાંખી) મૃગ નિહારિકા દેખાય એ છે વધુ એક રોમાંચક અનુભવ…! અને હા… મૃગની નજીકમાં એકદમ તેજસ્વી ભૂરા રંગનો તારો 'વ્યાધ' તો તરત જ સૌનું ધ્યાન ખેંચશે. અમુક તારાઓ ભૂરા હોય છે, જ્યારે અમુક વળી લાલ કે નારંગી હોય છે, તેનું રહસ્ય વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે. વ્યક્તિવિશેષની જેમ તારકવિશેષની વાત કરવા માંડીએ તો તો પાનાં ને પાનાં ભરાય, પણ ધ્રુવનો તારો અને સપ્તર્ષિ તારકમંડળ તો જરૂર જોજો. ત્યારબાદ આપને વિવિધ નક્ષત્રો ઓળખવાનું જરુર મન થશે….! અને હા … રાશિઓ શું છે એ જાણવું કેવળ રસપ્રદ જ નહીં અર્થપૂર્ણ પણ બની રહેશે.

વાત આકાશદર્શનની હોય કે આપણી આસપાસની સૃષ્ટિની સુંદરતાની હોય, સામાન્ય માનવી તેના પર એક નજર કરે અને પ્રસન્ન થાય. કોઇ કોઇ ભાવુકની દૃષ્ટિ વિશેષ હોય, એ ગગનમાં નીરખે અને ભક્તિમય બની જાય. વિજ્ઞાનીઓ અવલોકન કરે છે, અને તેનાં રહસ્યો ઉજાગર કરવાનો પ્રયત્ન કરે છે. અવલોકન અને તર્ક એ વિજ્ઞાનની બે આંખો…! તેવી જ કઇંક દૃષ્ટિએ આપણા પ્રાચીન ખગોળશાસ્ત્રીઓ આર્યભટ્ટ અને ભાસ્કરાચાર્ય—૨

વગેરેએ વૈજ્ઞાનિક પ્રદાન કર્યું હતું. અર્વાચીન યુગમાં ૧૯મી સદીના આરંભે યુરોપમાં જે વૈજ્ઞાનિક ક્રાંતિ આવી તેમાં સૌ પ્રથમ ઉલ્લેખ કરવામાં આવે છે જર્મન ખગોળવિદ્ કેપ્લર (૧૫૭૧-૧૬૩૦)નો. અગાઉ આપણે ઉલ્લેખ કર્યો છે કે, નરી આંખે જોઇ શકાતા પાંચ ગ્રહો આકાશમાં વિવિધ નક્ષત્રો તથા રાશિઓની પશ્ચાદ્‌ભૂમાં 'યથેચ્છ' ગતિ કરતા જણાય છે. કેપ્લરના ગુરુ ટાયકો બ્રાહૅએ ગ્રહોનાં બદલાતાં સ્થાનનો વિગતવાર અભ્યાસ કરીને એક મોટી નોંધ તૈયાર કરી હતી. કેપ્લરે તેનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરીને ગ્રહીય ગતિના ત્રણ નિયમો તારવ્યા. એ સાથે ખગોળવિજ્ઞાનમાં એક નવા યુગનાં મંડાણ થયાં. સૂર્યમાળાના કેંદ્રમાં (સ્થિર) સૂર્ય છે અને ગ્રહો તેની આસપાસ ચોક્કસ નિયમો અનુસાર ઘૂમતા હોય છે એ હવે સ્પષ્ટ થયું. આશરે ૧૬૬૫ના અરસામાં આઇઝેક ન્યુટને સાર્વત્રિક ગુરુત્વાકર્ષણનો નિયમ આપીને કેપ્લરના નિયમોનું અર્થઘટન કર્યું. એ સાથે પ્રારંભ થયો ભૌતિકવિજ્ઞાન (physics)નો તેમજ ખ-ભૌતિકી (astrophysics)નો. આપણે જેને ખગોળશાસ્ત્ર કહીએ છીએ તેનું પ્રાથમિક સ્વરૂપ છે વર્ણનાત્મક કે સ્થાનલક્ષી ખગોળશાસ્ત્ર (positional astronomy). સ્થળકાળ અથવા તો અવકાશ અને સમય (space-time)ના મહામંચ પર દ્રવ્ય (પદાર્થ, matter) અને ઊર્જા (energy)ની થતી રહેતી આંતર-ક્રિયાઓનો અભ્યાસ એટલે ભૌતિકવિજ્ઞાન, અને તેનું એક અભિન્ન અંગ છે પ્રયોગ (experiment) અને માપન (measurements). હવે ખગોળીય પિંડોને પ્રયોગશાળામાં તો લાવી શકાય નહીં, તેથી તેમના અભ્યાસ માટે ટેલિસ્કોપ દ્વારા લેવાતાં અવલોકનો એ મુખ્ય આધાર બને છે. આપણી આંખ જેને જોઇ શકે છે એ દૃશ્ય પ્રકાશ એ તો અદૃશ્ય વિકિરણ (invisible radiation)ના એક બહુ મોટા વ્યાપ, યાને કે વિદ્યુત્-ચુંબકીય વર્ણપટ (electromagnetic spectrum)નો એક અંશ માત્ર છે. કુદરતે સૃષ્ટિને નિહાળવા માટે આપણને જાણે કે એક નાનીશી બારી આપેલ છે તેનું નામ છે દૃશ્ય પ્રકાશ (visible light), અને તેની એક બાજુએ (અદૃશ્ય એવાં) ઇન્ફ્રારેડ કિરણો, માઇક્રોવેવ્ઝ અને રેડિયોવેવ્ઝ રહેલ છે તો બીજી બાજુએ અલ્ટ્રાવાયોલેટ કિરણો, ક્ષ-કિરણો અને ગામા કિરણો રહેલ હોય છે... એ બધાં પણ અદૃશ્ય! આ ગોઠવણી તેઓની તરંગલંબાઇ (wavelength) મુજબની હોય છે. બીજા શબ્દોમાં કહેતાં, બ્રહ્માંડનાં અદૃશ્ય સૌંદર્યને નીરખવા પરખવાને માટે વિશિષ્ટ પ્રકારના ટેલિસ્કોપની જરૂર પડે છે. એ આમ તો અટપટું અને રહસ્યમય લાગે છે, નહીં?! દોસ્તો, હજુયે વિસ્મયકારક પ્રશ્નો તો આ રહ્યા.

નભમંડળમાં જે કાંઇ પણ છે એ બધું અસ્તિત્વમાં ક્યારે આવ્યું હશે અને શી રીતે ..?!! વળી, આપણી પૃથ્વી જેવી કોઇ અન્ય 'પૃથ્વી' કે અન્ય ગ્રહ શું ક્યાંયે હશે, કે જ્યાં કોઇ પ્રકારનું જીવન હોય?!...ટૂંકમાં વાત કરીએ.

બ્રહ્માંડની ઉત્પત્તિના અભ્યાસને બ્રહ્માંડવિદ્યા (cosmology) કહે છે. પ્રચલિત વાદ (theory) અનુસાર બ્રહ્માંડની ઉત્પત્તિ લગભગ ૧૩.૮ અબજ વર્ષો પૂર્વે એક મહાવિસ્ફોટ (big bang)થી થઇ હતી.... અને અત્યારે બધાં તારાવિશ્વો એકબીજાંથી દૂર ને દૂર જઇ રહેલ છે...!! અતાગનો તાગ મેળવવાને...! તો આશ્ચર્યજનક વાત એ છે કે બ્રહ્માંડનો પણ જન્મ થયો હતો અને તેની ઉત્ક્રાંતિ થવા પામી છે. કાળક્રમે તારાવિશ્વો રચાયાં, જેમાંનું એક એટલે આપણું તારાવિશ્વ- આકાશગંગા- કે જેનો એક સામાન્ય તારો એટલે સૂર્ય...! બ્રહ્માંડની વાત હોય અને તેના આરાધક નરસિંહ મહેતાને કેમ ભુલાય...? એક લાલિત્યમય દર્શનમાં નરસિંહે ગાયું,

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જૂજવે રુપે અનન્ત ભાસે...!

અખિલ બ્રહ્માંડમાં તારાઓ, તારાવિશ્વો રૂપે દ્રવ્ય કે પદાર્થ છે, તો તેમાંથી વછૂટે છે એ ઊર્જા કે વિકિરણ (તેમજ સૂક્ષ્મ કણો) પણ છે...અને શ્યામલ ગર્ત – black hole - એ તો એક એવું અદૃશ્ય વૈવિધ્ય છે કે જેને લીધે કોઇ આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય તો ફરી બહાર જ ન આવી શકે.....??!!! આકાશની સૃષ્ટિમાં તારાઓ -ગેલેક્સીઓનાં અફાટ અંતરો જોતાં આમ તો બધું ખાલી ખાલી લાગે. વાત તો સાચી, પરંતુ જ્યાં કાઇં જ નથી ત્યાં જે છે તે અવકાશ, અને ભૌતિકવિદ્ રિચર્ડ ફેયન્માને હળવાશથી કહ્યું હતું તેમ, જ્યારે કશું જ નથી બનતું હોતું ત્યારેય જે બનતું રહે છે એ છે સમય(નો બહાવ) ...!! તો સમજવાનું એ કે અખિલ બ્રહ્માંડ ખાલી નથી, અત્ર તત્ર સર્વત્ર બસ ... અવકાશ અને સમયની એક ચાદર બિછાયેલી રહે છે. નિષ્ણાતો એને space-time continuum કહે છે, પણ આપણને હૈયે અને હોઠે આવી જાય.... ઝીની ઝીની રે બીની ચદરિયા.....!!! આલ્બર્ટ આઇન્સ્ટાઇનના વ્યાપક સાપેક્ષવાદ (General relativity)માં ગુરુત્વાકર્ષણને અવકાશ-સમયની સર્વવ્યાપી ચાદરમાં પદાર્થપિંડની હાજરીથી પડતા 'ખાડા' રૂપે વર્ણવવામાં આવેલ છે...! આમાં હવે નવાઇ ન લાગે તો જ નવાઇ...!!

આપણી પૃથ્વી સિવાય બીજે ક્યાંય કોઇ પ્રકારનું જીવન હશે ખરું??! મિત્રો, જ્યારે પણ આ અત્યંત મહત્ત્વના પ્રશ્નનો કઇંક પણ સ્પષ્ટ ઉત્તર મળશે ત્યારે વિજ્ઞાન તેમજ માનવજાતને માટે એ એક શકવર્તી ઘડી બની રહેશે.

અત્રે થોડી માહિતી આપીએ તો: જેમ આપણા સૂર્યને પોતાનું ગ્રહમંડળ છે તેમ કોઇ પણ તારાને ફરતા ગ્રહો હોઇ શકે. રહ્યો સવાલ તેમાંથી કોઇ પર જીવસૃષ્ટિની શક્યતાનો. તે દૃષ્ટિએ આપણો ગ્રહ પૃથ્વી અત્યંત ભાગ્યશાળી ગણાય. બાહ્યાવકાશમાં જીવન સંભવી શકે તે માટે એ ગ્રહનું તાપમાન (temperature) એટલું માફકસરનું હોવું જોઇએ કે તેના પર પાણી પ્રવાહીરૂપે રહી શકે. હાલનાં ખગોળીય સંશોધનો તારાઓની આસપાસ ઘૂમતા ગ્રહો (બાહ્ય ગ્રહો, exoplanets) હોવાનો સ્પષ્ટ નિર્દેશ તો આપે જ છે. અમદાવાદની જગપ્રસિદ્ધ સંશોધન સંસ્થા Physical Research Laboratoryના ખગોળ-વિજ્ઞાનીઓને પણ તેમાં સફળતા મળી છે.

આ લેખ વાંચતાં વાંચતાં જો આપ વિચારે ચડી જાવ અને એકદમ સ્થિર થઇ જાવ તો જરા વિચાર કરજો....શું આપ ખરેખર સ્થિર છો?!

એ સવાલનો જવાબ છે, ના. સ્થિતિ અથવા સ્થિરતા કે ગતિ એ સાપેક્ષ (relative) હોય છે. આપણે આમ સ્થિર હોઇએ તો પણ છીએ તો પૃથ્વી પર જ ને??! આપણી પૃથ્વી પોતાની ધરી પર ઘુમ્મર ઘુમ્મર ઘૂમે છે, અને સૂરજની ચોપાસ પ્રદક્ષિણા પણ કરે છે. સૂર્ય અને તેના ગ્રહો-ઉપગ્રહોનું મોટું કુટુંબ આપણી ગેલેક્સીનાં માપક્રમ પર જોઇએ તો સાવ બિંદુવત્ છે (ચિત્ર-5), અને સૂર્યનો બૃહદ્ પરિવાર આપણી ગેલેક્સીના કેંદ્રની પ્રદક્ષિણા કરે છે, અત્યંત ધીમી ગતિએ.

ખગોળની આ સૃષ્ટિ પ્રત્યે સાનંદાશ્ચર્ય વ્યક્ત કરતાં કવિ ન્હાનાલાલે યથાર્થપણે કહ્યું :વિરાટનો હિંડોળો ઝાકમઝોળ...! હા, વિરાટનો એ હિંડોળો અથવા કહો ને કે વિરાટનું ચકડોળ સતત ગતિમાં રહે છે, અને સદાયે આશ્ચર્ય સર્જતું રહે છે.

એને જોઇએ ....જાણીએ ...માણીએ....!

ગણિતનું સૌંદર્ય

ડૉ. રેખા મહેતા
rdmehta@gmail.com

અગિયારમા વર્ષે મેં યુક્લિડ (ગ્રીસના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી)નો અભ્યાસ આરંભ્યો. મારા જીવનમાં આ બહુ મહત્ત્વની ઘટના હતી; પ્રથમ પ્રેમ જેવી જ મદહોશીવાળી. મને કલ્પના પણ ન હતી કે વિશ્વમાં આટલું માધુર્યપૂર્ણ કશું હોઈ શકે ! – બર્ટ્રાન્ડ રસેલ

આ અવતરણ વાંચ્યા બાદ શીર્ષક વિશેનું વાચકોનું આશ્ચર્ય થોડું ઓછું થયું હશે. જેના સૌંદર્ય વિશે વાત કરવાની છે તેનો વ્યાપ વિશાળ છે અને જે સૌંદર્ય છે તે પ્રછન્ન છે. તેથી અહીં મર્યાદિત બાબતોનો જ સમાવેશ કર્યો છે. પ્રકૃતિ અને માનવસર્જિત અનેક કૃતિઓમાં ગણિત હોય છે, માત્ર આપણું ધ્યાન તેની તરફ દોરાતું નથી.

ગણિતના સૌંદર્ય વિશે વાત કરતાં પહેલાં એક સ્પષ્ટતા જરૂરી છે : ગણિતપ્રેમીઓ માટે તો સમગ્ર ગણિત જ સુંદર છે. પાઉલ એર્ડોસ નામના ગણિતશાસ્ત્રીના કથન મુજબ "સંખ્યાઓ શા માટે સુંદર છે?" એ પ્રશ્ન બિથોવનની નવમી સિમ્ફની શા માટે સુંદર છે? જેવો જ પ્રશ્ન છે. તેમ છતાં અન્ય વ્યક્તિઓ માટે "સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું પડે" એ મુજબ ગણિતના અમુક શબ્દોનો સાક્ષાત્કાર કરવો પડે.

ગણિતનું સૌથી વધુ લાલિત્યપૂર્ણ અંગ "સંમિતિ" (સિમેટ્રી)નો ખ્યાલ છે. આપણે સામાન્ય વાતચીતમાં પણ આ શબ્દોથી પરિચિત છીએ. કોઈ પદાર્થ કે વ્યક્તિના સમગ્ર કદના સાપેક્ષે તેના અંશો પ્રમાણસર હોય તેને સંમિત (સિમેટ્રિક) કહેવાય. સંવાદિતા અને સૌંદર્ય સાથે તેનો નાતો અતૂટ છે. (અહીં ન આપેલા ચિત્ર માટે જુઓ QR કોડ પાન ૪૮૭)

સંમિતિ નો ખ્યાલ સૌપ્રથમ પ્રાચીન ગ્રીસમાં વિકસ્યો હતો. તે ગ્રીક શબ્દ summetriya (સપ્રમાણ કદનું) પરથી બન્યો છે. આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્લુટોનાં પાંચ નિયમિત બહુફલકો અથવા તો પ્લેટોનિક ઘનાકારો છે. (જુઓ આકૃતિ) મહાન દાર્શનિક પ્લેટોની રચના ટીમાએસ મુજબ આ ઘનાકારો પ્રાકૃતિક સામ્રાજ્યના કેન્દ્રમાં છે; કારણ કે પ્રાકૃતિક તત્ત્વોની સંરચના સપ્રમાણ છે. અગ્નિ, જળ, પૃથ્વી, અને વાયુને અનુક્રમે ચતુષ્ફલક, વિંશતીફલક, સમઘન અને અષ્ટફલક વડે, અને સમગ્ર બ્રહ્માંડને દ્વાદશફલક દ્વારા દર્શાવી શકાય. અન્ય તત્ત્વો આ તત્ત્વોના સંયોજનથી જ સર્જાય છે. સોક્રેટીસે પણ કહ્યું છે કે "પૃથ્વીને ઉપરથી નિહાળો તો તે ચામડાના એકસરખા બાર ટુકડાને જોડીને બનાવેલ દડા જેવી લાગે."

આ ઘનાકારોનું આટલું બધું મહત્ત્વ કેમ? બહુ જ રસપ્રદ અને આશ્ચર્યજનક બાબત એ છે કે ભૌમિતિક રીતે રચના કરીએ તો માત્ર અને માત્ર પાંચ જ સમફલકીય બહુફલકો રચી શકાય છે !

પ્રાચીન ભારતમાં પણ ભૂમિતિનો ઘણો ઉપયોગ થતો હતો. યજ્ઞની વેદી, મંદિરના સ્થાપત્યોમાં પણ સંમિતિ જોવા મળે છે.

અલબત્ત આમ તો સમગ્ર ભૂમિતિ સંમિતિથી ભરપૂર છે અને તેથી જ રસેલ જેવા વિદ્વાન તેને માધુર્યપૂર્ણ કહે છે. માત્ર આકૃતિઓ જ નહીં એની સાબિતીઓમાં પણ સુંદરતા હોય છે. અબ્રાહમ લિંકન અને મહાત્મા ગાંધીજી જેવા મહાનુભાવોએ પણ તેની પ્રશંસા કરી છે.

"જ્યારે હું તેરમા પ્રમેય પર પહોંચ્યો ત્યારે વિષયની અદ્‌ભુત સરળતાનું મને દર્શન થયું. જે વિષય વ્યક્તિની તર્કશક્તિનો શુદ્ધ અને સરળ ઉપયોગ કરે તે અઘરો ન જ હોય. ત્યારથી ભૂમિતિ મારા માટે સહેલી અને રસપ્રદ બની." -ગાંધીજી

અબ્રાહમ લિંકને તેમની આત્મકથામાં લખ્યું છે કે તેઓ જ્યારે અમેરિકન કોંગ્રેસના સભ્ય હતા ત્યારે તેમણે યુક્લિડની ભૂમિતિનાં છ પુસ્તકો પર પ્રભુત્વ મેળવેલું.

કલાવિશ્વમાં તો ભૂમિતિનો વ્યાપક પ્રયોગ જોવા મળે છે એટલું જ નહીં, આધુનિક ચિત્રકલામાં પાબ્લો પિકાસોએ વિકસાવેલી ક્યુબિઝમ શૈલીમાં તો ભૌમિતિક આકારો જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સ્થપતિઓ આવી શૈલીનો વ્યાપક ઉપયોગ કરે છે.

માત્ર ભૂમિતિની સુંદરતા વિશે લખવું હોય તો પણ એક આખો લેખ લખી શકાય; પરંતુ ગણિતમાં બીજાં પણ કેટલાંક સૌંદર્યસ્થાનો છે. ચાલો તેની મુલાકાત કરીએ.

પ્રકૃતિ અને કલાવિશ્વમાં આધિપત્ય જમાવતી એક ગણિતીય હસ્તી "સુવર્ણ ગુણોત્તર" (ગોલ્ડન રેશિયો) છે. ખરેખર તો 'જ્યાં જ્યાં નજર મારી ઠરે' એવી કલાપીની પંક્તિની જેમ અનેક પ્રજાતિઓ(વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ)ના વિકાસદરથી માંડીને ઉત્કૃષ્ટ કલાકૃતિઓ સુધી તેનો વ્યાપ છે. શું છે આ સુવર્ણ ગુણોત્તર? સરળ રીતે જોઈએ.

2, 3, 5, 8, 13, 21, 34, 55... એમ સંખ્યાઓ લેતાં આગળ વધતા જ રહીએ. નિરીક્ષણ કરીએ કે ત્રીજી સંખ્યા 5થી શરૂ કરી, પછીની દરેક સંખ્યા આગળની બે સંખ્યાના સરવાળાથી મળે છે. સરસ ! પણ તેથી શું ? અને આમાં ગુણોત્તર ક્યાં ? તો થોડી ગણતરી કરતાં જોઈ શકાશે કે પાસપાસેની બે સંખ્યાઓનો ગુણોત્તર એટલે કે 8/5, 13/8, 21/13, વગેરે હંમેશા 1.618ની આસપાસ જ મળે છે, જે આપણો સુવર્ણ ગુણોત્તર છે. ગણિતની રીતે તેનું ચોક્કસ મૂલ્ય $1+\sqrt{5}/2$ છે. ઉપરની સંખ્યાશ્રેણી સ્પેનના ગણિતશાસ્ત્રી ફિબોનાકીના નામથી પ્રખ્યાત છે. અને 'સુવર્ણ ગુણોત્તર' નામ પણ તેમણે જ આપ્યું હોવાનું મનાય છે.

શા માટે 'સુવર્ણ' કે લિયોનાર્દો દ વિન્ચી મુજબ 'દિવ્ય' ગુણોત્તર ? સૌંદર્યશાસ્ત્રીઓના મત મુજબ જે સર્જનમાં આ ગુણોત્તર હોય છે તે આકર્ષક બને છે. તેનું સૌથી પ્રખ્યાત ઉદાહરણ મોનાલીસા ચિત્ર છે. તેના કેનવાસની લંબાઈ-પહોળાઈનો ગુણોત્તર તો સુવર્ણ છે જ; પણ મોનાલીસાના ચહેરામાં તેના કપાળથી હડપચીની લંબાઈ અને બે કપોલ કે ગાલ વચ્ચેના અંતરનો ગુણોત્તર પણ આ જ છે ! બીજી અનેક કલાકૃતિઓ જેવી કે બોટેસેલીનું ચિત્ર The Birth of Venus ની ભંગિમાઓમાં અનેક સુવર્ણ ગુણોત્તરો જોવા મળે છે. આ તો માનવસર્જિત કલાકૃતિની વાત થઈ. પરંતુ સૃષ્ટિના સર્જનમાં પણ જે વ્યક્તિની કુલ ઊંચાઈ અને માથાથી નાભિ સુધીની ઊંચાઈનો ગુણોત્તર સુવર્ણ હોય તો તે આકર્ષક અને પ્રભાવશાળી લાગે છે. વૃક્ષો પરનો પર્ણવિન્યાસ, સમુદ્રકિનારે જોવા મળતા શંખલાઓના વળાંક, અનાનસની પેશીઓની ગોઠવણી, ઇત્યાદિ. પ્રશાંત મહાસાગરમાં જોવા મળતા પ્રાગૈતિહાસિક સમુદ્રજીવ મોલસ્ક નોટિલસ(આ એવી પ્રજાતિ છે કે જે ડાયનોસોરના સમયથી હજુ ટકી રહી છે.)ની રચનામાં પણ સુવર્ણ ગુણોત્તર નજરે પડે છે. સ્થપતિઓ પણ સુવર્ણ ગુણોત્તરનો ઉપયોગ કરે છે. સાદામાં સાદી ડિઝાઇનમાં પણ બારી-બારણાની લંબાઇ-

પહોળાઇનો ગુણોત્તર સુવર્ણ હોય તો તે આંખ ને રુચે છે. સામાન્ય ગણિતના વિદ્યાર્થીને રસ પડે તેવી બાબત એ છે કે સુવર્ણ ગુણોત્તરવાળો લંબચોરસ લઈને તેમાંથી મોટામાં મોટો ચોરસ દૂર કરતા બાકી રહેલો લંબચોરસ પણ સુવર્ણ ગુણોત્તરવાળો જ મળે છે.

આપણને જાણીને આશ્ચર્ય થાય તેવી વાત એ છે કે ઈસવીસન પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા છંદ શાસ્ત્રના તજજ્ઞ પિંગળના ગ્રંથમાં જે રીતે ગણતરી કરવામાં આવી છે તે ફિબોનાકી સંખ્યાઓના જેવી જ છે. એટલે કે ભારતીય વિદ્વાનો પણ આના જાણકાર હતા.

બીજી રસપ્રદ બાબત એ છે કે આપણા દેશમાં જે પ્રખ્યાત બાર જ્યોતિર્લિંગો છે તે સર્પિલ આકારમાં ગોઠવાયેલા છે. આ બધા જ જ્યોતિર્લિંગને નકશા પર જોડવાથી આ આકાર જોઈ શકાય છે.

સુવર્ણ ગુણોત્તર વિશે તો આખું પુસ્તક લખી શકાય, પરંતુ આપણે અહીંથી બીજી તરફ આગળ વધીએ.

પ્રકૃતિમાં નજરે પડતાં, પણ ગણિતના વિષયાંગ તરીકે થોડાં જ, (લગભગ ૬૦)વર્ષ પહેલાં ઉદ્‌ભવેલી એક સૌંદર્યલક્ષી ઘટના એટલે 'સમખંડિતો' (Fractals). લેટિનમાં ફ્રેકટલ્સ એટલે 'ખંડિત' પરથી આ શબ્દ બન્યો છે. આ એક એવી સંરચના છે જેના દરેક ભાગને મૂળ રચના જેવો જ આકાર હોય છે. તેને ક્યારેક શાશ્વત રચના પણ કહે છે. ગણિતશાસ્ત્રી મેન્ડલબ્રોટ કહે છે કે 'સુંદર તો ભારે અઘરું અને ઉપયોગી છે. તેનો વ્યાપ વિશાળ છે-જેમાં પુષ્પો, વૃક્ષો, શાખાઓ, વાદળો, સ્ફટિકો, હિમકાતળીઓ (snowflakes)નો સમાવેશ થાય છે. પરંતુ તેનું ગણિત સરળતાથી સમજી શકાય તેવું નથી. એટલે આપણે માત્ર આ તસવીરોથી જ સંતોષ માનવો પડશે. (ગુગલ કરો: fractals in nature)

હવે જેની વાત કરવી છે તે થોડીક નવી જાતની છે. ચિત્રકલામાં ત્રિપરિમાણીય પદાર્થ કે વ્યક્તિને દ્વિપરિમાણમાં એવી રીતે દર્શાવાય કે તે વાસ્તવિક લાગે; તેને યથાર્થ દર્શન (perspective) કહે છે. પ્રાચીન સમયમાં કેટલાક કલાકારોમાં આવી ક્ષમતા દેખાય છે; પરંતુ તેને માટે કોઈ વિશેષ પદ્ધતિ ન હતી. ૧૪મી ૧૫મી સદીના ચિત્રકાર-સ્થપતિ બ્રુનેલેશીને આ પદ્ધતિના પ્રણેતા માનવામાં આવે છે, જેનો વિકાસ આલ્બર્ટીના કામમાં જોવા મળે છે. તે પછી આ પદ્ધતિનો એક વધારે સારો પ્રકાર જેને anamorphism (ચોકસાઈ-નિયમિતતા) કહે છે તે ૧૬મી સદીમાં ઉદ્‌ભવ્યો. પરંતુ તે પદ્ધતિનો પૂર્ણ વિકાસ પ્રક્ષેપીય ભૂમિતિથી શક્ય બન્યો. દ' આર્ગસ નામના ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી આ ભૂમિતિના જનક ગણાય છે. તેના બે પ્રમેયો બોસ્સેના perspective વિશેના પુસ્તકમાં પ્રકાશિત થયાં હતાં. ફોટોગ્રાફીની કલાના વિકાસમાં પણ આ ભૂમિતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

યથાર્થદર્શન (દૃષ્ટિ-સાધના) બાબતે રવિશંકર રાવળે લખ્યું છે કે સમાંતર રેખાઓ દૂર જાય તેમ એક બીજામાં મળી જતી દેખાય છે; તે મુજબ ગોળાકાર, ચોરસ અને અન્ય પદાર્થોના આકારમાં પણ ફેરફાર થાય છે. (પ્લેટ નં. ૫, ૮)

આલેખ સિદ્ધાંત (ગ્રાફ થીયરી) : અત્યાર સુધી ગણિત વિશે વાત કરતાં હોવા છતાં કોઈ કોયડાની વાત કરી જ નથી ! એક બહુ પ્રચલિત કોયડો, જેનો મહદ અંશે દરેક વ્યક્તિએ ક્યારેક સામનો કર્યો જ હશે.



કોઈપણ એક બિંદુથી શરૂ કરી આખી આકૃતિ પર એક અને માત્ર એક જ વાર ફરીને તે બિંદુ પર પરત આવવું. (ક્યારેય ન જોયો હોય તો અત્યારે પ્રયત્ન કરી શકાય) આમાં સૌંદર્ય કે ગણિત ક્યાં છે? તેવો પ્રશ્ન થાય તો જવાબ એ છે કે ગણિતની મદદથી એવું સાબિત થઇ શકે કે આવું (આ અને આવા બીજા અસંખ્ય કોયડા માટે) શક્ય નથી! ખરેખર તો આ ગણિત, જેને આલેખ સિદ્ધાંત કહે છે તેનો ઉદ્‌ભવ જ ૧૮મી સદીમાં મહાન ગણિતશાસ્ત્રી ઑઇલર દ્વારા આવા જ એક લાંબા સમયથી વણઉકેલાયેલા કોયડાના જવાબ માટે જ થયો હતો. આમાં આશ્ચર્યની બાબત એ છે કે આ ગણિત, વિજ્ઞાન, તકનિકી, વેપાર વણજ, વાહનવ્યવહાર, સામાજિક શાસ્ત્ર સુદ્ધાંમાં ઉપયોગી બન્યું છે.

બીજો એક પ્રખ્યાત કોયડો : કોઈપણ નકશાને રંગ કરવા માટે ઓછામાં ઓછા કેટલા રંગ જોઇએ જેથી નજીક નજીક (જેની વચ્ચે સરહદ-રેખા હોય)ના બે ભાગનો રંગ જુદો જુદો હોય ? છેક ઓગણીસમી સદીના મધ્યમાં પુછાયેલા (લંડનની રોયલ સોસાયટીમાં) આ કોયડા માટે પાંચ રંગ પૂરતા છે એવું આલેખ સિદ્ધાંતથી સાબિત થયું. પરંતુ મૂળ કોયડામાં



એવી માન્યતા પણ હતી કે ચાર રંગો પૂરતા છે, ચાર તો જોઇએ જ. છેક વીસમી સદીના ઉત્તરાર્ધની મધ્યમાં તેનો ઉકેલ મળ્યો કે ચાર રંગ પૂરતા છે. આ કોયડા માટે વિકસેલો આલેખ સિદ્ધાંતનો વિભાગ પણ જ્ઞાનની બીજી અનેકવિવધ શાખાઓમાં ઉપયોગી બન્યો છે. છેને ગણિતની અદ્‌ભુત લીલા !

- *કાવ્યમાં છંદ, સંગીતમાં સૂર અને તાલ તથા નૃત્યમાં લય, આ દરેકમાં પ્રચ્છન્ન ગણિત હોય છે.*
- *સપ્રમાણતા, સુવ્યવસ્થા, સંમિતિ, સંવાદિતા, સરળતા- આ બધા ગણિતના સુંદર ગુણધર્મો છે.*
- *ગણિતીય સૌંદર્ય વૈશ્વિક છે. -ડિરાક (સાહિત્ય, સંગીત, કલા વગેરે જે તે સંસ્કૃતિ પર અવલંબિત હોઈ શકે.)*
- *ગણિતમાં માત્ર સત્ય જ નહીં પણ ઉચ્ચ સૌંદર્ય, સંપૂર્ણતા ઉત્કૃષ્ટ શુદ્ધતા અને પૂર્ણતા માટેની પ્રયત્નશીલતા છે, જે કલાના શ્રેષ્ઠ ઉદાહરણોનું લક્ષણ છે. - બર્ટ્રાન્ડ રસેલ*
- *વીસમી સદીના ફ્રેન્ચ દાર્શનિક Alain Badiou કહે છે કે તત્ત્વમીમાંસા એ ગણિત છે. તેઓ એમ પણ માનતા કે ગણિતશાસ્ત્ર, કાવ્યતત્ત્વ અને દર્શન વચ્ચે ખૂબ જ ગહન સંબંધ છે.*

વિજ્ઞાન અને સૌન્દર્ય: એસ ચંદ્રશેખર (અનુ. મુનિ દવે)

આઈન્સ્ટાઈનની સાપેક્ષતાના સામાન્ય સિદ્ધાંતની શોધને હર્બર્ટ વેઈલે કલ્પનાશીલ વિચારોની તાકાતના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે વર્ણવી છે. જ્યારે લાન્ડાઉ અને લીકસીટઝ માને છે કે આ સિદ્ધાંત ભૌતિક વિજ્ઞાનના હાલના બધા જ સિદ્ધાંતોમાં સૌથી વધુ સુંદર છે અને આઈન્સ્ટાઈને પોતાના field equations જાહેર કરતા પહેલા પેપરને લખતી વખતે અંતમાં કહ્યું છે કે : "ભાગ્યે જ કોઈ એવું હશે કે જે આ વાતને પૂરી સમજી લીધા બાદ એના જાદુથી છટકી શકે." હું પછીથી એ જણાવીશ કે આ જાદુનો સ્રોત ક્યાં છે. પણ તે પહેલાં હું તમને એક વિરોધાભાસ બતાવવા માગું છું. આઈન્સ્ટાઈનના પોતાના સિદ્ધાંત પર આપેલા પ્રતિભાવને સમાતંર, હાઈઝનબર્ગ પોતાની ક્વોન્ટમ મિકેનિક્સની શોધ વખતની ક્ષણોએ દર્શાવેલી લાગણીઓને બતાવું. આપણે નસીબદાર છીએ કે આપણી પાસે હાઈઝનબર્ગે પોતે કહેલી હકીકત છે. તે લખે છે:

"મને એ સ્પષ્ટ થઈ ગયેલું કે એટોમિક ફિઝિક્સના કાર્યમાં બોહ્ર-સોમ્મરફિલ્ડ પરિસ્થિતિ દેખીતી રીતે કેટલા મોટા પ્રમાણમાં બદલાઈ જવાની છે. તે પણ સ્પષ્ટ થઈ ગયું કે આ વધારાની ધારણાથી, મેં એ સિદ્ધાંતમાં એક મહત્ત્વનો અવરોધ ઊભો કર્યો છે. પછી મેં જોયું કે તેની કોઈ ખાતરી નથી કે .. conservation of energy નો સિદ્ધાંત લાગુ પડશે. આથી મેં એ બતાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું કે conservation law ચાલુ રહે. અને એક સાંજે હું ત્યાં પહોંચી ગયો કે જ્યારે હું એનર્જી ટેબલમાં દરેક સંખ્યાને નક્કી કરી શકવા માટે તૈયાર હતો. જ્યારે એનર્જી ટેબલની પહેલી સંખ્યા એનર્જીના નિયમો સાથે મેળ ખાવા લાગી ત્યારે હું એકદમ ઉશ્કેરાટ અનુભવવા લાગ્યો, જેને કારણે ગાણિતિક ભૂલો કરવા માંડ્યો. પરિણામે આખરે વહેલી સવારે છેક ત્રણ વાગ્યે આખરી પરિણામ મારી સામે આવ્યું. બધી જ એનર્જીઓ નિયમો સાથે મેળ ખાતી હતી અને જે રીતે મારી ગણતરીઓ ગાણિતિક સાતત્ય અને ક્વોન્ટમ મિકેનિક્સ સાથેની જે રીતની સુસંગતતા બતાવતી હતી તેમાં મને બિલકુલ શંકા ન રહી. પહેલાં તો હું હેબતાઈ ગયો. મને એવી લાગણી થઈ કે સપાટી પરની એટોમિક પરિસ્થિતિને કારણે હું એક અજાણ્યા આંતરિક સૌંદર્યને જોઈ રહ્યો છું. અને મને એ વિચારથી ચક્કર આવવા લાગ્યા કે મારે હવે ગાણિતિક માળખાઓના ખજાનાની સંપત્તિની તપાસ કરવી પડશે જે પ્રકૃતિએ મારી સામે અનાવૃત્ત કરી છે."

#લિ. હું હમણાં અપલોડ કરું છું

વિશાલ ભાદાણી
vishalvbhadani@gmail.com

સાંભળો...સાંભળો...સાંભળો!

આખરે સરનામું મળી ગયું! તમને યાદ છે એક દેવીજી હતા જે લેખકો અને કવિઓનો હાથ ઝાલીને એમની પાસે લખાવતા? હા, જેની અત્યાર સુધી ભાળ મળતી નહોતી એ જ દેવીજી આખરે મળી ગયા છે. એમનો કૃપાવાન હાથ હવે "હાથમાં" આવ્યો છે!

ઇટાલીમાં હમણાં એક જબરદસ્ત પ્રયોગ થયો જેમાં એક ડાન્સ શિક્ષકે વિદ્યાર્થીઓના શરીર પર સેન્સર લગાવીને તેમની વિવિધ મુદ્રાઓ અને અંગભંગિઓનો એક ડિજિટલ મેપ બનાવીને સોફ્ટવેર પાસે એને અનુરૂપ સંગીત બનાવરાવ્યું! વળી ત્યાર બાદ, એ સંગીતને આધારે નવો ડાન્સ કોરિયોગ્રાફ કરવો હોય તો શું કરવું જોઇએ એનું માર્ગદર્શન પણ સોફ્ટવેર પાસેથી લીધું. વાત હજુ અટકતી નથી. એ સંગીત અને કોરિયોગ્રાફીને આધારે ગીતના શબ્દો કેવા હોઇ શકે એ પણ સોફ્ટવેરે કહ્યું! આપણે સમજીએ છીએ કે ડાન્સ કરવા માટે ડિજિટલ ટેક્નોલોજી અનિવાર્ય નથી. પણ કલ્પના કરીએ કે જો ડિજિટલ ટેક્નોલોજી ડાન્સને વધુ અસરકારક અને સૌંદર્યમૂલક બનાવવામાં મદદ કરે તો?

યુનિવર્સિટી ઓફ એમ્સ્ટ્રેડેમમાં સંશોધકોએ વિંચીના જગવિખ્યાત 'મોનાલિસા' ચિત્રના સ્મિતનું સોફ્ટવેર એનાલિસિસ કરીને આપણને કહ્યું કે મોનાલિસાની અભિવ્યક્તિમાં ૮૩% પ્રસન્નતા, ૯% ખિન્નતા, ૬% ભય, ૨% ગુસ્સો અને ૧% ભાવશૂન્યતા છે. ત્યાર બાદ આ સંશોધકોએ મેડિટેરિનિયન વારસો ધરાવતી ૧૦ મહિલાઓના ચહેરાઓનું સંયોજન કરીને એક કોમન ચહેરો બનાવીને એમાં ઉપરોક્ત ટકાવારી પ્રમાણે ભાવ-રોપણ કરીને એને મોનાલિસા સાથે સરખાવ્યો. આ વાત છે ૨૦૦૫ની. હવે કલ્પના કરો કે વિંચીનાં તમામ ચિત્રો, એ સમયનાં અને એ પ્રકારનાં તમામ ચિત્રોનો ડેટા આ સોફ્ટવેરમાં નાખવામાં આવે ને સોફ્ટવેર તદ્દન નવું જ પેઇન્ટિંગ બનાવી શકે તો? આ જ બાબતને જરા જુદી રીતે વિચારીએ: કોઇ ચિત્રકાર પોતાના અધૂરા ચિત્રને પૂરું કરવા માટે તેને સોફ્ટવેર પર ચડાવીને અધૂરું કામ સોફ્ટવેરના સલાહ-સૂચન પ્રમાણે કરે. ત્યાર બાદ તેની પ્રિન્ટ લઇને આર્ટ એક્ઝિબિશનમાં મૂકે તો આપણે એ ચિત્રને કેવી રીતે જોઇશું? અને જો આપણને આ ચિત્રના નિર્માણની ઉપરોક્ત ભૂમિકાનો ખ્યાલ હોય તો તેને કેવી રીતે જોઇશું?

ટાયરન સધર્ન નામની અમેરિકન ગાયિકાએ હમણાં "બ્રેક ફ્રી" નામનું એક ગીત રિલીઝ કર્યું (ગીત સાંભળવા માટે: https://www.theverge.com/2017/8/27/16197196/taryn-southern-album-artificial-intelligence-interview) જેનું સમગ્ર કમ્પોઝિશન આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે ટાયરને Amper અને Magento જેવા અધતન સોફ્ટવેરનો ઉપયોગ કર્યો છે. જ્યારે ટાયરનને ઇન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે ડિજિટલ ટેક્નોલોજી એક સાધન છે કે સહાયક? ત્યારે એણે કે "આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ એ બહુ મોટી સહાયક ટેક્નોલોજી છે જે મને મારી સર્જનાત્મકતાને પડકારવા અને સતત નવું શોધવા પ્રેરે છે. મારો એના પર અંકુશ છે છતાં હું એને એક સ્વતંત્ર એકમ તરીકે જોઉં છું!"

Comes the Fiery Night: 2000 Haiku by Man and Machine : એટલે એક એવો હાઈકુ સંગ્રહ જેમાં માણસે અને સોફ્ટવેરે રચેલાં ૨૦૦૦ હાઈકુ છે. વાચક માટે ચેલેન્જ એ છે કે આ સંગ્રહમાંથી માણસ અને મશીન દ્વારા રચેલાં હાઈકુને અલગ અલગ તારવીને આ પુસ્તકના સર્જક એવા ડેવિડ કોપને મોકલવાનાં જેથી તમે કેટલાં સાચાં હાઈકુ શોધી કાઢ્યાં એનો આંકડો એ કહે. એક વાચકે ૨૨૧ હાઈકુ અલગ તારવીને કોપને મોકલ્યા અને કહ્યું કે "આ બધાં માણસે લખેલાં છે." ત્યારે કોપે જવાબ આપતાં કહ્યું કે "આમાંથી માત્ર ૨૧ જ માણસનાં છે!"

ટેક્નોલોજીની સર્જનાત્મક શક્તિઓને સ્વીકારવાની તૈયારી ગુમાવી બેઠેલા " સૌંદર્ય-સાધુઓ"ને એ સમજાવવું ઘણું મુશ્કેલ છે કે અત્યારે સોફ્ટવેર બની ગયાં છે ને વપરાય પણ છે કે જે નૃત્ય શીખવે છે, પેઇન્ટિંગ બનાવે છે, ગીત કમ્પોઝ કરે છે અને કવિતા, વાર્તા, નવલકથા પણ લખે છે! અને આવું જ શિલ્પ, સ્થાપત્ય, અને અન્ય કલાઓમાં પણ છે. આમ તો છેક ૧૯૩૫માં વોલ્ટર બેન્જામિને એક નિબંધમાં (***The Work of Art in the Age of Mechanical Reproduction***) આ ચર્ચાનાં મંડાણ કરેલાં જેમાં એની ચિંતાનો વિષય હતો કે 'શું ઔધોગિક ટેક્નોલોજીનો ઉપયોગ કલાના નિર્માણમાં કરી શકાય? અને કરીએ તો શું કલા એનું સાતત્ય જાળવી શકે?' જોહ્ન કીટ્સે કહ્યું તેમ જો "સૌંદર્ય જોનારની આંખમાં" હોય તો એનાથી કશો જ ફેર પડતો નથી કે કલાકૃતિનું સર્જન માણસે કર્યું છે, મશીને કર્યું છે કે બંનેએ મળીને કર્યું છે. આખરે તો વાત સૌન્દર્યાનુભૂતિની જ થાય છે ને !!

બિગ બેંગની જેમ કૂદકે ને ભૂસકે એક સાથે અનેક રીતે વિકસી રહેલી ટેક્નોલોજીએ જેમ દરેક ક્ષેત્રમાં કામ કરનારને વધુ સશક્ત અને અસરકારક બનાવ્યા છે એમ કલાકારોને પણ અભૂતપૂર્વ સામર્થ્ય આપ્યું છે. કોઈ કલાકૃતિ ગતિશીલ હોઈ શકે, તેનું સ્વરૂપ ભૌતિક ન પણ હોય, તેના એક કરતાં વધુ અવતારો પણ હોય-જે એક જ સમયે અનેક જગ્યાએ દૃશ્ય-શ્રાવ્ય હોય શકે. તેના સર્જક માણસ, સોફ્ટવેર અને ભાવક એમ ત્રણેય હોઈ શકે. આવું આજે બની રહ્યું છે, ઉદાહરણ તરીકે અલ્ગોરિધમિક કે ફ્રેક્ટલ આર્ટ.

ગણિતની મદદથી કોમ્પ્યુટરમાં કલાનિર્માણ થાય, ખાસ કરીને ચિત્ર, તેને અલ્ગોરિધમિક કે ફ્રેક્ટલ કહે છે. ચિત્ર સંયોજનના નાનામાં નાનાં પાસાંઓને એલ્ગોરિધમની મદદ વડે ગણીને, આંકીને એની તાજી તરેહ નિર્માણ કરવામાં આવે જેથી કલાત્મક ચિત્ર/વિડીયો બનાવી શકાય છે. આ પ્રકારની કલામાં રહેલ સોફ્ટવેર-ગાણિતિક કૌશલ્ય, એટલું બધું બળકટ હોય છે કે માણસ ઈચ્છે તો પણ એટલું ઝીણું કાંતી શકે નહીં. એક કલાકાર તરીકે આમાં મજાની વાત એ છે કે એક પછી એક તરેહો અને સંયોજનોનાં કલા- સ્વરૂપો આખરી ચિત્રમાં કેવાં લાગશે એ અગાઉથી વિઝ્યુલાઇઝ કરી શકાય છે. આ પ્રકારના સોફ્ટવેરમાં Electric Sheep, Fibonacci word, Mandelbulb, Apophysis વગેરેનો સમાવેશ થાય છે. દુનિયાભરમાં આવી ફ્રેક્ટલ આર્ટનાં એક્ઝિબિશન થાય છે અને પૉલ હેન્રી, હમિદ નાડેરી અને કાર્લોસ ગીઝબર્ગ જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો કામ કરે છે. વળી, ચિત્રથી આગળ જઇને આ સોફ્ટવેર-ટેક્નિકનો ઉપયોગ કરીને બ્રુનો દેગાઝીઓ જેવા સંગીતકારો નવું સંગીત બનાવે છે અને હોલિવુડની ફિલ્મોમાં નવા પ્રકારનું વાતાવરણ દેખાડવા માટે ફ્રેક્ટલ આર્ટનો વ્યાવસાયિક ઉપયોગ પણ થઇ રહ્યો છે. આવું જ ડિજિટલ ફોટોગ્રાફી, ગ્રાફિક્સ, ઇન્ટેગ્રેટેડ આર્ટ, ડિજિટલ કૉલાજ, ડિજિટલ આર્ટ ઈન્સ્ટોલેશન વગેરેનું છે.

પ્રકૃતિમાં રહેલાં વિજ્ઞાનને સમજવા ફિબોનાકી અંક શ્રેણીની વાત કરવી અહીંયા જરૂરી બને છે. આપણા જાણીતા બ્રહ્માંડમાં રહેલી પ્રત્યેક વસ્તુ આ

અંક-શ્રેણી પ્રમાણે રચાયેલી છે.

આ શ્રેણીને 'ગોલ્ડન રેશિયો' પણ કહે છે કારણ



કે તમે આ અંકશ્રેણીમાં હવે પછી કયો અંક આવશે તેનું ચોક્કસ અનુમાન કરી શકો છો અને એટલે તેના આધારે જે નિર્ણય કરો તેના પર ને કોઈ કલાકાર પોતાની કૃતિનું સર્જન કરે તો એ લોકોને વધુ અસર કરશે જ એવું ભાખી શકાય છે. આમ, કલાના નિર્માણમાં ઉપયોગમાં લેવામાં આવતું વિજ્ઞાન કલાકારને વધુ સશક્ત બનાવે છે અને કલાકૃતિને વધુ સુંદર. આ જ ગોલ્ડન રેશિયોનો ઉપયોગ કરીને ભૂતકાળથી લઈને આજ સુધીનાં કેટલાંક ચિત્રો સ્પષ્ટ કરી આપે છે:

સૌંદર્ય પદારથ જે પિંડનો બનેલો છે એ પિંડના પ્રત્યેક અણુ(પાર્ટિકલ્સ)નું સ્વરૂપ, સ્વભાવ અને શક્ય તેટલાં સમાયોજનોનો તાગ મેળવવાનું ડિજિટલ યુગમાં શક્ય બન્યું છે. એટલે કલાના ક્ષેત્રમાં કામ કરનારાઓ માટે અનેક સર્જનાત્મક અને વ્યાવસાયિક તકો ખૂલી છે. મૂળ વાત એ છે કે માનવીય અભિવ્યક્તિની અને કલાત્મક રજૂઆતની અત્યાર સુધી આપણને કલ્પના જ નહોતી એ દિશાઓનો ઉઘાડ થયો છે એટલે હવેની પેઢીઓનો સૌન્દર્યાનુભવ સાવ જુદો હોવાનો.

કોઈપણ કલાકાર માટે મહદંશે બે પ્રશ્નો પાયાના હોય છે: ૧) મારી કલાને હું કેવી રીતે વધુ નક્કર બનાવી શકું અને ૨) ભાવકો મારી કલાની સૌન્દર્યાનુભૂતિ વધુ સરસ કેવી રીતે કરી શકે?

આમ મૂળભૂત રીતે મારી સૌંદર્યસર્જનની પ્રક્રિયા







અને મારા ભાવકનું મન હું જેટલી ગહેરાઈથી જાણી શકું એટલું કામ વધુ સારું થઇ શકે. અત્યાર સુધી આ પ્રશ્નોના જવાબમાં આપણી પાસે બે બાબતો હતી: સર્જનપ્રક્રિયાની સમજણ માટે અંતઃપ્રેરણા અને ભાવકોનું મન જાણવા માટે ભાવકોના/ કલા વિવેચકોના પ્રતિભાવો. પણ છેલ્લાં ૧૦૦ વર્ષમાં આપણે એન્થ્રોપોલોજી, સાયકોલોજી, ન્યુરોલોજી, સોશ્યોલોજી અને કમ્પ્યુટર સાયન્સની મદદ વડે માનવ મન, મગજ અને હૃદય (આઈ મીન દિલ)નાં પારસ્પરિક આંદોલનો દ્વારા વ્યક્ત/અવ્યક્ત વર્તનોને વધુ ઝીણવટથી ઓળખવા લાગ્યા છીએ. એટલે સૌન્દર્યાનુભૂતિનું રહસ્ય સાવ ખૂલી ગયું છે એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી લાગતી. બ્રેઇન કમ્પ્યુટર ઇન્ટરફેસ દ્વારા લિઓનાર્દો દ વિંચીનું કોઈ ચિત્ર જોતી વખતે જોનારની આંખની કીકીના નાજુક તરંગો, રુધિરાભિસરણમાં આવતા ભરતી-ઓટ, ને શ્વસનના આરોહ-અવરોહથી માંડીને મગજના ક્યા ચેતાકોષો કેટલી તીવ્રતાથી પ્રેમ-ક્રીડા કરી રહ્યા છે એ બધું જ ક્ષણભરમાં પામી શકાય છે-અને માપી શકાય. You can manage and maneuver what you can measure! આ રીતે બધા પર આપણો અંકુશ આવે.

અત્યારે ફિલ્મ જગતમાં એક બહુ મોટી ક્રાંતિની શરૂઆત થઇ ગઈ છે. આપણે ફિલ્મનો એક કલા તરીકે કેસ સ્ટડી લઇએ. આવું પ્રત્યેક કલા અને તેની સૌન્દર્યાનુભૂતિ માટે થઇ શકે. ૪૫૦ લોકોને એક થિએટરમાં બેસાડીને એમને એક સસ્પેન્સ ફિલ્મ બતાવવામાં આવી. ફિલ્મ જોતી વખતે, એટલે કે એક કલાકૃતિનો અનુભવ કરતી વખતે, પ્રેક્ષકોના મગજમાં કેવાં આંદોલનો થતાં હોય છે, એમની લાગણીઓની તરેહો કઈ કઈ જગ્યાએ વધુ સક્રિય કે શિથિલ થઇ તેના અભ્યાસ માટે પ્રત્યેક વ્યક્તિના માથા પર અમુક સેન્સર્સ જોડવામાં આવેલાં. આ અભ્યાસ પરથી જે તારણો આવ્યાં એના આધારે ફિલ્મ નિર્માતાઓએ, એટલે કે કલાકારોએ, ફિલ્મમાં કેટલાક ફેરફાર કર્યા જેનાથી ફિલ્મને જ્યારે વ્યાપક સમાજ માટે રિલીઝ કરવામાં આવે ત્યારે ધાર્યું પરિણામ મળે. આમ સમજવા જેવી બાબત એ છે આજ દિન સુધી કલાનો અનુભવ ભાવકના અંતર્જગત પર કેવો થાય છે એ માત્ર ને માત્ર ભાવકોના શાબ્દિક પ્રતિભાવો પર નિર્ભર હતું. આજે પ્રથમ વખત એ શક્ય બન્યું છે કે ભાવકને પૂછીએ નહિ તો પણ એની સૌન્દર્યાનુભૂતિને ટેક્નોલોજીની મદદથી જાણી શકાય. અલબત્ત, આ પ્રક્રિયા દર વખતે કરવાની જરૂર રહેતી નથી.

ડિજિટલ માધ્યમ પર આવતા જ કલાનું વધુ લોકશાહીકરણ થાય છે; દરેક પ્રકારના પરંપરાગત ઈજારાઓ તૂટે છે. આવી વાત થાય છે ત્યારે કોઈને પણ પ્રશ્ન થાય કે ઈન્ટરનેટના માધ્યમથી જ્યારે કોઇ કૃતિ જાણીતી (વાયરલ) થાય ત્યારે તેમાં છેડછાડની ઘટનાઓ ખૂબ બને છે. એવા સંજોગોમાં કલાકારના ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સનું શું? ત્યારે એનો સીધો છતાં ટેક્નોલોજીની દૃષ્ટિએ અટપટો જવાબ 'બ્લોકચેઇન ટેક્નોલોજી' છે: જે ઓનલાઇન સતર્ક રહીને પ્રત્યેક કૃતિના સર્જકના અધિકારોનું રક્ષણ કરે છે.

સૌંદર્યનું સર્જન હોય કે પછી ભાવક તરીકેનો સૌન્દર્યાનુભવ, ટેક્નોલોજીએ અત્યાર સુધી અજ્ઞાત ગણાતા કલા-વિશ્વને સમજવામાં મોટું છીંડું તો પાડ્યું જ છે.

આ બધી વાતો મેં નથી કરી પણ કોઈ "દેવીજી" મારી પાસે કરાવીને કહેતા ગયા છે.

#લિ.

હું હમણાં અપલોડ કરું છું!!

ન્યૂરો-એસ્થેટિક્સ: સૌંદર્યનું કાયમી સરનામું: માથું તમારું !

આર્ષ ચોટલિયા
aarshchotalia@gmail.com

1990થી આપણને માણસના મનમાં ડોકિયું કરવાની નવી રીત જડી છે: fMRI -બોલે તો functional Magnetic Resonance Imaging. સિદ્ધાંત સરળ છે: મગજનો જે ભાગ વધુ કાર્યરત હોય ત્યાં ઓક્સિજન અને એ માટે લોહીનો પ્રવાહ વધુ હોવાનો. લોહીના પ્રવાહમાં થતા આવા બદલાવને માપીને fMRI કહી આપે કે ફિલહાલ દિમાગની બત્તી ક્યાં-ક્યાં અને કેટલી જલે છે. પછી તો બાળકોને નવું રમકડું મળે એમ વિજ્ઞાનીઓ આ ટેકનિકની સાથે રમતા થઇ ગયા. આ "ન્યુરો-વેવ"નું એક ઊગતું ફિલ્ડ એટલે ન્યુરોએસ્થેટિક્સ (ચેતાતંત્રીય કલામીમાંસા). મગજમાં સૌંદર્યની ક્યાં, કેવી, કેટલી અસર થાય છે એના વિશે ખાંખાખોળા કરવાનું શાસ્ત્ર. (પૂરક માહિતી માટે જુઓ QR કોડ પાન ૪૮૭).

યુનિવર્સિટી કૉલેજ ઓફ લંડનમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુરોએસ્થેટિક્સના અધ્યક્ષ સેમિર ઝેકીએ "જ્યારે કોઈ વ્યક્તિ તેને સુંદર લાગતા ચિત્રને જુએ કે સંગીતને સાંભળે ત્યારે તેના મગજમાં શું થાય છે" પર અભ્યાસ કર્યો છે. આ રહ્યાં એમનાં અવલોકનો:





૧. જ્યારે માણસ (દૃશ્ય-શ્રાવ્ય) સૌંદર્યનો અનુભવ કરે છે ત્યારે મગજમાં "ઓર્બિટો-ફ્રંટલ કોર્ટેક્સ" -જે આંખોની જસ્ટ પાછળ જ છે - ઝળહળી ઊઠે છે (A, આકૃતિ જુઓને!)

૨. જ્યારે વ્યક્તિ તેને કદરૂપું લાગતું જુએ છે, સાંભળે છે ત્યારે મગજનો જુદો ભાગ: "મોટર કોર્ટેક્સ" ઝબકે છે! મોટર કોર્ટેક્સ એટલે આપણને હલનચલન કરાવતો મગજનો ભાગ જે મગજની માથે આવેલ છે. મગજ માટે કદરૂપતા એ સૌંદર્યનો અભાવ કે સૌંદર્યનું વિરુદ્ધાર્થી નથી...(જુઓ આકૃતિ B)
[Source:Toward A Brain-Based Theory of Beauty,Tomohiro Ishizu,Semir Zeki https://doi.org/10.1371/journal.pone.0021852]

૩. સૌંદર્યનું માધ્યમ દૃશ્ય હોય કે શ્રાવ્ય એ મગજના "પ્લેઝર સેન્ટર્સ"માં પણ રુધિર પ્રવાહ વધારે છે. સૌંદર્યના અનુભવથી ડોપેમિનનું પ્રમાણ વધે છે.

૪. દિમાગમાં થતાં ઝબકારાનું પ્રમાણ વ્યક્તિને અનુભવાતા સૌંદર્ય/કદરૂપતા સાથે સમપ્રમાણમાં વધઘટ થાય છે: જે ચિત્રને તમે દસમાંથી નવ સ્ટાર્સ આપો એના કરતાં છ સ્ટાર્સવાળા ચિત્રને જોતી વખતે પ્રમાણમાં ઝાંખો ઝબકારો થાય છે. (C ત્રીજી આકૃતિ)

ઝેકીજીનો નિષ્કર્ષ એ કે : સૌંદર્ય વ્યાખ્યાયિત થઈ શકે કે નહીં એ તો ખબર નહીં ; પણ સૌંદર્યનો અનુભવ વ્યાખ્યાયિત અને સંખ્યાત્મક કરવો હવે શક્ય છે.

"Beauty is, for the greater part, some quality in bodies acting mechanically upon the human mind through the intervention of the senses." -એડમંડ બર્ક 1757

યોગ થકી સૌંદર્યનું વર્ધન

વિરલ રાવલ • નિહારિકા રાવલ
viral.raval132@gmail.com

યોગનો સામાન્ય પરિચય:

યોગ વિશ્વના તમામ ભાગોમાં લોકપ્રિય બની રહ્યું છે. અશાંત મનને શાંત કરે છે, બીમાર માટે તે એક વરદાન છે, સામાન્ય માણસ માટે ફિટ, હેન્ડસમ અને સુંદર રહેવા યોગ એ આજકાલની ફેશન છે. કેટલાક લોકો તેનો ઉપયોગ સ્મૃતિશક્તિ, બુદ્ધિ અને સર્જનાત્મકતા વિકસાવવા માટે કરે છે. તેના બહુવિધ ફાયદાઓ સાથે તે શિક્ષણનો એક ભાગ બની રહ્યું છે. યોગીઓ તેનો ઉપયોગ પૂર્ણતા તરફ જવાની યાત્રાનાં સાધન તરીકે, ચેતનાના ઊંડા સ્તરોને પ્રગટ કરવા તેમજ પરમ સૌંદર્યને પ્રાપ્ત કરવા કરે છે. યોગ એ યોગ્ય જીવન જીવવાનું વિજ્ઞાન છે જેનો દૈનિક જીવનમાં સમાવેશ થવો જોઈએ. તે વ્યક્તિનાં તમામ પાસાંઓ પર કામ કરે છે: શારીરિક, પ્રાણિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક.

યોગ શબ્દ સંસ્કૃતના ધાતુ 'યુજ' પરથી આવેલો છે. જેનો અર્થ થાય છે: 'જોડવું', 'જોડાણ'. યોગની શાબ્દિક વ્યાખ્યા – યુજયતે અનેન ઇતિ યોગઃ અર્થાત "જે જોડે છે અથવા તો જેના દ્વારા જોડાય છે તેને યોગ કહેવાય છે." તો આપણને પ્રશ્ન થાય કે અહીં કઈ બે વસ્તુ કે તત્ત્વોનાં જોડાણની વાત છે? સામાન્ય દૃષ્ટિએ અહીં સૌ પ્રથમ મન અને શરીરના જોડાણની વાત છે પરંતુ પારંપારિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અહીં જીવાત્મા (અહંકારી વ્યક્તિત્વ)ના પરમાત્મા (દિવ્ય સૌંદર્ય) સાથેના જોડાણની વાત છે. આ એકતાને આધ્યાત્મિક દૃષ્ટિએ વ્યક્તિગત ચેતનાના સાર્વત્રિક ચેતના સાથેના જોડાણ તરીકે વર્ણવવામાં આવે છે. જે સર્વવ્યાપક, શાશ્વત અને આનંદમય સ્થિતિ છે.

યોગનું વિજ્ઞાન વ્યક્તિત્વનાં સૌથી બાહ્ય પાસા, ભૌતિક શરીર પર કામ કરવાનું શરૂ કરે છે, જે મોટાભાગના લોકો માટે વ્યવહારુ અને પ્રારંભિક બિંદુ છે. જ્યારે શારીરિક સ્તરે અસંતુલન થાય છે, ત્યારે અંગો, સ્નાયુઓ અને ચેતા લાંબા સમય સુધી સંતુલનમાં કામ કરતા નથી; તેના બદલે તેઓ એકબીજાના વિરોધમાં કામ કરે છે. યોગનો હેતુ વિવિધ શારીરિક કાર્યોને સંપૂર્ણ સમન્વયમાં લાવવાનો છે જેથી તેઓ સમગ્ર શરીરના આંતરિક તેમજ સ્થૂળ/બાહ્ય સૌંદર્ય માટે કામ કરે. ભૌતિક શરીર પર પ્રભાવ પાડ્યા પછી યોગ માનસિક અને ભાવનાત્મક સ્તરે અસર કરે છે.

સ્વામી શિવાનંદ સરસ્વતીએ યોગને "વિચાર, લાગણી અને કાર્ય વચ્ચેના એકીકરણ અને સંવાદિતા, અથવા મગજ, હૃદય અને હાથ વચ્ચેના એકીકરણ" તરીકે સમજાવ્યું છે. યોગાભ્યાસ દ્વારા ભાવનાત્મક, માનસિક અને શારીરિક સ્તરો વચ્ચેના આંતરસંબંધો વિશે અને કોઈ એકમાં થયેલો વિક્ષેપ અન્ય પર કેવી રીતે અસર કરે છે તે અંગે જાગૃત કરે છે. ધીમે ધીમે, આ જાગૃતિ અસ્તિત્વના વધુ સૂક્ષ્મ ક્ષેત્રોની સમજણ

અને સૂક્ષ્મ સૌંદર્ય તરફ દોરી જાય છે. મહર્ષિ અરવિંદ જણાવે છે કે યોગ એ વ્યક્તિમાં છુપાયેલી સંભાવનાઓના સ્વકીય વિકાસ માટે પદ્ધતિસરનો સભાન પ્રયાસ છે. તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્તરે સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ પર ભાર મૂકે છે. તે એવી પ્રક્રિયા છે જેના દ્વારા મર્યાદાઓ અને અપૂર્ણતાઓને દૂર કરી શકાય છે. આમ, યોગ એ મનુષ્યના સંપૂર્ણ વિકાસને વેગ આપવા માટેની એક વ્યવસ્થિત પ્રક્રિયા છે. આ યોગવૃદ્ધિ સાથે, માણસ ચેતનાની ઉચ્ચ અવસ્થામાં જીવવાનું શીખે છે. આ સર્વાંગી અને સૌંદર્યલક્ષી વ્યક્તિત્વ વિકાસ એ મનને સુસંસ્કૃત કરવાની ચાવી છે.

યોગની દૃષ્ટિએ સૌંદર્યના વિવિધ સ્તરો:

શારીરિક સૌંદર્ય: શારીરિક સૌંદર્ય એટલે વિશાળ મસ્ક્યુલર શરીર, ૧૦૦ કિલો વજન સરળતાથી ઉપાડી લેવાની ક્ષમતા નહીં. સુંદર શરીરની નીચે મુજબની વિશેષતાઓ હોવી જોઇએ:

૧. સામાન્ય સ્થિતિમાં બધા સ્નાયુઓ હળવા હોય તેવું પ્રમાણસર શરીર. તે ફૂલની જેમ નરમ અને આંતરિક રીતે કોમળ હોય.

૨. તે તરત જ હીરા જેવી દ્રઢતા, કઠિનતા મેળવી શકતું હોય. શરીરના તમામ અવયવો અને તંત્રો વચ્ચે સામંજસ્ય હોય.

૩. જૂની અને તીવ્ર બીમારીઓ અદૃશ્ય થઈ જાય.

શારીરિક સૌંદર્યનાં આ પાસાંઓ યોગ્ય દિશામાં ઊર્જાનો ઉપયોગ કરીને શરીરને સૌથી વધુ કાર્યક્ષમ બનાવે છે. આરામના સમયગાળામાં તમામ સ્નાયુઓ હળવા હોય છે અને ઊર્જા બચાવવા માટે સાંધા ઢીલા રહે છે અને ચયાપચયનો દર ઘણો ઓછો હોય છે. સામાન્ય પ્રવૃત્તિઓ દરમિયાન શરીર દ્વારા જરૂરી માત્રામાં ઊર્જા વપરાય છે. નિર્ણાયક સમયે, ઉચ્ચ તાણની સ્થિતિમાં, અંગોના કાર્યો એટલી સરસ રીતે સંકલન કરે છે કે જરૂરી ઊર્જા ઉત્પન્ન થાય છે અને શરીરનાં તે પ્રદેશોમાં પુષ્કળ પ્રમાણમાં વહે છે જેને વધુ ઊર્જાની જરૂર હોય છે. શરીરને પરિસ્થિતિનો સામનો કરવા માટે જરૂરી તમામ શક્તિ મળે છે. વિવિધ યોગાભ્યાસો અને આંતરિક મહત્વપૂર્ણ શક્તિઓના ઉપયોગ દ્વારા વિવિધ અવયવો અને તંત્રો વચ્ચે સમન્વય કેળવી શકાય છે. શારીરિક સંસ્કૃતિનાં નિષ્ણાતો, કુસ્તીબાજો, રમતવીરો, બજાણિયાઓ, જિમ્નેસ્ટ્સ વગેરે લોકો યોગમાં ઊંડો રસ લઈને પોતાના કૌશલ્યને વધુને વધુ નિખારવા માટે તેનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે.

માનસિક સૌંદર્ય: સર્જનાત્મક અને ઇચ્છાશક્તિ એ મનનાં બે પાસાંઓ છે જે માનસિક સુંદરતા હેઠળ આવે છે. આપણે જાણીએ છીએ કે સર્જનાત્મકતા એ કલા અને ટેકનોલોજીનો મુખ્ય ભાગ છે. એવું જોવામાં આવ્યું છે કે યોગનાં વિવિધ અભ્યાસો માણસની સર્જનાત્મકતા શક્તિને વધારે છે. જેમ કે, ઘણાં સંગીતકારો, કવિઓ, ફિલ્મ કલાકારો, એન્જિનીયરો અને ટેક્નોલોજીસ્ટ પોતપોતાનાં ક્ષેત્રમાં શક્ય તેટલું સુંદર સર્જન કરી શકે એ માટે યોગ તરફ આકર્ષાયા છે. યોગ અશુદ્ધિઓને ભૂંસી નાખે છે અને વ્યકિતમાં ઇચ્છાશક્તિ, શુદ્ધતા અને સુંદરતાનું નિર્માણ કરે છે. આવા મગજમાં દરેક અવરોધને એક પડકાર તરીકે ગણવામાં આવે છે અને પરિસ્થિતિનો સામનો કરવા માટે જબરદસ્ત ઊર્જા જગાડે છે. આ સાહસિકતા વ્યક્તિત્વનો એક ભાગ બની જાય છે. આવી અડગ વ્યક્તિ જીવનમાં અદ્‌ભુત સંયમ સાથે પડકારોનો સામનો કરે છે અને તેમને લક્ષ્ય સુધી પહોંચવાની તકોમાં ફેરવે છે.

ભાવનાત્મક સૌંદર્ય: આપણી ભાવનાઓ આપણા વર્તનને ખાસ કરીને નિર્ણાયક સમયે નિયંત્રિત કરે છે. આધુનિક યુગના પડકારો માણસની ભાવનાત્મકતા માટે મોટો ખતરો છે. છતાં શિક્ષણની સમગ્ર યોજનામાં આપણા ભાવનાત્મક વ્યક્તિત્વને કોઈ સ્થાન મળતું નથી. જીવનમાં સતત આવતી

સમસ્યાઓ વચ્ચે માણસ ખોવાયેલો દેખાય છે, તે તેનાં ભાવનાત્મક સંઘર્ષો, અવરોધો અને અસંતુલનને દૂર કરવામાં અસમર્થ છે. ઊંડી અશાંતિ, યાતના અને મનોવૈજ્ઞાનિક બીમારીઓ તેનું પરિણામ છે. યોગ આપણને આપણી સંવેદનાઓને વ્યવસ્થિત અભિવ્યક્ત કરતાં અને તેનું વિસ્તરણ કરતાં શીખવે છે.

બૌદ્ધિક સૌંદર્ય: બૌદ્ધિક સ્તરે સૌંદર્યનો વિકાસ માત્ર બુદ્ધિની તીક્ષ્ણતામાં પરિણમવો જોઇએ નહીં ; પરંતુ તીક્ષ્ણ બુદ્ધિની ગુલામીમાંથી બહાર આવવા માટે નિપુણતાનો પણ સમાવેશ થવો જોઇએ. તેથી સ્વામી વિવેકાનંદે શિક્ષણના બે મહત્ત્વપૂર્ણ ભાગો તરીકે "એકાગ્રતા અને નિરાકરણ" પર યોગ્ય રીતે ભાર મૂક્યો છે. વ્યક્તિ માટે કોઈપણ વિષયનાં ઊંડાણ સુધી ડૂબકી મારવાનું શક્ય હોવું જોઇએ એટલું જ નહીં પણ કોઈપણ સમયે તેમાંથી બહાર આવવા માટે પણ સક્ષમ હોવું જોઈએ. બૌદ્ધિક સ્તરે સૌંદર્યનો આવો વ્યાપક વિકાસ લાવી શકવો એ યોગની વિશેષતા છે. યોગ મનને શાંત કરવાનાં કૌશલ્ય પર ભાર મૂકે છે જે મનની બંધનોમાંથી મુક્ત થવાની ક્ષમતા ઉજાગર કરે છે. આથી યોગ ઘણા 'બૌદ્ધિક પીડિતો'નું ધ્યાન આકર્ષિત કરે છે.

આધ્યાત્મિક સૌંદર્ય: જેમ જેમ મનુષ્યની જાગૃતિ વધે છે તેમ તેમ તેનામાં પોતાની જાતને સંપૂર્ણ બનાવવાનો ઉત્સાહ વધતો જાય છે. આ પ્રક્રિયામાં તે તેની આસપાસની પ્રકૃતિની અભિવ્યક્તિ શીખે છે અને તેના સૌંદર્યને સમજે છે. તે તેના વર્તનમાં આંતરિક દિવ્યતા પ્રગટ કરવાનું શરૂ કરે છે. અરિષડ્વર્ગ-માણસના છ મુખ્ય શત્રુઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને માત્સર્ય સતત ઘટતાં જાય છે. તેનાં બંધનો ઓછા થતાં મનુષ્ય તેમના પર નિયંત્રણ મેળવાવનું શરૂ કરે છે. અને આ જ છે આંતરિક સૌંદર્યની વૃદ્ધિ-પ્રક્રિયા જે આધ્યાત્મિક વિકાસ સાથે સુસંગત છે.

સમસ્યા, પ્રક્રિયા અને અભ્યાસ એ ભારતીય સૌંદર્યશાસ્ત્રનાં ત્રણ ક્ષેત્રો છે. સાપેક્ષતાના સૌંદર્યલક્ષી અનુભવ માટે યોગની ફિલસૂફીમાં ચિત્ત સૌથી મહત્ત્વપૂર્ણ છે. આપણે કહી શકીએ કે સૌંદર્યલક્ષી વલણના પરીક્ષણ અને નિર્માણમાં ચિત્ત જરૂરી છે-જે પીગળતા તાંબાની જેમ વિવિધ આકારો લે છે. ચિત્તની તમામ અવસ્થાઓને તેની મૂળ સ્થિતિમાં લાવવાની પ્રક્રિયા કલાત્મક સિદ્ધાંતોનો ખ્યાલ આપે છે. ઉદાહરણ તરીકે, કોઈ એક ટ્યૂબલાઈટ પર જો લાલ, લીલા, વાદળી, પીળા જેવા કોઈ પણ રંગનું પ્લાસ્ટિક લપેટવામાં આવે તો ટ્યૂબલાઈટ એ મુજબનો પ્રકાશ પાથરે છે. પણ મૂળે તો ટ્યૂબલાઈટનો રંગ સુંદર સફેદ છે. આ જ રીતે ચિત્ત પણ વિવિધ આવરણોથી અભિભૂત થઈને એ પ્રમાણે વર્તન કરે છે. પતંજલિ મુનિ યોગસૂત્રમાં જણાવે છે કે ચિત્ત પાંચ પ્રકારની વૃત્તિઓ, પંચક્લેશો વગેરેનાં અનેક આવરણોથી ઢંકાયેલું છે. ચિત્તને આ આવરણોથી મુક્ત કરવું જેથી આત્મસાક્ષાત્કાર થઈ શકે. યોગનું અંતિમ લક્ષ્ય આ છે. યોગ, ક્રમશ: શુદ્ધ ચેતનાના ધ્યેય સુધી પહોંચવા માટે પ્રયોગમૂલક ચેતનાની પ્રકૃતિને ઉજાગર કરે છે. સૌંદર્યની સિદ્ધિ પણ એક ક્રમિક પ્રક્રિયા છે જોકે તે અંતિમ પરિણામ અથવા ધ્યેય નથી.

મનુષ્ય જીવનનાં સૌંદર્યલક્ષી પાંચ પરિમાણો:

તૈત્તિરીય ઉપનિષદમાં માનવ અસ્તિત્વના સૌંદર્યને વર્ણવવા પાંચ પરિમાણોને પંચકોષ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રત્યેકને યોગક્રિયા દ્વારા સંતુલિત કરી તેની પારના આનંદલોકમાં સ્થિત થઈ શકાય છે.

૧. અન્નમય કોષ: બ્રહ્માંડની દરેક વસ્તુ અન્ન દ્વારા ટકી રહે છે અને દરેક વસ્તુ અન્નમાં ભળી જાય છે. આપણા શારીરિક વ્યક્તિત્વના આ અન્ન આધારિત પાસાને અન્નમય કોષ કહેવામાં આવે છે. અન્નમય કોષમાં પંચ મહાભૂત - પૃથ્વી, જલ, અગ્નિ,

વાયુ અને આકાશનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આપણે જે સ્થૂળ ખોરાક લઇએ છીએ તેના દ્વારા અન્નમય કોષને પોષણ મળે છે.

અભ્યાસ: શિથિલીકરણ વ્યાયામ, સૂક્ષ્મ વ્યાયામ, આસન, ષટ્કર્મો, યોગનિદ્રા, મિતાહાર.

૨. પ્રાણમય કોશ: પ્રાણ એ આ બ્રહ્માંડનું મૂળ પોત (ફેબ્રિક) છે, અંદરનું અને બહારનું બંને. પ્રાણનો એકસમાન સુમેળભર્યો પ્રવાહ અન્નમય કોષના (શરીરના) દરેક કોષને જીવંત અને સ્વસ્થ રાખે છે.

અભ્યાસ: શ્વસનક્રિયાઓ, પ્રાણાયામ, ષટ્કર્મો.

૩. મનોમય કોષ: મન, જેને છઠ્ઠી ઇન્દ્રિય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે તે અન્ય ઇન્દ્રિયો દ્વારા મેળવવામાં આવતાં દરેક જ્ઞાનને અને કરવામાં આવતાં દરેક કર્મને પ્રતિસાદ આપે છે. ઉદાહરણ તરીકે, તમે એક મોટું લાલ ફૂલ જુઓ છો; આંખો મગજને તેનું ચિત્ર મોકલે છે અને મન તેને સુંદર ગુલાબ તરીકે સમજે છે. બીજી જ ક્ષણે તમારું ચિત્ત તમને સમજાવે છે કે તે ગુલાબની ખૂબ જ દુર્લભ જાત છે જેને જોવા તમે તરસતા હતાં. મન અને મગજમાં આ વિચાર ફરે છે જે ટૂંક સમયમાં તમને અહેસાસ કરાવે છે 'ઓહ તે ખૂબ સુંદર છે! મને તે ગમે છે, મને તે જોઇએ છે!' મનોમય કોષનાં આ ઘટક કે જેમાં આ ક્રિયા ઝડપથી પુનરાવર્તિત (રિસાયકલ) થાય છે અને એક પ્રકારનો વેગ ઉત્પન્ન થાય છે જેને ભાવના કહેવાય છે. આ 'પસંદ કે નાપસંદ', 'પ્રેમ કે ધિક્કાર' જેવી લાગણીઓ દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે, જે ભારે અહંકારયુક્ત છે. આ લાગણી તમામ માનવીય સુખ અને સમસ્યાઓનું મૂળ કારણ છે. જ્યારે લાગણીઓ શક્તિશાળી બને છે, ત્યારે તેઓ અયોગ્ય ક્રિયાઓનું સંચાલન કરવાનું શરૂ કરે છે. આવા અસંતુલનને 'આધિ' અથવા 'તણાવ' કહેવાય છે. લાંબા સમયથી ચાલતી આધિઓ પ્રાણમય અને અન્નમય કોષમાં ફેલાઈ જાય છે જેના કારણે વ્યાધિઓ ઉત્પન્ન થાય છે.

અભ્યાસ: ધારણા, ધ્યાન, યોગનિદ્રા, ભજન

૪. વિજ્ઞાનમય કોષ: વિજ્ઞાનમય કોષ એ આપણા અસ્તિત્વનો ચોથો સ્તર છે. તેમાં રહેલ અંતઃકરણ આપણને કોઈ વસ્તુ કરવા કે ન કરવા માટે સતત માર્ગદર્શન આપે છે. મનનો આ ઘટક માનવજાતિમાં ખૂબ જ વિકસિત થયો છે જે માણસને પ્રાણીઓથી અલગ પાડે છે. વિજ્ઞાનમય કોષ એ વિવેકજ્ઞાનનું પરિમાણ છે.

અભ્યાસ: અનુભવોનું વિશ્લેષણ, સત્સંગ, પરામર્શ

૫. આનંદમય કોષ: અંતિમ સત્યની અનુભૂતિ આ બ્રહ્માંડનું મૂળભૂત તત્ત્વ છે. જેમાંથી દરેક વસ્તુનું સર્જન થયું છે તે આનંદમય કોષ કહેવાય છે. આ આપણા અસ્તિત્વનું સૌથી સૂક્ષ્મ પાસું છે જે કોઈપણ પ્રકારની લાગણીઓથી રહિત છે; સંપૂર્ણ મૌનની સ્થિતિ - સંપૂર્ણ સૌંદર્યલક્ષી અને સંપૂર્ણ આરોગ્યની સ્થિતિ.

અભ્યાસ: કર્મયોગ

સમગ્ર સૃષ્ટિ બ્રહ્માંડ તેમજ પિંડાંડ તરીકે ઓળખાય છે. ચાર કોશમાં કાર્ય કરતી ત્રણ શક્તિઓ ક્રિયા, ઈચ્છા અને જ્ઞાન તરીકે ઓળખાય છે. ક્રિયાશક્તિ સ્થૂળ શરીર અને પ્રાણમય કોષમાં કામ કરે છે, જે શારીરિક સૌંદર્યને ઉજાગર કરે છે, જ્યારે ઈચ્છાશક્તિ મનોમય કોષમાં કાર્ય કરે છે અને વિષયની માનસિક સુંદરતા વ્યક્ત કરે છે, કારણ કે મનોમય કોષ મનનું રાજ્ય છે. મનોમય કોષ એ ઇન્દ્રિયોથી બનેલો છે જે સૂક્ષ્મ શરીર અને સ્વપ્ન

અવસ્થામાં કાર્ય કરે છે. તે એવો વિસ્તાર છે જ્યાં સૌંદર્યલક્ષી આનંદનો સર્વોચ્ચ અનુભવ થાય છે. અન્નમય કોષમાં થતી તમામ ક્રિયાઓ પ્રાણમય કોષ પર આધારિત છે, કારણ કે પ્રાણશક્તિની ગરમીથી શરીર સક્રિય થાય છે. જાળવણી અને જોડાણની માનસિક પ્રક્રિયા પ્રાણમય કોષમાં થાય છે. મનોમય કોષ પ્રાણમય કોષમાં બંધાયેલો છે. પ્રાણશક્તિનું નિયંત્રણ, સ્વપ્ન અવસ્થામાં પ્રગટ થયેલી સંપૂર્ણ સુંદરતા માટે જ્ઞાનશક્તિને જન્મ આપે છે. અહીં, યોગી પોતાની ત્રણેય શક્તિઓના સંયોજન થકી કોઈપણ કળાનું સર્જન કરી શકે છે અથવા કોઈપણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

યોગ એ પરમ સૌંદર્ય સુધી પહોચવાનો રસ્તો છે, અને ત્યાં કેવી રીતે પહોંચી શકાય એના સાધન તરીકે મહર્ષિ પતંજલિએ એમનાં ગ્રંથ યોગસૂત્રમાં અષ્ટાંગ યોગ વિષે વિસ્તૃત માહિતી આપી છે. અષ્ટાંગ યોગમાં મુખ્યત્વે આઠ અંગો વર્ણવેલા છે, જે બે વિભાગમાં વર્ગીકૃત છે: બહિરંગ યોગ અને અંતરંગ યોગ.

બહિરંગ યોગ એ પરોક્ષ રીતે વિવિધ અભ્યાસો દ્વારા મન પર પ્રભુત્વ મેળવવાનો છે જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહારનો સમાવેશ થાય. આ અભ્યાસો બાહ્ય સૌંદર્ય પ્રાપ્ત કરવાનાં સાધનો છે.

જ્યારે અંતરંગ યોગ એ મનને સીધું નિયંત્રિત કરવું અને તેના પર પ્રભુત્વ મેળવવું છે. જેમાં ધારણા, ધ્યાન અને સમાધિનો સમાવેશ થાય છે. આ અભ્યાસો આંતરિક સૌંદર્ય પ્રાપ્ત કરવાનાં સાધનો છે.

સૌંદર્યશાસ્ત્રમાં યોગના ઉપયોગ વિશે કહી શકાય કે જ્યારે બે અલગ-અલગ વ્યક્તિત્વ/તત્ત્વ પોતપોતાનું અસ્તિત્વ ગુમાવે છે અને પોતાની જાતને એક નવાં અને એકદમ અલગ અસ્તિત્વમાં પરિવર્તિત કરે છે તેને યોગ કહેવાય છે. આ સંશ્લેષણ દ્વારા મનનાં પરિવર્તન, વ્યાપકતા અને વિસ્તરણ કરી શકવાના ગુણો સક્રિય થાય છે. એવું કહી શકાય કે યોગ-ફિલસૂફી એ ભારતીય સૌંદર્યશાસ્ત્રના સિદ્ધાંત અને વ્યવહારનું મુખ્ય પરિચાલક બળ છે. યોગ મનુષ્યને તેના પ્રાણીસ્તરથી લઈને સંપૂર્ણતાની ઊંચાઈઓ સુધીના વિકાસ માટે માત્ર અભ્યાસો કે ઉપાયો જ પ્રદાન નથી કરતું, પરંતુ તેના પરમલક્ષી જીવનનો માર્ગ પ્રશસ્ત કરે છે.

આયુર્વેદમાં સૌંદર્ય

ડૉ. મેહુલ સંઘાણી
9408912390

આયુર્વેદમાં સૌંદર્ય વિશે શું હશે ? એ વિચાર આવ્યો ત્યારે લાગ્યું કે અમે મોટા ભાગના વૈધરાજો અને સંશોધકો ને વિજ્ઞાનિકો આયુર્વેદનો ઉપયોગ માત્ર રોગની ચિકિત્સા માટે જ જોતાં હોઈએ છીએ. નિરામય(આમય એટલે રોગ)નું આ શાસ્ત્ર છે. "આયુર્વેદ શાશ્વત છે, અનાદિકાળથી છે અને એમાં જે કંઈ છે એ સનાતન સત્ય છે, ત્રિકાલ સત્ય છે. દુનિયામાં જે કંઈ છે એ બધું આમાં જ છે અને આમાં નથી એ ક્યાંય નથી." એવું સંહિતાકારો કહે છે. પણ આને સૌંદર્યના દૃષ્ટિકોણથી જોવાયું નથી.

આયુર્વેદમાં ભૌતિક શરીરના સૌંદર્યનું વર્ણન તો છે જ પરંતુ જીવનનું સૌંદર્ય કે 'આયુષ'ના સૌંદર્યનું વર્ણન વિશેષ છે. આયુર્વેદ માત્ર આ લોક માટે જ નહીં પરંતુ પરલોક માટે પણ હિતકારી છે. બંને લોકનાં હિત અને સૌંદર્યની વાત છે. એના માટે ૧) શરીર ૨) ઇન્દ્રિય ૩) આત્મા ૪): મન આ ચારેયનું સૌંદર્ય જેમાં સમાયેલું છે તે 'સ્વસ્થ'ની વ્યાખ્યામાં કહ્યું છે : "समदोष: समग्निश्च समधातुमलक्रिय प्रसन्न आत्मेन्द्रिय मन: स्वस्थम इति अभिधायते। વાત પિત્ત અને કફ એ ત્રણેય દોષનું સમત્વ, અગ્નિનું સમત્વ, ધાતુ અને મલનું સમત્વ, આત્મશોધમાં રત એવું પ્રસન્ન મન - આટલી બાબતો સ્વસ્થતા દર્શાવે છે. ઇન્દ્રિય અને મનની પ્રસન્નતા સૌંદર્યમાં ચાર ચાંદ લગાવે છે.

આયુર્વેદને પોતાનું સ્વતંત્ર સૌંદર્ય છે અને કોઈની નજર લાગે તો કાંતિ હણાઈ જાય એવી કહેવત પણ છે. પરંતુ આયુર્વેદના સૌંદર્ય પર કોઈની નજર લાગે તો તો એની નજરમાં સુંદરતા આવી જાય એટલું તે સુંદર છે. આયુર્વેદ શાશ્વત છે, અનાદિ છે, તેની કાંતિ પણ શાશ્વત છે.

ચરક સંહિતાના વિમાનસ્થાનમાં કહ્યું છે : આદિકાળ સત્યુગમાં લોકોનાં સ્વરૂપ અદિતિસુત દેવો સમાન ઓજસ્વી, અત્યંત વિમલ અને નિર્મળ હતાં, ૪૦૦ વર્ષનાં આયુષ્ય હતાં. કાળક્રમે સત્યુગમાં ધનવાન લોકો અપ્રમિત ખોરાક, અધિક આહાર કરવા લાગ્યા. વધારે ભોજન કરવાથી તેમના શરીરમાં ગૌરવ એટલે કે ભારેપણું આવ્યું અને તેઓ આળસુ થવા લાગ્યા. આળસુ માણસ પરિગ્રહ, સંગ્રહ વધારે કરવા લાગે છે. ભવિષ્યમાં કામ ના થઈ શકે તો સંચિત ધન વાપરવા મળે. પરિગ્રહના દૂષણથી 'લોભ' નામના રાક્ષસનો પ્રવેશ થયો. લોભ કરવાથી વિદ્રોહ થયો, વિદ્રોહથી અસત્ય વચન, તેનાથી કામ- ક્રોધ- અભિમાન- દ્વેષ- રાગ- ચિંતા- શોક વગેરે જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ શરીરની કાન્તિ અને આયુષનો હ્રાસ થતો ગયો અને ચતુર્થાંશ શેષ રહી ગયો.

નિષ્કર્ષ : સૌંદર્ય અને લાંબા જીવન માટે પ્રમાણસર આહાર લેવો. પ્રમાણસર આહાર માટે ભગવાન ચરકે ચરકસંહિતામાં માત્રાશિતિય એવો સરસ શબ્દ આપ્યો છે જેનો અર્થ પ્રમાણસર, માપસર ભોજન, એમ થાય છે.

સૌંદર્યમાં અગ્નિનું મહત્ત્વ: આયુર્વેદમાં કોઈ પણ ચિકિત્સા હોય કે કોઈ પણ રોગનું મૂળ કારણ હોય તો તે દૂષિત થયેલો અગ્નિ- જઠરાગ્નિ છે. જઠરાગ્નિનો આધાર છે : શરીરનો વર્ણ, ઉત્સાહ, ઉપચય

એટલે કાયાની તંદુરસ્તી, પુષ્ટિ એટલે આત્માનું સ્વાસ્થ્ય, પ્રભા, તેજ, ઓજસ્વિતા –આ બધું જઠરાગ્નિને અધીન છે. માટે અગ્નિની ચિકિત્સા કરવાથી વર્ણ, તેજસ્, ઓજસ, પુષ્ટિ પ્રાપ્ત થતાં સૌંદર્ય પ્રગટ થાય છે.

समदोषः समाग्निश्च समधातु मलक्रिया।
प्रसन्न आत्मेन्द्रिय मनः स्वस्थ इति अभिधीयते।।

સ્વસ્થની વ્યાખ્યામાં પ્રસન્ન આત્મા, ઇન્દ્રિય અને મનનું પ્રસન્ન હોવું જરૂરી છે, તેની પણ વિશિષ્ટ સુંદરતા છે. આત્મા અને મન તેમજ ઇન્દ્રિયનાં પણ બ્યુટી પાર્લર બનાવવાં પડે. આદર્શ પ્રાણાભિસર(પ્રાણના સ્વાસ્થ્ય માટે કાર્યરત) વૈધ આ જ કાર્ય કરતા હોય છે.

હવે પ્રધાન દોષ અને પ્રધાન ધાતુ કઈ રીતે સૌંદર્ય બક્ષે છે અને કેવી રીતે સૌંદર્ય હણી લે છે એનો વિચાર કરીશું.

દોષ વિચાર : જે કાંઇ વાયુનો નાશ કરે અને શ્લેષ્મ (કફ)ને વધારે છે તે ત્વચા માટે હિતકારી છે અને દેહને સ્થિર કરનાર છે. આ વાત ચરક સંહિતામાં 'સ્નેહ' અધ્યાયમાં તૈલ, ખાસ કરીને એરંડતેલ વિશે કહેવામાં આવ્યું છે. અષ્ટાંગહૃદય સૂત્રસ્થાનમાં કહ્યું છે, 'વધેલો વાયુ (શરીરને) કૃષ અને કાળું, કદરૂપું કરી નાખે છે. માટે સૌંદર્ય વધારવા વાયુને સ્વસ્થ રાખવો. વાયુ સ્વસ્થ થશે એટલે સૌ પ્રથમ ઉત્સાહ, ઉચ્છવાસ અને નિઃશ્વાસ સારા થશે. ઉત્સાહ સૌંદર્યને નિખારે છે.

હવે પ્રશ્ન એ થશે કે પંચવાયુમાંથી કયો વાયુ બગડતાં વર્ણહાનિ થતી હશે? તો કહે છે ઉદાનવાયુ : જે વાયુ શરીરના ઉપરના ભાગમાં રહે. નાકથી નાભિ સુધી જાય અને છાતીમાં સ્થિર થાય. એનાં પ્રાકૃત કર્મ છે : वाक् प्रवृत्ति प्रयत्न ऊर्जा बल वर्ण स्मृति क्रियः । અર્થાત ઊર્જાવાન વાક્ ચાતુર્ય, વાક્ સિદ્ધ શરીરનો સુંદર વર્ણ અને સ્મરણશક્તિ સ્વસ્થ ઉદાનવાયુને આભારી છે. માટે શરીરની કાંતિ વધારનાર જે કાંઇ વર્ણ્ય-ત્વચ્ય-સ્નેહ ઔષધો સંહિતામાં આપેલા છે તે ઉદાનકાલે મતલબ ઉદાન વાયુને સ્વસ્થ કરવા માટેનો જે કાળ આપેલો છે એ કાળમાં નિયમિત ઔષધ લેવાથી સૌંદર્યની સાથેસાથે ઊર્જા, ઉત્સાહ, સ્મૃતિ અને સશક્ત શરીર પ્રાપ્ત થશે.

શરીરની મૃદુતા, સુકુમારતા, નમણાશ, લાવણ્ય એ બધું પ્રાકૃત પિત્તને અધીન છે. શરીરમાંથી પિત્તનો ક્ષય થાય ત્યારે જઠરાગ્નિ મંદ થાય છે. આગળ કહ્યું તેમ અગ્નિ સૌંદર્યવર્ધક છે અને પ્રભાહાનિ થાય ત્યારે કાંતિ હણાઇ જાય છે. શરીરનો ચળકાટ (ભ્રાજક્તા), મેધા, ધીરજ, શૂરવીરતા અને કોમળતા પિત્તને અધીન છે.

આ પિત્ત જો પ્રાકૃત હોય તો ક્યાં શૂરવીરતા બતાવવી, ક્યાં ધીરજથી કામ લેવું તે સમજાય છે. શરીરની કોમળતા, લાવણ્ય પણ શક્ય બને છે. માટે પિત્તનાં જે સ્થાન કહ્યાં છે તેમાં 'સ્પર્શન્' એટલે કે ત્વચા કે સ્પર્શેન્દ્રિય એ પિત્તનું સ્થાન છે. દૃષ્ટિ-આંખની સુંદરતા અને ત્વચાની સુંદરતા પિત્તને અધીન છે. તેમાંય ભ્રાજકપિત્ત કે જે ચામડીમાં રહેલું પિત્ત છે તે ચામડી ચળકાવે છે, તેજસ્વી બનાવે છે. માટે તેને ભ્રાજક (ચળકાવનાર) પિત્ત કહ્યું છે. માટે ભ્રાજક પિત્તને સ્વસ્થ રાખવું.

હવે કફને વધારવાની વાત છે. શ્લેષ્મ એટલે કે કફની વૃદ્ધિ, પ્રાકૃત કફની વૃદ્ધિ. ચામડીની રુક્ષતા દૂર કરવા, સુકુમાર, ચીકણી ત્વચા બનાવવા માટે પ્રાકૃત કફ વધારવો જરૂરી છે. કારણકે...શ્લેષ્મા સ્થિરત્વ સ્નિગ્ધત્વ।

આમ, સરવાળે વાયુ, પિત્ત અને કફ ત્રિદોષની ભૂમિકા વિચારતાં: વાયુનું શમન-મધુર રસથી, પિત્તનું શમન-મધુર રસથી અને કફની વૃદ્ધિ પણ મધુર રસથી થાય છે. આ સાયન્સનો તાળો કેવો સરસ મળે છે.! મધુર રસના ગુણ જોઈએ તો: મધુરો આજન્મ સાત્મ્યાત કુરુતે ધાતૂનાં પ્રબલં બલમ્। બાલ વૃદ્ધ ઇતિ વર્ણ કેશેન્દ્રિય ઓજસામ્।। મધુર રસ વર્ણ માટે શ્રેષ્ઠ છે

જે વાત-પિત્તનું શમન અને કફની વૃદ્ધિ કરે છે. માટે ઉદાન કાલેથી દૂધ, જેઠીમધ, ગોખરું, ગરમાળો, શતાવરી, કંઈ પણ આપવાથી સુંદરતા વધે છે- શારીરિક અને માનસિક પણ.

'કષાય રસ' તૂરો રસ લેપનાર્થે વાપરવો કેમ કે તેના શ્લોકમાં લખ્યું છે : અતિ ત્વક્ પ્રસાદન:। તે ચામડીને અતિશય નિર્મળ કરે છે. તીખા રસ-કટુ રસનો સુંદરતા વધારવા ઇચ્છનારે ત્યાગ કરવો. કારણકે તે વાયુ-પિત્ત બંનેને કોપાવશે અને કફનો ક્ષય કરશે.

શુક્રધાતુ અને સૌંદર્ય : શુક્રસાર વ્યક્તિ સુંદર હોય છે. ત્વક્ સાર સુંદર હોય છે. તો તીખા (કટુ) રસ માટે લખ્યું છે : તે શુક્ર અને બળનો નાશ કરનાર છે. આપણે જાણીએ છીએ, બ્રહ્મચારીનું તેજ જોરદાર હોય છે અને અસંયમી બ્રહ્મચારીના શુક્રનો ક્ષય (વિમાર્ગ યોનિ ગમનાત્) થવાથી સુંદરતા નષ્ટ થાય છે. તીખો રસ વધારે લેવાથી આ સમસ્યા ઊભી થતી હોય છે. તે ઉષ્ણ હોવાથી શુક્ર દ્રવી જાય છે. આયુર્વેદમાં શુક્રસાર પુરુષના લક્ષણોમાં કહ્યું છે, "प्रसन्नस्निग्धवर्णस्वरा અર્થાત્ પ્રસન્નતા, સ્નિગ્ધતા અને વર્ણની સુંદરતા તેમનામાં જોવા મળે છે.

ત્વચાસાર પુરુષ અને સૌંદર્ય : ત્વક્સાર પુરુષ એટલે કે રસસાર પુરુષમાં પણ સુંદર વર્ણ, સ્નિગ્ધતા વગેરે ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, सौमनस्य नृत्यानाम् અર્થાત્ મનની સુંદરતાથી શુક્ર ધાતુની વૃદ્ધિ થાય છે.

મલ : મળ એ જ બળ છે. એના માટે કહ્યું છે, बलम् ही तस्य विट्बलम्। બીજી એક સરસ પંક્તિ આપેલ છે, अष्टम्भ पुरिवस्य, અર્થાત્ મળ શરીરને ધારણ કરે છે. શરીરને થાંભલાની જેમ મજબૂત રાખવાનું પ્રાકૃત કામ એનું છે. કેળાના ફળ જેવો સ્નિગ્ધ અને પાણી પર તરતો મળ શરીરના બલિષ્ઠ હોવાનો પુરાવો છે. કાળો અને પાતળો મળ રોગિષ્ઠ શરીર સૂચવે છે. આથી કયું છે કે: गुदादि मलमार्गाणाम् शोचं कान्ति बलप्रदम्। મળમાર્ગની શુદ્ધિ કાંતિ વધારનાર અને બળ આપનાર છે.

દિનચર્યામાં સુંદરતા :

प्रक्षालनम् पाणीयोश्च पादयोः शुध्यकारणम्।
मलश्रमहरम् वृष्यम् चक्षुष्यम्।।

હાથ પગ ધોવાથી શરીરની શુદ્ધિ થાય છે, શરીરના મળ તથા શ્રમનું હરણ એટલે કે તે દૂર થાય છે. તે વૃષ્ય છે આથી તે શરીરનું સૌંદર્ય વધારનાર છે અને ચક્ષુની સુંદરતા પણ વધારે છે. સુગન્ધવદના સ્નિગ્ધ નિ:સ્વના, અર્થાત્ સ્નિગ્ધ અવાજવાળા, નિર્મળ ઇન્દ્રિયવાળા, ચામડીની કરચલી, સફેદ વાળ અને વ્યંગથી રહિત નસ્ય કરવાથી થાય છે. બંને નેત્રોમાં કૂપને વધારવા સૂરમો આંજવો.

મૂછ કાતરવી : पौष्टिकम् धन्यम् आयुष्यम् शौर्यम् कान्तिकारकम् परम्। દાઢી મૂછ સમયસર કાતરવાથી શરીર ચોખ્ખું બને છે, આયુષ્યની વૃદ્ધિ થાય છે, પવિત્રતા વધે છે અને શરીરની કાંતિ વધે છે.

દર્પણ દર્શન : आदर्श आलोकनम् प्रोक्तम् मांगलम् कांतिकारकम परम्। રોજ સવારે દર્પણમાં જોવાથી (મુખ દર્શન કરવાથી) શરીરની કાંતિ-સુંદરતા વધે છે.

વ્યાયામ-કસરત : ઘનગાત્રતા આવે છે. એટલે કે શરીર મજબૂત બને છે. શરીરમાં વધેલા દોષોનો નાશ થઈ અગ્નિ વધે છે. કરચલી અને શિથિલતાનો નાશ થાય છે અને સુંદરતા વધે છે. नयैनं सहसाकालभ्य जरा: અને ઝડપથી વૃદ્ધત્વ આવતું નથી. આ બધું વ્યાયામથી શક્ય બને છે.

અભ્યંગ (માલિશ) : શરીરને હૃષ્ટપુષ્ટ કરે છે, બધી ઇન્દ્રિયોની તૃપ્તિ કરે છે અને વાળની સુંદરતા તેમજ દ્રઢતા વધારે છે અને લાંબા બનાવે છે.

ઉદ્વર્તન (પાવડર ઘસવો) : ત્રિફળાના અથવા લોધ્ર નામની ઔષધિથી ઉદ્વર્તન કરવાથી શરીરની કાંતિ વધે છે અને ચામડીમાં મૃદુતા આવે છે.

મુખાલેપ : મુખાલેપ કરવાથી નેત્ર દ્રઢ બને છે, મુખની કાન્તિ વધે છે, કાળા કુંડાળા (આંખ નીચે) અને ફોડકી દૂર થાય છે અને મુખ કમળ સમાન પ્રફુલ્લિત થાય છે.

પુષ્પધારણ: સુગન્ધિ પુષ્પપત્રાણામ્ ધારણામ્ કાન્તિકારકમ્। કામ ઓજ શ્રી વિવર્ધનમ્। સુગંધી પુષ્પોને ધારણ કરવાથી શરીરની કાંતિ વધે છે.

રત્નધારણ : પુષ્ટીકરમ્ પાપદૌર્ભાગ્યહરમ્। શરીર પુષ્ટ થાય છે.

વર્ણ્ય ઔષધિ (વર્ણને સારો કરનાર) :

चन्दन तुङ्ग पद्मक् उशीर मधुक मङ्गजिष्ठ सारिवा पयस्या सितालंब इति दशेमानि वर्ण्यानि भवन्ति।

ચંદન, લાલ નાગકેસર, પદ્મ કાષ્ટ, વીરણ વાળો, જેઠીમધ, મજીઠ, બારીના, અનંતમૂળ, ક્ષીરકાકોલી અને ધ્રો આ શ્રેષ્ઠ વર્ણ્ય છે. આ ઉપરાંત પણ સૌંદર્ય આપનાર સુન્દર આકાર ककुभे तथा कुटजे... સાદડ, કુટજ ઉપરાંત શોભાંજન, કંટકારી, ભોરીંગણી, ખેર, આમળા, શતાવરી, ગોતુર અને આ બધામાં શ્રેષ્ઠ વરવર્ણીની (હળદર) છે. રજત, વંગ અને સ્વર્ગમાક્ષિક ભસ્મ પણ સૌંદર્ય વધારે છે. જેમ હળદર, ચંદન અને કુંવારનો લેપ ગ્લોરી લાવે છે એનાથી અધિક ઇન્દ્રિયો અને મન પરનો નિગ્રહ પણ જીવનમાં ગ્લોરી લાવે છે.

સૌંદર્યનો નાશ કરનારા રોગોમાં પાંડુ, કમળો, યક્ષ્મા,જ્વર, ઉન્માદ, કુષ્ઠ મુખ્ય છે. એનાં કારકોનો ત્યાગ કરી ઉપરોક્ત ઔષધનો યોગ્ય ઉપયોગ કરવો.

આનંદની વાત એ છે કે આ બધી ખબર આટલાં વર્ષો પછી, આ લેખ માટેના સ્વાધ્યાય વખતે મને પડી! મને ખબર પડી કે આયુર્વેદમાં બાહ્ય અને આંતરિક સૌંદર્ય માટે અદ્‌ભુત ઉપચાર આપેલા છે. ભગવાન બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ આજીવન સુંદર હતા દરેક વ્યક્તિ જીવનભર એવી બની શકે છે જો તે तस्य उपदेशेषु परम आदर: ભગવાન આત્રેયના સિદ્ધાંતોને અનુસરશે તો.(આત્રેય ઋષિ પણ ભગવાનનું વિશેષણ ધરાવે છે.) એમની પ્રશસ્તિમાં કહેવાયું છે કે:

नाम है तेरा आमयहारा, कब तेरा दर्शन होगा,
जिनकी संहिता इतनी सुंदर वो कितना सुंदर होगा ।

બધા ભગવાન ઐશ્વર્ય, વીર્ય, પરાક્રમ, યશ, જ્ઞાન, લક્ષ્મી, વૈભવથી યુક્ત હતા. મતલબ આપણે પણ આવું ઐશ્વર્ય અને સૌંદર્ય મેળવી શકીએ. આ લેખ તો માત્ર એક ઝલક છે. પહેલાં એમ લાગતું હતું કે ચાર લીટી માંડ મળશે પણ નવા દૃષ્ટિકોણથી ચરક સંહિતાનો અભ્યાસ કરતાં એક સૌંદર્યવેદ લખી શકાય એટલું સૌંદર્ય વિષયક જડ્યું. વિસ્તારના ભયને ધ્યાનમાં રાખી ટૂંકમાં લખ્યું છે... જય ધન્વંતરિ !

સૌન્દર્યનું ગાણું

સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો.
જ્યારે પડે ઘા આકરા
જ્યારે વિરૂપ બને સહુ
ને વેદનાની ઝાળમાં
સળગી રહે વન સામટાં.
ત્યારે અગોચર કોઈ ખૂણે
લીલવરણાં, ડોલતાં, હસતાં,
ફૂણાં તરણાં તણું ગાણું
મુખે મારે હજો,
સૌન્દર્યનું ગાણું મુખે મારે હો.

સ્વપ્નથી ભરપૂર
આ મારા મિનારાઓ પરે
જ્યારે પ્રહારો વજ્રના આવી પડે
નોબતો સંહારની આવી ગડે
ને ધૂળ ભેગાં કાટમાળો પીખતી
ઉપહાસની ડમરી કદી ઊંચી ચડે-
ત્યારે અરે !
પ્રેમે, પ્રફુલ્લિત કો' સ્વરે
આ વિશ્વના માંગલ્યનું ગાણું
મુખે મારે હજો !
સૌન્દર્યનું ગાણું મુખે મારે હો.

-મકરંદ દવે

સૌંદર્યની હાસ્યમીમાંસા:

'મૈં સુંદર હૂં'થી 'મેરા સુંદર સપના બીત ગયા' સુધી

કિરણ જોષી
kirranjoshi@gmail.com

મોં પર શીળીનાં ચાઠાં, પીઠ પર ઉપસી આવેલી ખૂંધ, બહાર ધસી આવેલા દાંત, કોકમના ફૂલ જેવો ચામડીનો વર્ણ, બાકીના શરીર સાથ તાલ ન મીલાવતું ઉપસી આવેલું મોટું પેટ, ઊંટ જેવી ચાલ-આ તમામ લક્ષણો પોતાનામાં સમાવીને બેઠેલા એક પુરુષે ઓશોને પૂછ્યું, " તમે કહો છો કે ઈશ્વરનું એકએક સર્જન પરફેક્ટ છે. તો મને આવો કૂબડો-કુરૂપ શા માટે બનાવ્યો છે?"

ઓશોએ જવાબ આપ્યો: ઈશ્વરનું તમે એવું સર્જન છો જે પરફેક્ટ રીતે કુરૂપ છે.

કામરુ દેશના એક અર્થશાસ્ત્રીએ કહ્યું છે, 'પૈસાદાર બધાંને થવું હોય છે. આથી પૈસાદાર થવાના પ્રયત્નમાં પૈસાદાર વધુ પૈસાદાર બને છે જ્યારે ગરીબ વધુ ગરીબ બને છે.' આ સિદ્ધાંત સૌંદર્યવાન થવાની બાબતમાં પણ લાગુ પાડી શકાય એમ છે. જે સ્ત્રીઓ પહેલેથી જ ખૂબસૂરત છે તે મેઇકઅપ બાદ વધારે ખૂબસૂરત લાગે છે. પણ જે સ્ત્રીઓ ઓલરેડી સૌંદર્યની દેવીના આશીર્વાદથી વંચિત રહી ગઇ છે તે મેઇકઅપના મહાસાગરમાં લાખ ડૂબકીઓ માર્યા બાદ પણ છે એવી જ અથવા તો અગાઉ નહોતી તેવી હોરિબલ લાગવા લાગે છે. આવી સ્ત્રીને જોનાર વ્યક્તિ ભગવાનને એક જ પ્રાર્થના કરે છે, 'કાં તો આનો મેઇકઅપ ઉતારી તેને હતી તેવી જ બનાવી દે; અથવા મારી આંખોની રોશની છીનવી લે.'

ગઇ સદી સુધી સૌંદર્યશાસ્ત્રીઓમાં એક માન્યતા પ્રચલિત હતી: "સૌંદર્યલક્ષી વિમર્શમાં વિમર્શકારો મોટાભાગે સ્ત્રીઓ અંગેના જ દાખલા અને દલીલો ટાંકતા હોય છે કારણકે પુરુષોને સુંદર દેખાવાની દરકાર હોતી નથી. ને જો પુરુષો સુંદર દેખાવાની કોશિશ કરે તો તે સુંદર ઓછા ને વિદૂષક વધારે લાગે એમ હોય છે. બહુ બહુ તો એ હિંદી ફિલ્મના હીરો જેવી હેર-સ્ટાઇલ કરાવશે. એમાંય ચાલીસની ઉંમર પછી ટાલ પડી જતાં તે હેર-સ્ટાઇલ કરાવવાના દાવનો પણ નથી રહેતો. એની સામે સ્ત્રીઓ માથાના વાળથી માંડીને પગની પાની સુધી કંઇક ને કંઇક સાજસજ્જા કરતી રહે છે. જોનાર સ્ત્રીના માત્ર વાળ કે એના હોઠ કે એની આંખો કે એના ગાલ કે એના હોઠ કે એની કમર કે એના પગ જુએ તો પણ સાનભાન ભૂલીને લવારો કરવા લાગે છે." પણ સૌંદર્યશાસ્ત્રીઓની આ માન્યતા છેલ્લા બે એક દાયકાથી ખોટી અને હાસ્યાસ્પદ સાબિત થઈ રહી છે.

પુરુષોએ પણ દેખાવડા દેખાવાની કસરત ચાલુ કરી એ માટેનું પ્રમુખ કારણ છે જેન્ડર રેશિયોનું ખોરવાઇ જવું. અગાઉ સમાજમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ લગભગ લગભગ સમાન હતું તેથી દરેક લગ્નોત્સુક સજીવને પોતાની લાયકાત મુજબનો જીવનસાથી મળી રહેતો. પણ જેન્ડર રેશિયોમાં ઉથલપાથલ થવાને પગલે સ્ત્રીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. પરિણામ સ્વરૂપ ઘણા કોડભર્યા યુવાનો કન્યાની રાહ જોવામાંને જોવામાં જ આધેડ અવસ્થાએ પહોંચી જતા જોવા મળે છે.

આવી વિષમ સામાજિક પરિસ્થિતિમાં જેનું બેંક બેલેન્સ, કામ-ધંધો, દેખાવ-દીદાર વિ. આકર્ષક હશે તેને જ ઘોડે ચઢવાનો મોકો મળશે એવું સમજી ગયેલા યુવાનોએ હેન્ડસમ, માચો, આલ્ફામેલ વિ. જેવા

દેખાવાના ઉપાયો અજમાવવા ચાલુ કર્યા છે. વાળમાં એક લટ સોનેરી કરાવશે. ને એ લટ એવી રખાવશે કે વારેવારે એ કપાળ પર આવી જાય. વારાફરતી ડાબા અને જમણા હાથ વડે તે એ લટને માથામાં પુનઃસ્થાપિત કરશે કે જેથી ડાબા હાથના કાંડા પર પહેરેલી મોંઘામાંની ઘડિયાળ તથા જમણા હાથની આંગળીઓ પર પહેરેલી સોનાની વીંટી અને કાંડે પહેરેલી સોનાની લકીની જોનાર નોંધ લે. હાથના કોણીવાળા ભાગથી ખભા તરફના ભાગ પર એ ટેટૂ ચીતરાવશે. ટેટૂ તરીકે ગાય કે બતક જેવા નિર્દોષ સજીવોને બદલે વીંછી કે કરચલો જેવાં ડરામણાં જંતુઓ કે પછી ત્રિશૂળ કે પરશુ જેવાં મારક હથિયારો દોરાવશે. ને પાછો શૂરવીર તો એવો કે બાથરૂમમાં વંદો જોતાં જ હનુમાન ચાલીસા રટવાનું ચાલુ કરી દે.

આછી દાઢી, આછી મૂછો ને જે તે સમયના ટ્રેન્ડ મુજબની હેર સ્ટાઈલ રાખશે. કોઇ સગા-સંબંધીના લગ્ન પ્રસંગે કે કોઈ જાહેર મેળાવડામાં શિયાળાનો કૂણો તડકીલો કે ચોમાસાનો અંધારેલું આભ ઓઢેલો દિવસ હશે તો પણ તે માદાઓને ઇમ્પ્રેસ કરવા આંખો પર કાળા ગોગલ્સ ચઢાવશે. ટૂંકમાં, કોલેજ પૂરી થવાના આરે આવે ત્યારથી જ એના અર્ધજાગૃત મન પર 'મને કન્યા મળશે કે નહીં?'- ની ફડક ઘર કરીને બેસી જાય છે. નોકરી અંગે એ નિશ્ચિંત હોય છે કેમ કે તેને ખબર હોય છે કે તે તો તેને નથી જ મળવાની. આથી પોતાની તમામ ઊર્જા તે રોજગારી મેળવવાને બદલે કન્યાપ્રાપ્તિયોગ રચવામાં ખર્ચી કાઢે છે. યુવાન માટે સૌંદર્યવાન દેખાવું એ શોખ છે કે મજબૂરી?- એ આખો અલગ ચર્ચાનો વિષય છે. પણ એ હકીકતથી ઇનકાર ન કરી શકાય કે રૂપાળા દેખાવાની રેસમાં સ્ત્રીઓ કરતાં પાછળ તો પાછળ; પણ પુરુષો છે ખરા.

જોકે સ્ત્રીઓની સૌંદર્ય સભાનતા વકરાવવામાં કવિઓ અને ગીતકારોનો ફાળો ઓછો નથી. કાલિદાસ જેવા કવિઓથી માંડીને ગુલઝાર જેવા ગીતકારોએ પોતાનાં સર્જનોમાં સ્ત્રીઓને એટલી સુંદર....એટલી સુંદર...આલેખી છે કે જગતભરની સ્ત્રીઓ કવિઓ-ગીતકરોએ રચેલા એ ચોકઠાંમાં ફિટ થવા માટે રાત દિવસ મથ્યા કરે છે. એક ગીતકાર લખે છે: 'સજન બિંદિયા લે લેગી તેરી નીંદિયા'. અહીં ગીતકાર કપાળનો ચાંદલા પર ઓળઘોળ થઇ ગયા છે. એક કવિ લખે છે 'પ્રેમ એટલે તારા ગાલોના ખાડામાં ડૂબી જતાં મારા ચોર્યાસી લાખ વહાણોનો કાફલો'. અહીં ગાલના ખંજનમાં કવિનું ટાઇટેનિક ડૂબી ગયું છે. વળી, એક ગીતકાર લખે છે, 'યે નયન ડરે ડરે, યે જામ ભરે ભરે'. ગુજરાત જેવા દારૂબંધીવાળા રાજ્યમાં રહેતો ગીતકાર જ 'ડર' અને 'દારૂ'ને સાથે મૂકીને જોઈ શકે. કોઈ વળી નયન એટલે કે આંખોથી આગળ વધીને તેમાં આંજેલા કાજળ સુધી પહોંચી જાય છે ને લખે છે 'અણિયાળી તે ગોરી તારી આંખડી ને ઊંડે આંજેલ એમાં મેશ રે'. જયપુરના એક ગીતકારે તો 'પતલી કમર હૈ તીરછી નઝર હૈ' પ્રકારની પંક્તિ લખીને કમર અને એનાથી સેંકડો સેન્ટીમીટર મીટર દૂર આવેલી નઝર (આંખો)ને એકસાથે લપેટામાં લઇ લીધા છે. પાકીઝા બનાવવાવાળા તો આ બધાના પરદાદા સાબિત થયા. યુવતીના પગ પર ગીત કે ગઝલ કે કવિતા કરવાને બદલે એમણે બે લીટીનો એક ફક્કડ ડાયલોગ લખી માર્યો : 'આપકે પાંવ દેખે... બહુત હસીં હૈ... ઇન્હેં ઝમીં પર મત ઉતારીયેગા... મૈલે હો જાયેંગે..!' હવે તમે જ ન્યાય કરો; લખવાવાળા આવું ને આવું લખે પછી સ્ત્રીઓ શા માટે સાતમા, ચૌદમા કે એકવીસમા આસમાનમાં જ કાયમી રહેઠાણ ન બનાવી દે!

અગાઉના ભારતમાં ઓઇલ ઇન્ડસ્ટ્રી, સ્ટીલ ઇન્ડસ્ટ્રી, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી વિ. જેવી ઇન્ડસ્ટ્રીઓ અસ્તિત્વ ધરાવતી હતી. આજના ન્યુ ઇન્ડિયામાં અન્ય નવી ઇન્ડસ્ટ્રીઓ અવતરણ પામી છે - લોકો દે ધના ધન ફાસ્ટફૂડ ખાતાં થયા છે એટલે મેંદા ઇન્ડસ્ટ્રી, કોરોના કાળમાં લોકો કાઢા પીતા થયા છે

એટલે કાઢા ઇન્ડસ્ટ્રી ને સ્ત્રીઓમાં 'છીએ એના કરતાં રૂપાળા' દેખાવાનું ચલણ શરૂ થયું છે ત્યારથી બ્યુટી ઇન્ડસ્ટ્રી. આ પૈકીની બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં મેઇકઅપનાં જાતજાતનાં રમકડાં ઉપરાંત ભાતભાતની ક્રીમો, લોશનો ને એવાં બધાં ઉપકરણોએ સ્ત્રીઓને બરાબરની સાણસામાં લીધી છે.

ઈશ્વર જે કાળા માથા સાથે માનવીને જન્મ આપે છે તે માથું ઉંમર વધતાં ધોળું થતું જાય છે. પણ સ્ત્રીઓને કાળનો આ ક્રમ મંજૂર નથી. એવું નથી કે તેઓ ધોળા થયેલા વાળને હેરડાઈનો ગીલેટ ચઢાવીને કાળા રાખવાના પ્રયત્નો કરે છે. હવે તો માથાનાં વાળને જાનીવાલીપીનારા જેવા જાતપાતના રંગોનો છોછ નથી રહ્યો. મહિને-બે મહિને વાળને જુદા-જુદા રંગો વડે રંગી મહિલાઓ સાચા અર્થમાં વર્ષમાં અનેક વાર 'બાલ'દિનની ઉજવણી કરે છે. આભાર ઈશ્વરનો કે સ્ત્રીઓ શરીરની ચામડીને વિવિધ રંગો વડે રંગવાના અખતરા નથી કરતી.

ભારતીય સ્ત્રીઓની દુઃખતી નસ છે 'ગોરાપણું'. સૌંદર્ય પ્રસાધનો વેચતી કંપનીઓ આ દુઃખતી નસ દબાવી દબાવીને ગોરાપણાની ભ્રમણા વેચવાનું કાળું કાર્ય કરે છે. પોતાની ઝાંસી બચાવવા પીઠ પર સંતાનને બાંધીને લડેલી રાણી લક્ષ્મીબાઇ કરતાં પણ વધારે ઝનૂનથી નોટ-સો-ગોરી મહિલાઓ ગોરાપણું પ્રાપ્ત કરવા માટે લડતી, ઝઝૂમતી હોય છે. ક્યારેક તો એવું લાગે છે કે કાશ્મીર, બેરોજગારી, ગરીબી, નક્સલવાદ કે વસતી વૃદ્ધિ એ આપણા દેશની રાષ્ટ્રીય સમસ્યાઓ નથી. હિન્દુસ્તાનની રાષ્ટ્રીય સમસ્યા છે શ્યામવર્ણી ત્વચા કે એનાથી છુટકારો મેળવવા મથતી મહિલાઓ. સ્ત્રીઓએ જીવનમાં ઉતારવી જોઈએ ગુલઝારની આ પંક્તિ : 'મોરા ગોરા અંગ લઇ લે; મોહે શ્યામ રંગ દઇ દે'. એની જગ્યાએ એ લોકો અનુસરે છે ઇન્દિવરની આ સલાહ : 'ધૂપ મેં નિકલા ના કરો રૂપ કી રાની; ગોરા રંગ કાલા ન પડ જાયે'.

સૌંદર્યવાન દેખાવા માટે સ્ત્રીએ પ્રગટાવેલા હવનમાં હાડકાં નાખવાનું કામ કરતું બીજું તત્ત્વ છે મેદસ્વિતા. સામાન્ય રીતે ચિંતામાંને ચિંતામાં વ્યક્તિ સુકાતી જતી હોય છે. પણ શરીર પર ચરબીનાં થર ચડાવીને બેઠેલી સ્ત્રીના કિસ્સામાં આ ક્રમ ઉલટો જોવા મળે છે. પોતે બહુ જાડી થઈ ગઈ હોવાની ચિંતા કરવામાં સ્ત્રી બહુ જ જાડી થઈ જાય છે. પોતાનું વધારાનું વજન ઓગળવા માટે તથા શરીરમાં જમા થયેલી કેલેરીનો જથ્થો બાળવા માટે ડાયેટ, જીમ અને સ્લિમિંગ સેન્ટરના ત્રિવિધ પ્રયત્નો સ્ત્રી આદરે છે. જોકે આ બધા ઉધામા કર્યાથી વજનમાં ક્યારેક ઘટાડો નોંધાય પણ છે.

પણ વજન ઊતર્યું છે એવો અહેસાસ થતાં જ સ્ત્રીએ ગળામાં સોનાની ચેઇન કે હીરાનો હાર કે મોતીની માળા પહેરવાનું બંધ કરી દેવું જોઈએ. કોઇ કહેશે, 'વજનના ઉતરવા સાથે ગળાનાં ઘરેણાંને શો સંબંધ કે એ પણ ઉતારવાની સલાહ આપો છો?'

એકચ્યુલી એમાં એવું છે ને કે જ્યારે કોઇ પરિચિત આવી મહિલાને મળે છે ત્યારે સ્વાભાવિક છે કે બંને વાતે વળગે છે. વાતચીત દરમિયાન તે પરિચિત

આ મહિલાને કોમ્પ્લીમેન્ટ આપતાં કહે છે, 'તમે તો એકદમ શેઇપમાં લાગો છો. જીમ કે ડાયટિંગ?' પતી ગયું. આ કોમ્પ્લીમેન્ટ સાંભળતા જ વજન ઉતારીને બેઠેલી મહિલા એવી તો રાજી થઇ ઊઠે છે, એવી તો ગેલમાં આવી જાય છે કે ખુશીની મારી પોતાના ગળામાં જે પહેર્યું હોય તે ઘરેણું ઉતારીને કોમ્પ્લીમેન્ટ આપનાર ભાઈ કે બહેનના ગળામાં પહેરાવી દે છે.

સૌંદર્ય પિપાસાનો સૌથી કરુણ તબક્કો ત્યારે આવે છે જ્યારે સ્ત્રી વનપ્રવેશ કરે છે. બગસરાનાં ઘરેણાં જેમ પચાસેક દિવસ બાદ પોતાનું અસલ રૂપ છતું કરે છે તેમ પચાસની ઉંમર વટાવ્યા બાદ સ્ત્રીના સૌંદર્યનો ઢોળ ધીમી ધારે ઉતરતો જાય છે. તેને રોકી રાખવા માટે સ્ત્રી આકાશ-ધરતી-પાતાળ એક કરી નાખે છે. ટેલકમ પાઉડરના ડબ્બાઓ પહેલાંના મુકાબલે હવે ઝડપથી ખાલી થાય છે. શેરીએ શેરીએ પગપાળા ફરીને ફેરી કરતાં ફેરિયાનાં પગરખાં ઘસાઈ જાય એથીય ઝડપથી લિપસ્ટિકની સ્ટિક ઘસાઈ જાય છે. ચહેરાને કરચલી મુક્ત રાખવા માટે તે ગાલ પર ઈસ્ત્રી ફેરવવા સિવાયનાં તમામ ઉપાયો અજમાવી ચૂકે છે.

એમાંય દીકરી કે દીકરાના લગ્નપ્રસંગે બ્યુટી પાર્લરમાં તૈયાર થઈને આવેલી સ્ત્રીને જોઈ એમ જ લાગે કે આ બેન કવિ કાલિદાસનો ફિમેલ અવતાર છે. જે ડાળ પર બેસતા હતા તે ડાળ કાપવાનો શોખ ધરાવનાર મહકાવિની જેમ સ્ત્રી પણ પોતાના કુદરતી નિખારની ડાળીને બ્યુટી પાર્લરમાં જઈને પોતાને પૈસે કપાવી આવે છે. મેઇકઅપ કરાવીને પોતાના દેખાવમાં ૩૬૦° ફેરફાર કરાવી આવેલી મમ્મી સમજે છે કે વિદાયવેળાએ દીકરી પિયર છોડીને સાસરિયે જવું પડે છે એ કારણસર પોક મૂકીને રડી રહી છે. હકીકતે તે પોતાની મમ્મીનું આવું બિહામણું સ્વરૂપ જોઇને હેબતાઈ જવાથી રડતી હોય છે.

સુંદર હોવાનું એક અસુખ એ છે કે સુંદરતાથી વંચિત રહી ગયેલો વર્ગ તેમની ઈર્ષ્યા કર્યા કરે છે. ઈવન, કેટલાક ધાર્મિક મહાનુભાવો પણ આંતરિક સુંદરતાને મહત્ત્વ આપીને એ બહાને બાહ્ય દેખાવને ભારોભાર અન્યાય કરે છે. કોઈએ લખ્યું છે, 'મન મેલા તન ઊજળાં, બગલા કપટી અંગ;/ તેથી તો કાગા ભલા તન મન એક જ રંગ.' આ પંક્તિ ધ્યાનથી બીજીવાર વાંચો. કાગડો અને બગલો - દુષ્ટ બન્ને છે. પણ કવિએ કાગડા માટે 'ભલો' શબ્દ વાપર્યો છે ને બગલા માટે 'કપટી'. બંને માંસાહારી છે ને બંને પોતપોતાના રૂપ કે કુરૂપથી અજાણ છે. એ બંને વચ્ચે એવી કોઈ ચડસાચડસી પણ નથી. પણ તોય કવિ કૂદી પડ્યા ને રૂપવિરોધી જજમેન્ટ આપી દીધું.

માણસ-માણસ વચ્ચેના વાદવિવાદમાં પણ ઓછો દેખાવડો માણસ વિક્ટીમ કાર્ડ ઊતર્યા વિના રહેતો નથી.

"બેસ બેસ હવે! ક્રિકેટનું બેટ પકડતાં તો આવડતું નથી ને નીકળી પડ્યો છે સાબિત કરવા કે વિરાટ સચિન કરતાં મહાન પ્લેયર છે "

"પણ મેં ક્યાં એવો દાવો કર્યો છે કે મને બેટ પકડતાં આવડે છે! હું તો ફેકટ્સ અને રેકોર્ડના આધારે સચિન અને વિરાટની સરખામણી કરી રહ્યો છું."

"બસ બસ હવે! બંધ કર તારું ભાષણ. તું હીરો જેવો દેખાય છે એનો મતલબ એવો નહીં કે તને જ બધી સમજણ પડે છે. ધોળાં તો ગધેડાંય હોય છે."

લો કલ્લો બાત! 'સચિન મહાન કે વિરાટ મહાન?'-ની સામાન્ય ચર્ચામાં હીરો જેવો દેખાવ અને શીતળા માતાનું વાહન કયાંથી વચ્ચે આવી ગયું!

સમાજમાં એક પર્સેપ્શન એવું ઊભું કરવામાં આવ્યું છે કે સુંદર વ્યક્તિઓ ઘણે ભાગે મૂર્ખ હોય છે. જૂની અને જાણીતી બાલિશ દુધિયા દંતકથા પ્રમાણે ઈશ્વરે બુદ્ધિનું વિતરણ શરૂ કર્યું ત્યારે દક્ષિણ ભારતથી શરૂ કર્યું હતું. ઉત્તર સુધી પહોંચતા સુધીમાં તો બુદ્ધિનો સ્ટોક ખલાસ થઈ ગયો. ઉત્તર ભારતીયોએ આ અંગે ઈશ્વરને ફરિયાદ કરી કે આવું તે કાંઇ ચાલતું

હશે! આ પ્રકારની રાવ સાંભળીને ઈશ્વરે કહ્યું, "ચિંતા ના કરો. રંગ-રૂપની વહેંચણી ઉત્તરથી શરૂ કરીશ." દુનિયાભરમાં જાણીતી ટોક-શો હોસ્ટ ઓપ્રાહ વિન્ફ્રેનાં વખાણ કરતાં લોકો કહેશે, "દેખાવમાં ખાસ નથી; પણ વર્લ્ડની ટોપનોચ સેલિબ્રિટઝ સાથે કેવી જબરદસ્ત વાતચીત કરે છે!" એની સામે આલિયા ભટ્ટ નામની અભિનેત્રીને મૂર્ખતાનો પર્યાય બનાવી દેવામાં આવી છે. કારણ? કરણ જોહરના ટોક શોમાં ભારતના રાષ્ટ્રપતિનું નામ પૂછવામાં આવતાં આલિયા ભટ્ટે જવાબ આપ્યો હતો, "પૃથ્વીરાજ ચૌહાણ". સાચું કારણ તો આ પણ નહોતું. સાચું કારણ એ હતું કે તે ભારોભાર સ્વરૂપવાન છે. 'બ્યુટી વિધાઉટ બ્રેઈન' વાળું સૂત્ર પ્રચલિત કરનારી સેનાને આલિયા ભટ્ટ નામની એક બ્રાન્ડ એમ્બેસેડર મળી ગઈ જાણે!

કોઈનું રૂપાળા હોવું કે બુદ્ધિશાળી હોવું કે બંને હોવું કે બંનેમાંથી એકપણ ન હોવું એ જે તે વ્યક્તિનો વ્યક્તિગત મામલો છે. હ્યુમરના હિમાલય પર્વત એવા ઓસ્કાર વાઇલ્ડ બિચારા એટલે જ કહીને ગયા છે, "આ સહિત દુનિયાનાં બધાં જ જનરલાઇઝેશન ખોટાં છે." પણ આપણે ક્યાં સમજીએ છીએ!

વેલ, સૌંદર્યની બાબતમાં ફિલ્મી કે સિરિયલી અભિનેત્રીઓને પેરામીટર માનતી યુવતીઓ, મહિલાઓએ સમજવું જોઈએ કે તેઓ ગમે તેટલી સ્વરૂપવાન હોય; ફિલ્મ કે સિરિયલમાં તેઓને શો-પીસ તરીકે રજૂ કરવામાં આવે છે. એની સામે સાધારણ દેખાવ ધરાવતી સ્મિતા પાટીલ જેવી અભિનેત્રીને હંમેશા દમદાર ભૂમિકા માટે ફિલ્મોમાં સ્થાન આપવામાં આવતું હતું. અરીસો જૂઠ નથી બોલતો હોતો; પણ તમને તે અવળા રવાડે તો અવશ્ય ચઢાવે છે.

ઘોડા : પાબ્લો નેરુદા (અનુ. સુરેશ જોશી)

બારીમાંથી મેં ઘોડા જોયા...
હું બર્લિનમાં હતો, શિયાળામાં.
પ્રકાશ હતો પ્રકાશ વગરનો,
આકાશ હતું આકાશ વગરનું.
હવા હતી ધોળી ધોળી,
ભેજથી ફુગાયેલા રોટલા જેવી.
મારી બારીમાંથી દેખાતું હતું નિર્જન
પટાંગણ, શિયાળાના દાંતે કાતરી ખાધેલું
વર્તુળ.
ત્યાં એકાએક,
એક માનવી દોરી લાવ્યો દશ ઘોડા-
બરફમાં ડાબલા પાડતા આવ્યા દશ ઘોડા.
હજી તો ભાગ્યે જ અસ્તિત્વમાં
તરંગિત થયા હશે અગ્નિશિખાની જેમ,
ત્યાં તો એમણે ભરી દીધું
મારી આંખોનું સંપૂર્ણ વિશ્વ,
અત્યાર સુધી હતું
રિક્ત, અણીશુદ્ધ, ઉજજવલ.
એઓ ચાલી આવ્યા દશ દેવોની જેમ
પહોળી ચોખ્ખી ખરીઓથી ડાબલા પાડતા.
લવણસિકરોના સ્વપ્નની યાદ આપતી એમની
કેશવાળી,
એમના નિતંબ બે ગોલાર્ધ, બે નારંગી,
અમ્બર અને મધના જેવો એમનો રંગ,
પ્રકટેલા અગ્નિ જેવો.
એમની ગ્રીવા તે ગૌરવની શિલામાંથી
કંડારેલા મિનારા
અને એમની ક્રુદ્ધ આંખોમાં સાક્ષાત શક્તિ
એ આંખોના કારાગારમાં રુદ્ધ.
અને ત્યાં, એ નિરવતામાં, મધ્યાહ્ને
એ મેલા, દુણાયેલા શિયાળામાં
ઘોડાની ઉત્કટ ઉપસ્થિતિ
તે રક્ત તે લય,
અસ્તિત્વમાત્રને સંકેત કરતો જ્યોતિ,
મેં જોયું,
જોયું અને જોતાં જોતાં સજીવન થયો.
ત્યાં હતો અજાણ ફુવારો,
સુવર્ણનું નૃત્ય, આકાશ,
સુન્દર વસ્તુઓમાં ફાળ ભરીને
સજીવન થયો અગ્નિ.
બર્લિનનો એ ગમગીન શિયાળો
મેં ભૂંસી નાખ્યો છે;
એ ઘોડાઓમાંથી આવતા પ્રકાશને
હું કદી નહીં ભૂલું.

ભારતીય સૌંદર્યદૃષ્ટિ

ડૉ.નરેશ વેદ
nareshlved@gmail.com

આ જગતમાં જેટલી વ્યક્તિઓ અને વસ્તુઓ છે તેની પાંચ ખાસિયતો છે એ છે: અસ્તિ, ભાતિ, પ્રિય, નામ અને રૂપ. એમાંથી અસ્તિ એટલે સત્ય, ભાતિ એટલે શિવ અને પ્રિય એટલે સુંદર. તત્ત્વજ્ઞાનની ભાષામાં આને સત્ ,ચિત્ અને આનંદ કહે છે. વળી પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુને અન્ય વ્યક્તિ અને વસ્તુથી અલગ દર્શાવવા માટે જુદાં નામ પણ હોય છે; એનું કારણ એનું અલગ રૂપ હોય છે.

આ જગત અને એમાંનું જીવન સત્ય છે; કેમ કે એ અનાદિ છે. આ જગતમાં જીવન જીવવું અને માણવું આપણને ગમે છે કેમ કે એ શિવ(કલ્યાણમય) છે. અને આ જગત અને જીવન આપણને ગમે છે કારણ કે તે આપણને સુંદર પણ લાગે છે.

તો આ સુંદરતા એટલે શું ? કોઈપણ ભાષાનો શબ્દકોશ ઉઘાડીને એના અર્થો જોઈશું તો એના આટલા બધા અર્થો મળે : સુંદરતા એટલે મોહકતા (charm), આનંદદાયકતા (delightfullness), લાલિત્ય (elegance), નાજુકતા (exquisiteness), દિવ્યતા (gloriousness), દીપ્તિ (radiance), તેજસ્વિતા (splendidness), ઉદાત્તતા (sublimeness), પ્રવરતા (superbness). જ્યારે સૌંદર્યશાસ્ત્રની દૃષ્ટિએ 'સુંદરતાના અર્થો છે: આકર્ષકતા (attractiveness), સુઘડતા (comeliness), કમનીયતા (cutness), ખૂબસૂરતી (fairness), મનોહારિતા (gorgeousness), દેખાવડાપણું, રમણીયતા (loveliness), કોમળતા (prettiness), પ્રેક્ષણીયતા (sightliness).

એ ઉપરાંત મનોહારિતા (allur), હૃદયદ્રાવકતા (appeal), મોહકતા (attractive), કામણ (sascination), જાદુ (glamour) વગેરે સૌંદર્યનાં પ્રધાન ગુણો છે. સુંદરતાના આ બધા ગુણધર્મો (attributes) છે. જે જે વ્યક્તિ, વસ્તુ કે ઘટના પોતાનાં રંગ, રૂપ, સુગંધ દ્વારા આપણી ઇન્દ્રિયોને આકર્ષે અને સંતર્પે છે, તે તે વ્યક્તિ, વસ્તુ, ઘટના, વિચાર આપણને સુંદર લાગે છે.

ભારતીય સૌંદર્યદૃષ્ટિ વિશ્વની અન્ય પ્રજાઓની સૌન્દર્ય દૃષ્ટિ કરતાં ભિન્ન છે. દુનિયાના અન્ય દેશોની પ્રજા જ્યારે વ્યક્તિનાં શરીર અને અંગોમાં તથા વસ્તુના ઉપાદનમાં સૌંદર્ય જુએ છે ત્યારે ભારતીય પ્રજા સૌંદર્ય મનુષ્યદૃષ્ટિમાં હોવાનું માને છે. કોઈ વ્યક્તિ, વસ્તુ, પદાર્થ, પ્રાણી, સ્થળ કે વિચારની એવી કોઈ લાક્ષણિકતા જે ઇન્દ્રિયોને અર્થ,આનંદ અને સંતોષ આપે તેનું નામ સૌંદર્ય છે - એવું પશ્ચિમની પ્રજા માને છે. પરંતુ ભારતીય પ્રજા જુદો અભિમત ધરાવે છે.

ભારતીય પ્રજા પાસે સૌંદર્ય માટે બે વિશિષ્ટ સંજ્ઞાઓ છે. એ છે : લાવણ્ય અને રમણીયતા. અંગેઅંગના સામંજસ્યમાંથી સ્ફુરતી સંવાદિતા અને સમગ્રતામાંથી પ્રગટતી કાંતિ તે લાવણ્ય. જ્યારે ક્ષણે ક્ષણે નવતા નિપજાવતી રૂપાવલિ એટલે રમણીયતા. એટલે કે ભારતીય સૌંદર્યદૃષ્ટિમાં સપ્રમાણતા (symmetry), સંવાદિતા (harmony), સામંજસ્ય (propriety), અને સમગ્રતા (wholeness)થી ઉપસતી આભા (luster)નો ખ્યાલ અનુસ્યૂત છે. આ ખ્યાલ વ્યક્તિ, પ્રાણી અને વિચારને અનુલક્ષે છે.

બીજી બાજુ હર ક્ષણે નવાં રૂપરંગ સર્જતી વસ્તુ, પદાર્થ, પ્રકૃતિ કે સ્થળનું લાલિત્ય (elegance) ઉપજાવતી ઘટનાને રમણીયતા કહે છે. અહીં રમણીયતા સુંદરતાનો પર્યાય છે, ઈશ્વરે આ જગતમાં આવી સુંદરતા છૂટે હાથે વેરેલી છે. ઝિલમિલ સિતારાઓથી ખચિત રાત્રિનું આકાશ, ઉગતી ઉષા, આથમતી સંધ્યા, બીજનો બંકિમ ચંદ્ર અને પૂનમનો પૂર્ણ ચંદ્ર, ઘૂઘવતો સમન્દર, કલકલ નાદે વહેતી સરિતા, મંદગતિએ વહેતો અને ચોગરદમ મહેક પ્રસરાવતો પવન, રંગ અને નૂરની બારાત બિછાવતાં પુષ્પો, પંખીઓનો કલશોર, કળા કરતો મોર, ધનધાન્યના પાકથી લહેરાતાં ખેતરો, ગોરંભાયેલું આકાશ, ગિરિવરની ગરવી ટૂંકો, એની ટોચ ઉપર તગતગતાં તુષાર બિંદુઓ, ઝરમર વરસતી વર્ષા , શ્રાવણનાં સરવરિયાં, ગંધવતી ભૂમિ, વસંતની વનશ્રી, પ્રકૃતિના પરમ વૈભવની સાક્ષી પૂરતી હરીભરી ધરતી, મેઘધનુષી રંગના ઓવારા, ઝૂકતી વીજના તેજફૂવારા, ગોખ, ગવાક્ષ, ધજા, કળશ અને કોતરકામથી શોભતાં શિખરબંધ મંદિરો- જ્યાં જ્યાં આપણી નજર પડે ત્યાં ત્યાં આવી રમણીયતાની રમણા સરજી છે.

મનુષ્યજીવન ભલે દુઃખ, દારિદ્રય, દીનતા અને હીનતાથી ભરેલું હોય છતાં આપણને એ જીવવું ગમે છે તેનું કારણ વસ્તુ, પદાર્થ, પ્રકૃતિ અને સ્થાનનું સૌંદર્ય છે.

એ જ રીતે તન-મનની ચુસ્તી અને દુરસ્તી ધરાવતા રૂપાળા પુરુષ, રૂપરૂપના અંબાર સમી પદ્મિની નારી, કુદરતની કવિતા અને કવિતાની કોમળતા સમી કન્યા, લજ્જામણીના છોડ સમી મુગ્ધાની લજ્જા, સુહાગની રમ્ય રાત્રે રાત્રીથીય રમણીય ગાત્રે, બારસાખે નિજ રજ કાય ટેકવી ઊભેલી નવોઢા, જાજરમાન વ્યક્તિત્વથી ઓપતી પ્રૌઢા, ભોળી આંખમાં અચંબો આંજી નિર્દોષ હાસ્ય વેરતું બાળક, પરસ્પર સ્નેહ, સંવાદ અને સૌહાર્દ સર્જતા મધુર માનવસંબંધો, ઉમંગ અને ઉત્સાહથી છલકાતું જીવન, માનવહૃદયની અનેક ઊર્મિઓ અને ભાવસંવેદનાઓને પ્રગટ કરતું નવરસ રુચિર સાહિત્ય, ઉરતંત્રીને છેડ્યા વગર છોડે નહીં એવું આત્માનો ઉત્સવ બની રહેતું સંગીત, લય, તાલ, ટેક, લચક તથા અંગ અને આંખની અનેક મુદ્રાઓથી ઑપતાં નૃત્યો, રંગ અને રેખાનાં અવનવાં સંયોજનોથી સર્જાતાં ચિત્રો. આ બધાંનું લાવણ્ય આપણા જીવનમાં રસ, રંગ, ઉમંગ અને પરિતોષ ભરે છે. આ જગત હ્લાદેકમયી સૃષ્ટિ છે એવું આપણને લાગે છે.

વ્યક્તિ, વસ્તુ, તેના અંગો કે ઉપાદાનોની સુંદરતા તો ક્ષણિક અને નાશવંત છે. મતલબ કે એમાં ખરેખર સુંદરતા નથી. સુંદરતા તો એને જોવાની આપણી દૃષ્ટિમાં છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જો મનુષ્યની દૃષ્ટિ જ વાંકી, ઝાંખી કે દૂષિત હોય તો ગમે તેવી વ્યક્તિ, વસ્તુ, ઘટના, કદરૂપાં જ જણાવાનાં. જો આપણી દૃષ્ટિ નિર્મળ અને અનાવિલ હશે તો જ્યાં કોઈ ઘાટઘૂટ, આકાર કે રૂપ નહીં હોય ત્યાં પણ એની અંતર્ગત રહેલી સુંદરતા નિહાળી શકશે. કોઈ શિલ્પી પથ્થર, કાષ્ટ કે ધાતુમાંથી સુંદર મૂર્તિઓનું નિર્માણ દૃષ્ટિને કારણે જ કરી શકે છે. આપણા જેવા સામાન્ય માણસોને પથ્થર,શિલા, કાષ્ટ કે ધાતુમાં કોઈ આકાર દેખાતો નથી. જ્યારે સાચા કળાકારની આંખ એમાં પ્રચ્છન્ન રહેલો આકાર જુએ છે અને એટલે ઉપાદાનોના અનાવશ્યક ભાગોને ઘસીતાછી, દૂર કરીને એમાંથી સુંદર મૂર્તિનું નિર્માણ કરે છે. આપણેય ઊઠતાં બેસતાં આપણાં અંગ-ઉપાંગોનું હલનચલન કરીએ છીએ; પરંતુ એક નર્તક કે નર્તકી પગની ઠેક, કેડની લચક, હાથની મુદ્રા અને આંખના હાવભાવ દ્વારા કોઈને કોઈ ભાવનું પ્રતિનિધાન કરે છે.

સારેગમપધનિસા એ સાત સૂરોની આપણને ખબર છે પરંતુ એ સાત સૂરનાં નવાં સંયોજનો રચીને સંગીતકાર એમાંથી અત્યંત સુંદર તર્જ ને ધૂન સરજે

છે. જગત અને જીવનને આપણે જોઈએ છીએ અને કવિઓ અને સાહિત્યકારો પણ જુએ છે પણ આપણે સામાન્ય માણસો એમાં રહેલી અરાજકતા (chaos) અને વિસંગતિ (absurdity) જોઈએ છીએ; ત્યારે કવિઓ અને સાહિત્યકારો એમાંથી એક સાવયવ એકતાવાળી (organic whole) રૂપસૃષ્ટિ (cosmos) સર્જે છે. એનો અર્થ એ થયો કે સૌંદર્ય મનુષ્યના દૃષ્ટિબોધ (perception)માં છે, નહિતર એક સમયે સુંદર જણાતાં વ્યક્તિ, વસ્તુ, વિચાર અન્ય સમયે અસુંદર કેમ જણાય છે? પ્રત્યેક રાષ્ટ્ર કે ઉપખંડની પ્રજાની જીવનદૃષ્ટિ જુદી જુદી હોય છે એ કારણે તો યુરોપ, અમેરિકા આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના દેશોમાં સુંદરતાનાં ખ્યાલો અને ધોરણો અલગ છે.

એક ભારતીય સ્પષ્ટપણે માને છે કે સાચું સૌંદર્ય તન કરતાં મનનું છે. દેહ કરતાં આત્માનું છે. બાંધણી કરતાં બુદ્ધિનું છે, અનુભૂતિ કરતાં અભિવ્યક્તિનું છે. આ કારણે ભારતીય સૌંદર્યબોધમાં નૈતિકતા, સાત્ત્વિકતા અને આધ્યાત્મિકતાનો ભાવ છે. પશ્ચિમની પ્રજાએ નિર્મેલાં શિલ્પો અને મૂર્તિઓ અને ભારતીય પ્રજાએ ઘડેલી મનુષ્ય તથા દેવ-દેવીઓની મૂર્તિઓ નિહાળવાથી પણ ભારતીય પ્રજાની જે સૌંદર્યદૃષ્ટિ છે તેનો ખ્યાલ આવશે. પશ્ચિમી જગતનાં શિલ્પો અને મૂર્તિઓ જોઈશું. ભલે એ માનવની કે દેવની હોય. એમાં મુખ્યત્વે એના તનબદનને ઉપસાવવાનો અને અભિવ્યક્ત કરવાનો પ્રયાસ હશે; અને એ પણ વસ્ત્રવિહીન નિરાભરણ મૂર્તિઓ હશે. એમની આંખમાં, હોઠમાં કે નજરમાં કોઈ કામના, લિપ્સા, એષણાનો ભાવ પ્રગટેલો જણાશે. જ્યારે ભારતીય શિલ્પો અને મૂર્તિઓ ભલે એ માનવ, દેવ કે દાનવની હોય એ વસ્ત્રાભૂષણ સહિતની હશે, એમની આંખો અર્ધનિમીલિત હશે. એ શિલ્પ કે મૂર્તિનું તનબદન આપનું ધ્યાન આકર્ષિત નહિ કરે બલકે એના દ્વારા વ્યંજિત થતા કોઈને કોઈ ભાવનું પ્રતિનિધાન આપણને પ્રલોભિત કરશે.

ભારતીય સર્જક પાસે જેટલું અનુભવનું બળ (સામર્થ્ય) છે. તેટલું જ અભિવ્યક્તિનું તેજ (સૌંદર્ય) છે. એનો અનુભવ કરવા ઇચ્છનારે રામાયણના સુંદરકાંડમાંથી, કવિ કાલિદાસનાં મેઘદૂત અને ઋતુસંહારમાંથી, રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતાંજલી અને ચિત્રાંગદામાંથી, મૈત્રેયી દેવીના 'ન હન્યતે' માંથી, જયશંકરપ્રસાજીના કામાયનીમાંથી, રામધારીસિંહ 'દિનકર'ની ઉર્વશીમાંથી, ભારતીય ભાષાઓનાં પ્રકૃતિકાવ્યો અને પ્રણયકાવ્યોની રંગદશા (romantic)ની કાવ્યધારાની પરંપરામાંથી પસાર થવું જોઈએ.

જ્યારે કોઈ અભિભાવક ભારતીય સ્થાપત્ય, શિલ્પ, નૃત્ય,નાટ્ય અને સંગીત તથા સાહિત્ય જેવી કળાઓમાંથી પસાર થશે તો એને ખ્યાલ આવશે કે ભારતીય કળાકારની સૌંદર્યદૃષ્ટિ અને સૌંદર્યબોધમાં વિષયવાસના અને ભોગલિપ્સાની કામુકતા કરતાં તન-મનની સ્વસ્થતા અને શુચિતા, કુદરતનાં સત્ત્વો-તત્ત્વોની અને મનુષ્યનાં શરીર-સ્વભાવની અનુપમતા-વિમલતાનાં ગુણ લક્ષણો દૃગગોચર થશે.

એક વાર કળાકારને પોતાને પોતાની શુદ્ધ અને સરલ દ્રષ્ટા તરીકેની ભૂમિકા સમજાઈ જાય પછી એને વસ્તુઓના હોવાના હેતુઓ વિશે વધુ ખુલાસાની જરૂર ન રહે. કેવળ સાચો કળાકાર આ દૃશ્યમાન જગતનાં રહસ્યનું આકલન કરી શકે અને એને પ્રગટ કરીને આનંદવિભોર થઈ શકે. બીજા જે બધાં ચિત્રોમાં નાહકના અર્થ શોધવા ફાંફાં મારે છે એ સઘળા વ્યર્થતાની ભુલભુલામણીમાં અટવાઈ જવાના.

-રવીન્દ્રનાથ ટાગોર

કલા અને સૌંદર્ય વિશે

ગાંધીજી

[ઘણાંને લાગે છે કે ગાંધીજી કળા વિષે જરાય ચિંતા કરતા નહીં હોય પણ એમની કલાભિરુચિ અત્યંત વિશુદ્ધ અને સાત્ત્વિક હતી. તેથી વૈભવલક્ષી જનો તેમને સમજવામાં ભૂલ કરી જાય છે.અમદાવાદમાં ૧૯૩૬માં બારમી ગુજરાતી સાહિત્ય પરિષદ થઇ તેનું પ્રમુખસ્થાન ગાંધીજીએ સ્વીકાર્યું તે પ્રસંગે મારી દોરવણી નીચે એક કળા પ્રદર્શન પણ રચાયું હતું. સભામાં જતાં પહેલાં ગાંધીજીએ તે જોવાની ઇચ્છા કરી અને મારે તેમની સાથે રહેવું એમ ઠર્યું. ગુજરાતમાં ઘણા નવા કલાકારો પ્રગટ્યા હતા; તેમની કૃતિઓનું એ પ્રથમ પ્રદર્શન હતું. લગભગ પોણો કલાક ચિત્રો અને ચિત્રકારોની વાત કહેતો હું તેમની સાથે ફર્યો, પછી પાતે સભામાં આવ્યા અને પોતાના વિચારો અને ભાવ છૂટથી પ્રગટ કરવા લાગ્યા. — રવિશંકર રાવળ]

*

રવિશંકર રાવળ જેવા અમદાવાદમાં બેઠા બેઠા પીંછી માર્યા કરે છે પણ ગામડામાં જઇને શું કરે? જો કે આજનું પ્રદર્શન જોઇને મારી છાતી ઊછળી કારણ પહેલાં અહીં એવાં ચિત્રો નહોતાં. દાક્તર હરિપ્રસાદ મને અગાઉ કઇંક, જોવા લઇ ગયેલા પણ તેના કરતાં આજે ખૂબ પ્રગતિ થઇ છે.

સાહિત્ય ચિત્રો વાટે પણ આપી શકાય. પણ એ ચિત્રો જુદાં. અહીં તો રવિશંકર રાવળ ચિત્રોમાં શબ્દનું જ્ઞાન પૂરતા હતા. પણ સાચી કળા તો તેઓ મૂંગા રહે છતાં હું સમજી શકું એવી હોવી જોઇએ. હું સાક્ષર હોઉં, રસ્કિન મેં વાંચ્યો હોય ને પછી એમની કલા સમજી શકું, અથવા એ સમજાવે ત્યારે સમજી શકું તો એ કળા નહીં. મારે તે ગામઠી આંખે જોવું રહ્યું. એમનાં ચિત્રો જોઇ મારી છાતી ગજગજ ઊછળી. પણ મને ફરી એમ થયું કે, ચિત્ર મારી સાથે બાલે; મારી આગળ નાચે, એવાં જોઇએ. એવાં ચિત્રો જગતભરમાં ઓછાં છે. કળાને જિહ્વાની જરૂર નથી.

રોમમાં પોપના સંગ્રહમાં મેં એક મૂર્તિ જોયેલી. તે જોતાં જ હું મૂર્છિત થઇ ગયો હતો. એ મૂર્તિ છે Christ on Cross (ક્રોસ પર ચડેલા ઈસુ). એ મૂર્તિ જોઇને માણસ દિવાનો બની જાય. એ સમજાવવા મારી પાસે રવિશંકર રાવળ નહોતા ઊભા પણ એ મૂર્તિ જોઇને હું સ્તબ્ધ બની ગયો હતો. આ તો પારિસની, રોમની વાત થઇ પણ થોડાં વર્ષ ઉપર મૈસૂરમાં બેલૂરમાં ગયો હતો. ત્યાંનાં પ્રાચીન મંદિરમાં નગ્નાવસ્થામાં ઊભેલી એક સ્ત્રીની પ્રતિમા જોઇ હતી. એ મને કોઇએ બતાવી નહોતી પણ મારું ધ્યાન એકદમ ત્યાં ગયું અને હું આકર્ષાયો. હું નગ્નાવસ્થામાં ઊભેલી સ્ત્રીનું વર્ણન નથી કરવા ઇચ્છતો પણ મૂર્તિના ભાવ હું જે સમજ્યો તે જણાવું છું.

એના પગની આગળ વીંછી પડ્યો છે. એનો કવિ બીભત્સ નહોતો એટલે સ્ત્રીને કંઇક કપડાથી ઢાંકી છે. તે કાળા સંગેમરમરની મૂર્તિ છે. એ જોતાં એમ થાય છે કે કોઇ રંભા પડી છે તે અકળાઇ રહી છે. હું તેનું ગામઠી વર્ણન કરું છું.

હું તો જોઈ જ રહ્યો, એ પોતાનાં કપડાંને તોડી રહી છે. મને થયું કે સાક્ષાત્ કામદેવ અહીં વીંછી થઇને બેઠા છે. પેલી બાળાને અંગાર વ્યાપી ગયો છે. કવિએ કામને વિજય મેળવવા દીધો છે. પણ આખરે એ સ્ત્રીએ પોતાનાં કપડાંમાંથી એને ખંખેરી કાઢ્યો છે એને વિજય મેળવવા દીધો નથી. એ સ્ત્રીના અંગેઅંગ ઉપર વેદના ચીતરાયેલી છે. રવિશંકર ભલે એનો ગમે તે અર્થ કરે પણ એ એમનો શહેરી અર્થ ખોટો અને મારો ગામઠી અર્થ સાચો. હું શું માગું છું તે મેં કહ્યું. ઇચ્છા તો થાય છે કે એ ચિત્રમાં વધારે રંગ પૂરું પણ આટલા ચિત્રથી ન સમજાય તે કલારસિક ન કહેવાય.

આટલો મેં બડબડાટ કર્યો છે તે માટે મને માફ કરશો. મારા હૃદયમાં અંગાર વ્યાપી રહ્યો છે. ઇચ્છા તો થાય છે કે આ લખેલી ઝાંખી લીટીઓ પૂરી કરું પણ લાચારીથી આટોપી લઉં છું. મારે કહેવાનું છે તેમાંથી થોડું રહ્યું છે. અત્યારે મારું હૃદય રડે છે પણ હું આંખમાંથી આંસુ કેમ ઢાળું ? ભારે વેદના હોવા છતાં મારું હસવું છે. રડવાના પ્રસંગો આવે છતાં રડતો નથી. હૈયું કઠણ કરું છું. પણ એ સેગાંવ-તેનાં હાડપિંજરો જોઉં છું (અહીં ડૂમો ભરાઇ આવ્યો. થોડીવાર અટકી બોલ્યા) ત્યારે મને તમામ સાહિત્ય રેઢિયાળ લાગે છે. આનંદશંકરભાઇ પાસે મેં સો પુસ્તકો માંગ્યાં. એમણે મહેનત કરીને તે મોકલ્યાં; પણ એ પુસ્તકોનું હું શું કરું? ત્યાં શી રીતે લઇ જાઉં ?

હિંદુસ્તાન અમદાવાદમાં નથી, સાત લાખ ગામડાંમાં છે. એને તમે શું આપશો ?' એમનું એ આહ્વાન મને આજ સુધી ખટકતું રહ્યું છે. તેનો લેશ પણ જવાબ આપી શક્યો નથી. એટલે જ આ પ્રસંગે હું વિનંતી કરું છું કે જગતમાં કળાનો ધર્મ એક જ પ્રકારનો હોઇ શકે. તે એ કે લાકમાનસની વ્યાકુળતા હરી તેને સ્વસ્થતા ને આનંદનો અનુભવ કરાવવો; માનવીને સંસારથી થોડીવાર મુક્ત કરી ભાવસૃષ્ટિમાં ખેંચી જવો. જે કલાકૃતિઓ આમ કરવા અસમર્થ હોય તેની યોગ્યતા માટે શંકા થાય છે.

[દિલીપકુમાર રોય સાથેના સંવાદમાંથી]

"મહાત્માજી માત્ર એક પ્રશ્ન, માફ કરજો – સંગીત તમને ખરેખર ગમે તો છે ને?"

"સંગીત કોને ન ગમે? હું નાનપણથી જ સંગીતનો ભક્ત છું – ખાસ કરીને ભજનોનો. છતાં તમને કહી રાખવું સારું કે સંગીતના તદ્વિદ જેને કહે છે તેવો હું નથી – એટલે કે સંગીતની ટૅક્નિકની સાથે મારે કશી લેવાદેવા જ નથી, પણ એનું મને ઝાઝું દુઃખ પણ નથી. સંગીત મારા હૃદયને સ્પર્શ કરે છે – બસ, બીજું, શું જોઇએ? તમને શું લાગે છે?"

"પણ સંગીતની ટૅક્નિક જાણતા હોઇએ તો સંગીત પ્રત્યેનો પ્રેમ વધે નહીં?"

"વધે, પણ મને એ જાતના વિશેષજ્ઞ થવાની ઝાઝી ઉત્કંઠા નથી. સંગીતમાંથી હું તો પ્રેરણા મેળવવા ઇચ્છું છું. આનંદ મેળવવા ઇચ્છું છું. એ જો મને મળી રહે તો મને સંતોષ છે. મને આજે પણ દક્ષિણ આફ્રિકાની આવી જ એક ઇસ્પિતાલ યાદ આવે છે. ત્યાં પાટા બાંધેલી અવસ્થામાં જ્યારે હું પડેલો હતો ત્યારે મારી વિનંતીથી મારા જ એક મિત્રની કન્યા રોજ મને તેમનું પ્રખ્યાત ભજન Lead kindly Light ગાઇ સંભળાવતી. તે ગીતથી મારી બધી અંગની વેદના અને તાપ પીગળી જતાં. એ કન્યાનો હું કેટલો ઋણી છું!–બોલો, હજી વધારે સાબિતી જોઇએ છે મને સંગીત ગમે છે કે નહીં એની?"

ઓરડો હાસ્યથી ગાજી ઊઠ્યો.

જરા વાર ચૂપ રહી હું બોલ્યો, "પણ મેં સાંભળ્યું છે કે આપ આપની ઓરડીમાં ચિત્રબિત્ર ટાંગવાની વિરુદ્ધ છો? એ પણ નિંદાખોરોનો ખોટો આરોપ છે?"

"ના." મહાત્માજી ફરી મૃદુ હસ્યા, "અને મને ઘણી વાર એમ થાય છે કે મારા ઘણા મિત્રો એટલા ઉપરથી જ માની લેતા હશે કે હું મારા મનથી કલાવિમુખ હઈશ."

"પણ દીવાલ ઉપર ચિત્રો ટાંગવામાં આપને વાંધો શો?"

"શું કરવા ટાંગું, કહો જોઉં? – જો દીવાલ આપણે માત્ર આશ્રય ખાતર ઘર બાંધવા માટે જ બાંધી છે, તો દીવાલની જે મૂળ સાર્થકતા છે, તે સિવાય બીજી સાર્થકતા તેને અર્પવા શું કામ જવું – આમ પ્રયત્ન કરીને ? જેમને કરવું હોય તે ભલે કરતા – તેમને જો ઠીક લાગતું હોય તો ચિત્રોથી આખી ભીંત ભલે ઢાંકી દે – હું કંઈ ના પાડતો નથી, માત્ર મારી પ્રેરણાને માટે મારે ચિત્રની કશી જરૂર નથી – બસ, પતી ગયું. કુદરત જ મારે માટે પૂરતી છે."

મહાત્માજી જરા અટકીને બોલ્યા, "તારાભર્યા આકાશ તરફ જોઈ જોઈને કેટલીય વાર હું એ જ્યોતિરહસ્યના અતલ આશ્ચર્યમાં ડૂબી ગયો છું – કદી મારી આંખ થાકી નથી. વિશાળ મેદાન, વન, પર્વત, નદી, સાગર, એ બધાં ક્યાં નથી? – એ બધાં, જ્યારે જોઈએ ત્યારે મારી સૌંદર્યની સુધા ક્યાં શમાવતાં નથી? તારાથી ચકચકતું આકાશ, મહાન સમુદ્ર, સ્વપ્નાળુ શૈલમાળા, એ બધાના સંગીતથી મનમાં, પ્રાણમાં જે કંપ જાગે છે, તેની સાથે શું કોઈ પણ ચિત્રના કંપને કદી સરખાવી શકાય ? અસ્તગોધૂલિની વિદાય આભાની અને ઉદયગોધૂલિની હાસ્યછટાની બરાબરી કોઈ પણ મનુષ્યની પીંછીની વર્ણસમૃદ્ધિ કદી કરી શકે ખરી ?"

"ના દિલીપ," મહાત્માજી બોલ્યા, "મારી કુદરત મારે ભલે રહી –બીજી કોઈ પ્રેરણા મારે નથી જોઈતી. આજે પણ તેનો રહસ્યભંડાર મારે મન એવો ને એવો અખૂટ, આનંદમય અને સ્વપ્નભર્યો રહ્યો છે. માણસની બાળખેલ સમી કલાકારીગરીની મારે શી જરૂર છે? ભગવાનની કલાકૃતિના ગંભીર રહસ્ય આગળ માણસની કૃતિ મને રંગીન રમકડાં જેવી લાગે છે. એટલે તમે જ કહો વારુ કે આજકાલ જે બધી રંગીલાઈ કલાને નામે ચાલી રહી છે તેમાં એવું શું છે જે આપણું મન તે આકર્ષી શકે – ખાસ કરીને જ્યારે આપણે જોઈએ છીએ કે પ્રકૃતિ પોતાનો અખૂટ સૌંદર્યભંડાર લઈને આપણું મનોરંજન કરવાને સદા તત્પર ઊભી છે?"

તે દિવસે ફરી ફરીને મારા મનમાં મહાત્માજીના ગુરુ ટૉલ્સ્ટૉયના 'વૉટ ઇઝ આર્ટ' પુસ્તકનાં અનેક વચનો ઘૂમ્યા કરતાં હતાં. તેઓ એક વાર એક નાટકની પૂર્વવૃત્તિ જોવા ગયા હતા. ત્યાંથી કંટાળીને આવીને (અરે, આજકાલનાં બોલપટ જોત તો તો કદાચ આપઘાત જ કરત) તેમણે લખ્યું.

'આમાં માત્ર અતિશય મહેનત હોય છે એટલું જ નહીં, પણ આવી જાતની કલા માટે નટનટીઓનાં આખાં જીવન વેડફાઈ જાય છે. સેંકડો માણસો બચપણથી કાં તો હાથપગ ઉછાળતાં શીખે છે (એમને નૃત્યકાર કહે છે). કાં તો કંઠની કસરત અથવા યંત્રતાંડવ શીખે છે (એ લોકોને ગવૈયા બજવૈયા કહે છે), અથવા રંગ વડે હજારો ચિત્રો ચીતરતાં શીખે છે (એ લોકોને ચિત્રકાર કહે છે), અથવા તો શબ્દ વડે જાદુ કરવાનું શીખે છે (એ લોકોને કવિ કહે છે), પરિણામે થાય છે એવું કે એ બધા લોકો – મોટે ભાગે તો એ લોકો ખૂબ બુદ્ધિશક્તિ સાથે જન્મેલા હોય છે, પણ – પોતાની એક ઇન્દ્રિયનું વિચિત્ર કામ કરતાં કરતાં અમાનુષ બની જાય છે. જીવનમાં બધાંય સાર્થક કાર્યોનો અર્થ સમજવાની શક્તિ ખોઈ બેસે છે. તેઓ માત્ર નિપુણતાથી હાથ, પગ, જીભ કે આંગળી વડે જાતજાતની કરામત કરી જાણે છે."

ખાતો પીતો, કામ કરતો કે વિશ્રાન્તિ ભોગવતો માનવ જ્યારે નવસર્જનની શક્તિ મેળવે છે ત્યારે જ તેનામાં રહેલી વિશ્વ-ચૈતન્ય શક્તિ નવા ખ્યાલ અને અવાજ કે આકારથી વિશ્વમાં પ્રકટ થાય છે. તે કાવ્ય રૂપે, સંગીત રૂપે કે નૃત્ય રૂપે અન્ય માનવને આકર્ષે, સમભાવ અર્પે, એવો સર્જક યથાર્થ માનવનું દેવત્વ સિદ્ધ કરે છે અને માનવજીવનના અંતસ્થમાં વહેતા પ્રેરણા સ્રોતને બહાર લાવે છે. નવી કલ્પનાઓ, નવાં રૂપો કે નવી જીવનભાવનાઓ માનવ ઇતિહાસમાં ઝળહળી રહી છે. પ્રકૃતિજન્ય સૌંદર્યને પણ તે નવાં પ્રતિબિંબોમાં પુનર્જન્મ આપી શકે છે. -રવિશંકર રાવળ

સૌંદર્યના અનુભવ માટે જાતને તૈયાર કરીએ

જે. કૃષ્ણમૂર્તિ

સુંદરતા અને વિરૂપતાની અસરો ગ્રહણ કરવાની શક્તિ આસક્તિથી આવતી નથી. જીવનમાં પ્રેમ હોય ત્યારે જ એ આવે છે. જ્યારે અંદરથી આપણે અસમૃદ્ધ હોઈએ ત્યારે ધન, સત્તા, માલમિલકત વગેરેના આડંબરમાં આપણે ગરકાવ રહીએ છીએ. જ્યારે આપણાં હૃદય ખાલી હોય છે ત્યારે જ વસ્તુઓથી આપણે એમને ભરીએ છીએ. આપણને પરવડી શકે તેવી સુંદર લાગતી ચીજો આપણે વસાવીએ છીએ; અને એમને મોટું મહત્ત્વ આપીએ છીએ. એટલે દુઃખ અને વિનાશની પરિસ્થિતિ માટે આપણે જ જવાબદાર છીએ.

વસ્તુઓ મેળવવાની વૃત્તિ એ સૌંદર્યનો પ્રેમ નથી. એ તે સલામતીની વૃત્તિનું જ પરિણામ છે; અને સલામતી શોધવી એ લાગણીઓની સુકોમળતા નષ્ટ કરવાની રીત છે. સલામતીની વૃત્તિ, ભય પેદા કરે છે, જુદાઈની ક્રિયા શરૂ કરે છે તથા આપણી આસપાસ પ્રતિક્રિયાની દીવાલો ઊભી કરે છે. આ દીવાલો ગ્રાહકતાની સઘળી વૃત્તિને અટકાવે છે. એક વાર જે વસ્તુ આનંદરૂપ હતી એ પાછળથી શુષ્ક અને નિષ્પ્રાણ બને છે. સૌન્દર્ય તો હજીય એમાં રહેલું હોય છે પણ આપણે એ ગ્રહણ કરી શકતા નથી; એ હવે આપણા નીરસ જીવનના ભાગરૂપ બની જાય છે.

આપણાં હૃદય રસહીન બન્યાં છે. કેમ માયાળુ બનવું, તારલાઓને, વૃક્ષોને તથા જળ પર પડેલાં પ્રતિબિંબને કઇ રીતે નીરખવાં એ સૌ આપણે ભૂલી ગયા છીએ જેથી ચિત્રોના અને જવાહિરોના, પુસ્તકોના અને અનેક પ્રકારની મનોરંજક પ્રવૃત્તિઓના પ્રોત્સાહનની આપણને જરૂર રહે છે. આપણે હંમેશાં વિનોદનાં નવાં સાધનો, નવી ઉત્તેજક પ્રવૃત્તિઓ, જાતજાતના વધતા જતા ઇન્દ્રિય આનંદો શોધ્યા કરીએ છીએ. આ તૃષ્ણા અને એનો આનંદ આપણાં મન, હૃદયને શ્રમિત અને નીરસ બનાવે છે. જ્યાં સુધી આપણે ઇન્દ્રિયસુખને શોધીએ છીએ ત્યાં સુધી સુડોળ અને બેડોળ કહેવાતી ચીજોને ઝાઝો અર્થ નથી. બધી વસ્તુઓને નવી રીતે સમજવાની શક્તિ આવે ત્યારે જ જીવનમાં અખંડ આનંદનો અનુભવ થાય છે. ઇન્દ્રિયસુખનાં સાધનો ખરીદી શકાય પણ સૌંદર્યનો પ્રેમ ખરીદી શકાતો નથી.

સૌંદર્યનું શિક્ષણ: સૌંદર્યનો પ્રેમ, સંગીત દ્વારા, સ્મિત દ્વારા કે મૌન દ્વારા પ્રકટ થાય; પણ આજે આપણામાંથી ઘણાને શાંત રહેવાની વૃત્તિ જ નથી. પક્ષીનું, પસાર થતાં વાદળાંનું નિરીક્ષણ કરવા આપણને અવકાશ નથી કારણ કે આપણે આપણી મોજમજામાં અને આપણાં કાર્યોમાં વધારે પડતા રોકાયેલા છીએ. અને જો આપણા હૃદયમાં જ સૌંદર્ય ન હોય તો બાળકોને સાવધ અને સૌન્દર્યગ્રાહક થવામાં આપણે કેવી રીતે મદદ કરી શકવાના છીએ ? આપણે વિરૂપતાથી દૂર ભાગીને સૌંદર્યગ્રાહક થવા પ્રયત્ન કરીએ છીએ. પણ વિરૂપતાથી દૂર ભાગવા જતાં આપણી લાગણીઓ જડ બનતી જાય છે. જો બાળકોમાં સૌંદર્ય ગ્રાહકતા વિકસાવવી હોય તો આપણે પોતે જ સુંદરતાની અને વિરૂપતાની અસરો ગ્રહણ કરનારા થવું પડશે. અને કેવળ માણસે સર્જેલા સૌંદર્યને જ નહિ પણ કુદરતના સૌંદર્યને પણ નીરખવામાં થતો આનંદ બાળકોમાં જાગૃત કરવા આપણે તૈયાર રહેવું પડશે.

આદ્ય શક્તિઓ

રવિશંકર રાવળ

અક્ષર અને ગણિત એ તો માણસની જમાનાઓએ પરિપકવ થયેલી શોધો છે. પણ માણસની સ્વર-પરીક્ષા અને ગંધ-પરીક્ષા એ તો તેની આદિ શક્તિઓ છે. તેમાંથી થતી ઊર્મિઓ અને ઉપજતા વિચારોનો અમલ તેના હાથ અને પગનાં આંગળાં, સ્વર અને સપાટીઓ કરી આપે છે. અક્ષર અને ગણિતના યુગ પહેલાં લાખો વર્ષોથી માણસે આદ્ય શક્તિના આધારે તો નાગરિક જીવનનાં સુખ, સાહિત્ય તેમજ અનેક સમૃદ્ધ કલાકૃતિઓ જગતને વારસામાં આપી છે. તેનો વિકાસ અને નવાનવા આવિર્ભાવ કરવાની શક્તિ એ જ માનવીની સર્જકતા છે.

એ સર્જકતા શી રીતે સિદ્ધ કરી શકાય ?

આપણે જાણીએ છીએ કે માનવીને સંસારના વ્યવહારોમાં મુખ્ય સાધનો તરીકે તેની પંચેન્દ્રિયો અને હાથપગનાં આંગળાં જ કામ આવે છે અને તેના વિવિધ ઉપયોગ અને પ્રકારો શોધવામાં તેની બુદ્ધિસહજ-પ્રેરણા કરી રહી હોય છે. બાળક જન્મે છે ત્યાંથી શ્રુતિ-દર્શન સ્પર્શ કે સ્વાદ અને ગંધથી તેનો અંતરાત્મા બહારના જગતનો અનુભવ લઇ રહ્યો હોય છે; અને તેની ઇચ્છાઓને ફલિત કરવાને તેના હાથ પગ ગતિમાન બને છે. આટલી જ સંપત્તિ લઇ આવેલા મનુષ્યે તો વીસ પચીસ હજાર વર્ષોમાં તેની સર્જકતાના બળે પાષાણનાં ઓજારોનો યુગ વટાવી શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય, વણાટ, વાહન અને યંત્રના અને વિજ્ઞાનના પ્રકારોથી જગતની સમૃદ્ધિમાં કેટલો ગજબ કરી નાખ્યો છે! એનો ઇતિહાસ જોઇએ છીએ તો અક્ષર વાચન અને ગણિત તો માનવીની ફુરસદની એક રમત લાગશે. માનવીની સર્જકતા ખિલવવાની તકલીફમાંથી શાળાઓ કાયર બનેલી છે; કારણ કે છાપેલ જ્ઞાનની તૈયાર પોથીઓ સિવાય બીજું કંઇ આપવાને કે સમજવાને શિક્ષકવર્ગ તૈયાર નથી. એટલે એની પોતાની સ્વયંસ્ફુરણા અને સર્જકતા પરીક્ષા, ગેડ અને ઉપરીના અભિપ્રાયની ચિંતામાં ઓલવાઇ જાય છે. ગોખણ અને દબાણથી તૈયાર કરેલા વિષયોની પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓની સ્વપ્રેરણા અને દાર્શનિક પ્રજ્ઞાને રીતસર ક્ષયરોગ લાગુ પડે છે. ઇતિહાસની સાલો જાણો, રાજાઓના જન્મ મરણની તારીખો યાદ રાખો પણ તે જમાનાની એક પણ વસ્તુ, શિલ્પ કે પોશાકના નમૂના ઓળખી ન શકો એવી બુદ્ધિ શું કામની ?

વાચન, લેખન કે ગણિત દુનિયાના વ્યવહાર માટે કે ગરજ પડે તે વખતે જરૂરનાં છે એમ લાગે ત્યારે જ તે શીખવાનો રસ જાગે છે. પણ મનુષ્યની પ્રાથમિક ઊર્મિ તો જગતના દૃશ્યવાન અને સ્પર્શણીય પદાર્થોની શક્યતાઓ અને સિદ્ધિઓ પર કાબૂ મેળવવા તલસી રહે છે. એટલું જ નહિ પણ તેના સંસ્પર્શથી કે જ્ઞાનથી કે પ્રાપ્તિથી થતાં સ્પંદનો અને આનંદને વ્યક્ત કરવાની તીવ્ર ઇચ્છા બાળકને પ્રકટે છે. એટલે જ તેને પૃથ્વી, વાયુ, જળ, આકાશ કે તેજના પ્રકારોની વચ્ચેથી જીવનનો વિકાસમાર્ગ શોધવાની કુદરતી જ પ્રેરણા થયેલી છે. આ વૃત્તિનો અવરોધ કર્યા વિના તેને યોગ્ય માપ અને લય મળી રહે, ક્રિયા બને, પદાર્થોના અટપટા મેળ સાધી તે નવવિધાન કરી શકે એવા વાતાવરણ અને તાલીમને જ આપણે સર્જક-શિક્ષણ કહી શકીએ.

સહજ પ્રાપ્ત સંજોગો

જેવું બાળક પગ માંડતું ઉંબર બહાર નીકળે છે ત્યારે સ્લેટપેન અને ચોપડીઓની નોટીસો લઇ ઊભેલા મોટા માણસો વિશે તેની કલ્પના કથાના રાક્ષસો જેવી જ હોય છે. આ ચીજો વિના શાળાની શક્યતા જ કોઇ સ્વીકારતું નથી -એવા સમાજમાં બાળકની જાતે વિકસવાની શક્તિ વિશે કેટલી અશ્રદ્ધા છે એ જણાઇ આવે છે. એને સમજ જ પડતી નથી કે મોટા માણસોએ કાગળના અને ચોપડીના થોકડા શા માટે ભેગા કર્યા હશે ? તેની સૃષ્ટિમાં તો તેની માતા મીઠી વાનીઓ બનાવે છે તે અદ્‌ભુત વ્યક્તિ છે. નજીકમાં એક કડિયો ઇંટ પર ઇંટ મૂકી મકાન બનાવે છે તે ચમત્કાર લાગે છે; અને સુથાર ફરસી કે કરવતી ચલાવી નવી નવી ચીજો બનાવે છે તે ખરો ઉપયોગી નર દેખાય છે. પાણીમાં તરતી હોડી તો કોઇ વાર્તાનું દશ્ય લાગે છે અને પંખીઓના કલરવ કે વાજિંત્રોના સ્વરો તેના હૃદયને નાચતું કરી મૂકે છે. આવી તિલસ્માતિક અજાયબીઓની સૃષ્ટિમાં તે રોજ રોજ સાયં પ્રાત:ના રંગોનો કોઇ તાલ જુવે છે અને રાત્રીના તારાભર્યાં આકાશને ગહન મૌન આંખો માની મુગ્ધપણે જોઇ રહે છે. એ બધાને ગૂંથી લેતી રસભરી પરીકથાઓ, પુરાણકથાઓમાંથી તે પોતાનો સૃષ્ટિ સાથેનો એક કળાત્મક સંબંધ સાધી વાસ્તવિકતાના જગત તરફ કદમ ભરે છે. દરેકમાં તેને કોઇ સપનું કે દૈવી અવાજ સૂચના કરતા હોય એવી ભાવના સેવે છે અને એ રીતે તેની સૂક્ષ્મ શક્તિઓને ચેતના અને આવિર્ભાવ આપવા મથે છે. એના એ આંતરજગતમાં કોઇક જ શિક્ષક કે વડીલ ડોકિયું કરી શકતું હશે. અને કરી શકે તેને જણાય કે જે ચિંતા અને કાળજીથી પુખ્ત વયના માણસો પોતાના જીવનનું ભાવી ઘડી રહ્યા હોય છે તેટલી જ વેગવંત અને પ્રગતિમાન અવસ્થા બાલ માનસમાં પણ ખીલી રહેલ છે. “અહો, આચ્છાદક ગગન કે પરમ પવિત્ર તારાગહન અંતરો! ને પ્રકાશનાં અથાગ ઊંડાણ! તારી ઉજ્જવળતામાં હું ગૂમ થઇ જાઉં એ જ મારી સરળ ભાવના છે.” (નિત્શે)

કુદરતની અપાર શાંતિ અને જીવનના ગૂઢ એકાંતમાં સર્જનનું બીજ રોપાય છે. નિરાકાર તત્ત્વો સાકાર થવાને ગતિમાન બની જાય અને અનંત બ્રહ્મમાંથી ચૈતન્ય નિરવધિ રૂપો ધારણ કરે છે. કુદરતની આ સ્ફોટન ક્રિયા, એકમાંથી અનેક થવાની ક્રિયા, શું આડફેડ કે આકસ્મિક છે? તેને વેગ આપનાર ચૈતન્ય અને તેને આધારે જમાવટ કરતી રૂપ સામગ્રી કંઇ જ નિયમ પ્રમાણે કે કાલમાન વિના જ સર્જન કરી રહી હશે. વિચારકો આ સર્જનક્રિયાનાં ત્રણ સ્વરૂપો કલ્પે છે. બીજારોપણ, પરિપાલન અને નવસર્જન.

સમુદ્રને તળિયે રહેલી જીવ સૃષ્ટિથી માંડી માનવીનાં વિરાટ અને પરાક્રમી સર્જનો જોઈશું તો એક સળંગ વિકાસરેખા તે સર્વમાં દોરાયેલી દેખાશે. પ્રત્યેક જીવ પોતાના વાતાવરણનો આશ્રય લઈ પોતાની ભાવિ વિકસિત આકૃતિ અને પ્રકૃતિ ઘડી રહ્યું જણાય છે. અને તે ઘડવાની અને ટકી રહેવાની શક્તિ પણ તેના ચૈતન્યબળને જ આભારી હોય છે. સૃષ્ટિનું સર્વોત્તમ નિર્માણ 'માનવપાત્ર' એ જ ચૈતન્ય બળના આધારે નવા આદર્શોની સીડી પર ચઢી રહ્યું છે. અને તેના પૂર્વગામીઓના સંસ્કાર અને બુદ્ધિના વારસાના ઉપયોગ અને કસ વાપરીને તેની હયાતી અને સંસ્કૃતિને સમૃદ્ધ અને સુખપૂર્ણ બનાવી શક્યો છે.

આથી જ બાળ અવસ્થામાં ઇંદ્રિયગમ્ય અનુભવો અને સંસ્કારો દ્વારા મનુ-પ્રાણી વહેલામાં વહેલી તકે આગળ થવા મથે છે. તેને કુદરતે બક્ષેલ એ સમયમાં કોઇનાં ચોગઠાં કે કૃત્રિમ ભાવનાઓના પડછાયા તેના પર સારી યા બૂરી અસર કરી તેના કુદરતી વિકાસને રોકે છે; અથવા તેની જાતે વધવાની શક્તિને રૂંધે છે. કઠોર શબ્દો, કદરૂપા આકારો, બિહામણા દેખાવો, ત્રાસજનક તાલીમો આ બધું તેની શક્તિને હણનારું બને છે.

વાતાવરણ અને સાધનો આપીએ

કોઇપણ કુરૂપ કે ભયંકર સ્થિતિ અથવા વસ્તુની સમીપમાં માણસ દીન અને નિરાશ દેખાશે. સબળ બનવાની શક્તિ, ઇચ્છા, સ્વમાન બધુંય ત્રાસના વાતાવરણમાં ઓસરી જાય છે; પણ સુંદર અને સાત્ત્વિક વાતાવરણમાં ઉલ્લાસ પામે છે, વૃદ્ધિગત થાય છે. બાળકની આવી નવસર્જન અવસ્થામાં સુંદરતા, શાંતિ, શાળાનું વાતાવરણ અને ગોઠવણ આવશ્યક બને છે. આથી પછીનું કામ બહુ સરળ બને છે. બાળક પોતે જ પોતાના વિકાસનાં કામો શોધી લઇ શરીર બળ વધારવા દોડે છે, ચઢે છે, ગબડે છે. તેનાં આંગળાં અને હથેળી વડે અનેક પદાર્થો પકડીને જુએ છે, ફેરવીને નીરખે છે; પછાડીને પણ કંઇક ખાતરી કરે છે અને નવું ભાન પ્રાપ્ત કરે છે. આ ભાનની સાથે પદાર્થોના રૂપરંગ અને ગુણ સમજવાની તીવ્ર આકાંક્ષા હોય છે. એ આકાંક્ષા પદાર્થને પ્રાપ્ત કરી કે તેની નકલ કરીને પૂરી કરે છે. મનમાં આવેલાં સ્વપ્નોની તે પરીકથા કરે છે; અથવા વેશ કે અભિનયથી તેનું પુન: સર્જન કરે છે. અવાજ, આલાપ, નૃત્યના કૂદકા, તાળી કે વાજિંત્રો એ બધાંમાં તે પોતાના દિલના પડઘા વ્યક્ત કરવા મથામણ કરે છે. આ કાળે તેને એવાં જ પ્રકારોનાં સંપૂર્ણ સ્વરૂપો કે સંપૂર્ણ પ્રકારો મળી જાય તો તેને પરમ સંતોષ અને તૃપ્તિ થાય છે અને અનિયંત્રિત સર્જનપ્રવાહને કલાકૃતિઓ દ્વારા નવાં પ્રમાણ અને માપનો ટેકો મળી જાય છે. ભાષા અને વ્યાકરણો કરતાં સુંદર ગીતો અને કથા વધુ રોચક અને પ્રેરક થશે. ખાલી કસરતના દાવ કરતાં નૃત્ય અને રાસનાં ડોલન અને તાલમાં શ્રમનો ખ્યાલ ભૂલી જવાશે. અને સૌથી વધુ અગત્યનાં તે આંતર અનુભવોને વ્યકત કરનાર દૃશ્ય અને સ્પર્શ્ય કલાના પ્રયોગો બાળકના જીવનમાં અપાર આશા અને શકિતનો સંચાર કરી મૂકશે. માટીના પીંડા કરતાં કરતાં બાળકમાં અનેક આકારો, પદાર્થનું ઘનત્વ અને શરીરને સમજવાની બુદ્ધિ ખીલે છે.

રેખા અને રંગના પ્રયોગો, કાગળના કટકાથી, ટ્રેસિંગથી કે ભીંત સુશોભનથી બાળકની આંખમાં જે વેધક નિરીક્ષણ શકિત મૂકશે તે કંઇ શાબ્દિક વર્ણનોથી સફળ બનવાનું નથી.

હજી સુધી કોઇ માનસશાસ્ત્રી ખાતરીથી નથી કહી શકતા કે અમુક બાળક અમુક જ શકિતવાળું થાય એવી શક્યતા છે કે નથી. અને જો કોઇ ભાવિ વિકાસને માટે ખાતરી આપવા સમર્થ હોય જ નહીં તો આપણે બાળકમાં રહેલી બીજક શકિતનો એને મળેલા વાતાવરણમાં જ સારામાં સારો ઉપયોગ કરી લેવો જોઇએ. બાલજીવનના પહેલાં કીમતી બાર કે તેર વર્ષમાં તેની સર્જક કે વિધાયક શકિતનું અસ્તિત્વ કે અભાવ જાણી લેવા જોઇએ. એ વર્ષમાં તેના મનના પાતાળમાંથી ઉત્પન્ન થતા આકારો, ભાવોને તે માટી, પથ્થર, લાખ, રંગ કે કોઇ ક્રિયા દ્વારા વ્યકત કરી શકે એવો પ્રબંધ થવો જેઇએ.

કોઇ રખે ડર રાખતા કે આથી કળાકારોની ભરતી જગતમાં વધી જવાની. એવું થશે તે દિવસે સમાજની જરૂરીઆત પ્રમાણે ચડતા દરજ્જાના કલાકારોને જ યોગ્ય તાલીમ આપીશું. અને બીજાઓની વિચાર ને કલ્પનાસૃષ્ટિ જો કેળવાયેલી હશે તો બીજાં અનેક પદાર્થો અને ઓજારો દ્વારા જગતની સમૃદ્ધિ વધારવાની તેમને ખૂબ જ તક મળશે.

સૌંદર્યની કેળવણીનો કીમિયો

મહેન્દ્ર ચોટલિયા
mahendra.chotalia@gmail.com

બહુ વાંચ્યું, અબ કુછ કરતે હૈ...

બે ઊન્ડા શ્વાસ લો. હમ્મ, સૌંદર્યના સ્વિમિંગ પુલમાં ધુબાકો મારવા તૈયાર... રેડી, સેટ, ગો...

આ ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ. માત્ર જુઓ- સમગ્રને અને નાની નાની વિગતોને પણ નિહાળો.

ઓકે. હવે આંખ બંધ કરીને હલનચલન કર્યા વગર ૧૦ સેકન્ડ તદ્દન શાંત બેઠા રહો. ચિત્રને તમારી અંદર ફેલાવા દો....!

...કેવું લાગે છે? ભીતર કયા હો રહા થા? એ બધું તમે તમને જ વ્હાલથી કહો.

યાદ આવે છે અત્યાર સુધીના તમારા જીવનમાં બનેલો એવો પ્રસંગ, ઘટના, જગ્યા, દૃશ્ય, કે વાર્તા-કવિતા-વિચાર જેના સંપર્કથી તમે બે ઘડી સુન્ન થઈ ગયા હતા. મન-મગજનાં બધાં વાજિંત્ર બંધ થઈ ગયેલાં. બસ, તમે હતા ને એ વિષય હતો. ત્યારે એવું તો શું થયેલું કે થોડીવાર સુધી તમને કંઈ જ ખબર ન રહી: ન કોઈ વિચાર, ન કોઈ શબ્દનો મનમાં થતો મૂંગો ગણગણાટ. બસ, એ ભાવાવસ્થા થોડો સમય રહી. એમાંથી મુક્ત થયા પછી જ તમે તમને કે આજુબાજુના કોઈને કહ્યું હોય કે "મજા આવી ગઈ, આનંદ થયો, અદ્‌ભુત હતો એ અનુભવ." હળવાશ આવી જાય, બધું સરસ સરસ લાગવા માંડે...આવું ફરીથી અનુભવવાની ઇચ્છા થઇ આવે ને તમે તમારા મિત્રો કે પ્રિયજનોને મળો ત્યારે એ અનુભૂતિની વાતો કર્યા જ કરો અને એની મજા પણ લો.

જો આવું તમને એક વાર કે બે-ચાર વાર થયું હોય તો એનો અર્થ એવો થાય કે તમારી પાસે ત્રણ પુરાવા છે: (૧) તમે સૌંદર્યને માણી શકો છો. (૨) આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. (૩) આવું વારંવાર બની શકે છે.

તો હવે આનંદમાં લીન કરી મુકનાર સૌંદર્યાનુભૂતિના વિદ્યુત ચમકરાને સ્લો મોશનમાં જોઈ લઈએ. ને સૌન્દર્ય શિખરની ટોચ પર પહોંચાડતાં પગથિયાં ચડવાનો સૈદ્ધાંતિક પરિશ્રમ પણ કરી લઇએ.

સૌંદર્ય અનુભવતી વખતે આપણી અંદર થતી ક્રિયાઓને આ ક્રમમાં મૂકી શકાય:

(૧) સંવેદનશીલ ઇન્દ્રિયો દ્વારા સભાનતાથી પદાર્થ, ઘટના કે વિષયની સન્મુખ થવું. (૨) તે વિષયના સમગ્ર તેમ જ સૂક્ષ્મ અંશોનું સંયોજિત ગ્રહણ/આકલન કરવું (૩) મન-મગજમાં પડેલાં સંસ્કારો, જ્ઞાન, ટેવરૂપ પ્રતિક્રિયાઓ અને તેમાંથી ઊઠતા વિચારો તથા અર્થઘટનોનો નિગ્રહ કરવો/ 'ચૂપ બેસો' કહેવું (૪) વિચાર- તર્કથી મુક્ત થયેલા મગજમાં વિસ્મય, આશ્ચર્ય કે સ્તબ્ધતાના ભાવનો બોધ થવો, 'અહાહા...અહોહો..!' (૫) એ ભાવમાં રસાયેલું દર્શન ટકાવી તેને અસ્તિત્વમાં અવરોધ વગર પ્રસરવા દેવું.

(૬) આંખ મીંચીને બહારથી આવતાં અન્ય ડેટા /દૃશ્યોને અટકાવી સૌંદર્ય-અનુભૂતિ જનિત આનંદની અવસ્થા માણવી. (૭) સમયના ભાન વગરની એ શુદ્ધ-આનંદ દશા કોઈ વિચાર કે બાહ્ય કારણથી સમાપ્ત થાય પછી હળવાશ, ઊર્જા, અને અકારણ પ્રેમનો અનુભવ થવો.

" અરેરે, આવી આનંદ સમપદી આપણા નસીબમાં તો નથી લાગતી!" એવો નિ:સાસો ના નાખશો. તમને થશે કે સૌંદર્યને માણતાં કે આનંદાવસ્થાને પામવાનું શીખી/શીખવી શકાય ? જવાબ છે: હા, શીખવી શકાય. બચપણથી કે મોટપણે પણ આ બ્રહ્માનંદ- સહોદર કહેવાતા સૌંદર્યબોધ કે aesthetic senseની કેળવણી થઈ શકે છે.

માવતરો, વડીલો, મિત્રો ને શિક્ષકો સૌંદર્યબોધ માટે બાળકો અને સમવયસ્કોને પણ તૈયાર કરવાનું કામ કરી શકે છે. તે માટે કેટલીક સમજ અને સજ્જતાઓ વિકસાવવાની રહે છે.

(૧) બોધાત્મક સજ્જતા: સમજો અને સમજાવો કે બધું જ સુંદર છે. જગતમાં કશું જ અસુંદર નથી. વસ્તુ, વ્યક્તિઓ, વિચારો, દૃશ્યો સ્વયં સુંદર કે અસુંદર નથી હોતાં. આપણા પોતાની જરૂરિયાત કે માનવ-પ્રાણી તરીકે જ વિચારવાની રીતના કારણે આપણને કેટલુંક ખરાબ કે ભૂંડુ અને કેટલુંક સારું અને સુંદર લાગે છે. જંગલમાંથી કોઈ દીપડો ગામમાં આવીને બાળકને ફાડી ખાય તો તે આપણને ખરાબ લાગે. પણ જો આપણે તે દીપડાના ભાઈબહેન કે માવતર હોઈએ તો આપણા પ્રિય દીપુડાએ કરેલા સાહસ અને શૌર્યને બિરદાવીએ. માણસ હોવાથી આપણે આપણી પ્રજાતિના જીવો તરફ પક્ષપાત રાખીને માનવભક્ષી પ્રાણીઓને ખતરનાક ગણીએ છીએ. આ પ્રાકૃતિક જગતમાં સર્જન-વિસર્જનની ઘટનાઓ બનતી જ રહે છે. આવી સમજના કારણે યોગ્ય-અયોગ્ય જેવાં નૈતિક મૂલ્યાંકન અને ગમા-અણગમાના વિક્ષેપથી આપણા અનુભવો વણસી જતા નથી.

(૨) ઉત્ક્રાંતિ વિજ્ઞાન પરથી સમજાતા મુદ્દાઓ : એવા જ જીવો લાંબુ જીવે કે જે સ્વસ્થ ને મજબૂત હોય અને/અથવા નવાં કૌશલ્ય શીખવા જેટલી અક્કલ ધરાવતા હોય. માદાઓ એવા જ નરને પસંદ કરે કે જે સૌષ્ઠવ ધરાવે અને સશક્ત હોય. આવા નર વધુ સારી સંતતિ અને રક્ષણની ખાતરી આપે છે. આ રીતે પેઢી દર પેઢી દેખાવ, શક્તિ અને આવડતોમાં બહેતર જીવો પેદા થતા ગયા. મતલબ કે આજે આપણે જે કંઈ જોઈએ છીએ તે અમુક સો, હજાર કે લાખ વર્ષ પહેલાંના પૂર્વજો કરતાં વધારે સુંદર છે - શારીરિક અને/અથવા માનસિક રીતે. આ સેક્સ્યુઅલ સિલેક્શન એન્ડ બ્યુટી એન્હાન્સમેંટનો નૈસર્ગિક સિદ્ધાંત છે. જો તમારી પાસે ચિત્રો કે ફોટા હોય તો સરખાવી જુઓ તમારી ત્રણ-ચાર પેઢી પહેલાંના વડીલોના ચહેરા અને તમારા ને તમારાં બાળકોના ચહેરા.

(૩) ક્રિયાત્મક સજ્જતા: અવલોકન કરવાની ધીરજ અને આવડત: આપણી ઇન્દ્રિયો બાહ્ય જગતને ડેટા કે માહિતી તરીકે આપણી અંદર લાવે છે. ઇન્દ્રિયોની સંવેદનશીલતા જેટલી વધારે તેટલો ડેટાપ્રવાહ વધારે. ત્વચા, કાન, આંખ, જીભ અને નાક જેટલાં સતેજ હોય તેટલી વધારે ને સ્પષ્ટ માહિતી મળે. જીવનના પ્રથમ પાંચ-સાત વર્ષમાં આ સજ્જતા પ્રાપ્ત કરી/ કરાવી લેવી પડે. પછીનાં વર્ષોમાં ટેવ,સંસ્કારો, સામાજિકરણ અને ભણતરને કારણે મનનું સર્જન થવા માંડે છે. મન જૂના અનુભવોને આધારે સરખામણી અને મૂલ્યાંકન યાંત્રિક રીતે કરે છે. જેથી મગજમાં નવા જ્ઞાન માર્ગો તૈયાર થઈ શકતા નથી. પ્રારંભિક વર્ષોમાં જો થોડીઘણી ઇન્દ્રિય-સંવેદનશીલતા બની ગઈ હોય અને પછીનાં વર્ષોમાં વિવિધ અનુભવોનો લેવાનો સમય અને તક મળતાં રહે તો મોટપણે પણ સૌંદર્યબોધ જળવાઈ રહે છે.

(૪) ભાવાત્મક સજ્જતા: આ કંઈ "પ્રાપ્ત કરવાની" કે કશુંક "કરીને" મેળવવાની કળા નથી. આપણે પ્રત્યેક ક્ષણે કોઈને કોઈ ભાવસ્થિતિમાં તો હોઈએ જ છીએ; પરંતુ મન, ચિત્ત અને બુદ્ધિના આપોઆપ ને સતત ચાલતા ટ્રાફિક તેમ જ આપણા વ્યવહારુ કામકાજને લગતા વિચારોને કારણે ભાવદશા વણસી જાય છે. આપણું મન સુખ-દુઃખ, ગમો-અણગમો, ખુશી-ગમ, ગુસ્સો-જુસ્સો પ્રેમ-ધિક્કાર જેવા આવેગો અને લાગણીઓ ઊભાં કરે છે. (બાળકમાં હજુ મન સર્જાયું ન હોવાથી તેને બધું જ સુંદર અને આનંદદાતા લાગે છે.) આ રીતે ભાવદશાને બગાડીને વિચારોનો વંટોળિયો ચડાવતા મન પાસે જ રિવર્સ ગિયરમાં જવાની અને પોતાને જ ના પાડવાની, મૌનમાં રહેવાની અને વિચાર -પ્રવાહોને પોતાનાથી અળગા થઇને જોવાની ક્ષમતા પણ છે. મન જો ચિત્તને શાંત કરી દે તો આપણને પજવતાં પડઘમ બંધ થઈ જાય છે અને શુદ્ધ ભાવદશા સર્જાય છે.

એવું પણ થાય કે આપણી સામે કોઈ ઘટના, દૃશ્ય કે સ્મરણ આવે જે એટલું તીવ્ર હોય કે તે આપણા વિચારોને અટકાવીને આપણને ભાવસ્થિતિમાં લઇ જાય. ભલે આવી સ્થિતિ બે-ચાર સેકન્ડ કે એક મિનિટ ચાલે. પરંતુ એટલી વારમાં તો આનંદ અથવા રસનો અનુભવ થઈ જાય છે. સૌંદર્યની કે આનંદની અનુભૂતિ ઘણી બધી મિનિટો કે કલાકો સુધી ન ચાલે. એ તો આપણને વિભોરતા (એક્સ્ટસી)માં રમમાણ કરી દે. તે સ્થિતિમાં મન અને વિચાર ન હોવાથી સમયનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. "સમય તો થંભી ગયો હતો" જેવી અભિવ્યક્તિ એ ભાવદશા પૂરી થયા બાદ જ થઇ શકે છે. આપણે ક્યારેય એવું નથી કહી શકતા કે "અત્યારે સમય થંભી ગયો છે." કેમ કે વિચાર કરતાંની સાથે જ સમય પેદા થઈ જાય છે, અસ્તિત્વમાં આવે છે.

(૫) નવા નવા અનુભવો અને ઘટનામાં પ્રવેશવાનું સાહસિક વલણ: જેમાં નાવીન્ય છે તેમાં સૌન્દર્ય છે. અભૂતપૂર્વ સ્થિતિમાં આપણને અચંબો, વિસ્મય કે સ્તબ્ધતા થઈ આવે છે. આ પ્રકારની ભાવસ્થિતિઓમાં સૌંદર્ય અને આનંદનો પ્રાદુર્ભાવ થાય છે. જો તમે પરિચિત જગ્યા, પરિચિત સ્વાદ કે પરિચિત ગીત ફરીથી માણો તો તમને તેની સૌથી પહેલી વખતે થયેલી 'અનુભૂતિની સ્મૃતિ' ઘેરી વળે છે. તે સ્મૃતિમાં ગરકાવ થવાથી જૂની મજા જાગૃત થાય છે. પરિચિત જગ્યા, સ્વાદ, ગીત કે વિચારને ફરીથી અનુભવો ત્યારે "આમાંથી કંઈક નવું મળી આવે છે" એવું તમને થતું હોય તો એ આનંદ સૌંદર્યનો છે. જે ચિત્ર, કવિતા,ગીત, દૃશ્ય કે વ્યક્તિ એટલી વિશાળ હોય કે તેમાં તમે ઊતરી શકો અને કશુક નવું પામી શકો ત્યારે આપણે સૌંદર્યનો અનુભવ કરીએ છીએ. આપણે સાંકડા જગતમાંથી વિશાળ જગતમાં પહોંચીને ભૂમા (અસીમતા)ને પામીએ છીએ. તે આપણને આનંદ આપે છે. વળી જ્યારે કોઈ ભવ્ય, વિશાળ, નવીન દૃશ્યની આપણી સામે આવી જાય ત્યારે આપણને "હું આ બધું જોઈ રહ્યો છું." તેવું સાનભાન રહેતું નથી. આપણે પોતે પોતાના સાંકડા વિશ્વમાંથી નીકળીને અસીમના વિશ્વમાં ફેલાઇ જઈએ છીએ. આપણું સીમિત વ્યક્તિપણું રસમય બનીને વ્યાપક થઈ જાય છે ને ભૂમા વૈ સુખમ્: 'વિશાળતા એ જ આનંદ' એ સૂત્ર સિદ્ધ થાય છે.

સાવધાન! એવું ન માની લેશો કે ઉપરની સજ્જતા વિશેના મુદ્દા પાકેપાયે સમજાઈ ગયા એટલે આનંદલોકની ચાવી મળી ગઇ! સૌંદર્યની કેળવણી (અરે કોઇ પણ બાબતની કેળવણી પરિશીલન ઉર્ફે practice to do something માંગે છે.) પંચેન્દ્રિયની સક્રિય સંવેદનશીલતાના અનુભવજન્ય સંવર્ધનની પ્રક્રિયા છે.

સૌંદર્યની કેળવણીને પોષક પ્રવૃત્તિઓ:

સૌંદર્ય થકી અનુભવાતા આનંદને, રસને, માણવા માટે, માંહી પડ્યા તે મહાસુખ માણે, -નો અનુભવ કરાવવા માટે બાળકોને(મોટેરાઓને પણ) કેવી રીતે

કેળવાય ? શિક્ષકો અને વાલીઓ એમાં કેવી રીતે સહાય કરી શકે ?

(૧) દૃષ્ટિ સૌંદર્યની કેળવણી: પ્રારંભિક સ્તરે સૌને સામાન્ય રીતે સુંદર લાગતાં હોય તેવાં દૃશ્યો બતાવવાં. આંખ દ્વારા સૌથી વધારે માહિતી આપણી અંદર જાય છે. તે સ્મૃતિમાં ઘણી જગ્યા રોકે છે એટલે વધુ લાંબો સમય તેના પર પ્રક્રિયા થઇ શકે છે. બાળકોને પ્રાકૃતિક જગ્યા ઉપર ફરવા લઇ જાઓ. હેતુવિહીન રખડ્યા,રમ્યા બાદ ત્યાંના વૃક્ષ, ટેકરી,જમીન,પાણી,ઇત્યાદિનું નિરીક્ષણ, આકાશદર્શન ને પક્ષીદર્શન પણ કરાવો. પ્રકાશ, છાંયો, રંગ, આકારો વગેરે બતાવો, આંખોથી ઝીલવાનું કહો. સૂર્યાસ્ત, સૂર્યોદય, વરસાદ, ચાંદની વખતે દેખાતાં ખેતરો અને વૃક્ષો બતાવો. આથી આગળના તબક્કામાં વધુ સૂક્ષ્મ નિરીક્ષણમાં લઈ જાઓ. પાંદડા પરની ડિઝાઇન, પથ્થરોના આકાર,પથ્થરોની અંદરની ડિઝાઇન, પંખીના રંગ, પતંગિયાં, ઘાસની ડિટેઇલ જોવાનું, બતાવવાનું, ને વર્ણન કરવાનું કહો. બાળકને સરખામણી કરવા ન દો. આ બધું જોઈને "કેટલું સરસ છે," "વાહ, સુંદર !" "મજા આવી ગઈ" જેવું તમે પણ ન બોલો અને તેને બોલવાનું પણ ના કહો. (આવાં વિધાનો 'આ સિવાયનું સુંદર નથી' એવું મૂલ્યાંકન રજૂ કરે છે. ઉપરાંત આવું બોલવું તે સ્વાભાવિક ઉદ્‌ગાર નથી પરંતુ 'સારું લગાડવા' માટે ઊભો કરેલો પ્રતિભાવ છે, કૃત્રિમ છે.)બાળકોને કહો કે ઘરે જઇને મિત્રોને, મમ્મી-પપ્પાને વાત કરે કે ત્યાં શું શું જોયું હતું.

ઘરમાં ચિત્રો, અવનવી વસ્તુઓ બતાવો. ચિત્ર પ્રદર્શન, ઢીંગલીઘર, માછલીઘર, મેળાઓની મુલાકાત કરાવો. બાળકને ચિત્ર કરવા, રંગોળી કરવા માટે અને રંગ આપો, પણ "આવું ચિત્ર દોર, આવા રંગો પૂર," જેવી કોઈ સૂચના ન આપો. એ સાંભળીને બાળક તમારી પસંદગીનું ચિત્ર બનાવવાનો પ્રયાસ કરશે, પોતાની મૌલિકતા નહીં લાવી શકે. તેને જાતભાતની વસ્તુઓ, પથ્થરો, પાન, અજાયબ લાગતી કામની કે નકામી ચીજો ભેગી કરવા દો.

(૨) સ્પર્શ સૌંદર્યની કેળવણી: કુદરતી અને માનવસર્જિત વસ્તુઓને બાળક અડકે, તેના પર હાથ ફેરવે, આંખ મીચીને સ્પર્શની અનુભૂતિ કરે. કદ, આકાર, લિસ્સાપણું કે વજન અનુસાર વસ્તુઓને જુદી પાડે, તેનું વર્ણન કરે, ને આવું કરવાનું મહાવરો કરે. ચીકણી, કાંટાવાળી, ધૂળવાળી એમ અલગ અલગ વસ્તુઓ અડકીને એને ઓળખવાનું અને કેવી લાગે છે તે વર્ણવવા કહો. "મને તો આ ગમે છે પેલી નથી ગમતી, તને કઈ ગમે છે?" એવા ભેદભાવમાં પડવા ન દો.

(૩) સ્વાદ સૌંદર્યની કેળવણી : બાળકને કહો કે ખાદ્ય સામગ્રીને બરાબર ચાવીને, મોઢામાં ફેરવીને તેનો રસ લે. મોઢામાં ફેરવે, ક્યાં અડકે છે ત્યારે કેવો સ્વાદ આવે છે તે કહે. શરૂઆતમાં ગંદી, કડવી ફ્લેવરવાળી વસ્તુ ન ખવડાવો. જે સામગ્રીમાં ગંધ ઓછી અને સ્વાદ કે રસ વધારે હોય તેવી ચીજોથી પ્રારંભ કરો. "મને ભાવે છે, તને ભાવે છે કે નથી ભાવતું?" જેવા પ્રશ્નો પૂછીને મૂલ્યાંકન ન કરાવો. આગળ જતાં બધા જ સ્વાદવાળી વસ્તુઓ ખાવાની અને તેને અનુભવવાની પ્રેક્ટિસ કરાવો.

(૪) ઘ્રાણ સૌન્દર્યની કેળવણી : વસ્તુઓને સૂંઘીને તેનો સ્વીકાર-અસ્વીકાર કરવાની પ્રાણીસહજ આવડત આપણામાં છે. પ્રાણીઓ અને બાળકો સૂંઘીને નક્કી કરે છે કે તે વસ્તુ પેટમાં જવા દેવા યોગ્ય છે કે કેમ. આ પ્રોગ્રામ માણસમાં જન્મથી જ પાકેપાયે ગોઠવાયેલો નથી હોતો. જે ગંધ વાસ્તવિક રીતે આરોગ્યપ્રદ ના હોય તેની ખબર પડી જાય છે. પરંતુ શાકાહારી, માંસાહારી કુટુંબમાં ગંધની સ્વીકૃતિ વાતાવરણ અને ટેવને કારણે પાક્કી થાય છે અને પછીથી બદલાતી પણ હોય છે. ફૂલ, પાન, કાચાં-પાકાં ફળ, લાકડું, કપડું, જેવી વસ્તુઓની ગંધ કે સુગંધ લેવાનો મહાવરો કરાવતા રહો.

(૫) નાદ સૌન્દર્યની કેળવણી: ધ્વનિ સૌથી સૂક્ષ્મ અને અમૂર્ત માહિતી કે ડેટા ગણાય છે. એટલે એનું સૌંદર્ય પામવાનું વધુ મુશ્કેલ બને છે. અલબત્ત બાળક ગર્ભમાં હોય ત્યારથી જ કેટલાક ધ્વનિ અને અવાજો સાંભળવા માંડે છે ને એમ વારંવાર સાંભળેલ પરિચિત ધ્વનિથી શાંત પણ થઈ જાય છે. ભય ઉપજાવનારા અવાજ પારખવાની શક્તિ પણ જન્મજાત હોય છે. કશું એકદમ ફાટે, ધડાકો થાય, ચીસ સંભળાય તો બધા બાળકો ભય અનુભવતા હોય છે. સ્વરની કેળવણી માટે હાલરડાં, ગીતો, કવિતાઓ સંભળાવતા રહો. પશુ-પક્ષી, નદી-સમુદ્ર, પવન-પાંદડાંના ધ્વનિને ધ્યાનથી સાંભળતા શીખવો. વાદ્યસંગીત પણ એના ધ્યાન પર લાવો. બાળક અલગ-અલગ પ્રકારના અવાજ ઓળખે, અવાજ કાઢે. નાનો-મોટો મધ્યમ અવાજ પારખે: લાકડાનો, પ્લાસ્ટિકનો, કાગળનો, લોખંડનો. એમ જાણીતા અવાજો આંખ મીંચીને કે બહારથી આવતા અવાજોને પારખવાનો મહાવરો કરાવવો. ભયંકર અવાજ, મીઠો અવાજ, કર્કશ અવાજ, જેવાં વિશેષણો આપીને બાળકમાં લાગણીઓ ઊભી ન કરો. ગમા-અણગમા જેટલા ઓછા તેટલું વધુ સારું. એમ કરવાથી એને બધું જ સરસ, ગ્રાહ્ય અને અનુભવવા યોગ્ય લાગશે. પછીથી અનેક રાગનાં, ફિલ્મોનાં, સુગમ સંગીતનાં, ગીતો સંભળાવો; સાથે બેસીને સાંભળો. વાર્તાઓ, લલિત નિબંધો, નાટકો પણ સંભળાવો.

આમ પંચેન્દ્રિયની સંવેદનશીલતા કેળવાય પછી એને શક્ય તેટલા વિવિધ અનુભવો આપો. શું જોયું, સાંભળ્યું, શું થયું, શાને અડક્યા -એ બધું યાદ કરાવો. એક સાથે અનેક ઇન્દ્રિયોના પ્રતિભાવો મળે તે તબક્કો સૌથી વધુ શિક્ષણપ્રદ હોય છે. કશુંક જોઇને કૂદી પડવું, આંખો બંધ કરીને ઊંડા શ્વાસ લેવા, જોવું-સૂઘવું-ચાખવું-અડકવું-સાંભળવું એમ બધી ઇન્દ્રિય દ્વારા સંગઠિત અને સંકલિત અનુભવો લેવાથી સૌંદર્યબોધની કેળવણી સ-રસ થાય છે. ત્યાર બાદ, મોટી ઉંમરે માત્ર સાંભળીને કે વાંચીને પણ એ કિશોર કે તરુણ એમાનાં વિચારો, દૃશ્યો, સુગંધ, અવાજ, રંગ, સ્પર્શની સંવેદના અને સૌંદર્ય પોતાની ભીતર જન્મતું અનુભવશે.

મોટી ઉંમરની વ્યક્તિ માટે આ બધું શીખવું, વિકસાવવું અત્યંત પ્રયત્નસાધ્ય બને; ને તેમ છતાં આનંદાનુભૂતિમાં એટલી તીવ્રતા ન પણ આવે.

સૌંદર્યનો સારાંશ:

સૌંદર્યની અનુભૂતિ એટલે વસ્તુ, વ્યક્તિ, ઘટના, વિચાર, પુસ્તક, ફિલ્મ કે માત્ર કોઈ એક ઇન્દ્રિયથી પણ પામી શકાય તેવા કોઈપણ વિષયના સંપર્કથી આપણામાં સર્જાતો આનંદનો ભાવ.

આવો ભાવ આપણો કંટાળો, તણાવ, ક્રોધ, શોક અને ભય જેવી અસુખકર લાગણીઓનું નિરસન-શમન કરે છે. જેમ જેમ આવું કરવાનું ફાવતું જાય તેમ તેમ આપણે વધારે પ્રસન્ન રહી શકીએ છીએ- જગતને જીવનને વધુ સારી રીતે માણી શકીએ છીએ.

સૌંદર્ય અને તેની અનુભૂતિ વિશે આટલી સમજ તારવી શકાય છે:

(૧) વસ્તુ-વ્યક્તિ-ઘટના-વિચાર વગેરે સાથે આપણે જે મનો-સ્થિતિથી સંપર્કમાં આવીએ તે વખતે તે બંને વચ્ચે થતી આંતર-ક્રિયામાંથી સૌંદર્ય જન્મે છે. સૌંદર્ય વસ્તુ કે વિષયોમાં હોતું નથી.

(૨) આપણી ઇન્દ્રિયોની સંવેદનશીલતા વધારતા જઈએ અને આપણી અંદર રહેલી માન્યતાઓ, પૂર્વગ્રહો, ઈરાદાઓ, તથા આકાંક્ષાઓને એક કોરાણે (કૌંસમાં) મૂકવાનું શીખી જઈએ તો સૌંદર્યના આનંદની અવસ્થા આપોઆપ/સહજ પ્રાપ્ત થાય.

(૩) સૌંદર્ય-અનુભૂતિ એ કોઈ જ્ઞાન, સમજ, અર્થઘટન, સરખામણી કે મૂલ્યાંકન નથી. પરંતુ આવું બધું કરનાર બૌદ્ધિક વાદળ વિખરાઈ જાય ત્યાર બાદ સર્જાતો, સમસ્ત અસ્તિત્વમાં પ્રસરતો, ભાવ છે. વિચારમાં શબ્દ હોય છે હોય છે જ્યારે ભાવ તો શમન, વિશ્રાંતિ અને અન-આહત સંતુલનની અશબ્દ ચૈતસિક સ્થિતિ છે.

(૪) પંચેન્દ્રિયનો સીધો ઉપયોગ ન થતો હોય તેવી બાબતો કે વિષય સાથેના સંપર્કથી પણ સૌંદર્યની અનુભૂતિ જન્મે છે. પરંતુ તે માટે જે તે વિષયની બોધાત્મક સજ્જતાની જરૂર પડે છે. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી કે કોઈ પણ વિષયનું અને પ્રકારનું લખાણ વાંચીએ કે સાંભળીએ તો પણ સૌંદર્યાનંદમાં ગરકાવ થઈ શકાય છે.

(૫) જગતમાં જે કંઈ મૂર્ત કે અમૂર્ત છે તે સઘળા તત્-સત્ ને આપણા સંપર્ક અને મિલનની ગુણવત્તાથી આપણે સુંદર બનાવી શકીએ છીએ.

સૌંદર્યના શિખર પર આનંદના અંબારમાંથી ઊડતી કપૂરની સુગંધ પેઠે સચરાચરની લીલામાં તદ્રૂપ થઈ શકો તેવી શુભેચ્છાઓ!

ભળતા જ સ્વર્ગમાં

રવીન્દ્રનાથ ઠાકુર
અનુવાદ: કાકાસાહેબ કાલેલકર

એ માણસ હતો સાવ જ કામકાજ વગરનો નવરો. કામનું તો નામ નહીં, પણ શોખ માત્ર અનેક જાતના હતા એના.

નાનાં નાનાં લાકડાનાં પાટિયાં પર માટી ફેલાવી એના પર એ નાનકડી છીપો ગોઠવતો. દૂરથી જોતાં લાગે છે કે છે કંઈક ઝાંખું ચિત્ર; અને એમાં છે પક્ષીઓનું ટોળું. અથવા વાંકુંચૂકું ખેતર છે અને એમાં ઢોર ચરે છે. અથવા તો ઊંચો ઊંચો પહાડ છે અને એની બાજુ વહેનારું હશે કોઈ ઝરણું અથવા કેડી.

ઘરના લોકોએ એનો તિરસ્કાર કરવામાં કંઈ જ બાકી રાખ્યું ન હતું.

કોઈ કોઈ વાર એને પણ વિચાર આવતો કે છોડી દઈએ આ બધું ગાંડપણ, પણ ગાંડપણ માત્ર કેમેય કરીને એને છોડે નહીં.

*

એવાંય બાળકો હોય છે કે જે વર્ષભર અભ્યાસનું નામ સરખું લેતા નથી પણ પરીક્ષામાં માત્ર મફતના જ પાસ થઈ જાય છે. આનું પણ એમ જ હતું. આખું જીવન કામકાજ વગર વીતી ગયું. છતાં મૃત્યુ પછી એને કહેવામાં આવ્યું કે એને સ્વર્ગમાં મોકલવાનું મંજૂર થયું છે. પરંતુ સ્વર્ગને રસ્તે પણ નસીબ કંઈ માણસનો પીછો મૂકતું નથી. દેવદૂતોએ 'છાપ' વાંચવામાં ભૂલ કરી. અને એને મહેનતુ લોકોના સ્વર્ગમાં પહોંચાડી દીધો.

એ સ્વર્ગમાં બધું જ હોય છે નથી હોતી માત્ર એક નવરાશ.

અહીંના પુરુષો કહે છે, નિ:શ્વાસ મૂકવા માટે પણ વખત છે ક્યાં ? સ્ત્રીઓ કહે છે. 'જાઉં છું બહેન, કામ બધું પડ્યું છે હજી બાકી. બધા જ કહે છે, ' અરે, વખતની કિંમત છે.' પણ કોઈ જ નથી કહેતું કે વખત અણમોલ છે.' 'હવે વધારે સહન નથી થતું.' એમ બબડતાં બધા જ તકરાર કરે છે અને આનંદ અનુભવે છે. પરવાતાં પરવારતાં દમ નીકળે છે.' આ ફરિયાદ જ અહીંનું સંગીત છે.

આપણા આ બિચારાને ન હતી ત્યાં જરાય નવરાશ અને નહોતો મળતો એનો કોઈ સાથે મેળ. રસ્તા પર એ પોતાના જ તાલે ચાલે અને કામમાં તલ્લીન થયેલા લોકોને અડચણરૂપ થાય. ઉપરણું પાથરી જરા આરામથી બેસવા જાય, ત્યાં એને કાને અથડાય, 'ત્યાં ખેતર છે અને વાવણી પણ થઇ ગઇ છે.' આમ વારંવાર એને ઊઠી જવું પડે ને ખસી જવું પડે.

*

એક ઘણી જ મહેનતુ છોકરી રોજ સ્વર્ગને ઝરણે પાણી ભરવા આવતી.

રસ્તા પર એની ચાલ તો જાણે સતાર પરની દ્રુતતાલની વાત જ. ઝટ ઝટ ચાલતી એ આવી. એણે પોતાનો અંબોડો ફરી બાંધ્યો તોય બે ચાર બળવાખોર લટ એની આંખની કાળજી રાખવા માટે કપાળ પર આવવા લાગી.

આપણો પેલો સ્વર્ગનો નવરો માણસ એક બાજુ ઊભો હતો, ચંચળ ઝરણાને કિનારે નિશ્ચળ ઊભેલા તમાલ વૃક્ષની જેમ. બારીમાંથી કોઈ ભિખારીને જોઈ રાજકન્યાને જેમ દયા આવે તેવી જ દયા તે છોકરીને આને જોઈ આવી.

' અરે! તમને શું કંઈ જ કામ નથી ?'

નિસાસો મૂકી બેકાર બોલ્યો, 'કામ કરવા માટે વખત જ નથી મને.'

છોકરીને એનું બોલવાનું કંઈ સમજાયું જ નહીં. તે બોલી, 'જોઈએ છે મારી પાસે એકાદ કામ તમારે ?' બેકાર કહે, 'હસ્તો, તારી પાસેથી જ કામ માગવા માટે તો હું આમ ઊભો છું.'

' શું કામ આપું ?'

'જેવી ગાગર લઇને તું પાણી ભરવા આવે છે તેવી જ ગાગર મને આપી શકે કે ?'

'ગાગર લઇને શું કરશો? પાણી ભરશો ?'

' ના, હું તેના પર હું ચિત્રો કાઢીશ.'

પેલી છોકરી કંટાળીને બોલી, 'મને વખત નથી. હું જાઉં છું.'

પણ બેકાર સાથે કામગરા માણસ ક્યાં સુધી ટકી શકે? રોજ રોજ એ બંનેનો ભેટો થતો ઝરણાને કાંઠે અને એ જ વાતો રોજ થાય, 'તારી કેડ્ય પરની એક ગાગર મને આપ. હું તેના પર ચિત્રો કાઢીશ.'

પેલીને સ્વીકારવી પડી હાર અને આપી એણે એક ગાગર. ગાગરની બધી બાજુએ એકલા ચિત્ર કાઢવા લાગ્યો. કેટલાયે રંગનાં ગૂંચળાં, કેટલીયે રેખાઓનાં ઘરો. ચિત્રો તૈયાર થયાં. છોકરીએ ગાગર લીધી, વળી વળીને જોઇ, ફેરવી ફેરવીને નીરખી, અને પછી ભવાં ઊંચાં કરી બોલી, શું છે આનો અર્થ ?'

બેકારે કહ્યું, 'કાંઇ જ નથી આનો અર્થ.'

ગાગર લઇ છોકરી ઘરે ગઇ. બધાયની નજર ચૂકવી એણે પેલી ગાગર જુદી જુદી દિશાએથી જુદી જુદી રીતે વાળીને, ફેરવીને જોઇ. રાત્રે ઘડી ઘડી પથારીમાંથી ઊઠી, દીવો કરી, ચુપચાપ બેસી તેના પરનાં ચિત્રો જોવા લાગી. તેના આખા જીવનમાં એણે પહેલવહેલું જ આ જોયું હતું કે જેને કશો જ અર્થ ન હતો.

બીજે દિવસે જ્યારે એ ઝરણાકિનારે આવી ત્યારે એના પગની ઝડપી ગતિ ધીમી પડી હતી. એના પગ જાણે ચાલતાં ચાલતાં વિમનસ્ક થઇ વિચારમાં પડતા હોય — એવા વિચારમાં કે જેમાં કાંઇ અર્થ જ ન હોય. તે દિવસે પણ પેલો બેકાર માણસ એક બાજુએ ઊભો જ હતો.

છોકરીએ પૂછ્યું, 'શું જોઈએ છે?'

પેલાએ કહ્યું, 'તારી પાસેથી બીજું કામ જોઇએ છે."

'કયું કામ આપું?'

'તને હરકત ન હાય તો રંગીન સૂતર ગૂંથીને તારે માટે લટ બાંધવાને ફીત તૈયાર કરવી છે.'

જાતજાતની રંગીન ભાતભાતની ગૂંથેલી ફીતો તૈયાર થઇ. હવે પછી આરસી હાથમાં લઈ લટ ગૂંથવામાં છોકરીનો ઘણો વખત જવા લાગ્યો. કામો પડી રહેતાં અને વખત પણ ચાલ્યા જતો.

*

જોતજોતામાં કામગરા સ્વર્ગમાં વચ્ચે વચ્ચે ફાટ પડવા લાગી. અને તે ફાટ રુદન અને ગાયનના સ્વરોથી ભરાઇ જવા લાગી.

સ્વર્ગના મોટેરા ઊંડી ચિંતામાં પડયા. એમણે સભા બોલાવી અને કહ્યું, 'અહીંના ઇતિહાસમાં આવું તો કદી થયું ન હતું.'

સ્વર્ગના દેવદૂતે આવીને પોતાની ભૂલ કબૂલી. એણે કહ્યું, 'હું ભળતા જ માણસને આ ભળતા જ સ્વર્ગમાં લઇ આવ્યો.'

તે ભળતા માણસને સભામાં આણવામાં આવ્યો.

એની પચરંગી પાઘડી અને કમરબંધનો ઠસ્સો જોતાંવેંત સૌને લાગ્યું કે ગંભીર ભૂલ થઇ છે ખરી. સભાપતિએ એને કહ્યું, 'તારે હવે પૃથ્વી પર પાછું જવું પડશે.'

પોતાની રંગોની ઝોળી અને પેલી પીંછી કમરે ખોસતો છુટકારાને નિશ્વાસ નાખતો તે બોલ્યો, 'ત્યારે જાઉં છું.'

છોકરીએ એને કહ્યું, તો હુંયે આવીશ.'

પુખ્ત સભાપતિ બિચારા મૂંઝાયા. એના જીવનમાં આ પહેલી જ ઘટના હતી કે જેમાં કશો જ અર્થ ન હતો.

વસ્તુઓનું
ફાસ્ટ-એડ

હવે માત્ર ₹ 10માં ઉપલબ્ધ છે

સંકટમય સ્થિતિ માટે **આને ઘરમાં રાખો**



હું જે ગીત ગાવા આવ્યો હતો તે મારું ગીત તો હજી ગાવાનું રહી ગયું છે! મારો ઘણો સમય તો મારા વાજિંત્રના તાર મેળવવામાં જ ચાલ્યો ગયો. હજી ગીતની એ પળ મને આવી મળી નથી, હજી એ શબ્દો હૈયામાં ઊગ્યા નથી. માત્ર હૃદયમાં ઊંડું ઊંડું દર્દ છે — ન ગવાયેલાં ગીતનું !

પરિમલનો ભંડાર તો અણઊઘડ્યો રહ્યો છે : માત્ર પવનની એકાદ-બે લહેરખીના નિ:શ્વાસ જ આવ્યા છે!

મેં એ સૌન્દર્યસાગરની ઝાંખી પણ ક્યાં કરી છે? કે એના શબ્દો —એમને પણ ક્યાં સાંભળ્યા છે? કેવળ મારા ઘર પાસેથી પસાર થતા એના આછા પદધ્વનિને જ મેં ક્યારેક સાંભળ્યો છે!

-રવિ ઠાકુર



સુન્દરતા સ્તવન

સુન્દરતા, જન્મ તારો અગાધ શું નભે ?
અતલ પાતાલથકી પામી તું ઉદય ?
નેત્ર તારાં નારકી ને દૈવી વિતરે છે સાથે
શુભ ને અશુભ; તેથી તું છે મદતુલ્ય.

તારાં નેત્રો મહીં વસે સંધ્યા અને ઉષા,
ઝંઝામત્ત પ્રહર શી વિખેરે સૌરભ:
તારાં મુખ તણો જામ ચુમ્બને ને ઢાળે ઔષધિનો રસ,
વીરનું પ્રકમ્પે તનુ, શિશુ ચહે કરવા સાહસ.

નારકી ગહ્વરે તારો વાસ કે તું અવતરી નક્ષત્રોથી ?
મંત્રમુગ્ધ દૈવ તને અનુસરે કો શ્વાનની જેમ,
સ્વેચ્છાએ તું વાવે બીજ આનન્દ ને વિનાશનાં,
નિમન્ત્રણ તારું બધે, કિન્તુ તું ના કોઈને અધીન.

હે સુન્દરી, મૃતને ચરણે ચાંપી ચાલી જાય કરી અવહેલા,
આતંક તો વક્ષે તારે કૌસ્તુભ શો ઝૂલતો દીસે છે સદા;
જિઘાંસા છે તને અતિ પ્રિય અલંકાર,
દર્પપૂર્ણ નાભિ પરે કામુક એ કરે થૈથૈકાર.

ધસી જાય પતગિયાં વારી જઈ, તને માની શમા,
બળી જાય ને છતાં ય અભિવાદે: 'ધન્ય દીપશિખા !'
કમ્પમાન પ્રિયતમ પ્રસારતા અંગ જ્યારે પ્રિયતમા પરે
મુમૂર્ષુ છું કો આલિંગતો ચિતાને ના હોય જાણે !

હે સુન્દરી! જનમી હોય સ્વર્ગમાં કે નરકમાં ભલે,
વિરાટ ને ભયાવહ રાક્ષસી નૈપુણ્યવતી !
નયનો ને સ્મિત તવ, તે ચરણ તારાં
અજ્ઞાત કો અસીમનાં ખોલે દ્વાર, જેને ચાહું સદા.

—- બોરિસ પાસ્તરનાક
(અનુવાદ : સુરેશ જોષી)

From: Registered BVR/151/2021-2023 RNI No. GUJ /1763-57, Renew up to 31-12-2023 • Published on 14th of every month, Posted at : Amargadh Post Office 15th of every month.

मालिक : ग्रामदक्षिणामूर्ति - आंबला ट्रस्ट की ओर से **मुद्रक - प्रकाशक :** सुरसंगभाई चौहाण - ग्रामदक्षिणामूर्ति-आंबला, पिन: ३६४ २५० (गुजरात) द्वारा गुरु डिझाइन शॉप, बाकरोल-३८८३१५ मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति:आंबला से प्रकाशित किया।

तंत्री : डॉ. अरुण दवे : लोकभारती - सणोसरा, (गुजरात)

ईमेल: kodiyusanosara@gmail.com વાર્ષિક ચંદા રુ. ૧૫૦/- પ્રતિ અંક રુ. ૧૫/-

સરનામાનું સ્ટિકર અહી લગાવવું